# ॥ પુરુષોત્તમયોગ ॥

ઊર્ધ્વમૂલમધઃશાખમશ્વત્થં પ્રાહુરવ્યયમ્। છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્॥

અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા ગુણપ્રવૃધ્ધા વિષયપ્રવાલાઃ।
અધશ્ચ મૂલાન્યનુસંતતાનિ કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે॥

ન રૂપમસ્યેહ તથોપલભ્યતે નાન્તો ન ચાદિર્ન ચ સંપ્રતિષ્ઠા।
અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમ્ અસઙ્ગશસ્ત્રેણ દૃઢેન છિત્ત્વા॥

તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં યસ્મિન્ ગતા ન નિવર્તન્તિ ભૂયઃ।
તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી॥

નિર્માનમોહા જિતસઙ્ગદોષા અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ।
દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈઃ ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્॥

ન તદ્ ભાસયતે સૂર્યો ન શશાઙ્કો ન પાવકઃ। યદ્ ગત્વા ન નિવર્તન્તે તદ્ ધામ પરમં મમ॥

મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ। મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ॥

શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ। ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્॥

શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ। અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે॥

ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુઞ્જાનં વા ગુણાન્વિતમ્। વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ॥

યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્। યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ॥

યદાદિત્યગતં તેજો જગદ્ ભાસયતેઽખિલમ્। યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્॥

ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા। પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ॥

અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ। પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્॥

સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ।
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો વેદાન્તકૃદ્ વેદવિદેવ ચાહમ્॥

દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ। ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે॥

ઉત્તમઃ પુરુષત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ। યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ॥

યસ્માત્ ક્ષરમતીતોઽહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ। અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ॥

યો મામેવમસંમૂઢો જાનાતિ પુરુષોત્તમમ્। સ સર્વવિદ્ ભજતિ માં સર્વભાવેન ભારત॥

ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાનઘ। એતદ્ બુધ્ધ્વા બુધ્ધિમાન્ સ્યાત્ કૃતકૃત્યશ્ચ ભારત॥

॥ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ શ્રીકૃષ્ણાર્જુનસંવાદે પુરુષોત્તમયોગો નામપંચદશોઽધ્યાયઃ॥

**ગોસ્વામી શ્યામમનોહર**

# પુરુષોત્તમયોગ

(શ્રીમદ્ ભગવદ્ ગીતા નો પંદરમો અધ્યાય)



પ્રવચનકાર

ગોસ્વામી શ્યામમનોહર

**સહયોગ-પ્રકાશન :**

૧. બાલકૃષ્ણ નારણદાસ શેઠ.
૩૦૩,પારેખ પ્લાઝા, વી.પી.રોડ. વિલેપાર્લા વેસ્ટ ૪૦૦૦૫૬.

૨. હરીશભાઇ દ્વારકાદાસ આશર.
૫ મે માળે, દિનશા વાચ્છા રોડ, સી.સી.આઇ ચેમ્બર મુંબઇ ૪૦૦ ૦૨૦.

૩. સ્વ. રંભાબેન તુલસીદાસ વોરા.
૩૮૮ શ્યામ વિહાર, માટુંગા, મુંબઈ ૪૦૦ ૦૧૯.

૪. ગં.સ્વં પ્રવિણાબેન શશીકાન્ત શાહ.
ટાવર નં.૩, રામ ઝરુખા અંધેરી વેસ્ટ ૪૦૦ ૦૫૮.

૫. ગુડગુડ લક્ષ્મીદાસ મોરારજી.
૧૬૮, રુઇકર કૉલોની, પુના-બૅંગલોર રોડ, કોલ્હાપુર ૪૧૬ ૦૦૨.

૬. ડો. ગીરીશભાઈ એમ. શાહ અને મુકેશભાઈ એચ. નાણાવટી.
શુભલક્ષ્મી શોપિંગ સેંટર, સ્ટેશન રોડ, આણંદ ૩૮૮ ૦૦૧.

૭. યુ.ડી.કોરપોરેશન.
૩૦૩, ભરૂચ સદન, ડિ.આર.માર્ગ, કર્નાક-બંદર, મુંબઈ ૪૦૦ ૦૦૯.

૮. સરોજબેન મુળજીભાઈ શાહ.
એ/૨, વિરેશ્વર કૃપા, તેજપાલ રોડ, વિલેપાર્લા ઈસ્ટ. મુંબઇ ૪૦૦ ૦૫૭.

કુલ પ્રતિ (૧૦૦૦) : નિઃશુલ્કવિતરણાર્થ
**સમ્પાદક :** અસિત જ શાહ.

**પ્રકાશન વર્ષ :** શ્રીકૃષ્ણજન્માષ્ટમી વિ.સ.૨૦૫૫.

**મુદ્રક :** રાજસન કૉમ્પ્યુટર સર્વિસિસ, પ્રિયદિપ કૉટેજ, ઈરાની વાડી,
કાંદીવલી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૬૭.

# સંપાદકીય

સન '૯૩માં જુનાગઢમાં યોજાયેલ પ્રવચનમાળાની કેસેટોના આધારે સંપાદિત આ પુસ્તકને પ્રકાશિત કરતાં અમને હર્ષનો અનુભવ થઈ રહ્યો છે. સાથે જ પ્રવચનમાળાના આયોજન વખતના સુખદ અનુભવો તથા તે આયોજનમાં અને આ પુસ્તકના સંપાદનમાં સહયોગી સર્વ વૈષ્ણવો પ્રત્યે કૃતજ્ઞતાબોધ પેદા થાય છે.

હિંદુધર્મમાં ભગવદ્ગીતાનું પ્રામાણ્ય આજે જ નહીં પણ તે રચાઈ ત્યારથી અસંદિગ્ધ છે. કોર્ટમાં જેમ દરેક હિંદુ ગીતાના સોગંદ ખાય છે તેમ શ્રીમહાપ્રભુજીએ પણ એક પ્રકારના સોગંદ ખાધા છે કે હું જે કાંઈ કહી કે ઉપદેશી રહ્યો છું તે ભગવદ્ગીતાનો અર્થ કે તાત્પર્ય જ છે. તો અન્ય હિંદુ સમ્પ્રદાયો પણ પોતપોતાની મતિ પ્રમાણે ભગવદ્ગીતામાંથી જ પોતાની સાધનાપ્રણાલીનું સમર્થન, અને કેટલાક પુષ્ટિસમ્પ્રદાયની સાધનાપ્રણાલીનું ખંડન પણ, કરે છે. તેથી પુષ્ટિમાર્ગીઓ માટે આજની તાતી આવશ્યકતાઓ છે: (૧) શ્રીમહાપ્રભુજીના ઉપદેશ અને તત્ત્વદર્શનનો પરિચય મેળવી તેનો નિયમથી અભ્યાસ કરવો (૨) યથાશક્તિ ભગવદ્ગીતાનું યથાર્થ તાત્પર્ય સમજવું અને (૩) બુધ્ધિથી શ્રીમહાપ્રભુજીની વાણીનો અને ભગવદ્ગીતાનો સમન્વય સાધવો. તે પછી આવે છે કર્તવ્યો: (૧) પુષ્ટિસમ્પ્રદાયના સિધ્ધાંતો અને પરંપરાઓની ભગવદ્ગીતાના આધારે પ્રામાણિકતા પહેલાં સ્વયં ચકાસી નીરક્ષીરવિવેક કરી પછી દૃઢ આત્મવિશ્વાસથી સ્વસમ્પ્રદાયના અનુયાયીઓ તથા વખત આવે અન્યમાર્ગીઓ સમક્ષ તેનો ઉદ્ઘોષ કરવો (૨) આવી પ્રામાણિક આપણી સાધનાપ્રણાલીને જીવનમાં વણી લેવા ખરા દિલથી સંકલ્પ અને પ્રયાસ કરવા (૩) ભગવદ્ગીતાના અવાલ્લભ અયથાર્થ અર્થઘટનો, વલ્લભવાણીના અગીતોક્ત અપ્રામાણિક અર્થઘટનો તથા પુષ્ટિસમ્પ્રદાયમાં પરંપરાના નામે ચાલી નિકળેલાં ઢોંગ-ધતિંગો, આયોજનો-ભવાડાઓ કે માન્યતા-ભાવલાવેડાને પિછાણી તેમનો મક્કમતાથી પ્રતીકાર કરી

તેમનો જીવનમાં મન-વાણી-ક્રિયામાંથી અને સમ્પ્રદાયમાંથી પણ નિકાલ કરવા સંનિષ્ઠ પ્રયાસો કરવા.

અહીં પોતે પ્રવચનકાર દ્વારા સૂચવેલ, પ્રવચન વખતે બોલતા-બોલતા અપૂર્ણ રહી ગયેલા વાક્યો કે સ્પષ્ટ ન થઇ શકેલા વિચારો કે મનોભાવો અથવા તો વાક્યોના પુનરાવર્તનનાં સુધારા-વધારાનાં અમુક અપવાદો સિવાય યથાવત્ પ્રવચનની કૅસેટ્સમાંથી ઉતારો લઇને આ ગ્રન્થ પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. અલબત્ પ્રવચન વખતે આગળ આવનારી રજુઆતના શીર્ષકો બોલવામાં આવતા નથી જે ગ્રન્થમાં ન હોય તો વાચકોને માટે વાંચન અઘરૂં બની જતું હોય છે, તેથી તે પ્રવચનકારના જ સૂચન મુજબ ઉમેરવામાં આવ્યા છે. પંદરમાં અધ્યાયનાં સાતમાં શ્લોકથી અગ્યારમાં શ્લોકસુધી જે અહંકારાદેશની નિરૂપણશૈલીમાં પુરુષોત્તમયોગ વર્ણિત થયો છે, તેમજ બારમાં શ્લોકથી વીસમાં શ્લોકસુધી આત્માદેશની નિરૂપણશૈલીમાં જે પુરુષોત્તમયોગ વર્ણિત થયો છે, તે પ્રવચન દરમ્યાન સમયાભાવને કારણે અપૂર્ણ રહી ગયા હતા, તેથી તે અંશોને પોતે પ્રવચનકારે યથોચિત વિસ્તારથી લખાવીને પાછળથી ઉમેર્યા છે.

આ પ્રવચનમાળાનો લહાવો લેનાર સહુએ અનુભવ્યું હશે, ને આ પુસ્તક વાંચનાર સ્વયં અનુભવશે, કે પ્રવચનકર્તાએ સમ્પ્રદાયના એક આચાર્ય તરીકે આપણી અનુયાયીઓની આ તાતી આવશ્યકતાઓની પૂર્તિ કરવા કેટલી મહેનત કરી છે અને આપણા કર્તવ્યો બજાવવા સ્વયં એક જબરદસ્ત આદર્શ પૂરો પાડ્યો છે. તેમનું આ વાવેતર સહુ શ્રોતાઓ અને વાચકોના મન-વાણી-ક્રિયામાં ઊગી નિકળે તેમાં જ પ્રવચનમાળા અને આ પુસ્તકની સાર્થકતા સમાયેલી છે. આપ સહુ અમારી આ અપેક્ષાને પૂર્ણ કરો તેવી શુભકામના.

અસિત જ શાહ

## ।। પુરુષોત્તમયોગનું પ્રયોજન ।।

**મંગલાચરણ :**

સૌપ્રથમ ગીતામાહાત્મ્યનો આપણે પાઠ કરીએ, તે પછી વિવેચન ઉપર જશું.

ગીતાશાસ્ત્રમિદં પુણ્યં યઃ પઠેત્ પ્રયતઃ પુમાન્।
વિષ્ણોઃ પદમવાપ્નોતિ ભયશોકાદિવર્જિતઃ ।।૧।।
ગીતાધ્યયનશીલસ્ય પ્રાણાયામપરસ્ય ચ।
નૈવ સન્તિ હિ પાપાનિ પૂર્વજન્મકૃતાનિ ચ ।।૨।।
મલનિર્મોચનં પુંસાં જલસ્નાનં દિને દિને।
સકૃદ્ ગીતામ્ભસિ સ્નાનં સંસારમલનાશનમ્ ।।૩।।
ગીતા સુગીતા કર્તવ્યા કિમન્યૈઃ શાસ્ત્રવિસ્તરૈઃ।
યા સ્વયં પદ્મનાભસ્ય મુખપદ્માદ્ વિનિસ્સૃતા ।।૪।।
ભારતામૃતસર્વસ્વં વિષ્ણોર્વક્ત્રાદ્ વિનિસ્સૃતમ્।
ગીતાગંગોદકં પીત્વા પુનર્જન્મ ન વિદ્યતે ।।૫।।
સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ।
પાર્થો વત્સઃ સુધીર્ભોક્તા દુગ્ધં ગીતામૃતં મહત્ ।।૬।।
એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્ એકો દેવો દેવકીપુત્ર એવ।
મન્ત્રોપ્યેકો તસ્ય નામાનિ યાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ।।૭।।

**ઉપક્રમ :**

આજે તો 'ગીતા' એ ગ્રંથનું વ્યકિતનામ થઇ ગયું છે પરન્તુ ખરેખર એનુ સંપૂર્ણ નામ છે— 'શ્રીમદ્-ભગવદ્ગીતા ઉપનિષદ્'. વાસ્તવમાં તો 'ગીતા' એ નામ નથી પણ વિશેષણ છે. શેનું વિશેષણ? ઉપનિષદ્નું. કેવી ઉપનિષદ્ કે જે ઉપનિષદ્ ભગવાને કહી. 'ગીતા'

એટલે કહેલી, ભગવાને પોતાના મુખારવિંદથી કહેલી. જે કહેલી ઉપનિષદ્ છે તેનું નામ 'ભગવદ્ગીતા-ઉપનિષદ્.' 'ભગવદ્ગીતા-ઉપનિષદ્'માંથી આ તરફ 'ભગવદ્'શબ્દ પણ ટૂંકું બોલવામાં આપણે છોડી દીધો છે અને તે તરફ 'ઉપનિષદ્' શબ્દ પણ છોડી દીધો છે. તેથી આજે 'ગીતા' શબ્દ પોતાનામાં એક ગ્રંથવાચક વ્યક્તિનામ તરીકે સાર્થક થયો છે. ખરેખર તો એ ઉપનિષદ્નું વિશેષણ છે, તેથી જ આપણે હમણાં જે મંગલાચરણ કર્યું તેમાં જોયું કે ગીતા એક શાસ્ત્ર છે. જો ગ્રંથને શાસ્ત્ર કહેવું હોય, ઉપનિષદ્ ન કહેવું હોય તો એને 'ભગવદ્ગીતા' નહિ પરન્તુ 'ભગવદ્ગીતમ્' કહેવું જોઈએ. તેથી મંગલાચરણમાં કહેવામાં આવ્યું 'દેવકીપુત્રગીતમ્'. અને ઉપનિષદ્ કહેવું હોય તો 'એકા ઉપનિષદ્ દેવકીપુત્રગીતા' એમ કહીશું. કેમકે 'ગીતા' કહેતાં સ્ત્રીલિંગ થઇ જાય. 'ગીતમ્' કહેતાં નાન્યતરમાં આપણે વિશેષણ વાપર્યું કહેવાય.

**ગીતા એ સર્વ ઉપનિષદો નો સારરૂપ ઉપનિષદ્ છે:**

ઉપનિષદો તો ઘણા બધા છે, શાસ્ત્રોય ઘણા બધા છે; અને આપણે હમણાં જ મંગલાચરણમાં પાંઠ કર્યો "ગીતા સુગીતા કર્તવ્યા!" આ ગીતાને સુગીતા કરો. એટલે ભગવાને જે ગીતા કહી છે તેનું તમે પણ સરખી રીતે ગાન કરો, ઉચ્ચારણ મનન અને વિચારણા કરો. "કિમન્યૈઃ વિસ્તરૈઃ" શા માટે? આ બીજા શાસ્ત્રોના અનાદર માટે કહેવાયેલો શબ્દ નથી કે બીજા શાસ્ત્રોને અનાવશ્યક વિસ્તાર તરીકે વખોડવા માટે કહેવાયેલો આ શ્લોક નથી. આ વિધાનની પાછળ એક ભાવના રહેલી છે. અને તે ભાવના છે— "સર્વોનિષદો ગાવો દોગ્ધા ગોપાલનંદનઃ". જેટલા પણ ઉપનિષદો છે એને તમે ગાય તરીકે સમજો અને એ ગાયમાં રહેલું દુગ્ધ જેવું જે કાંઈ અમૃત તત્ત્વ છે તેને ભગવાને પોતે દોહન કરીને પોતાના સખા અર્જુનને આપ્યું છે. હવે ભગવાન્ જો ઉપનિષદ્રૂપી ગાયનું દોહન કરીને કોઈ દુગ્ધામૃત આપણને આપે. અને તે ભગવાન્



પાછો કેવો? ગોપાલનંદન! જો ગોપાલનંદન ભગવાન્ બધી ઉપનિષદ્રૂપી ગાયોનું દોહન કરીને દુગ્ધામૃત આપણને આપતા હોય તો પછી જેને પરિશ્રમ કરવાનો શોખ હોય એ કરે પરિશ્રમ, પણ પરિશ્રમ કરી કરીને કોઈ કેટલો પરિશ્રમ કરી શકશે? સાક્ષાત્ પ્રભુથી તો વધારે પરિશ્રમ આપણે કરી નહિ શકીએ. એટલે જે આપણે શાસ્ત્રનું અર્થઘટન કરવા જઈશું તે પ્રભુએ જો આપણા માટે પરિશ્રમ લઈને પહેલાથી જ દોહન કરી રાખ્યું હોય તો તે ગોદોહનથી આપણે જો વિપરીત અર્થ કાઢીશું તો તે તો આપણો મતિભ્રમ કહવાશે. જો તે મુજબ જ આપણે અર્થ કાઢવો હોય તો શા માટે ગીતામાંથી જ ન સમજી લેવો, જેમાં કોઈક ભ્રમની સંભાવના જ રહી જતી ન હોય! તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ ગીતા સર્વસંદેહવારક શાસ્ત્ર છે.

ઉપનિષદ્ શબ્દમાં 'ઉપ' એટલે કોઇકનાં સમીપે અને 'નિષદ્' એટલે બેસીને; એટલે, ગુરુની પાસે બેસીને શાસ્ત્રોના રહસ્યને જ્યારે આપણે મેળવીએ, ત્યારે તે રીતે મેળવેલ તે રહસ્યનું નામ ઉપનિષદ્. જો કે ભગવાન્ તો ગીતા નો ઉપદેશ આપે કે ન આપે તે તો "કૃષ્ણં વન્દે જગદ્ગુરું" એટલે આમેય જગદ્ગુરુ. જે સર્વ પરમેશ્વર સર્વબુધ્ધિપ્રેરક હોય તેને તમે ગુરુ ન પણ માનતા હો તો કાંઈ ફરક નથી પડતો. ગુરુ તરીકે માન્ય રાખતા હોવ તો કાંઇ વધારે આદર નથી આપી રહ્યા. કેમકે જે તમારી બુધ્ધિને ભીતરથી પ્રેરી રહ્યો છે "સ નો દેવઃ શુભયા સ્મૃત્યા સંયુનક્તુ", તે દેવ તમને બહારથી પણ જો કાંઈ કહેતો હોય તો તેમાં ગુરુ તરીકે સ્વીકારવાથી વધારે આદર નથી અપાઈ જતો. જે હકીકત છે તેને ફક્ત તમે કબૂલ જ કરતા હોવ છો.

**ગીતા બે સખાઓ વચ્ચે થયેલ સંવાદ:**

ભગવાને પોતાના સખા તરીકે અર્જુનને, ગુરુપદવી ઉપર બિરાજીને

નહિ પણ, સારથિની પદવી પર બિરાજીને ગીતા નો ઉપદેશ કર્યો છે, જે રથમાં રથી અર્જુન છે. એટલે સારથિ કરતાં રથીનો હોદ્દો ઊંચો. જેમ ગાડીના ડ્રાઈવર કરતાં ગાડીના માલિકનો હોદ્દો ઊંચો તેમ. તો ત્યાં સંબંધ ગુરુ-શિષ્યનો નથી રહ્યો. હવે ભગવાન્ કાંઈ અર્જુનનો રથ હાંકવા માટે બિરાજ્યા તે કોઈ ડ્રાઈવરની નોકરી કરવા નહોતા બિરાજ્યા. ભગવાને તો જે સારથિપદ સ્વીકાર્યું તે પણ સ્નેહભાવથી જ સ્વીકાર્યું છે. કેમકે અર્જુન જે એમનો સખા છે. તે સખા કોઈ એક ઐતિહાસિક સંઘર્ષની ઘડીમાં કોઈક પુરુષાર્થ દાખવવા જઈ રહ્યો છે અને જો આવા સંઘર્ષની ક્ષણે પોતાનો સખા સાથે ન આવતો હોય તો તે સખા શાનો?

પરમાત્મા તો પ્રત્યેક પ્રાણીના સખા છે, એવા જ કે જેવા સખા કૃષ્ણ અર્જુનના છે.

**દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે।**
**તયોરેકઃ પીપ્પલં સ્વાદવત્તિ અનશ્નન્ અન્યો અભિચાકશીતિ॥**

ઉપનિષદ્ કહે છે—બે બહુ જ દેખાવડા પક્ષીઓ છે, તેઓ ઘનિષ્ઠ મિત્રો કે સખાઓ છે, એકબીજાના. અને તેઓ એક જ વૃક્ષની ડાળીઓ ઉપર સાથે રહે છે. તે છતાંય બન્ને પક્ષીઓના સ્વભાવમાં કોઈક એક ભેદ રહેલો છે, ને તે ભેદ આ કે "તયોરેકઃ પિપ્પલં સ્વાદુ અત્તિ" એ વૃક્ષ ઉપર ઊગનારા જે ફળોને એક પક્ષી તો બહુ સ્વાદથી જમે છે, માણે છે અને બીજો સખા પક્ષી વૃક્ષ ઉપર ઊગનારા ફ્લોનો ભોગ કરતો નથી, સાક્ષિભાવથી ફક્ત જોવામાં જ આનંદ માણે છે કે મારો સખા શું કરી રહ્યો છે. તેવો જ કોઈ સાક્ષિભાવ—તેવો જ કોઈ સખ્યભાવ—સ્વીકારીને પરમાત્મા આપણા સહૂની ભીતર બિરાજેલ છે. ઉપનિષદ્ જ્યારે આ વસ્તુ આપણને સમજાવે છે ત્યારે તેનું તાત્પર્ય છે— આ



(દેહ) વૃક્ષ છે. તે બન્ને પક્ષીઓને બેસવા માટે આ સમાન વૃક્ષ છે. આ વૃક્ષમાં જે બે પક્ષીઓ છે તેમાં એક પક્ષી જીવાત્મા અને બીજું પક્ષી પરમાત્મા. આ શરીરરૂપી વૃક્ષમાં જે આપણા કર્મ, જે આપણી વાસનાઓ, આપણા સંકલ્પો કે આપણા કૃતાકૃતથી જે કાંઈ ફળ ઊગી રહ્યાં છે તે ફળોને ભોગવનારો પંખીડો તે જીવાત્મા છે અને બીજો એનો સખા તે પરમાત્મા. આ પરમાત્મા વૃક્ષ ના ફળને નથી ભોગવતો પરંતુ દરેક વખતે પોતા ના સખાની સાથે રહે છે. આ પરમાત્મા શસ્ત્રાસ્ત્રો ઉગામીને યુદ્ધકર્મમાં તત્પર થતો નથી યોદ્ધા અર્જુન ના રથને ફક્ત હાંકે જ છે. એ પરમાત્મા જો આ રથને હાંકતો ન હોય તો રથી કેટલાય શસ્ત્રવિન્યાસ કરે, કેટલાય શસ્ત્રાસ્ત્રસંધાન ના પ્રયાસ કરે, પણ જે એનું લક્ષ્ય છે તેનો વેધ કરી શક્તો નથી. લક્ષ્ય એટલે જ્યાં તીર મારવું હોય તે જગ્યા, તે લક્ષ્ય ઉપર કોઈપણ ધનુર્ધારી પોતાનો શસ્ત્રો ઉગામવાના પ્રયત્ન કરે છે તો એની પહેલી શરત એ છે કે તેનો રથ કોઈએ તે તરફ હાંકેલો હોવો જોઈએ. જો એ હાંકે નહિ તો એ શસ્ત્રથી એ લક્ષ્યવેધ થઈ શકે નહિ.

## જીવાત્મા-પરમાત્મા વચ્ચે સંબંધો ના છ પ્રકાર:

એક વાત આ આખા સંદર્ભમાં સમજવાની આ પણ છે: શાસ્ત્રમાં પરમાત્મા સાથે જીવાત્માના છ પ્રકારના સંબંધ બતાવવામાં આવ્યા છે. અહીયાં ગીતામાં જ ભગવાન્ આજ્ઞા કરે છે:

**ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ।**
**પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્ પુરુષઃ પરઃ॥**

આપણા શરીરની ભીતર રહેલ તે પરમતત્ત્વ આપણો ઉપદ્રષ્ટા છે, અનુમન્તા છે, ભર્તા છે, ભોક્તા છે, મહેશ્વર છે અને પરમાત્મા પણ છે.

એટલે એ પરમાત્મતત્ત્વ છ રીતે તમારી સાથે વર્તી રહ્યો છે. હવે એ જો છ રીતે વર્તી રહ્યો હોય તો તમારે એની સાથે કેવી રીતે વર્તવું? તમે આ શરીરરૂપી રથ ના રથી છો. તમે નક્કી કરો કે તમારે શું કરવું છે. એનું સારરથ્ય સ્વીકારવું છે કે નહિ? એ છ રીતે તમારી સાથે વર્તવા તૈયાર છે, એમાંથી તમે જે રીતે તેનો સથવારો સ્વીકારવા માંગો તે રીતે તે તમારી સાથે છે. તેથી જ ગીતામાં ભગવાન્ આગળ કહે છે "**યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્**" જે જેવી રીતે મારી સામે પ્રપન્ન થાય છે, હું તેની સામે તેવી રીતે પ્રપન્ન થાઉં છું. આનો વિસ્તાર આગળ જઈને પ્રપત્તિની વ્યાખ્યામાં આપણે સમજીશું જ. તે પહેલાં આમાં જે વાત મુખ્યતયા સમજવાની છે તે આ કે તત્ત્વ તો તે એકજ છે પણ આપણી સાથે તે છ રીતે વર્તાવ કરે છે. તેમાંથી કયા જાતનો વર્તાવ તે આપણી સાથે કરે તે બાબતમાં આપણા મનોરથો, સંકલ્પો, આપણો તેની સાથે નો વર્તાવ, અથવા તો તેની સામે પ્રપત્તિ કેવી છે?. 'પ્રપત્તિ' એટલે પગલાં. જે જાતનાં પગલાં તમે તેની સામે ભરશો તેવા પગલાથી એ તમારી પાસે કે સામે આવે છે. આપણી પ્રપત્તિ આપણાં સ્વભાવ ઊપર નિર્ભર રહેતી હોય છે. 'સ્વભાવ' એટલે જીવસ્વભાવ.

**ત્રણ પ્રકાર નાં પ્રાજાપત્યો :**

તેથી શાસ્ત્રમાં જુઓ કે ત્રણ પ્રકાર નાં પ્રાજાપત્યોની એટલે ત્રણ સ્વભાવવાળા જીવાત્માઓની પરિભાષા ઉપનિષદ્માં કેટલી સુંદર રીતે સમજાવવામાં આવી છે કે પ્રજાપિતાને ત્રણ પ્રકારની સંતતી થઇ—

(૧) દૈવી
(૨) માનુષી
(૩) આસુરી.



'પ્રાજાપત્ય' એટલે પ્રજાપિતા બ્રહ્માજીના દીકરાઓ. તે ત્રણ જાતના હોય છે. જેમકે કેટલાક દેવો હોય છે, કેટલાક અસુરો હોય છે અને કેટલાક મનુષ્યો હોય છે.

(૧)સંસ્કૃત ભાષા એ ખરેખર બહુ ગજબની ભાષા છે. સંસ્કૃત ભાષામાં 'દેવ' શબ્દ "'દિવુ'=ક્રીડા-વિજિગીષા-વ્યવહાર-દ્યુતિ-સ્તુતિ-મોદ-મદ-સ્વપ્ન-કાંતિ-ગતિષુ" એટલા અર્થોવાળા દિવુ' ક્રિયાપદથી ઘડાગેલ શબ્દ છે. જેઓની આ બધી ક્રિયાઓ દિવ્ય હોય તે દેવ. મતલબ કે આ બધી જ ક્રિયાઓ કરવાનું જેનામાં દિવ્ય સામર્થ્ય હોય તે દેવ.

(૨)તેવી જ રીતે 'અસુર' શબ્દ ના પણ બે રીતે અર્થ થાય. એક તો પહેલા 'સુર' શબ્દ બનાવી લો. તો 'સુર' કહેતા એનો અર્થ ફરીથી દેવ જ થાય કેમ કે "સુષ્ઠુ રમતે ઈતિ સુરઃ". એ જે દિવુધાતુના ક્રિયાપદના દસ લક્ષણ વર્ણવવામાં આવ્યાં તે મુજબ જે દસે-દસ પ્રકારથી સરખી રીતે રમણ કરવામાં જે સમર્થ હોય તે સુર. અને જે સુર ન હોય તે અસુર. પણ સંસ્કૃત બહુ વિલક્ષણ ભાષા છે અને એનું વૈલક્ષણ્ય એમાં રહેલું છે કે 'અસુર' શબ્દને એક બીજી રીતે પણ જોઈ શકાય. 'અસુ' એટલે પ્રાણ અને પોતાના પ્રાણના પોષણ માટે જે રમણ કરતો હોય, બીજા કોઈની પરવા કર્યા વિના, તેનું નામ 'અસુર'. જ્યાંથી જે મળતું હોય તે લઈ લેવા માટે હમેશા તૈયાર! અસુરો પોતાના પ્રાણના પોષણમાં જ રમમાણ હોય છે. બીજા કોઈની પરવા નહિ કે તમારે ત્યાં અકાલ પડ્યો હતો કે નહિ, વરસાદ થયો કે નહિ? વરસાદ પડ્યો પણ પાક તો હજી તૈયાર નહિ જ હોય તો પૈસાની છૂટ ખેડૂતભાઇ પાસે ક્યાંથી હોઇ શકે? આવા વિવેક અસુરને ન હોય. તે તો ગામડામાં પરદેશ કરીને ભેટ પધરામણી તપેલીની સેવા લેવામાં જ રમમાણ થતો હોય. ફકત પોતાનો જ વિચાર

કરે, બીજા કોઈનો વિચાર જ ન કરે. એવા બધા અસુર જ હોય છે. એવું નથી કે રમણ ન કરવું જોઈએ પણ પોતાના જ પ્રાણપોષણમાં ફક્ત રમણ કરવું બીજા કોઈની પરવા જ ન કરવી. બીજો કચડાતો હોય તો કચડાય, મરતો હોય તો મરે, ત્રાસતો હોય તો ત્રાસે, ''ધોળા દહાડાના બહારવટિયા'' કહેતો હોય કે કહી ન શકતો હોય તો પરવા નહિ! પણ લાવ લાવ ને લાવ! તો અસુરો એવા પણ હોઈ શકે!.

આમ દેવ અને અસુર બન્ને સમર્થ હોય છે. એક પ્રાણપોષણમાં સમર્થ છે અને એને આ બાબતમાં ઘણી બધી માયા આવડતી હોય. વેદોમાં 'અસુરસ્ય માયા' શબ્દપ્રયોગ આસુરી સામર્થ્ય માટે થયેલ છે. તેમજ 'દેવસ્ય માયા' શબ્દપ્રયોગ દૈવી સામર્થ્ય માટે થયેલ છે. માયા બે પાસે જ હોય છે; કાં દેવ પાસે, કાં અસુર પાસે. કારણ કે કોઈ પણ કામ કરવાના ઘણા બધા ઉપાયો અને સામર્થ્ય કાં તો દેવતા જાણે કાં તો અસુર જાણે. જેમ રાવણને કેટલા બધા ઉપાય આવડતા હતા!. એક ઉપાય કામ ન આવે તો બીજો, બીજો ન આવે તો ત્રીજો, ત્રીજો ના આવે તો ચોથો.

**<u>પ્રજાપિતાએ પોતાના ત્રણ સન્તાનોને આપેલા ત્રણ મૂલ ઉપદેશો</u>:**

એ ત્રણ પ્રજાપત્યોએ એક દિવસ પોતાનાં પિતા બ્રહ્માજીને કહ્યું ''અમને કાંઈક બોધ આપો. તમારા વિના અમને કોઈ બોધ આપવાનું નથી'' તો પહેલા દેવ ગયા તો એમને બ્રહ્માજીએ કહ્યું કે 'દ'. મનુષ્ય ગયો તો એને પણ બ્રહ્માજીએ કહ્યું કે 'દ'. અને પેલા દાનવો-અસુરો ગયા તેમને પણ બ્રહ્માજીએ માત્ર 'દ' જ કહ્યો. એ ત્રણેય 'દ'માં ઘણી બધી વાત હતી. એટલે ઉપદેશ તો એકજ પણ અધિકારીભેદથી એના અર્થ વિવિધ હતા. જેમ એક 'અસુર' શબ્દના બે અર્થ થાય— 'ન સુર: અસુર:' અને 'અસુષુ રમતે'. એ જ રીતે 'દ'ના પણ જુદા-જુદા અર્થો: ૧. દમ



૨. દાન ૩. દયા વિવક્ષિત છે.

મને લાગે છે કે ધર્મનો સૌથી પહેલો, એટલે કાળ કે ઈતિહાસ ના અર્થમાં નહિ પણ જેને આપણે ''પહેલો પાઠ'' (ઉપદેશ) કહીએ તે પહેલો બોધપાઠ જો કોઈ હોય તો તે આ છે. અને આપણી આ દુનિયાની જે કાંઈ ખાનાખરાબી થતી હોય તો તે કાં તો આ બોધપાઠને સરખી રીતે સમજવાની કોઈ તકલીફને કારણે, કાં તો આ બોધપાઠની સરખી અમલબજાવણીમાં કોઈને કોઈ જાતની ઊભી થતી કનડગતને કારણે અથવા તો જે બોધપાઠ પ્રજાપિતાએ પુત્રોને આપ્યો તેનો આપણે પ્રવચન-પારાયણ કરતા રહીએ પણ એમાં કાંઈક બીજી જાતની વાસનાઓને કારણે નિરુપાધિક રીતે અમલમાં મૂકવા નથી માંગતા. પ્રજાપિતાએ આપેલો ઉપદેશ જો પુત્રો ધારણ કરે તો મને નથી લાગતું કે દુનિયામાં કોઈપણ તકલીફ કે કોઈપણ સમસ્યાઓ ઊભી થઈ શકે. કેમકે એ જ ધર્મનું પ્રથમ લક્ષણ છે. આમાં જે નથી આવતું તે ક્યાંય નથી આવતું. અને જે આમાં આવી જાય છે તેનો જ બધો વિસ્તાર છે.

(૧)જેઓ દેવન=ક્રીડન કરવા બધી રીતે સમર્થ હોય તેમને બ્રહ્માજીએ કહ્યું કે પોતાના રમણની સાથોસાથ થોડુંક દમન કરતા પણ શીખો.

(૨)જેઓ અસુર છે, આસુરભાવથી ગ્રસ્ત છે, એટલે ફક્ત પોતાનું જ પોષણ કરવા ના સ્વાર્થ ના કાદવમાં જેઓ સર્વદા સંડોવાયેલા હોય, તો તેમને બ્રહ્માજીએ કહ્યું કે થોડી દયા કરતા શીખો. તું તારા પ્રાણનું પોષણ કર, કોણ તને કહે છે કે તું તારા પ્રાણનું પોષણ ન કર? પણ પારકા પ્રાણી ઉપર પણ થોડોક દયાભાવ તો રાખતો થા. શું મારી જ નાખવાના બધાને? થોડોક દયાભાવ રાખશે તો બધી સમસ્યાનો ઉકેલ આવી જશે.

જંગલમાં રહેતા પ્રાણીઓને જો ભૂખ ન લાગી હોય તો પણ કોઈક દેખાયો એટલે તરાપ મારીને ખાવા દોડવું જ એવું નથી હોતું, તેમનામાં જમાખોરીની ભાવના નથી હોતી. જ્યારે ભૂખ લાગે ત્યારે જ ખાય. આસુરીભાવથી ગ્રસ્ત માણસ પણ એટલો ખતરનાક પ્રાણી બની જાય છે કે ભરાયેલો ભંડાર હોય તો પણ જમાખોરી કરતો રહે. લાવ, લાવ ને લાવ! બીજી વાત નહિ. એનું નામ અસુર. એટલે સિંહ, વરૂ વગેરે પ્રાણીઓ એવા નથી હોતા. અલબત્ત ચિત્તા એવો હોય છે કે એને ભૂખ ન લાગી હોય તો પણ મારી નાખે! એને કાંઈક આપણા જેવી સંગ્રહખોરીની આદત હોય છે. મને લાગે છે કે કદાચ જંગલમાં એ અસુર હશે. બાકી કોઈ બિચારા સિંહ જેવા પ્રાણીઓ મનુષ્ય કે દેવ જેવા હોય છે. જંગલમાં પણ કોઈક દેવ, તો કોઈક મનુષ્ય તો કોઈક અસુર પણ હોઈ શકે. સાપની બાબતમાં પણ એવું છે કે જ્યાં સુધી એને માણસ છંછેડે નહિ ત્યાં સુધી એ માણસને કરડતો નથી. પણ મનુષ્ય એટલો અસુરી ભાવથી ગ્રસ્ત હોય છે કે સાપને જુવે કે "મારો, મારો, મારો"નો ઘોંઘાટ મચાવી દેશે. આપણી આવી આસુરીવૃત્તિને કારણે એવા ઘણા બધા નિર્દોષ પ્રાણીઓનો આપણે વધ કરી દેતા હોઈએ છીએ.

(૩)માણસની માણસાઈ તો જે બ્રહ્માજી કહે છે તેમાં રહેલી છે કે દાન કરો. દાન એટલે કે તમે જે કાંઈ તમને લેવું હોય તે ચોક્કસ લો પણ દાન આપીને લો. આપ્યા વિના કાંઈક લેવું તે માણસાઈ નથી. એટલે શાસ્ત્રની જે પ્રાચીન પ્રણાલી હતી— ચાહે બ્રાહ્મણ હોય, ક્ષત્રિય હોય, વૈશ્ય હોય, શૂદ્ર હોય કે ચાહે આ ચાર વર્ણની બહારનો કોઈ હોય; બધાના માટે શાસ્ત્રે દાનના કોઈક પ્રકાર નિર્ધાર કર્યા છે. દરેકને એકંદરે આપણે એમ કહી શકીએ કે પૂછી શકીએ કે દરેક વ્યક્તિ શું આપી શકે છે? જે વ્યક્તિ જે આપી શકતો હોય તે તેણે આપવું જોઈએ. તેના બદલામાં



તેને પણ કાંઈક મળી જ રહેશે. તેથી ગીતામાં ભગવાન્ કહે છે:

**દેવાન્ ભાવયતાનેન તે દેવાઃ ભાવયન્તુ વઃ।**
**પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ॥**

આ એક દાનનું ચક્ર છે. કોઈને તમે દાન આપી રહ્યા છો તો તમે ઉપકાર નથી કરી રહ્યા કેમકે તમે ઘણું બધું લીધું છે ત્યારે તમને કોઈને આપવાનું કહેવામાં આવે છે. એટલે દાનને તમારી ઉપકારની વૃત્તિ નહિ પણ કર્તવ્ય માનો. જ્યારથી આપણને દાનવીર તરીકે વિખ્યાત થવાની ભ્રમપૂર્ણ મહેષણાની મનોવિકૃતિ પ્રબળ થઈ, એટલે પેલા પ.ભ. કોટિના, ત્યારથી બધા લફરા ઊભા થયા. ખરેખર તો દાન એ તો માણસનું પ્રથમ કર્તવ્ય છે.

હવે કોણ શું આપી શકે છે? તો જેની પાસે જે વસ્તુ હોય તે જ તે આપી શકે ને! બ્રાહ્મણની પાસે જ્ઞાન છે તો એણે જ્ઞાનદાન કરવું જોઈએ. શાસ્ત્ર કહે છે કે બ્રાહ્મણ તું જ્ઞાનદાન કર તો તારું પોષણ બ્રાહ્મણ-ઈતર સમાજ કરશે. ક્ષત્રિય પાસે શારીરિક સામર્થ્ય છે. તો શાસ્ત્ર તેને કહે છે તું તારા શારીરિક સામર્થ્યને અનુરૂપ સમાજને અભયદાન આપ તો તારૂં ભરણપોષણ ક્ષત્રિય-ઈતર સમાજ કરશે. વૈશ્ય પાસે ધનધાન્ય વિ. હોય છે તે વૈશ્યે લુચ્ચાઈ વિનાના વાણિજ્ય થકી સમાજને આપવું જોઈએ, તો તેને કર્તવ્યની બાબતમાં માર્ગદર્શન, સંરક્ષણ અને શ્રમ વૈશ્યેતર વર્ણ થી મળી રહેશે. જે શૂદ્ર છે તે પોતાનો શ્રમ આપી શકે છે તો તેણે પોતાના શ્રમનું દાન કરવું જોઈએ, તો સમાજે તે શ્રમને અનુરૂપ તેનું ભરણપોષણ કરવું જોઈએ.

એકંદરે **"સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિધ્ધિં વિન્દતિ માનવઃ"** આમ ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે "દરેક વ્યક્તિનું સ્વકર્મનિર્વાહ એ

દાન જ છે''. પોતાની પાસે જે હોય તે નિખાલસભાવથી આપો. આ આદિ ઉપદેશ છે. એવી ભાવનાથી નહિ કે હું કોઈના ઉપર ઉપકાર કરી રહ્યો છું, કર્તવ્યભાવથી દાન આપો. હજી આગળ વધવા માગતા હોવ તો કર્તવ્યભાવથી પણ નહિ બલ્કે બ્રહ્મભાવથી આપો. તમે જે કાંઇ કોઈકને આપી રહ્યા હોવ ત્યારે મનમાં એવો ભાવ રાખો કે **''બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતં બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના''** એવા બ્રહ્મભાવથી જે વ્યક્તિ દાન આપે છે તેના આખા જીવનમાં એક બ્રાહ્મિક વિસ્તાર ઊભો થાય છે; એવો બ્રાહ્મિક વિસ્તાર કે એના દાન આપવાની આખી પ્રક્રિયામાં અને એ દાન આપવાની એની કર્તવ્યબજાવણીમાં શોકમોહાતીત બ્રહ્માનંદસમી શાન્તિ સમાજમાં પ્રવર્તી જાય છે. સમાજથી એને જે કાંઈ પણ મળે છે તે તેનો બ્રાહ્મિક અધિકાર બની જાય છે. કોઈ પણ સંજોગમાં કર્તવ્ય પહેલા, તે પછી અધિકાર નો ક્રમ આવે છે.

**<u>વ્યક્તિના સ્વકર્તવ્યનિર્વાહ પછી તેના સામાજિક અધિકારોની મહત્તા</u>:**

આજે જો કે ઉલટું બની ગયું છે કે આજે પહેલા અધિકાર જોઈએ છે પછી કાલે કર્તવ્ય નભાવાનું વિચારીશું. પછીથી કર્તવ્ય બજાવવા માટેની કાલ આવતી જ નથી. જેમ દુકાનમાં લખેલું હોય છે કે ''આજ નગદ કલ ઉધાર'' પણ પેલી કાલ આવતી જ નથી. કારણકે બીજા દિવસે જઈએ તો પણ તે લખેલું જ હોય છે કે ''આજ નગદ કલ ઉધાર'', એટલે ઉધાર આપે જ નહિ. એવી રીતે આજે દરેક વખતે આપણને એવું જ લાગે છે કે આજે અમને અમારો અધિકાર આપો, કર્તવ્ય નિભાવવાનું અમે કાલે વિચારીશું.

**<u>સ્વકર્તવ્યનિર્વાહમાં ડાબા-જમણા નો ભેદ</u>:**

પણ એમ નથી. શાસ્ત્ર આ બાબતમાં એકદમ સ્પષ્ટ વિધાન કરે છે કે **''કૃતં મે દક્ષિણે હસ્તે જયો મે સવ્ય આહિત:''**



જે કરવાનું છે તે તમે જમણા હાથથી કરો તો ડાબા હાથમાં તમારી સફળતા પોતાની મેળે આવી જશે જ. આ જમણો અને ડાબો હાથ માત્ર કહેવા માટે છે. 'જમણો-હાથ' એટલે જે કામ આપણે આપણા સામર્થ્યથી, આપણા સંકલ્પથી, વિવેકશક્તિ ના પ્રયોગથી કરતા હોઈએ તે. અને જે સામર્થ્ય, સંકલ્પ કે વિવેકશક્તિ વિના થઈ જતું હોય તેનું નામ ડાબો હાથ. તો કોઈકનો આ હાથ જમણો હોય છે ને કોઈકનો આ ડાબો હાથ હોય છે. એ તો માણસની પોતપોતાની આદત ઉપર છે. અહીંયા ડાબા-જમણાનો મુખ્ય સવાલ નથી પણ જે કરવાનું છે તે તમે જમણા હાથે કરો. જે સફળતા હશે તે ડાબા હાથમાં હશે જ. ડાબા હાથને બહુ વાપરવાની જરૂર નથી પડતી. જમણો હાથ સામર્થ્યવાળો હોય છે.

પણ થાય છે વ્યુત્ક્રમ— સફળતા માટે આપણે જમણો હાથ લંબાવતા હોઈએ છીએ અને પોતાનો કર્તવ્ય નભાવવા માટે આપણે ડાબો હાથ હલકોફૂલકો ''ફૂલ નહિ તો ફૂલની પાંખડી'' સમજીને વાપરતા હોઈએ છીએ: ''જે થાય છે તે કરીએ છીએ બાકી તો બધું પરમાત્મા જ કરે છે ને! આપણું શું સામર્થ્ય?'' આમ કહીને છુટ્ટી મેળવી લઈએ છીએ. આ ભાવ પણ સારો છે કે બધું પરમાત્મા કરે છે, આપણે કશું કરતા જ નથી. **''કર્તા કારયિતા હરિ:''** એ વાત સાચી છે. તો પછી પેલી મેળવવાની વાત છે એમાં પણ ડાબો હાથ જ વાપરવો જોઈએ. એમાં ડાબો હાથ નહિ વાપરે, એમાં પાછો જમણો હાથ લંબાવી દે. એમાં પણ જો ડાબો હાથ વાપરે તો વાંધો નહિ. પણ કરવા માટે તો ડાબો હાથ અને મેળવવા માટે જમણો હાથ વાપરે છે. અને ત્યારે જ બધા લોચા થાય છે. દુનિયામાં જે કોઈ પણ મહાભારત થાય છે તે એની જ છે. આપણે ડાબા-જમણાનો સરખો વિવેક કરી શકતા નથી. શાસ્ત્રની જે ઉદાત્ત ભાવના છે કે કર્મફળ મેળવવાની

ભાંજગડમાં પડ્યા વિના "કૃતં મે દક્ષિણે હસ્તે" જે કરવાનું છે તે તમે નિષ્ઠાપૂર્વક કરો. આ જ ભગવાને ગીતામાં પણ કહ્યું છે:

**કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।**
**મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોઽસ્ત્વકર્મણિ॥**

તો જો આવી ભાવના આપણે રાખીએ તો કોઈ સમસ્યા જ ન થાય. આથી સમજી લેવું જોઈએ કે કર્મ કરવા માટે જમણો હાથ ઉત્તમ છે અને ફલ મેળવવા માટે ડાબો હાથ ઉત્તમ છે. પણ ફલ મેળવવા માટે જમણો હાથ ખરાબમાં ખરાબ છે, ખતરનાક છે અને કર્મ કરવા માટે ડાબો હાથ ખરાબ છે. અને આ વાત સમજમાં તો બધાને આવે છે પણ અમલમાં નથી આવતી એટલે જ બધે મહાભારત થાય છે. એટલે આપણે કરવું કાંઈ નથી અને જોઈએ ઘણું બધું છે એની જ બધી મોકાણ છે. આ હકીકત આપણે બધા નથી સમજતા, તેથી જ જેમ મહાભારત તે વખતે થઈ હતી, તેમ આજે પણ થઈ રહી છે અને ભવિષ્યમાં પણ થતી જ રહેશે.

## ગીતા એ ઉપનિષદ્ કે શાસ્ત્ર ? :

આવી મહાભારતના સમયે અર્જુન જેવો કોઈ માણસ ગભરાઈ જતો હોય તો પરમાત્મા સિવાય બીજો કોણ સાથ આપે? પરમાત્મા આ મહાભારતમાં રથ ન હાંકે તો કોણ હાંકે? એટલે જ ભગવાને કહ્યું કે "ચાલ ત્યારે, તારી આ મહાભારતમાં તારો રથ હું હાંકીશ. તું થા રથી અને હું તારો સારથિ". એ સારથિએ જે ઉપનિષદ્ કહ્યું—એ સારથિ થઈને પરમાત્માએ જે પોતાના દોસ્તારની સાથે ગુફતગુ કરી, જે કાનમાં વાત કરી, દિલ ખોલીને એને જે હૃદયનો ભાવ, રહસ્ય સમજાવ્યું તે તે વખતે ઉપનિષદ્ હતી. પણ જે વસ્તુ અર્જુનને ઉપનિષદ્ તરીકે કહેવામાં આવી તે આપણા



માટે શાસ્ત્ર થઈ ગયું. એટલે જ જેને "કૃષ્ણાર્જુનસંવાદે ભગવદ્ગીતાસૂપનિષત્સુ" કહેવામાં આવ્યું તેને જ તે આપણા માટે "એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્" કહેવાઈ રહ્યું છે. હવે તે શાસ્ત્ર થઈ ગયું છે.

શાસ્ત્ર અને ઉપનિષદ્માં થોડુંક અંતર છે. ઉપનિષદ્ એ આપસમાં એકબીજાની વાત છે; એ ગુરુ-શિષ્ય હોય, પ્રસ્તુત સંદર્ભમાં રથી-સારથિ હોય કે બે સખા હોય. અને શાસ્ત્ર એટલે બંધારણ. અર્જુનને જે ઉપદેશ પ્રભુએ આપ્યો તે આજે હવે ઉપનિષદોથી જે જ્ઞાન મેળવવા માગે છે તેવા બધાને માટે એક બંધારણ થઈ ગયું.

ઉપનિષદ્નો અર્થ કેવી રીતે કરવો તેના માટે શ્રીમહાપ્રભુજી શાસ્ત્રાર્થપ્રકરણમાં આજ્ઞા કરે છે કે—

**વેદાઃ શ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવ હિ।**
**સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચતુષ્ટયમ્॥**

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે વેદોનો અર્થ ભગવાને ગીતામાં જે રીતે કર્યો તેનાથી વિપરીત ક્યારેય કરવો નહિ. ગીતા થી વિપરીત અર્થ વેદોનો તમને તમારી બુધ્ધિના વૈભવથી સ્ફુરતો હોય તો એ અર્થ ખોટો. અને તમારી બુધ્ધિથી તમને સમજમાં ન આવતું હોય કે વેદનો આ ગીતોક્ત અર્થ વાસ્તવિક કેમ હોઈ શકે તો પણ ભગવાને જે અર્થ કાઢ્યો તે અર્થ સાચો. આપણી બુધ્ધિમાં કાંઈક ખુરાપાત હોઈ શકે છે પેલા દેવની, દાનવની કે માનવની. પણ ભગવાને જે "સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનંદન" એ ગોપાલનંદને સર્વોપનિષદોનો સાર કહ્યો તે સાચો. એક વાત સમજો કે ઉપનિષદો એ બધા વેદોનું રહસ્ય અને એ ઉપનિષદોનું રહસ્ય તે ગીતા. ગીતા આ જાતનો "એકં શાસ્ત્રં" છે. તે શા માટે

સર્વશાસ્ત્ર-સર્વસંદેહનિવારક શાસ્ત્ર છે? એનું કારણ એક જ કે ભગવાને પોતે એ રહસ્યોના રહસ્યરૂપે આપણને ગીતા સમજાવી છે. એટલે શ્રીમહાપ્રભુજી કહે છે કે ઉપનિષદ્દના કે કોઈપણ વેદની શ્રુતિના અર્થ ગીતાના આધારે સમજવા જોઈએ. ગીતાથી વિરુધ્ધ કોઈપણ ઉપનિષદો ના અર્થ આપણે ન સમજવા જોઈએ.

ઉપનિષદ્દમાં કોઈ પણ ઠેકાણે એવું વર્ણન નથી આવતું કે કૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા છે, ત્યાં બ્રહ્મનું વર્ણન આવે છે, પરબ્રહ્મનું વર્ણન આવે છે, અક્ષરબ્રહ્મનું વર્ણન આવે છે, ઘણા બધા દેવોનું વર્ણન આવે છે; પણ કૃષ્ણ બ્રહ્મ છે એવું વર્ણન, એટલું સ્પષ્ટતર વર્ણન વેદોમાં કે ઉપનિષદોમાં મળતું નથી. અને ઉપનિષદોમાં કોઈક-કોઈક ઠેકાણે એવું વર્ણન આવે છે તો એવા બીજા ઉપનિષદો પણ છે જ્યાં એવું જ વર્ણન બીજા દેવો માટે પણ કરી દેવામાં આવે છે. તેથી ફરી પાછો વિષય સંદિગ્ધ થઈ જાય. કેમકે તમે કૃષ્ણોપનિષદ્દ કે. ગોપાલતાપિન્યુપનિષદ્દને વાંચશો તો તમને એમ લાગશે કે હા, કૃષ્ણ પરબ્રહ્મ છે, પરમાત્મા છે. અને પછી તમે શિવોપનિષદ્ શક્ત્યુનિષદ્ કે રામતાપિન્યુપનિષદ્ વાંચશો તો ત્યાં એમની બાબતમાં એવા જ વર્ણનો મળી રહે છે. એટલે નિર્ધારણ થઈ નથી શકતું કે આમાંથી કયું ઉપનિષદ્ ખોટું. હકીકતમાં તો એ તો આપણી પ્રાચીનકાલની દ્રષ્ટિ જ નહોતી. દરેક ઉપનિષદ્ સાચી પણ એમાં અર્થનિર્ધારણ કેવી રીતે કરવું કે વેદમાં જેને 'બ્રહ્મ' કહેવામાં આવ્યું તેવો ભગવાન્ તે કૃષ્ણ પોતે છે કે નહિ, જો શ્રીકૃષ્ણ પોતે જ ગીતામાં આમ ઘોષિત ન કરતા હોય તો. આપણને ખબર જ ન પડે કે કૃષ્ણ પણ પરબ્રહ્મ, પરમાત્મા, પુરુષોત્તમ હોઈ શકે છે. "એકો દેવો દેવકીપુત્ર એવ" એ વેદોના આધારે સિદ્ધ કરવું એ બહુ જ અઘરું કામ છે.

અને એક ખરેખર વાત સમજો કે ગીતામાં જે કાંઈ કહેવામાં



આવ્યું હોય, તેથી બધાના સંદેહ નિવૃત્ત નથી થઈ જ જતા હોય એવું નથી પણ શ્રીમહાપ્રભુજી એમ કહે છે કે "મારા બધા સંદેહ નિવૃત્ત થઈ ગયા છે; અને જે મારા છે, એમના પણ સંદેહ નિવૃત થઈ જવા જોઈએ". તેથી બીજાના સંદેહ નિવૃત્ત થાય છે કે નહિ તેની લમણાઝીકમાં આપણે ન પડવું જોઈએ. વેદમાં ભલે શ્રીકૃષ્ણનું પરબ્રહ્મ-પરમાત્મા તરીકે નિરૂપણ ન થતું હોય પણ જો ભગવદ્દગીતા આપણને માન્ય હોય અને તેમાં જો કૃષ્ણનું પરબ્રહ્મ-પરમાત્મા તરીકે નિરૂપણ હોય તો આપણા માટે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ પરમાત્મા છે. **"કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્." "બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાન્ ઈતિ શબ્દ્યતે ત્રિતયે ત્રિતયં વાચ્યં ક્રમેણૈવ મયાત્ર હિ."** એ જે શ્રીમહાપ્રભુજીનો દ્રષ્ટિકોણ છે કે એક જ તત્ત્વને ઉપનિષદ્ 'બ્રહ્મ' કહે છે, સ્મૃતિઓ 'પરમાત્મા' કહે છે અને ભાગવત 'ભગવાન્' કહે છે એ તત્ત્વ કાંઈ ત્રણ તત્ત્વ નથી; એક જ તત્ત્વના ત્રણ જાતના પાસાઓ છે, વ્યવહાર છે, ક્રિયાકલાપ છે. તેથી આપણે સમજી લેવું જોઈએ કે એ શ્રીકૃષ્ણ જ આપણા પરબ્રહ્મ, પરમાત્મા, પુરુષોત્તમ, ભગવાન્ છે.

## ગીતાજીનું મહત્ત્વ ભૂલવાથી પુષ્ટિમાર્ગને થયેલી હાનિ :

ગીતા એ આપણું એટલું જબરદસ્ત પાયાનું શાસ્ત્ર છે તે મુદ્દાને સમજાવવા માટે આ વિસ્તાર કર્યો.

કેમકે ઘણા લોકો એમ કહેતા હોય છે કે ગીતા ઉપર શા માટે તમે પ્રવચન કરો છો?! હમણાં એક માજી મને કહેતાં હતાં કે "આપણે તો પુષ્ટિમાર્ગીય છીએ તો આપણને અને ગીતાજીને શું લેવા-દેવા?" તો મેં કહ્યું કે "એમ ન કહો કેમકે ગીતાજી પાસે આપણે ઘણું લેવાનું-દેવાનું છે અને ગીતા જો આપણે નહિ લઈએ તો આપણી પાસે કાંઈ પણ રહેશે નહિ. એ તમે સમજો." પછી એમણે પૂછ્યું કે "ગીતામાં શેના પર પ્રવચન કરશો?" તો

મેં કહ્યું કે ''શ્રીપુરુષોત્તમયોગ પર કરવાનું છે.'' તો એમણે કહ્યું કે ''પુરૂંસોત્તમ તો આપ પોતે, એનું શું પ્રવચન કરવાનું?'' તો મેં પણ હસીને એમને કહ્યું કે ''હા, હું પુરૂંસોતમ!'' એટલે પૂરેપુરો સુતેલો તો હું જ.

પણ આપણે સમજવું જોઈએ કે કોઈક પુરુષોત્તમ છે કે પુરૂં સોતમ છે એનો નિર્ધાર કરવાની આપણી પાસે કસોટી તો કોઈક હોવી જોઈએ ને. કારણકે આપણે જેને પુરુષોત્તમ માનતા હોઈએ એ ક્યાંક પુરૂંસોતમ (પૂરેપુરો સુતેલો) ન હોય તેની શું ખાત્રી? એટલે પછી મને થયું કે આ માટે પુરુષોત્તમયોગ જ ઠીક રહેશે. કારણકે પુરુષોત્તમયોગને બરાબર સમજી લઈએ તો આપણી ભ્રાંતિ દૂર થઈ શકે છે.

**અનન્યભક્તિથી પુરુષોત્તમ અનુભવાય અને પુરુષોત્તમના ભાનથી સાચો ભક્તિભાવ ખીલે:**

કેશોદમાં 'ભક્તિવર્ધિની' ઉપર પ્રવચન કર્યું હતું તો જો ભકિતને આપણે પ્રમાણ જાણતા હોઈએ; 'પ્રમાણ' એટલે જાણવાનું સાધન, તો પુરુષોત્તમ એ પ્રમેય છે. એટલે એ બેઉ એકબીજા સાથે સંકળાયેલી વાતો છે. જેમકે આંખ અને રૂપ, નાક અને ગંધ, જીભ અને સ્વાદ. આપણી સામે સાકર પડી હોય પણ જો આપણી જીભ સારી ન હોય તો સાકરનો સ્વાદ સારો ન લાગે. આ રીતે જ આ બન્ને વસ્તુઓ એકબીજા સાથે સંકળાયેલી છે. હિન્દીભાષામાં એક કહેવત છે કે ''બીન બજાવો ભેંસકોં ભેંસ ખડી બગુરાય.'' તો ભેંસની સામે કોઈ બીન વગાડે તો એને કાંઈ સમજમાં નથી આવતું, એ તો એનું ઘાસ જ વાગોળ્યા કરશે! એમ જેનો જે વિષય નથી તેને તે સંભળાવવાથી કાંઈ પ્રયોજન સિધ્ધ થતાં નથી. એમ જેને પુરુષોત્તમને સમજવાની સિફત નથી એના માટે ભકિત નિરર્થક છે અને જેને ભક્તિ સાર્થક છે એને જ પુરુષોત્તમ સમજમાં



આવશે. કેમકે પુરુષોત્તમની ભકિત થાય અને ભકિત થકી પુરુષોત્તમ જણાય. ભક્તિ ન હોય, જ્ઞાન હોય તો તમને બ્રહ્મ જણાય. જ્ઞાન ન હોય અને કર્મ હશે તો તમને ઈશ્વરનો બોધ થાય; કર્મ જો સારી રીતે કર્યું તો ઈશ્વર તમને સુફલ આપશે, જો ખોટી રીતે કર્યું તો ઈશ્વર તમને વાંછિત ફળ નહિ આપે. પણ જો ભકિત ન હોય તો પુરુષોત્તમતા ન જ જણાય.

એનું કારણ તમે સમજો કે 'પુરુષોત્તમ' શબ્દ પોતાનામાં આ વાતનું પ્રમાણ છે કે પુરુષોમાં જે ઉત્તમ હોય તે પુરુષોત્તમ. પુરુષ આપણે બધા. ગીતા તો એના કરતાં એક ડગલું આગળ વધીને કહે છે કે ક્ષર પુરુષ, અક્ષર પુરુષ. આ જેટલું જડ જગત છે તે ક્ષર પુરુષ છે અને જે ચેતન જગત છે તે અક્ષર પુરુષ છે. તો **''યસ્માત્ ક્ષરમતીતોહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ''** તો ક્ષર-અક્ષરથી ઉત્તમ જે હોય તે પુરુષોત્તમ.

એટલે એક આ પુરુષોત્તમ અને બીજો પેલો પુરૂંસોતમ. એ કાંઈક જુદો પુરુષોત્તમ છે. એ ક્ષરાક્ષરાતીત પુરુષોત્તમને અને આ પુરૂંસોતમ (પુરું સુતેલા)ને આપણે ભેગા નહિ કરવા, નહિ તો વાત બગડી જાય. ભક્તિનો સ્વાદ આવશે જ નહિ જેવો આવવો જોઈએ. દા.ત. જેમ દૂધમાં કોઈ મરચું નાખી દે તો દૂધનો સ્વાદ બગડી જાય. તેમ ભક્તિમાં કોઈક પુરુષને નાખી દો કે પુરુષમાં ભક્તિ નાખી દો તો એ ભેળસેળને કારણે ભકિતનો અથવા પુરુષનો બન્નેનો સ્વાદ બગડી જતો હોય છે. એટલે તે દિવ્ય પુરુષોત્તમનો સ્વાદ જો માણવો હોય તો જીભ આપણી ભક્તિ હશે. જો આપણી જીભ ભકિત નહિ હોય તો આપણે પુરુષોત્તમનો સ્વાદ માણી શકીએ નહિ. જો દ્રષ્ટિ આપણી ભક્તિ નહિ હોય તો આપણે પુરુષોત્તમનાં દર્શન કરી શકીએ નહિ. જો ભકિતના આપણા કાન નહિ હોય તો પુરુષોત્તમને આપણે સાંભળી નહિ શકીએ.

જો ભક્તિમયી આપણી ત્વચા નહિ હોય તો પુરુષોત્તમનો સ્પર્શ આપણે કરી શકતા નથી. એકબીજા સાથે આટલી ઘનિષ્ટતાથી સંકળાયેલી બન્ને વાતો છે.

**બ્રહ્મના શુદ્ધાદ્વૈતમાં અનન્યભક્તિની વૃદ્ધિ = પુરુષોત્તમયોગ :**

એટલે કેશોદમાં ભક્તિવર્ધિનીનું પ્રવચન જે મેં કર્યું તેના અનુસંધાનમાં મને એમ લાગ્યું કે હવે આ પુરૂસોતમે પુરુષોત્તમનું કંઈક વર્ણન કરી લેવું જોઈએ. બીજું કાંઈ નહિ તો ભક્તિનો બીજો પાસો તો આપણને ખ્યાલમાં આવે કે ભક્તિ કોને અવલંબે છે? જેને અવલંબે છે ભક્તિ, તેનું નામ 'પુરુષોત્તમ' અને ભક્તિ એ પુરુષોત્તમને છોડી બીજાને અવલંબે તો એ ભક્તિ જ નથી રહી જતી. અને પુરુષોત્તમને તમે જો ભક્તિ સિવાય બીજા કોઈ સાધનથી જોવા જશો તો એ બ્રહ્મ તરીકે તમને દેખાશે પણ પુરુષોત્તમ તરીકે નહીં દેખાય. કેમકે એ તો તમારા હૃદયનો ભક્તિભાવ જ તમને સમજાવી શકે હું પુરુષ અને આ મારા કરતાં ચઢિયાતો પુરુષોત્તમ. એ જો ભક્તિનો ભાવ નહિ હોય તો શુદ્ધાદ્વૈતના તાત્ત્વિક સ્વભાવમાં તમારા ઈતર કોઈકની તમને ઉત્તમતા નહિ અનુભવાય.

આ હું તમને શ્રધ્ધાની વાત નથી કહી રહ્યો. થોડીક ગંભીરતાથી આ વાત સમજશો તો તમને ખ્યાલમાં આવશે કે શ્રીમહાપ્રભુજીનો સિધ્ધાંત જગત્ અને જગદીશની વચ્ચે શુધ્ધાદ્વૈત હોવાનો છે. શુધ્ધાદ્વૈતનો સિધ્ધાંત એટલે **"સર્વં ખલુ ઈદં બ્રહ્મ"** જે કાંઈ છે તે બધું બ્રહ્મ છે. જો બધું જ બ્રહ્મ હોય તો એમાં વળી પુરુષોત્તમ કોઈ ક્યાંથી આવી શકે? પ્રશ્ન ઊભો થાય જ ને! જ્યારે તમે ય બ્રહ્મ, હું ય બ્રહ્મ; અને આમ બધું જ બ્રહ્મ હોય તો પુરુષોથી ચઢિયાતો કોઈ પુરુષોત્તમ ક્યાંથી થઈ શકે? પણ દયારામભાઈએ બહુ સુંદર કહ્યું છે ને કે—



**સહુ બરાબર કૃષ્ણ છે નથી કૃષ્ણ બરાબર કોય।**
**સાગર-છોળ્યોને દૃષ્ટાંતે શાણા સમજી જોય॥**
**સદા શ્રીકૃષ્ણને સેવો રે।**
**સમજી લ્યોને હવે સુધો સિધ્ધાંત॥**

તો જગત્‌ની જડ-ચેતન સહુ વસ્તુઓની બરાબર કૃષ્ણ છે પરન્તુ કૃષ્ણ બરાબર કોઈ હોઈ શકતો નથી. શુધ્ધાદ્વૈતની પ્રકૃતિના કારણે શ્રીકૃષ્ણ બધે વિલસી રહ્યો છે, બધા રૂપે. જે કોઈ દેવ જે કોઈ દાનવ જે કોઈ માનવ જે કોઈ જડ જે કોઈ ચેતન અસ્તિત્વ ધરાવે છે તે બધું શ્રીકૃષ્ણ જ છે. અને બધું કૃષ્ણ છે એટલે બધું બ્રહ્મ જ છે: **"બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે"** આ દૃષ્ટિથી જોવા જતાં પુરુષોત્તમ જેવું કશું રહી જતું નથી. કેમકે દરેક વસ્તુ જો બ્રહ્મ જ હોય તો પુરુષોત્તમથી અવરકક્ષાની વસ્તુ કોઈ છે જ નહિ તો પછી સહુથી ઉત્તમકક્ષાના પુરુષોત્તમ કેવી રીતે હોઈ શકે?

ભગવાન પણ પોતે ગીતામાં કહે છે—

**ભૂમિરાપોઽનલો વાયુ ખં મનો બુધ્ધિરેવ ચ।**
**અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા॥**
**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્।**
**જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગત્॥**

એટલે ભૌતિક જડરૂપી અને જીવરૂપી જે સૃષ્ટિ છે તે બધું જ બ્રહ્મ જ સિદ્ધ થાય છે. જ્યારે જડ જીવ બધું જ શ્રીકૃષ્ણે ધારણ કરેલા વિવિધ રૂપો જ કેવળ હોય તો એ રૂપોમાં વળી કોઈ રૂપ પુરુષોત્તમ ક્યાંથી હોઈ શકે? જવાબ છે કે હોઈ શકે કેમકે જ્યારે હૃદયમાં ભક્તિ હોય તો પુરુષોત્તમ પણ ત્યાં આવી

શકે. એ આવે તો આપણને દયારામભાઈની માફક એ વાત બુદ્ધિમાં સમજાય કે **"સહુ બરાબર કૃષ્ણ છે નથી કૃષ્ણ બરાબર કોય, સાગર-છોળ્યોને દૃષ્ટાંતે શાણા સમજી જોય."** જે સમુદ્ર છે તે જ તરંગ કે લહેર બનતો હોય છે. તેથી લહેરો દરિયો જ છે. સાગરમાં એ સામર્થ્ય છે કે તે લહેર બની શકે પણ તે સામર્થ્ય લહેરોમાં હોતું નથી કે તેઓ દરિયા બની જાય. એક નહિ અનેક લહેર બનનારો કોણ? તો આપણે કહીશું: સાગર. છતાંય બધી જ લહેરોનો સરવાળો કરતાં સાગર જડતો નથી. તેથી તરંગો અન્તમાં તરંગો જ કેવળ હોય છે જ્યારે કે સાગર તો લહેરોત્તમ કે તરંગોત્તમ છે. તરંગોત્તમ જે હોય તેનું નામ સાગર.

એટલે જે કાંઈ છે તે બધું પુરુષ છે તે છતાં કાંઈ પુરુષોત્તમ હોઈ શકે સાગરની માફક. આ સમગ્રતાનું દર્શન કરનારી દૃષ્ટિ છે. એકાંગી જ્ઞાનમાર્ગીય અનુભૂતિપ્રધાન એકાંગી દૃષ્ટિથી જોશો તો તમને ખબર નહિ પડે. પણ સમગ્રતાને સ્વીકારનારી જે ભક્તિની દ્રષ્ટિ હોય છે તેથી જુઓ એટલે તમે તરંગોને પણ જુઓ— એક પછી બીજી આવતી તરંગોને જુઓ, અને તરંગને જોવામાં તમે એટલા બધા ખોવાઈ ન જાવ કે સાગરને ભૂલી જાવ. તરંગને જોતાં-જોતાં તમને સાગર દેખાતો હોય સમગ્રતાની દૃષ્ટિ. અને સાગરને એવી રીતે ન જુઓ કે તમે તેની તરંગોની મસ્તીને ભૂલી જાવ. આમ બન્નેને જ્યારે તમે જોઈ શકો ત્યારે જ તમને ખબર પડશે કે દરિયો કેવો લહેરોત્તમ છે! તેથી દયારામભાઈ કહે છે **"સહુ બરાબર કૃષ્ણ છે નથી કૃષ્ણ બરાબર કોય, સાગર-છોળ્યોને દૃષ્ટાંતે શાણા સમજી જોય, સદા શ્રીકૃષ્ણને સેવો રે!"**

તેથી ભક્તિવર્ધિનીનું પ્રવચન કર્યા પછી મને એમ લાગ્યું કે હવે આપણે પુરુષોત્તમયોગનું અવગાહન કરવું જોઈએ. આપણે ભક્તિભાવનો વિચાર કર્યો, રસભાવનો વિચાર કર્યો, હવે તેના પછી આવે છે



ભક્તિના આલંબનવિભાવનું અવગાહન. આ ભક્તિરસના ભાવનો આલંબનવિભાવ શું છે? તે પુરુષોત્તમ છે. તેથી આપણે પુરુષોત્તમયોગનો વિચાર કરવા માગીએ છીએ. આ શિબિરમાં તે દૃષ્ટિથી કે ભક્તિવર્ધિનીનું કાંઈક પૂરક વિચાર આપણને ખ્યાલમાં આવશે કે સાચા પુરુષોત્તમનું જ ભક્તિમાં આલંબન કેમ લેવાય અને સાચા પુરુષોત્તમનું સાચું સ્વરૂપ કેવું હોવું જોઈએ.

સાથોસાથ એક વાત ઔર આપને ખુલાસારૂપે કહી દેવા માંગું છું કે પુરુષોત્તમયોગનો વિચાર આપણે ગીતા સિવાય પણ કરી શક્યા હોત, છતાંય ગીતા સાથે જ કેમકે **"ગીતા સુગીતા કર્તવ્યા"** તો શામાંટે બીજા કોઈ શાસ્ત્ર સાથે કરવું. આથી ગીતાને આધારે જ આપણે પુરુષોત્તમયોગ લીધો છે.

### ગીતા અને વિવિધ સંપ્રદાયો :

ગીતામાં પુરુષોત્તમયોગ નાનામાં નાનો યોગ છે. સૌથી પ્રમુખ સમજવાની મુદ્દાની વાત આમાં પાછી એ છે કે જુદા જુદા સંપ્રદાયોમાં ગીતાનો મુખ્ય સંદેશ શો એ બાબતના પુષ્કળ વિવાદ છે. ખરેખર પુષ્કળ વિવાદ છે અને તે વિવાદમાં આંગળીના વેઢાપર ગણી ન શકીએ એટલા બધા મતભેદો અને જુદા-જુદા પક્ષો છે. અને તેમાંય ખૂટતું આ કે સમગ્ર વિશ્વમાં કોઈ એક એવો શાસ્ત્ર હોય તો આ ભગવદ્ગીતા જ છે કે જે સંપ્રદાય આ ગીતાને ઉપાડે એ સંપ્રદાયને એમાં પોતાના સિધ્ધાંત ક્યાંય ને ક્યાંય મળી જાય છે.

શંકરાચાર્યજીને આમાં બ્રહ્માત્મૈક્યજ્ઞાનલભ્ય નિર્ગુણ બ્રહ્મ મળી જાય છે, વૈષ્ણવાચાર્યોને આમાં ભક્તિ-પ્રપત્ત્યેકલભ્ય નારાયણ-પરબ્રહ્મતાવાદ મળી જાય છે, લોકમાન્ય તિલક જેવા કેટલાક કર્મવાદીઓને આમાં કર્મવાદ મળી જાય છે. તે તો સમજ્યા પણ જે લોકો આ દેવકોટિના કૃષ્ણ વિગેરેમાં શ્રધ્ધા નથી ધરાવતા એવા અનીશ્વરવાદી લોકો આમાંથી

એવા સૂત્રો પણ શોધી કાઢે છે કે શ્રીકૃષ્ણ એક ફક્ત મહાન્ માનવી હતા! ગીતામાં એક ઠેકાણે નહિ બલ્કે અગણિત ઠેકાણે "હું પરબ્રહ્મ છું", તેમ જ શ્રીકૃષ્ણને સંબોધીને "તમે પરબ્રહ્મ છો" એમ કહેવામાં આવ્યું છે. તે છતાંય કેટલાક લોકોને એમ લાગે છે કૃષ્ણ પોતે જ પરમેશ્વર હોવાના અર્થમાં પરબ્રહ્મ નથી, જેવા અર્થમાં કૃષ્ણભક્તિના સંપ્રદાયવાળાઓ કૃષ્ણને પરબ્રહ્મ સમજે છે. કૃષ્ણ તો પોતે બ્રહ્મજ્ઞાની હોવાથી જીવબ્રહ્મૈક્યની અનુભૂતિ બધાને શક્ય છે એ અર્થમાં પોતાને "હું પરબ્રહ્મ છું" એમ કહી રહ્યા છે. તેઓના મત મુજબ શ્રીકૃષ્ણ આવું કાંઇક કહેવા માગે છે: "અલ્યા ડોબાઓ! તમે સમજી જાવ કે તમે પણ પરબ્રહ્મ છો પરન્તુ તમે ડોબા છો એટલે સમજતા નથી. હું સમજી ગયો છું કે હું પરબ્રહ્મ છું!" એવું પણ કેટલાક લોકો વ્યાખ્યાન આપે છે. એક કોઈ મહાપુરૂષને કોકે પૂછ્યું કે "તમે જો ખરેખર ભગવાન્ હોવ તો શું આ જગત્ તમે બનાવ્યું છે?" તેઓએ કહ્યું "મારી પાસે આવ, કાનમાં એક રહસ્ય તને કહું". પછી કાનમાં કહી દીધું કે "હા મેં જ આ જગત્ બનાવ્યુ છે. પણ કોઈને કહીશ તો હું ના પાડી દઈશ!"

હવે એનો જવાબ કોઇ શું આપી શકે! મૂળ વાત સાંભળતાં આપણને હસવા જેવી લાગે છે પણ એની પાછળ પણ તાત્ત્વિક દૃષ્ટિ રહેલી છે. તાત્ત્વિક દૃષ્ટિ એ કે એવા લોકો ઈશ્વરના અસ્તિત્વમાં જ શ્રદ્ધા ધરાવતા નથી. હવે એમને જ્યારે ગીતા વાંચવી હોય, ગીતા ઉપર કંઈક કહેવું હોય, તો ગીતામાં ઈશ્વર દેખાતો બંધ થઈ જાય ને! ક્યાં છે ઈશ્વર? ભલેને ભગવાન્ કહેતા હોય **"મત્ત: સર્વં પ્રવર્તતે"** . પણ એમને એવું લાગે છે કે **"મત્ત: સર્વં પ્રવર્તતે"** એટલે શું? કે મારા-તમારા જેવા દૃષ્ટાઓની દૃષ્ટિને કારણે જ જગત્ પ્રવર્તિત થયું છે. તમને નથી લાગતું કે તમારાથી પ્રવર્તિત થઈ રહ્યું છે તેથી તમે એવો દાવો કરતા સંકોચ કરો છો. માંડો



એવો દાવો કે તમારાથી જ બધું પેદા થઈ રહ્યું છે તો તમો પણ જગત્ના કર્તા બની જશો. તમે પણ જગત્ના પાલક બની શકશો. હવે એ વસ્તુ જુદી કે બીજાની સામે તમે ધોળે દહાડે કહો નહિ પણ ભીતરખાનેથી સમજી લેવાનું કે આખું જગત્ મેં બનાવ્યું છે, આખા જગત્નું પાલન હું કરી રહ્યો છું, જગત્ મારામાં પેદા થઈ રહ્યું છે, જગત્ મારામાં સ્થિત છે અને મારામાં જ લીન થવાનું છે. લીન કેવી રીતે થાય તમારામાં? તો જેમ જે દિવસે તમે આંખો ઉઘાડી તે દિવસે જગત્ તમારી આંખોમાં પેદા થઈ ગયું હતું કે નહિ? તો તમારી આંખોમાં જગત્ પેદા થઈ ગયું તેથી હવે તમને દેખાઈ રહ્યું છે, સંભળાઈ રહ્યું છે. આમ તે જગત્ તમારામાં સ્થિત થયું કે નહિ? જેમ કેમેરાના લેંસમાં બહારની દેખાતી છબી ઝડપાઇ જાય છે, સ્થિત થઈ જાય છે કે નહિ ક્લિક કરતાની સાથે? તેમ આપણે આંખને ક્લિક કરીએ, કાનને ક્લિક કરીએ, નાકને ક્લિક કરીએ, જીભને ક્લિક કરીએ, ચામડીને ક્લિક કરીએ તો જે બહારનું જગત્ છે તે ભીતર આવી જાય છે. અન્તે આપણે જ્યારે આંખો મીંચીએ ત્યારે જગત્ આપણામાં લીન પણ થઈ જાય છે. આમ પરબ્રહ્મનાં લક્ષણ, **"યતો વા ઇમાનિ ભૂતાનિ જાયન્તે યેન જાતાનિ જીવન્તિ યત્ પ્રયન્તિ અભિસંવિશન્તિ"** તે આપણા ઉપર પણ લાગૂ થાય છે કે નહિ?

મેજર રૂપમાં ન થાય પણ મીની રૂપમાં તો આપણેય પરબ્રહ્મ ખરા. જેમ મોટો રેડિઓ આવે તેમ મીની ટ્રાન્જીસ્ટર આવે જ છે ને, મીની કેમેરા પણ મીનોલ્ટા ટાઈપનો મળે છે. એમ આપણે બધા પરબ્રહ્મ છીએ. પણ કેવા પરબ્રહ્મ? તો મીની પરબ્રહ્મ તો ખરા કે નહિ! કેમકે આપણામાં પણ કાંઈ પેદા થઈ રહ્યું છે, ક્લિક થઈ રહ્યું છે અને આપણામાં કાંઈક લીન થઈ રહ્યું છે. અહિયાં સુધી તો વાંધો નથી આવતો. પણ મહાપ્રભુજીની દૃષ્ટિથી વિચારીશું તો અહિંયા જ એક મોટો લોચો થઈ રહયો છે.

**મિનિ બ્રહ્મની મોટી મોકાણ!:**

એક ઉપદેશકભાઈ પ્રવચન કરી રહ્યા હતા કે "હું નિર્ગુણ નિર્ધર્મક નિરાકાર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું અને મારામાં નથી દેહ કે નથી ઈન્દ્રિયો, નથી પ્રાણ કે નથી હું-તુંનું દ્વૈત. આ જે જગત્ છે તે મારામાં મિથ્યા-અસત્ય ભાસિત થઈ રહ્યું છે". એટલામ. એમની દાઢમાં સખત દુ:ખાવો ઉપડયો! એવો દુ:ખાવો કે કંઈ બોલાય જ નહિ. અન્તે પ્રવચન બંધ કરવું પડ્યું. પછી તે દિવસે તો કહ્યું કે "આજે પ્રવચન અહીં રાખીશું, આગળ પછી કાલે કરીશું". પછી બીજે દિવસે ડૉક્ટરને બતાવ્યું તો તે કહે કે આ તો પાયોરિયા થઈ ગયો છે, આ દાઢને કઢાવવી પડશે નહિ તો વધારે દુ:ખશે. પરિણામે પ્રવચન બે ચાર છ દિવસ બંધ થઈ ગયું!

આપણે મિનિ બ્રહ્મો બધા એવા જ. બધું જગત્ મિથ્યા છે, દેહના ભેદો મિથ્યા છે, ઈન્દ્રિયોના ભેદ મિથ્યા છે, હું-તુંના ભેદ મિથ્યા છે; પણ જે દાઢ દુ:ખે તે તો મિથ્યા નહિ ને! તે તો ડૉક્ટર પાસે પડાવવી પડે ને! દાઢ કઢાવ્યા પછી, સાજા થયા પછી દાઢ ફરીથી મિથ્યા બની જાય. દાઢનો જે દુ:ખાવો થયો તે પણ પડાવ્યા પછી મિથ્યા. દાઢ જે કઢાવવી પડી તે પણ મિથ્યા. કાઢનાર ડાકટર અને કઢાવનાર ઉપદેશકના દ્વૈત પણ મિથ્યા.તું ય મિથ્યા અને હું પણ મિથ્યા આમ બધું મિથ્યા. આવો ઉપદેશ કરવો તે બહુ સરળ છે પણ તેમાં કંઈ તકલીફ આવી રહી છે કે દાઢ કઢાવ્યા વગર આવો ઉપદેશ આપી શકાતો નથી. દાઢ કઢાવ્યા પછી સરખી રીતે આપી શકાય. રૂઝ આવી જાય તે પછી આપી શકીએ કે બધું મિથ્યા છે, તેથી દાઢ પડાવવી તે પણ મિથ્યા છે! બધી શંકાના સમાધાન આપી શકાય.

સંસ્કૃતમાં એક જોક ચાલતો હોય છે. એક મહારાજ ઉપદેશ



આપતા હતા કે "આખું જગત્ મિથ્યા છે, આ મિથ્યા છે, તે મિથ્યા છે". તો કોઈ સાંભળનારને ગુસ્સો આવી ગયો અને તેણે એક પાગલ હાથી ઉપદેશક ઉપર છોડી દીધો. પાગલ હાથી છોડ્યો એટલે ઉપદેશક મહારાજ ભાગવા માંડ્યા. પેલો ગુસ્સે થયેલ શ્રોતાએ કહે "મહારાજ! કેમ ભાગો છો? હમણાં તો કહેતા હતા કે જગત્ મિથ્યા છે. તો આ હાથી ક્યાં સત્ય છે કે તમે ભાગી રહ્યા છો?" ઉપદેશકે કહ્યું કે "તું મારી વાત સમજી શક્યો જ નથી. આ ભાગવું ક્યાં સત્ય છે? અરે આ મારું ભાગવું પણ મિથ્યા છે". એટલે પૂછનારનો પ્રશ્ન મિથ્યા અને સમાધાનકર્તાનું સમાધાન પણ મિથ્યા!

તો એક વાત સમજો કે એવા તો ઘણા બધા વાદો ગીતામાંથી મળી આવે છે, નથી મળતા એવું નથી. પણ એક વાત દઢતાથી સમજશો કે ગીતામાં નિર્ગુણ નિરાકાર બ્રહ્મ છે; નથી એવું નથી. ગીતા, પરન્તુ, ફક્ત નિર્ગુણ નિરાકાર બ્રહ્મનું જ પ્રતિપાદન નથી કરતી, તે તો સગુણ સાકારનું પણ પ્રતિપાદન કરે છે. ગીતામાં જ્ઞાનનું વર્ણન છે પણ એવું નહિ સમજી લેતા કે ગીતા કેવળ જ્ઞાનના જ ઉપદેશ આપવામાંટે છે. ગીતા કર્મનો ઉપદેશ આપે છે. ગીતા ભક્તિનો ઉપદેશ આપે છે પણ એવું ન સમજી લેતા કે ફકત ભક્તિ ઉપદેશવા માગે છે, તેમાં તો કર્મ જ્ઞાન વૈરાગ્ય સંન્યાસ વિ. અનેક ઉપયોના ઉપદેશો પણ છે જ. શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે **"યોગાસ્ત્રયો મયા પ્રોક્તા નૃણાં શ્રેયોવિવિત્સયા, જ્ઞાનં કર્મ ચ ભક્તિશ્ચ નોપાયોઽન્યોઽસ્તિ કર્હિચિત્."** અર્જુન પ્રત્યેના સખ્યભાવને કારણે શ્રીકૃષ્ણે શાસ્ત્રમાં ન વર્ણવેલા ઉપાયો પણ અર્જુનના કાનમાં કહી દીધા છે.

**યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્!:**

આ તો શું કે દોસ્તારની સાથે કંઈક રહસ્યચર્ચા કરવા ભગવાન્

બેઠા સારથિ થઈને, તે શાસ્ત્રમાં ન બતાવેલા ન વર્ણવેલા પણ કેટલાક ઉપાયો પણ પ્રભુએ દોસ્તારની પાસે વર્ણવી દીધા. કેમકે તે પોતે સ્વીકારે છે:

**સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ।**
**યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્॥**

હું દરેકમાંટે સમાન છું, મારામાંટે કોઈ શત્રુ કે કોઈ મિત્ર નથી, દરેક મારામાંટે સમાન છે. છતાં પણ જે મારી ભકિત કરે છે **"યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્."** એટલે જેઓ મારી ભક્તિ કરે છે તે મારામાં રહે છે, તેમ જ મારી ભક્તિ કરનારાઓમાં હું પણ રહું છું. એ જે એકબીજામાં રહેવાની પ્રક્રિયા છે તે ભક્તિના આધારે એક એવો જે વિલક્ષણ સંબંધ બંધાય છે તેને કારણે સંભવે છે. ભકિતના આધારે ભકત ભગવાન્‌માં રહે છે અને ભગવાન્ ભક્તમાં રહે છે.

આપણે ત્યાં જેમ આપણે એમ કહીએ છીએ કે દેહ છૂટ્યા પછી ભગવદીયો નિત્યલીલામાં જાય છે. નિત્યલીલામાં જાય એનો અત્યારે તો અર્થ બહુ ભયંકર થઈ ગયો છે. એ અર્થમાં હું નિત્યલીલાની વાત નથી કરતો પણ શ્રીહરિરાયજીએ નિત્યલીલાનું જે ધોળ લખ્યું છે કે **"પ્રાત સમે ઉઠી વ્રજબાલા ગાવત મંગલ ગીત રસાલા"** એ નિત્યલીલાની વાત કરી રહ્યો છું. પેલી નિત્યલીલાની નહિ કે પૂ.પા.માહારાજશ્રીનાં નિ.લી.માં પહોંચી જવાની શોકસભાની જે જાહેરાત છાપામાં આપવામાં આવે છે. ધારોકે કોઈ નિત્યલીલામાં પ્રવિષ્ટ થાય અને એ નિત્યલીલામાં પ્રવિષ્ટ થતાં નિત્યલીલામાં પણ ત્યાં ભગવાન્‌ની સેવા થતાં તે દર્શન કરે તો કોઈકને એમ સહજ ઈચ્છા થઈ જાય કે આ તો અમે ભૂતળ ઉપર કરીને જ આવ્યા. હવે ઉપર વળી પાછી આની આ જ રામાયણ કેમ શરૂ થઈ



ગઈ? આ સેવા તો કરી જ હતી. તો આપણને નિત્યલીલામાં વિમાસણ થાય—બધાને સેવા કરતા જોઈને કે આ બધું ફરી પાછું કેમ! કેટલાક લોકો, મેં વાંચ્યું છે તેઓના ગ્રંથમાં, આપણા પુષ્ટિમાર્ગમાંટે આવી ટકોર કરતા હોય છે કે "જે લોકો એમ કહે છે કે નિત્યલીલામાં પણ ભગવાન્‌ની સેવા કરવાની હોય છે તે લોકોને મોક્ષનું સ્વરૂપ જ સમજાતું નથી. તે સેવા તો અહીં કરવાની હોય છે; ત્યાં જઈને તો પરમાત્મામાં ભળી જવાનું હોય છે". હું પૂછવા માગું છું કે અહીં ક્યાં આપણે પરમાત્માની બહાર છીએ કે પરમાત્મામાં ભળેલા નથી? કોણ એમ કહી શકે કે આપણે પરમાત્મામાં નથી? જો આપણે પરમાત્મામાં ન હોઈએ તો પરમાત્મા વ્યાપક નથી અને જો પરમાત્મા ઘટઘટમાં વ્યાપક હોય તો આજની તારીખમાં પણ આપણે પરમાત્મામાં જ છીએ. હવે જો મુક્ત થયા પછી પરમાત્મામાં ભળી જવાનુ હોય તો ફરીથી વાત ત્યાંની ત્યાં જ રહી કે નહિ? આપણે સહુ પરમાત્મામાં ઉત્પન્ન થયા છીએ, પરમાત્મામાં સ્થિત છીએ, પરમાત્મામાં જ લીન થવાના છીએ. ત્યાં પણ એક જ પ્રકાર છે. તો નિત્યલીલામાં પણ ભગવત્સેવાની બાબતમાં આમ જ કેમ ન સંતોષ માની લેવો? અહીંયાં ભૂતલમાં પણ નિત્ય સેવા કરતા હોઈએ છીએ અને ત્યાં નિત્યલીલામાં પણ નિત્ય સેવા કરતા રહીશું. તેમાં શું ફરક પડી ગયો?

આપણા સિધ્ધાંત પ્રમાણે એક વાત સમજો. જેવી રીતે આપણે ભગવાન્‌ની સૃષ્ટિલીલામાં નિત્ય પ્રકટ થતાં રહીએ છીએ તેમ આપણી ભીતર પણ નિત્યલીલા થઇ શકે છે. હવે આપણી ભીતર જો નિત્યલીલા પ્રગટ નથી થતી તે તો ઠીક પણ આપણી બહાર પણ નિત્યલીલા પ્રકટ ક્યાં અનુભવાય છે? આપણને બધું ક્ષણભંગુર દેખાય છે. આપણને અનાદિનિત્ય પરમાત્મા નથી દેખાતો. ક્યાં છે પરમાત્મા? દેખાય છે? ઝાડ દેખાય છે, પત્થર દેખાય છે, પહાડ દેખાય છે, ઢોર દેખાય છે, નદી દેખાય છે, માણસ દેખાય

છે. પરમાત્મા દેખાય છે ક્યાંય? બહાર પણ પરમાત્મા નથી દેખાતો. તે નથી દેખાતો શામાંટે? કેમકે મૂલમાં તો આપણા પોતાની ભીતર આપણને પરમાત્મા દેખાતો નથી. જો ભીતર આપણને એક વખત પરમાત્મા દેખાય તો બહાર પણ તે દેખાશે. પછી તમને એમ નહિ લાગે કે આ ઢોર છે. ઢોર છે તે પણ પરમાત્મા છે. ઝાડ, નદી પહાડ કે જે કાંઈ છે તે પરમાત્મા છે. તો એ નિત્યલીલા આપણાં હૃદયમાં એક વખતે પ્રકટ થાય તો આપણે પણ નિત્યલીલામાં પ્રકટ થતા જ રહીએ. હૃદયમાં જ્યારે નિત્યલીલા પ્રકટ ન થતી હોય તો તેને ગાવો-ગણગણાવો. હરિરાયજીએ નિત્યલીલા લખી તેનું મુખ્ય પ્રયોજન એ કે આપણે એને વાગોળીએ, ગાઈએ, પાઠ કરીએ કીર્તન કરીએ અને કીર્તન કરીકરીને નિત્યલીલા આપણા હૃદયમાં પ્રગટ થાય તો આપણા હૃદયમાં આપણને એ વસ્તુ સમજાય. પછી આપણા હૃદયમાં રહેલ તે નિત્યલીલા સંબંધી ભાવ આપણી આંખને એવા ઈશારા કરશે કે જે કાંઈ દેખાઈ રહ્યું છે તે નિત્યલીલા જ છે. જે કાંઈ કાનથી સંભળાઈ રહ્યું છે તે પણ નિત્યલીલા છે, લે સાંભળ! જે કાંઈ અનુભવાઈ રહ્યું છે તે પણ નિત્યલીલા છે. હૃદયમાં એક નિત્યલીલા, ભક્તિરૂપી નિત્યલીલા પ્રકટ થઈ જાય તો આપણને પુરુષોત્તમની અનુભૂતિ થાય. તો આપણને ગીતાનો એક જે મુખ્ય સંદેશ છે તે સમજાય.

## ભગવદ્ગીતા એટલે વિવિધ યોગોનો યોગ કે ઉપદેશ :

ગીતામાં પુરુષોત્તમયોગ છે તે એક યોગ છે અને એવું નહિ સમજી લેતા કે ગીતામાં ફક્ત એક પુરુષોત્તમયોગ જ છે. ગીતામાં એવા અઢાર યોગ છે. ગીતામાં તો અર્જુને કરેલ વિષાદ પણ એક યોગ છે. ગીતાના અઢારે અઢાર અધ્યાયોમાં એક-એક યોગ જ વર્ણવાયેલ છે. 'યોગ' એટલે જોડાવવું. જોડાવવું એટલે જીવાત્માને પરમાત્માને જોડનારી કોઈ વસ્તુ કે સાધન કે કોઈ પ્રસંગ કે કોઈ ઉપાય. હવે જુઓ કે અર્જુને તો વિષાદ કર્યો તે વિષાદની પણ



કોઈ એવી ગરિમા હતી કે તે એના કારણે શ્રીકૃષ્ણ સાથે જોડાઈ ગયો. આપણે, પરન્તુ, હસતા મોઢે પણ પરમાત્માની સાથે જોડાઈ નથી શકતા. શ્રીકૃષ્ણ એ પરમાનંદરૂપ પરમાત્મા છે. એની હસતા મોઢે સેવાભક્તિ કરતા આપણે એની સાથે જોડાઈ જતા નથી. એને ભજતાં ભજતાં એની સાથે જોડાતા નથી. ઘણી વખતે આપણે સેવા કરતા હોઈએ ત્યારે એવું બની જાય છે. હું તો મારી રામાયણ કહું, તમારી રામાયણ તમારો રામ જાણે. આ હું મારી રામાયણ કહું છું કે ભગવત્સેવા આપણે કરતા હોઈએ ત્યારે પણ આપણે બીજે ક્યાંક જોડાયેલા હોઈએ છીએ, પરમાત્માથી જોડાયેલા નથી હોતા એ વખત પૂરતા પણ. એનું મૂળ કારણ શું કે હજુ આપણી ભીતર એવો યોગ સિદ્ધ નથી થયો. એ યોગ થઈ જાય એ પુરુષોત્તમયોગ! એક વખત તે પુરુષોત્તમ આપણને સ્પર્શ કરે, પુરુષોત્તમ આપણા હૃદય સાથે જોડાય તો આપણી ભીતર બીજભાવરૂપે સુષુપ્ત ભક્તિયોગ જાગ્રત થઈ જાય. તેવા ભક્તિયોગને કારણે પછી નિત્યલીલા પણ આપણી ભીતર પ્રકટ થઈ શકે છે.

કોઈકને આપણે લખીએ છીએ કે પૂ.શ્રી.શ્રી. નિત્યલીલાસ્થ થઈ ગયા. તો શું ભૂતલપર નિત્યલીલા નથી? પણ મૂળ કારણ કે નિત્યલીલા આપણને અનુભવાતી કે સંભળાતી નથી. લીલા તો નિત્ય જ છે. કણકણમાં નિત્યલીલા પ્રકટ થઈ રહી છે પણ આપણે એને અનુભવી નથી શકતા. એનું કારણ કે આપણી ભીતર નિત્યલીલા પ્રકટ નથી થઈ, આપણું પુરુષોત્તમ સાથે જોડાણ નથી થયું. અર્જુનને વિષાદ એવો હતો કે તે ભગવાન્ સાથે જોડાઈ ગયો. જે જોડાઈ જવાના કારણે ગીતા પ્રકટ થઈ ગઈ. અને આપણી સેવાભક્તિ પણ હજી એવી નથી થઈ કે આપણે પ્રભુ સાથે જોડાઈ જઈએ. આપણે ભેટ-સામગ્રીના પૈસા જમા કરાવનાર એક મનોરથી સાથે જોડાઈ જતા હોઈએ છીએ, પ્રભુ સાથે નથી જોડાતા એ વાત સમજો. ગીતાના પુરુષોત્તમયોગને સમજીશું તો કદાચ બીજા કોઈ જોડાય

કે ન જોડાય પણ આપણી બુધ્ધિ જો પુરુષોત્તમથી જોડાય તો એટલા અંશમાં તો આપણે પુરુષોત્તમ સાથે જોડાયેલા રહીશું. એવા પ્રયોજનથી આપણે પુરુષોત્તમયોગનું અવગાહન કરીશું.



## ॥ પુરુષોત્તમયોગનો વૈચારિક સન્દર્ભ ॥

### અનેકવિધ શાસ્ત્રોમાં ગીતાનું અનેરું સ્થાન :

ઉપનિષદોનું પ્રાચીન નામ 'રહસ્ય' પણ છે. જ્યાં-જ્યાં સ્મૃતિઓમાં વેદોના અધ્યયનની બાબતનું વિધાન આવે છે ત્યાં સ્પષ્ટ રીતે એ કહેવામાં આવે છે કે વેદનું અધ્યયન વેદના અંગો અને રહસ્યોના અધ્યયન સાથે કરવું જોઇએ. તેવી જ રીતે **"પુરાણં હૃદયં સ્મૃતમ્"** પણ આપણી પ્રાચીન ધારણા કે પરંપરા હતી. શ્રુતિ, સ્મૃતિ, સૂત્ર, પુરાણ, તે પૈકી જોકે ઉપનિષદો શ્રુતિની કોટિમાં આવતાં હોય છે. ઈતિહાસ અને પુરાણ ને પોતે વેદ જ **"પંચમો વેદાનાં વેદઃ"** પાંચમા વેદ તરીકે વર્ણવે છે. ઈતિહાસ એટલે મહાભારત અને તેમાંનો એક ભાગ તે આ ભગવદ્ગીતા છે. વેદોનું રહસ્ય તે ઉપનિષદો. કેટલાક વિદ્વાનોની ધારણા મુજબ ઉપનિષદોમાં ઉપાસનાની એકંદરે બત્રીસ વિદ્યાઓ વર્ણવવામાં આવી હતી. તે ૩૨ વિદ્યાઓનું નિરૂપણ કરનારા ઉપનિષદો પોતે વેદનું રહસ્ય છે અને તે રહસ્યોનો નિચોડ, **"સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનંદનઃ"** એટલે ગોપાલનંદન ભગવાને બધા ઉપનિષદોનો નિચોડ = વેદોના રહસ્યોનો નિચોડ પોતાના સખા એવા અર્જુનને જે સમજાવ્યો તે કૃષ્ણાર્જુનસંવાદનાં અર્થમાં આ ભગવદ્ગીતોપનિષદ્ છે.

### રહસ્ય અધિકાર્યેકગમ્ય પણ શાસ્ત્ર સર્વસાધરણને સુલભ હોઈ શકે :

મંગલાચરણમાં આપણે જોઇ ગયા કે **"પાર્થો વત્સઃ સુધીર્ભોક્તા દુગ્ધં ગીતામૃતં મહત્"** એટલે ગાયના થનમાં જે દૂધ આવે છે તે તેના વાછરડામાટે જ આવતું હોય છે બીજા કોઇમાટે નહિ. આપણી પ્રાચીન પરંપરા પરન્તુ એવી હતી કે વાછરડાના મુખમાંથી

દૂધ ઝૂંટવીને કોઈ દિવસે આપણે ગાયનું દૂધ કાઢવું નહિ. એ તો ગૌવંશની એક જાતની હિંસા જ છે. પણ ગાયનું વાછરડું દૂધ પી લે તે પછીથી જે દૂધ બચ્યું તે આપણામાટે પણ કાઢી શકાય. કેમકે **"ગાવો વિશ્વસ્ય માતરઃ"** ગાય, જેવી રીતે, એના વાછરડાની માતા છે તેવી રીતે આપણામાટે પણ માતા જેવી જ છે. તો ગાયનું વાછરડું જ્યારે ગાયનું ધાવણ ધાવે છે ત્યારે તો એ દૂધ ઉપનિષદ્રૂપ હોય છે. કેમકે તેઓ બન્નેની વચ્ચે ત્યારે કોઈ હોતું નથી પણ પછીથી જ્યારે આપણને તે દૂધ મળે છે તેમાં તો ઘણીબધી પ્રક્રિયાઓ એમાં સંપન્ન થઈ જતી હોય છે. એટલે ગોવાળિયો દૂધ કાઢે, કોઈકને વેચે તે આપણને વેચે, આપણા ઘરમાં કોઈક તે દૂધને ગરમ કરીને આપણને પીવા આપે, આપણે પાત્રમાં લઈએ; અન્તે પીએ તે રીતે. આ તબક્કા ઉપર દૂધ ઉપનિષદ્રૂપ નથી રહી જતું, તે શાસ્ત્ર બની જાય છે. તેમ જ અહીં કહે છે કે **"પાર્થો વત્સઃ + સુધીઃ ભોક્તા"** પાર્થમાટે, એક સખાએ પોતાના સખાનામાટે, જે રહસ્ય કાનમાં, આપસી ચર્ચામાં કહી દીધું, તે જગત્માટે શાસ્ત્ર થઈ ગયું! પણ તે શાસ્ત્ર એ દુગ્ધામૃતનો, દુગ્ધરૂપ ગીતામૃતનો ભોક્તા કોણ છે એ મંગલાચરણમાં સુંદર કહ્યું છે- 'સુધીઃ'. જે સુધી, જેની 'ધી'=બુધ્ધિ 'સુષ્ઠુ'=સારી હોય તે જ એનો ભોક્તા બની શકે. દરેક તેના ભોક્તા બની શકતા નથી.

## ગીતોપદેશ મેળવવાનો સાચો અધિકારી કોણ ?:

તેથી જ ભગવાન્ પણ ગીતોપદેશના ઉપસંહારમાં કહે છે કે —

**ઇદં તે નાતપસ્કાય નાભક્તાય કદાચન।**
**ન ચાશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યોઽભ્યસૂયતિ॥**

આ જે મેં તને ઉપનિષદોનું રહસ્ય કહ્યું તે જે તપસ્વી



ન હોય, જે ભક્ત ન હોય, જેને સાંભળવાની ઇચ્છા ન હોય અથવા તો જે મારી સાથે = પરમાત્મા સાથે અભ્યસૂયા કરતો હોય તેને પણ ક્યારેય જણાવવું નહિ.

ગીતા સાંભળે, રોજેરોજ પાઠ પણ કરે પરન્તુ એના વાસ્તવિક અભિપ્રાયને વિચારવા કે અમલમાં મૂકવાના તપથી જે છટકવા માગતો હોય તેને ગીતા ન સંભળાવવી. જેના હૃદયમાં ભગવદ્ભક્તિ જ ન હોય તેને પણ નહિ. જેને સાંભળવાની ઇચ્છા જ ન હોય તેને પરાણે ગીતાના સ્વાધ્યાય કરાવવાના ન હોય. આ તો બધું ઠીક પરન્તુ પરમાત્મા સાથે અભ્યસૂયા કરનાર કોણ હોઈ શકે? પરમાત્માની સાથે પણ ક્યારેક સાધકને અભ્યસૂયા થઈ જતી હોય છે! આ વાતને પુરુષોત્તમયોગનાં સન્દર્ભ તરીકે સમજી લેવી ખૂબ-ખૂબ અપરિહાર્ય છે.

## ગીતોપદેષ્ટા ભગવાન્ સાથે પણ અસૂયા કરનાર સાધકો કે ઉપદેશકો હોઈ શકે!:

બહુ મજેદાર એક ઘટના છે. પંદર-વીસ વર્ષ પહેલાની આ વાત છે. આજકાલ ટી.વી.નું ઘણું પ્રચલન ચાલ્યું છે. તેમાં જેમ "હાય હાય હાય" સંગીત ચાલતું રહે છે તેમ ચાર ગાનારાઓએ તે જમાનામાં બહુ તહેલકો મચાવી દીધો હતો. તેઓ એટલા બધા પ્રસિધ્ધ થયા, એટલી બધી બહોળી ખ્યાતિ મેળવી; અને જેની ખ્યાતિ થાય તેમને દિલોજાનથી ચાહનારાઓ પણ પેદા થઈ જ જાય. અમુક ચાહનારાઓ મનપસંદ સંગીતકારના ફકત સંગીતને માણવામાં વિરમી જતા નથી. તેઓ પોતાનાં મનપસંદ ગાયકોની, સંગીતની જ ફકત નહિ પણ, વેશભૂષા ચાલવા બોલવા ની ઢબનું પણ અનુકરણ કરવા મંડે છે. "લાંબા સાથે ટૂંકો જાય મરે નહિ તો માંદો થાય" એમ નથી કહેવાતું? તો તેવા અમેરિકાના એક ભાઈએ, એ બિટલના ગ્રુપમાંથી ચાર ગાનાર પૈકી એક ગાનારનું અનુકરણ

શરૂ કર્યું. એટલે એના જેવા કપડાં પહેરે, એવા વાળ રાખે, એવી રીતે બોલે, ચાલે, ગાયન ગાય, ગિટાર વગાડે! આટલો બધો પુરુષાર્થ કર્યો તો પણ બિટલની જેવી ખ્યાતિ, સિદ્ધિ કે ઉપલબ્ધિ તેને પ્રાપ્ત થઈ નહિ. એક દિવસ એને વિચાર આવ્યો કે આટલો બધો પુરુષાર્થ કર્યો તો પણ સિદ્ધિ કેમ હાંસલ થતી નથી. તેથી નિરાશાના ચક્કરમાં એને આત્મહત્યાના વિચારો આવા લાગ્યા. એટલે એક દિવસે એના મનપસંદ ગાયકને જઈને એણે બંદૂકની ગોળીથી ઠાર મારી નાખ્યો! મનોવૈજ્ઞાનિકોએ આનું મનોવિશ્લેષણ કરીને હેતુ શોધી કાઢ્યો કે તે ચાહકને પ્રસિદ્ધ ગાયકની સાથે એટલો બધો સોહંભાવ કેળવાઈ ગયો હતો કે એને આત્મહત્યા અને પરવધ વચ્ચેના ભેદનું ભાન જ ન રહ્યું! તેથી પોતાને મારવાને ઠેકાણે એને ગાયકને શૂટ કરી દીધો! કેમકે એને ભેદ જ નહોતો લાગતો કે એ અને હું જુદા છીએ. એ ખરેખર પોતાની જાત સાથે અભ્યસૂયા કરી રહ્યો હતો પણ મારતી વખતે એને એવો અભેદભાવ સ્ફુરિત થઈ ગયો કે પોતાને ગોળી નહિ મારીને બિટલ ગાયકને ઢિસૂમ-ઢિસૂમ કરી નાખ્યો! તેમજ પોતાના સંસારને ખતમ કરવા અસમર્થ સાધકો પરમાત્માના સાકારરૂપને ખતમ કરવાનો ઉપદેશ આપવા મંડે છે!

તેથી જ ભગવાન્ જણાવે છે કે **"ઇદં તે નાતપસ્કાય નાભક્તાય કદાચન ન ચાશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યોઽભ્યસૂયતિ"** મારી જે સિધ્ધિઓ છે તે તો સહજસિધ્ધિઓ છે. મારી સિદ્ધિઓ મેં ક્યાંક જઈને કોઈના અનુકરણ કે સાધના દ્વારા મેળવેલી સિધ્ધિઓ નથી, બધી સ્વાભાવિકી સિધ્ધિઓ છે. શ્વેતાશ્વતરોપનિષદ્માં બ્રહ્મની શક્તિઓનું વર્ણન બહુ સુંદર કરવામાં આવ્યું છે કે **"પરાઽસ્ય શક્તિર્વિવિધૈવ શ્રૂયતે સ્વાભાવિકી જ્ઞાન-બલ-ક્રિયા ચ"** પરમાત્મામાં જ્ઞાન, બલ, ક્રિયાની બધી શક્તિઓ સ્વભાવસિદ્ધ જ હોય છે. આપણામાં પણ એ શક્તિઓ કેળવી શકાય છે. એ શક્તિઓને આપણે મેળવી પણ શકીએ છીએ. આપણી કેળવેલી કે મેળવેલી શક્તિ, પરન્તુ, ક્યારે



આપણને દગો આપી દે તે કહી શકાતું નથી. જ્યારે પરમાત્મામાં તે શક્તિઓ સહજસિધ્ધ, સ્વાભાવિક સર્વદા સંનદ્ધ રહેતી હોય છે.

ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય વગેરે જે સિધ્ધિઓ છે – આ તો ગણવામાટે છ ગણીએ છીએ હકીકતમાં તો ભગવાન્માં આવી અનંતકોટિ શક્તિઓ કે સિધ્ધિઓ છે – તે બધી પાછી સ્વાભાવિક જ હોય છે. આપણે બહુ પુરુષાર્થ કરીએ તો કોઈ એકાદ સિધ્ધિ કેળવાય અને કેળવેલી સિધ્ધિ પણ કોઈ વખતે કામ લાગે અને કોઈ વખતે ન પણ લાગે. કહેવાય છે ને કે **"કાબે અર્જુન લૂંટિયો વહી ધનુષ વેહી બાણ"**. તેથી સિધ્ધિઓ કેળવાતી નથી કે મળતી નથી એવું નથી; જે માણસ પુરુષાર્થ કરે છે એ કાંઈક ને કાંઈક સિધ્ધિ કેળવી કે મેળવી શકશે. તમે જાણતા જ હશો કે ઘણા બધા પહેલવાનો બહુ પુરુષાર્થ કરીને પોતાની બહુ જ જબરદસ્ત, પડછંદ કાયા બનાવી લેતા હોય છે. ઘડપણમાં, પરન્તુ, એટલી બધી તકલીફ તેઓને આને કારણે થઈ જતી હોય છે કે જેટલી આપણને નથી થતી. આપણે સ્વસ્થતાથી મરીએ છીએ અને એ લોકોએ કસરત કરી-કરીને મસલ્સવાલું બનાવેલું શરીર છેવટે દુઃખાવો આપવા મંડે. એમનાં પડછંદ શરીર કે કાયા ને કારણે જ આવી તકલીફ પેદા થતી હોય છે. કેમકે એ કેળવેલી કે મેળવેલી શક્તિ હોય છે. કોઈક વખત એ કામ લાગી જાય છે અને કોઈ વખત દગો આપી જતી હોય છે. પણ સ્વાભાવિકી શક્તિઓ ક્યારેય દગો આપતી નથી હોતી. કેમકે તેઓ સ્વાભાવિક હોય છે અને સ્વભાવાનુપાતી હોય છે.

તો પરમાત્મામાં આ બધી જ શક્તિઓ સ્વાભાવિક શક્તિઓ છે. આપણે કેળવેલી કે મેળવેલી શક્તિઓ કોઈક અંશમાં સફળ થતી હોય છે અને ક્યારેક વિફલ પણ. વિફલતા આપણી ભીતર નિરાશા પેદા કરતા-કરતા ક્યારેક આત્મઘાત કરવાની ઇચ્છા સુધી

પહોંચી જતી હોય છે. ત્યારે પોતાને કે નિજાત્માને તો મારી નાખવાની હિંમત પડે નહિ એટલે કેટલાક સાધક પરમાત્માને મારી નાખવા તૈયાર થઇ જતા હોય છે! તે કેવી રીતે? એટલે પરમાત્મા બીજું કાંઇ નથી હું જ પરમાત્મા છું. હવે તું જ પોતે ભગવાન્ હોય તો પોતાને નિર્ગુણ-નિરાકાર-નિર્ધર્મક માનીને પોતાની જાતને જ કેમ ખતમ કરતો નથી? પરમાત્માને નિર્ગુણ-નિરાકાર-નિર્ધર્મક માનીને ખતમ કરવા કેમ મીટ માંડીને બેસી જાય છે? આનું નામ પુરુષોત્તમાભ્યસૂયા!

**પુરુષોત્તમ સાથે અભ્યસૂયા ન હોય તો જ કોઇ સાધના સફળ થાય!:**

એવી અનેક સાધનાઓ તે-તે અધ્યાત્મશાસ્ત્રોમાં વર્ણવવામાં આવી છે. જેમકે પોતે બુધ્ધ ભગવાને જ એ જ સાધના વર્ણવી હતી કે કોઇ દિવસે તમારે એમ નહિ કહેવું કે 'હું છું'. જેમ આપણે બ્રહ્મસંબંધમાં ભગવાન્‌ની સામે 'દાસોહં' (હું તારો દાસ છું) એવી ભાવના કરીએ છીએ, જેમ જ્ઞાનમાર્ગમાં 'સોહમ્' (તે બ્રહ્મ હું છું) ની ભાવના કરવામાં આવતી હોય છે; તેમ જ બુધ્ધ ભગવાન્ એવી આજ્ઞા કરે છે 'નાહમ્' (હું પોતે નથી) એવી ભાવના કરો. તો એ પણ નૈરાત્મ્યવાદી એટલે પોતાનાં=આત્માનાં ન હોવાની ભાવના કરવાની એક સાધના જ છે. આવી નૈરાત્મ્યવાદની સાધનાની માફક આત્મબ્રહ્મૈક્યવાદની પણ એક સાધના છે.

તેવી જ રીતે પુરુષોત્તમયોગ એ આત્મપરમાત્મ-તાદાત્મ્ય-વાદને અવલંબન કરનારી સાધના છે. એટલે કે "હું તારો અંશ છું, તું મારો અંશી છે; તેથી તું અને હું બન્ને એક જ છીએ". અતિ-અદ્વૈતના ઝોકમાં શ્રીકૃષ્ણનું પુરુષોત્તમત્વ ભૂલાઇ ન જાય તેની કાળજી લેવી પુરુષોત્તમયોગમાં અતિશય જરૂરી છે.

**જે કોઇ પણ સાધના નિષ્ઠાપૂર્વક થાય તે સાચી!:**

એવી તો ઘણી બધી જાતની સાધનાઓ વર્ણવવામાં આવી



છે. તેમાંથી કોઇ એક સાધનાને કોક સાધક પકડીને ચાલે તો તેમાં કોઇ જાતનો વાંધો નથી. એટલે જ વિચારકોએ પોતપોતાના વિચારો કે ભાવોને અનુરૂપ કોઇક સુવ્યવસ્થિત રીતે ચીંધેલા માર્ગ મુજબ માફક આવતી તે-તે સાધનાઓ વર્ણવી છે. તે તે-તે અધિકારીઓને અનુલક્ષીને છે. આમાં બધી જ સાધનાઓનો આપણે ખીચડો કરવા જઇએ તોય કશો જ દહાડો વળે નહિ. નાનપણમાં એક વખત મને થયું કે આટલા બધા અત્તરોની જુદી-જુદી સુગંધ છે તો આ બધી સુગંધોને ભેગી કરીએ તો કેવી સુગંધ આવે! તો મેં એક દિવસ એક બાટલીમાં બધાં અત્તરોને ભેગા કર્યા અને ભેળવી દીધા પછી સૂંઘીને જોયું તો બધા જ અત્તરોની સુગંધ ખતમ થઇ ગઇ હતી; અને કોઇ એક તીખી ગંધ ઉત્પન્ન થઇ ગઇ, જેમાં આનંદ આવે એવું કાંઇ રહ્યું જ નહિ. જે અલગ-અલગ અત્તરની અલગ-અલગ સુગંધ છે તેને માણતાં આવડવું જોઇએ. જેને જે સુગંધ ગમતી હોય તેણે તે સુગંધમાં તલ્લીન થઇ જવું જોઇએ. એ બધી વાતોમાં કોઇપણ કલહ કે ઊંચનીચનો પ્રશ્ન નથી.

એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **"સ્વાધિકારાનુસારેણ માર્ગસ્ત્રેધા ફલાય હિ"** પોતપોતાના અધિકાર મુજબ દરેક માર્ગ સફળ છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ત્રણેય સફળ છે. એમાં દરેક માર્ગનો ખીચડો કરવો જરૂરી નથી. દરેક માર્ગ સાંગોપાંગ છે. આ કોઇ ઊંટવૈદોએ કલ્પેલા માર્ગો નથી કે દરેક દવાઓની ભેળસેળ કરીને જ આપણે ખવડાવીએ તો જ રોગ મટે. આ શ્રુતિમાં પરમાત્માએ ચીંધેલા બધા માર્ગો છે. એ પરમાત્માએ ચીંધેલા બધા જ માર્ગો બહુ સાંગોપાંગ માર્ગો છે. અને પોતપોતાની રીતે દરેક માર્ગ અતિશય સક્ષમ અને જીવાત્માની બધી જ જાતની કાળજી લેવા સમર્થ પણ છે. એટલે જ ભગવાન્ આજ્ઞા કરે છે:

**યત્ સાંખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્ યોગૈરપિ ગમ્યતે।**

એકં સાંખ્યં ચ યોગં ચ યઃ પશ્યતિ સ પશ્યતિ॥

જે કર્મથી પ્રાપ્ત થાય છે તે જ્ઞાનથી પ્રાપ્ત થાય છે, જે જ્ઞાનથી પ્રાપ્ત થાય છે તે કર્મથી પ્રાપ્ત થાય છે. તમને જો કશુંક પ્રાપ્ત કરવાની જ ફકત ચિંતા હોય તો શું પ્રાપ્ત થશે તે ભૂલી જાવ. કારણકે પરિણામે બન્ને એક જ છે. પરમાત્મપ્રાપ્તિના સાધન તરીકે, પ્રાપ્તવ્યના સાધન તરીકે બધા જ માર્ગો એકસરખા છે. તમારો અધિકાર જુદો જુદો હોઇ શકે છે. તમે તમારા અધિકાર મુજબના માર્ગનું અનુસરણ કરશો તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે— **"સ્વાધિકારાનુસારેણ માર્ગસ્ત્રેધા ફલાય હિ".**

એટલે ગીતા આપણને આ વાતનું સ્પષ્ટ પ્રમાણ આપે છે કે **"યો-યો યાં-યાં તનું ભક્તઃ શ્રદ્ધયાર્ચિતુમિચ્છતિ, તસ્ય તસ્યાચલાં શ્રદ્ધાં તામેવ વિદધામ્યહમ્."** અર્થાત્ જે-જે ભક્ત જે-જે દેવરૂપને શ્રધ્ધાથી ભજે તે-તે દેવરૂપે, એ પરમાત્મા એ ભક્તની આરાધનાને સફળ કરે છે; વિફળ થવા દેતો નથી. **"લભતે ચ તતઃ કામાન્ મયૈવ વિહિતાન્ હિ તાન્"** તો પરમાત્મા જ વિવિધરૂપે દરેકેદરેક સાધનાઓનું ગમ્ય છે **"રુચીનાં વૈચિત્ર્યાદ્ ઋજુકુટિલનાનાપથજુષાં નૃણામેકો ગમ્યસ્ત્વમસિ પયસામર્ણવ ઇવ"** અર્થાત્ જેવી રીતે બધી નદીઓ કોઇક પૂર્વમાં, કોઇ પશ્ચિમમાં, કોઈ ઉત્તરમાં તો કોઇ દક્ષિણમાં જાય પણ સરવાળે બધી નદીઓ સાગરમાં જ ભળતી હોય છે; તેમ સરવાળે બધા સીધા આડા અવળા પણ માર્ગો અન્તે પરમાત્મા તરફ કોઇકને કોઇક દિશાથી લઇ જનારા હોય છે. આ માર્ગો સાંગોપાંગ છે અને તેથી પોતાના ગમતા માર્ગ શિવાય બીજા બધા માર્ગોમાં ત્રુટિ કે ન્યૂનતા હોવી જરૂરી નથી. તેથી માર્ગોમાં ભેળસેળ કરવી કમ્પલસરી (ફરજિયાત) નથી. કોઇકને, પરન્તુ, કોઇક જાતનો ખિચડો-ભેળસેળ જ ગમતો હોય તો તેનો પણ નિષેધ નથી. એ પણ કરી શકાય છે. એવું નથી કે આપણે જ્ઞાન-કર્મને કે કર્મ-ભક્તિને



કે જ્ઞાન-ભક્તિને પરસ્પર ભેળવી નથી શકતા. કોઇકને એ ફોર્મ્યુલા (પ્રકાર) ગમતો હોય કે મારે કેવળ કર્મમાર્ગથી નથી જવું પણ કર્મ જ્ઞાન અને ભક્તિ ત્રણેય માર્ગથી મારે પરમાત્માનું આરાધન કરવું છે. એવી રીત પણ સંભવી શકે છે. કોઇકને જ્ઞાન અને ભક્તિથી અથવા કોઇને જ્ઞાન અને કર્મથી સાધના કરવી હોય તો તે પણ સંભવી શકે છે.

જુદા-જુદા અધ્યાયો જુદા-જુદા માર્ગોના નિરૂપણમાટે છે. જેમ અવ્યક્તોપાસના અને વ્યક્તોપાસનાનો પ્રશ્ન આવ્યો તો ત્યાં પણ ગીતાકાર શ્રીકૃષ્ણે એ જ વાત સમજાવી છે કે જે અવ્યક્તોપાસક છે તેને પણ અંતે હું જ મળું છું અને જે વ્યક્તોપાસક છે તેને પણ અંતે હું જ મળું છું. એટલે કોઇ વ્યક્તોપાસક નરકમાં જશે એવો ગીતાનો કે શ્રીમહાપ્રભુજીનો અભિગમ નથી. વ્યક્તોપાસક કોઇક નીચલી કક્ષાનો ઉપાસક છે અને અવ્યક્તોપાસક કોઇક ઉપરી કક્ષાનો છે તેવો પણ ગીતોપદેશક ભગવાન્‌નો અભિગમ નથી. ભગવાન્ ગીતામાં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે જે મને ભજે છે તે મને વધારે ગમે છે. એમ કહીને ભગવાને તે ઠેકાણે વ્યક્તોપાસનાનો પક્ષ લીધો છે. ક્યાંક અવ્યક્તોપાસકનો પણ પક્ષ લીધો છે, જ્યાં ભગવાન્ કહે છે કે **"જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્ કુરુતેઽર્જુનઃ".** એમાંથી કયો માર્ગ આપણે સ્વીકારવો એ તો આપણા અધિકારવિવેકની વાત છે. અધિકારની જુદી-જુદી કક્ષાઓ છે એની સૌરભ પણ જુદી-જુદી હોય છે. એ સૌરભની વિવિધતાને વૈચારિક રીતે માણતા આવડવું જોઇએ. કેમકે અંતે એક પરમાત્મા અનેક થયો છે તો એની અનેકતાને અનુરૂપ અનેક માર્ગો પણ પ્રગટ થવા જ જોઇએ ને. તેથી તે અનેક માર્ગોથી પહોંચાતી મંઝીલોના પણ અનેક રૂપો પ્રગટ થયા છે અને તે-તે રૂપોમાં અંતે પરમાત્મા જ બધાને મળી રહ્યો છે. આ જે અભિગમ છે તે ગીતાશાસ્ત્રનો અભિગમ છે. તેથી કોઇપણ એક માર્ગ સાથે ગીતાને બાંધી લેવી જોઇએ નહિ.

**નિષ્ઠાહીન સાધક સાધનામાં તત્પર થવાને ઠેકાણે ચડસાચડસીમાં સંડોવાઇ જતો હોય છે:**

આપણને જે માર્ગ ગમતો હોય તે આપણામાટે સર્વોત્કૃષ્ટ છે. એક વાત પરન્તુ આ બાબતમાં સમજી રાખવી જોઇએ કે જે માર્ગ મારામાટે સર્વોત્કૃષ્ટ છે તે બધામાટે સર્વોત્કૃષ્ટ છે એવી ભ્રમણા કે ઘેલછા કોઇ દિવસ સેવવી નહિ.

રવિન્દ્રનાથ ટાગોરે એક બહુ સરસ કવિતા લખી છે ઢબુસિંગની. તેમાં ઢબુસિંગ અને ગબુસિંગ એવાં બે પાત્રો છે. ઢબુસિંગ રાજા હતો અને ગબુસિંગ એનો મંત્રી હતો. એક દિવસે એ બન્ને ફરવા નીકળ્યા. ત્યારે રાજાના પગમાં કાંટો વાગ્યો. એટલે રાજાએ કહ્યું કે મારા પગમાં કાંટો વાગ્યો એ કેમ સહન થાય, માટે આપણા આખા નગરમાં ચામડાં પાથરી દો. ત્યારે ગબુસિંગે કહ્યું કે "આટલું બધું ચામડું બગાડવું તેના કરતાં, મહારાજ! તમે તમારા પગમાં જ ચામડું બાંધી લ્યો તો કાંટો વાગતો બંધ થઇ જશે". એટલે તમારા જ પગમાં જુતા પહેરી લો. પણ આપણે જુતા પહેરવા નથી એટલે આપણે એમ કહીએ કે આખા ગામમાં ચામડું પાથરી દો. જે ગીતાનો ઉપદેશ આપણામાટે લાગુ થઇ રહ્યો છે તે આપણે અનુસરવો ન હોય પછી આપણે એમ કહીએ કે આખા ગામને ગીતા ભણાવો!

**અધધ,.ધ! જો વિશ્વ એક તો વિશ્વધર્મો એટલા બધા કેમ?:**

આજે પુષ્ટિમાર્ગની જે એક મોટી વિટંબણા થઇ છે. હજી આપણે આપણા માર્ગને સરખી રીતે અનુસરી શક્યા નથી ત્યાં તો કહેવા મંડ્યા છીએ કે "પુષ્ટિમાર્ગ વિશ્વધર્મ છે". અલ્યા તું પુષ્ટિમાર્ગને માનતો નથી, તારા ઘરના પુષ્ટિમાર્ગને અનુસરતા નથી, તારા ચેલાઓ પુષ્ટિમાર્ગને અનુસરતા નથી તેમાં પુષ્ટિમાર્ગને વિશ્વધર્મ



કહેવાનો સાહસ અકારણ કેમ કેળવાઇ ગયો! વિશ્વમાં જઇને કોઇને પૂછ્યું છે? "ગામમાં કોઇ જાણે નહિ ને હું વરની ફઇ!" પણ આવા ઢબુસિંગ-ગબુસિંગની જેવી આપણી ગતિ છે કે આપણે સમજીએ કે પુષ્ટિમાર્ગ એ વિશ્વધર્મ છે માટે તેને ચોમેર ફેલાવી દો. દુનિયાનો કોઇ માર્ગ, કોઇ સાધના કે ઉપદેશ એવો નથી કે જે બધાનેમાટે હોય. જે ઉપદેશ, જે માર્ગ, જે સાધના છે તે તત્-તત્ (તે-તે) અધિકારીઓમાટે છે. નહિ તો મહાપ્રભુજીએ પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ગ્રન્થ લખ્યો જ ન હોત જો બધા જીવો પુષ્ટિમાર્ગીય થઇ શકતા હોત તો. પણ શું છે કે આપણને આપણી સાધનામાં મન લાગતું ન હોય અને છોડી દેવામાં પોતાની નામોશી લાગતી હોય તો એનો સંતોષ એવી રીતે મેળવી લઇએ કે મારી સાધના સર્વોત્કૃષ્ટ છે. હું નથી કરી શકતો કે કરતો હોઉં તોય હું બીજાને તો પકડીને કહેવા મંડુ કે તમે કરો, તમે શામાટે નથી કરતા? અલ્યા ભાઇ! પણ પહેલાં તું તો કર! ના! હું પોતે તો કરી શકતો નથી કેમકે મારાથી થતી નથી. તેથી શું થયું? મારે ગામને શામાટે ન સમજાવવી?. આવી વિટંબણા આપણા પુષ્ટિમાર્ગમાં ઘુસી ગઇ છે! આપણે પુષ્ટિમાર્ગીય આંતરરાષ્ટ્રિય પરિષદ્‌ના અધિવેશનો ભરીએ. પણ અલ્યા પહેલાં તમે તો પુષ્ટિમાર્ગને માનો! જે મહાપ્રભુજીએ કહ્યું એ પહેલાં તમે તો ઘરમાં અનુસરો. તમારે અનુસરવું નહિ ને ગામને પુષ્ટિમાર્ગીય બનાવવું છે. આપણને એવો દંભ છે કે હું પુષ્ટિમાર્ગીય એટલે આખા ગામને પુષ્ટિમાર્ગીય બનાવી દઉં. ગામમાં કોઇને ફરતા જોઇએ તો આપણને ઈર્ષ્યા આવે કે આ કેમ પુષ્ટિમાર્ગી નથી થઇ જતો. અલ્યા ભાઇ! તું આટલી ઈર્ષ્યા કેમ કરે છે? તું પોતે કેમ પુષ્ટિમાર્ગીય થતો નથી? એમ આપણે પૂછીએ તો કહેશે કે મને તો ફુરસદ જ નથી; ધંધો કરવો છે, દુકાને જવું છે, વગેરે. લ્યો ત્યારે ગામને પુષ્ટિમાર્ગીય બનાવવાની ફુરસદ મળી કેમ જાય છે? પોતે બનવાની ફુરસદ મળતી નથી. તો આ તો ધર્મ નથી, વિટંબણા છે માણસના જીવનની. આવો દંભ ગધેડાને કે

ઘોડાને નથી હોતો કે હું ગધેડો કે ઘોડો એટલે આખી દુનિયાને ગધેડા કે ઘોડા બનાવી દઉં. પણ માણસોમાં ઘણાં બધામાં જ આવું કાંઇક ભૂત ભરાયેલું હોય છે.

આ આપણા પુષ્ટિમાર્ગમાં જ છે એવું નથી. મોટે ભાગે જે લોકો પોતાના ધર્મને નિષ્ઠાપૂર્વક અનુસરી શકતા નથી એ દરેક સંપ્રદાયોમાં આજે એ જ ચડસાચડસી પેદા થઇ ગઇ છે. પોતાનો સંપ્રદાય પોતે અનુસરવો નથી અને ગામનાં ચેલા મૂંડવા છે. મેં હમણાં જ એક બહુ સુંદર દોહો વાંચ્યો કે—

**નોટ બટોરે વોટકો ઔર વોટ બટોરે નોટ।**
**નોટ-વોટકે કાજમેં કબહુ પડે નહી ખોટ॥**

એટલે નોટથી વોટ મેળવો ને વોટથી નોટ મેળવો. આ રીતે એક વખત આપ-લે શરૂ થઇ પછી ક્યારેય આ ધંધામાં ખોટ પડે જ નહિ, ધંધો ચાલુ થયો કે જામી જાય. આ જેમ રાજનીતિમાં ચાલે છે તેમ ધર્મનીતિમાં પણ એમ જ ચાલી રહ્યું છે. પોતપોતાના ચેલા જ વધારવાનું જીવનમાં લક્ષ્ય હોય તો આ વાત સારી છે. એ લફરું માત્ર પુષ્ટિમાર્ગમાં જ નહિ; બધા જ હિંદુ, બૌદ્ધ, જૈન, ઈસાઇ, મુસલિમોમાં પેસી ગયો છે. એને ગુજરાતીમાં કાગારોળની વૃત્તિ કહે છે. એક કાંય-કાંય કરે પછી બધા કાંય-કાંય કરતા થઇ જાય. એમાનાં કોઇને પાછી ખબર પણ ના હોય કે આ કાંય-કાંય શરૂ શામાટે થઇ. મને ય એવી સિધ્ધિ છે કે હું કાંય-કાંય કરૂં તો બધા કાગડા ભેગા થઇ જાય!.

આ રીતે ધર્મ થતો નથી. ધર્મ એ તો **"સ્વાધિકારાનુસારેણ માર્ગસ્ત્રેધા ફલાય હિ, નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા"** હું ગીતા ઉપર પ્રવચન કરી રહ્યો છું એટલે તમારે એમ નહિ



સમજી લેવાનું કે શ્યામમનોહરજી ગીતા અનુસાર જ જીવન જીવતા હશે. પ્રવચન તો થાય. ચોપડી હાથમાં છે એટલે હું કહી રહ્યો છું. એમાં સાર નથી. સાર તો એમાં છે કે ગીતાનું એક વચન આપણા હૃદયમાં ભરાય અને એ મુજબ આપણે કાંઇક કરતા થઇએ. તો કહેવાય કે ગીતા આપણે વાંચી અને સાંભળી. નહિ તો આવે છે ને જાય છે. કાનમાં કોઇ બીજી વાત પડે તેના કરતાં ગીતાનો ધ્વનિ પડે; અને બીજું કાંઇક બોલીએ તેના કરતાં ગીતાને બોલીએ, એટલું સારું. જેમ કહેવત છે કે "ન મામા કરતાં કાણો મામો સારો" પણ એના કરતાંય બે આંખવાળો મામો જ સારો ને! પણ એ જો ના હોય તો પછી ગામને મામા બનાવો આવી રીતે.

તો એક ગીતા જે કૃષ્ણ અને અર્જુન વચ્ચે ઉપનિષદ્ હતી, તે આજે આપણામાટે શાસ્ત્ર થયું છે. એટલે એક જાતનું બંધારણ થયું છે. પણ એક વાત કાળજીથી સમજી લેવી કે આ બંધારણ વિશ્વનામાટે નથી. જે લોકોને ઉપનિષદ્ મુજબ પોતાની સાધના કરવી છે તેમનામાટે ગીતા છે. અથવા તો પ્રભુએ અમુક જાતનાં અધિકારનો વિચાર કરીને અમુક સ્વતંત્ર સાધનાઓ પણ જે વર્ણવી છે, તે સ્વતંત્ર સાધનાઓનો કે ઉપનિષદોના રહસ્યોનો ઊંડો વિચાર કરીને જે પ્રભુએ અહીંયા સૌથી પહેલી વખત કોઇક સાધના પ્રગટ કરી છે, તેવી ઘણી બધી સાધનાઓ પૈકી કોઇ એક સાધનામાં સંનિષ્ઠ થવા માગનારને ગીતા પોતાનો ઉપદેશ અધિકારી તરીકે સ્વીકારશે.

મેં કાલે જેમ તમને કહ્યું કે અઢાર અધ્યાયમાં ઓછામાં ઓછા અઢાર યોગ તો છે જ; અને તેમાં પણ એક-એક અધ્યાયમાં બીજા બે-બે ચાર-ચાર યોગ જો તમારે જોવા હોય તો આપણે જોઇ શકીએ છીએ. એટલે ગીતા કોઇ ઊંટવૈદની દુકાન નથી જેમાં કોઇ એક જ દવા હોય જેનાથી બધા જ રોગ મટી જતા હોય.

ગીતા એ ઔષધિઓનો ભંડાર છે. ઘણા બધા રોગોની ઔષધિઓ આમાં છે. તમારે નિશ્ચય કરવાનો છે કે તમે ક્યા પ્રકારના દર્દી છો. એ મુજબ ઔષધિ લેવાની છે. એ રીતે ગીતાને સમજવાની છે.

સંસ્કૃતમાં એક મજાકનો શ્લોક છે કે—

**યસ્ય કસ્ય તરોર્મૂલં યેન કેન પ્રપેષયેત્।**
**યસ્મૈ કસ્મૈ પ્રદાતવ્યં યદ્વા યદ્વા ભવિષ્યતિ!!**

ગામમાં બહુ લોકો માંદા છે. એક સાધુ આવ્યા એમને ગામના લોકોએ કહ્યું કે અમને કોઈક ઔષધિ આપો. તો એ સાધુ ઘણા ચતુર હતા. એમણે ગામના લોકોને કહ્યું કે ઔષધિ તો છે પણ જંગલમાં છે. એવી કે એનાથી બધા જ રોગ મટી જાય. ગામના લોકોએ કહ્યું કે અમને આવી ઔષધિ બતાવો. ત્યારે એમણે કહ્યું કે જંગલમાં જઈને કોઈ પણ જડીબુટ્ટી લઈ તેને પાણી કે દૂધ કોઈની સાથે બરાબર વાટીને ઘોળીને બધા રોગીઓને આપવા મંડો! બધા રોગ મટી જશે! આનાથી ૫૦% લોકો મરી જશે અને ૫૦% લોકો સારા થઈ જશે. જે મરી જશે તે તો તમને ગાળો આપે નહિ અને જે બચી જશે તે તમારી વાહ-વાહ વખાણ કરશે. તમે તમારે બધાને દીધે રાખજો, આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય પરિષદ્‌ની માફક આંતરરાષ્ટ્રીય લેવલ (સ્તર) ઊપર દીધે રાખજો. મરનારો મરશે ને જીવનારો જીવશે. ખરેખર બહુ ગંભીર પધ્ધતિ છે. સફળ થાય તેના પચાસ ટકા ચાન્સીસ છે, બાકીના પચાસ ટકા વિફલ થાય; પણ અહીંયા ફાયદો સો ટકા શરૂ થઈ જાય!

<u>ધર્મોપદેશકોમાં પણ દૈવી માનુષી કે આસુરી વૃત્તિ કામ કરતી હોય છે</u>:

એ એક પધ્ધતિ છે. ધર્મનું એ પેલું સ્વરૂપ જે મેં તમને



કાલે બતાવ્યું હતું કે "**ત્રયાહ વૈ પ્રાજાપત્યાઃ**" પ્રજાપતિના ત્રણ પુત્રો દેવ અસુર અને મનુષ્ય પૈકી દેવ જ્યારે બ્રહ્માજી પાસે ગયા ત્યારે દેવને તેમણે કહ્યું તમે સમર્થ છો, ક્રીડા વિજિગીષા વ્યવહાર દ્યુતિ સ્તુતિ મોદ મદ સ્વપ્ન કાન્તિ અને ગતિ એવી શક્તિઓ તમારામાં છે અને તેને કારણે તમે ક્રીડારત થઈ શકો છો. વિજયની મહેચ્છા તમારામાં છે. કૃતકર્મોના ફળપ્રદાન કરવાના વ્યવહારને કૃતજ્ઞતાપૂર્વક કેમ નભાવવું તે જાણો છો. તમો તેજસ્વી છો. સ્તુત્ય છો. આનંદી સ્વભાવવાળા છો. સ્વાભિમાની છો. સ્વપ્નશીલ એટલે કે ભૂતકાળમાં જ પુરાઈ રહેનારા નથી. કાંતિ એટલે કે મનોહારી સ્વરૂપથી સંપન્ન છો. પ્રમાદી પણ નથી પરન્તુ સર્વદા પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા ગતિશીલ રહેનારા છો. આવા બધા સારામાં સારા ગુણધર્મો તમારામાં છે. એ બધા ગુણધર્મોને જ્યારે અમલમાં લાવો ત્યારે માત્ર થોડું દમન કરો. એટલે રમો, કોઈ વાંધો નથી; પણ ઈન્દ્રિયદમન સાથે રમો. જો તમે રમણ કરવામાં સમર્થ હો તો ઈન્દ્રિયોનું દમન કર્યા વિના રમણ નહિ કરતા. કેમકે ઈન્દ્રિયના દમન વિના જ્યારે આપણે રમણ કરીએ ત્યારે રમણમાં કાંઈકને કાંઈક લફરૂં થઈ જતું હોય છે.

હિન્દુસ્તાન અને પાકિસ્તાન ક્રિકેટ રમે એ શુધ્ધ રમણ છે. એમાં કોઈ ઝઘડાની વાત જ ન હોવી જોઈએ. પરન્તુ પાકીસ્તાની ટીમ જીતે તો મુસ્લિમોને એમ લાગે છે કે અલ્લાહ જીત્યો અને હિન્દુસ્તાની ટીમ હારે તો આપણને એમ લાગે છે કે રામ હાર્યો. અલ્યા ક્રિકેટમાં એમ ન હોય. મને એમ લાગે છે કે આપણે અલ્લાહ અને રામને ક્રિકેટ જોવા બોલાવીએ તો એ પણ કોઈની હાર-જીતના નહિ; પરન્તુ, જે સારૂં રમ્યા હશે એના જ ફટાકડા ફોડશે. કેમકે દેવો તો રમતના ફટાકડા ફોડે, હારજીતના ફટાકડા ન ફોડે. ઈન્દ્રિયદમન ન હોવાને લીધે રમણના નહિ પણ હારજીતના ફટાકડા આપણે ફોડતા હોઈએ છીએ. એટલે જ દેવો સમર્થ હોય

છે તેથી એમને રમણ વખતે ઇન્દ્રિયદમનનો બ્રહ્માજીએ ઉપદેશ આપ્યો.

જે અસુર હોય તેમને કહ્યું કે પ્રાણપોષણ કરો પણ નિર્દય થઈને નહિ. દયાપૂર્વક પ્રાણપોષણ કરો.

મનુષ્યમાટે ઉપદેશ કર્યો કે દરેક માણસે દાન કરવું જોઇએ. અને દાન કરીને આપણે કોઇના ઉપર ઉપકાર કરી રહ્યા છીએ એમ ન સમજી લેવું. દાનને લાગતી આપણી પ્રાચીન પ્રણાલીનો તમને ખ્યાલ હોવો જ જોઇએ. આજે તો અમો બ્રાહ્મણોની એવી દુર્ગતિ થઇ ગયી કે અમે લોકો દાન માગતા થઇ ગયા. પણ માગે તેને 'દાન' જ ન કહેવાય એ તો 'ભિક્ષા' કહેવાય. દાન અને ભિક્ષામાં ઘણો તફાવત છે. માગે તે તો ભિક્ષા તે દાન નથી. વિના માગે મળે તેનું નામ દાન. તેને આપણે દાનની ગરિમાથી જોવું જોઇએ. દાનના નામે ભીખ માગવી એ આપણી આસુરીવૃત્તિના પ્રાબલ્યને કારણે થાય છે. એક વાત એમાં સમજવાની છે. પ્રાચીનકાલમાં જેને દાન આપવાનું હોય તેને આમંત્રણ આપવામાં આવતું હતું કે અમારે દાન આપવાનુ છે. એના મનામણાં કરવા પડતા કે અમે દાન આપવા માગીએ છીએ એને કોઇક રીતે સ્વીકારો. અને એ દાન લેતો એની ઉપરથી દક્ષિણા આપવામાં આવતી. એટલે જે લોકો દાન આપતા એમને એમ લાગતું કે દાન લેનાર દાન લઇને અમારા ઉપર ઉપકાર કરી રહ્યા છે. લોકો દાન લેવામાટે આટલા અચકાતા હતા, શરમાતા હતા કે મફતમાં શામાટે દાન લેવું જોઇએ. આજે તો બ્રાહ્મણોને એમ લાગે કે અમે બ્રાહ્મણ છીએ તો અમને દાન આપો; લાવ, લાવ, લાવ. આ આસુરીવૃત્તિ વધી ગઇ એનું પરિણામ છે. સંસ્કૃતમાં એક કહેવત છે કે **"સાક્ષરાઃ વિપરીતાઃ ચેત્ રાક્ષસાઃ એવ"** અર્થાત્ 'સાક્ષરા'નું ઊલટું 'રાક્ષસા' થાય છે. એમ બ્રાહ્મણ મહારાજો ઉલટ થઇ ને લડુ પૂરી મોહનથાળ મઠડી વેચીને ઉપરથી ભીખ માગનારા ભીતરિયાઓ બની ગયા.



આવું ઉલટું-પુલટું થવાને કારણે બ્રાહ્મણ જે સાક્ષર હતો તે આજે રાક્ષસ થઇ ગયો એટલે એ હવે ચરણભેટ પધરામણીભેટ ગુરુભેટ ઠાકોરજીની સંમુખભેટ સામગ્રીભેટ વિ.ને સમર્પણ માની બેઠો છે. દાન-સમર્પણ એ તો ઘણી ઊંચી વસ્તુ છે. એટલે જ આપણે ત્યાં કહેવાય છે કે **"કનકસ્નાન શતમણ સુવર્ણે કરાવ્યું મહિપાલ, તે મૂકી વેગે ચાલિયા રાય દ્રષ્ટિ પાછી ન વાળ"** શ્રીમહાપ્રભુજીએ રાજા પાસે કનકાભિષેક કરાવવા સમાધાની ન્હોતો મોકલાવ્યો. અને જે સુવર્ણ મહોરો ભેટ આવી તેમને જોવાની પણ દરકાર ન્હોતી રાખી. અરે આ દાનની ગરિમા હતી. એમ ન હતી કે સમાધાનીને ઘરે મોકલીને કહીએ કે તારો બાપ વૈષ્ણવ હતો; તું નથી તો શું થઇ ગયું, કાંઇક તો આપ. આપણે એને દાન સમજીએ છીએ. આ તો ભિક્ષા થઇ ગઇ. એને આપણે ગુરુભેટ સમજીએ છીએ. આ ગુરુભેટ નથી, ભિખારીએ માગેલી ભીખ છે. માગવાની બ્રાહ્મણને સખત મનાઈ છે. શાસ્ત્ર કહે છે કે **"જો ગૃહસ્થ બ્રાહ્મણ માગે તો તે ચોર છે. ત્રણ દિવસ એ ભૂખ્યા હોય અને પ્રાણ કંઠે આવી જાય ત્યારે તેને માગવાની છૂટ છે. નહિ તો એ બ્રાહ્મણ નથી, ચોર છે. સંગ્રહખોર બ્રાહ્મણને ચોરને છાજે તેવો દંડ મળવો જોઇએ"**. શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે **"જે બ્રાહ્મણ વિદ્યોપદેશ અને કર્મોપદેશ ન કરતો હોય અને મફતના પૈસા માગતો હોય, તે જે ગામમાં માગતો હોય અને ગામમાંથી તેને પૈસા મળી રહેતા હોય તો તે ગામને પણ દંડ આપો. ચોરોને પ્રશ્રય આપવાના અપરાધને કારણે."** તો એ બ્રાહ્મણને પછી દંડ આપવો જોઇએ પહેલાં આખા ગામને દંડ આપવો જોઇએ. શાસ્ત્રે તો ત્યાં સુધીની છૂટ આપી છે. બ્રાહ્મણને દાન લેવાની છૂટ ત્યારે જ આપે છે કે જ્યારે ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અથવા સામાન્ય માણસોને તેઓનું કર્મ શું છે તે સમજાવતો હોય. શાસ્ત્રના સિધ્ધાંતો વિદ્યોપદેશથી સમજાવતો હોય. એમ કર્મોપદેશ અને વિદ્યોપદેશ કરતો હોય ત્યારે તે દાન લેવાનો અધિકારી છે. તેના વિના જે બ્રાહ્મણ માગે તો

જેમ સુકી લાકડી બળીને ભસ્મ થઇ જાય છે તેમ તે બ્રાહ્મણ ભસ્મ થઇ જવાનો છે એમ શાસ્ત્ર ચોખવટ કરે છે. શારીરિક રીતે કદાચ તે ભસ્મ નહિ થાય. કદાચ માગીમાગીને મોટો પાડો પણ થઇ જાય કેમકે—

**અજગર કરે ન ચાકરી પંછી કરે ન કામ।**
**દાસ મલુકા' કહ ગયે સબકે દાતા રામ॥**

શારીરિક રીતે કદાચ તે મોટો થઇ જશે પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તે ભસ્મસાત્ થઇ જશે. એની બ્રાહ્મણ તરીકેની બધી શક્તિઓ ક્ષીણ થઇ જાય છે, અને એ ક્ષીણ થઇ ગયા પછી તે કોઇ કામનો રહી જતો નથી. એટલે જ તમે જોઇ શકો છો કે બ્રાહ્મણ બાબતમાં આજે લોકોની શ્રધ્ધા ખંડિત થઇ છે. બ્રાહ્મણની બાબતમાં લોકોની જે શ્રધ્ધા હતી તે હવે નથી. હવે બ્રાહ્મણ હોવાની લાયકાત નહિ તો ગુરુ કેવી રીતે થાય? અને જો ગુરુ હોવાની લાયકાત ન હોય તો પુરુષોત્તમ કેમ માની શકાય? એટલે આવી બધી લીલાઓ પુરુષોત્તમની નહિ પણ પૂરુંસોતમની જ લીલા સમજી લેવી. પુરુષોત્તમયોગની સાચી સમજ કેળવવી હોય તો આવી ભ્રમણાઓ ભાંગી નાખવી જ તેની યોગ્ય ભૂમિકા લેખાય. ખેર.



## ॥ પુરુષોત્તમ અને પુરુષો નો સંબંધ ॥

<u>ષડ્વિધા શરણાગતિથી ષડ્વિધ સંબંધ</u> :

આ પુરુષોત્તમયોગના અવગાહનના પ્રારંભમાં જ વર્ણવેલું તે મુજબ પુરુષરૂપ જીવાત્માઓના પુરુષોત્તમ સાથે **"ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્ પુરુષઃ પરઃ"** આમ છ જાતના સંબંધોમાં બંધાયેલા છે. આ દેહમાં જેમ પુરુષ=જીવાત્મા વસે છે તેમજ પુરુષોત્તમ પણ નીચે જણાવેલ રૂપે વસે છે:—

**(૧)ઉપદ્રષ્ટા (૨)અનુમન્તા**
**(૩)ભર્તા (૪)ભોક્તા**
**(૫)મહેશ્વર (૬)પરમાત્મા**

કોઇ પણ સંબંધ ક્યારેય એકલવાયો હોતો નથી. જેમ પતિ હોય ને પત્ની હોય તો જ પતિ-પત્નીનો સંબંધ હોય. ગુરૂ હોય અને શિષ્ય હોય તો ગુરૂ-શિષ્યનો સંબંધ હોય. સંબંધ હંમેશાં બેમાં હોય છે. તેવી જ રીતે જે ભગવાન્ પુરુષોત્તમના આ જે છ સંબંધો વર્ણવ્યા છે તેમાં શાસ્ત્ર ચોખ્ખું કહે છે કે તેમાં તમારી તે પરપુરુષ પ્રત્યે ષડ્વિધા શરણાગતિ હશે તો તે તમને અનુભવાશે. તે ષડ્વિધા શરણાગતિ એટલે:

**અનુકૂલસ્ય સંકલ્પઃ પ્રતિકૂલવિસર્જનમ્।**
**રક્ષિષ્યતીતિ વિશ્વાસો ભોક્તૃત્વે વરણં તથા।**
**આત્મનૈવેદ્ય-કાર્પણ્યે ષડ્વિધાઃ શરણાગતિઃ॥**

આમ ભગવાન્ પાસે તમારે છ રીતે શરણાગત થવું જોઈએ.

એમાંથી જે-જે રીતે તમે શરણાગત થાઓ છો તે તે રીતે તમારો ભગવાન્ પુરુષોત્તમ સાથે સંબંધ તમને અનુભવાય છે, બંધાઈ જાય છે. જે રીતે તમે ભગવાન્ પુરુષોત્તમ સામે શરણાગત થઈ શકતા નથી તે રીતે તમારો તેની સાથે સંબંધ અનુભવાતો કે બંધાતો નથી. એ વાત આપણે દ્રઢતર રીતે સમજવી જોઈએ. કેમકે સંબંધ કોઈ દિવસ એકલવાયો હોતો નથી. આગ અહીંયા લાગે તો ત્યાં પણ લાગવી જોઈએ. કહેવાય છે કે **"ઈશ્ક વો લો હૈ ગાલિબ જો લગાયે ન લગે ઔર બુઝાયે ન બુઝે"** અને જો એક ઠેકાણે લાગે અને એક ઠેકાણે ન લાગે તો એ ઈશ્ક નથી પરન્તુ કોઈ ફિતૂર છે. ઈશ્ક સાચો ત્યારે જ કહેવાય કે જ્યારે બન્ને હૃદયમાં આગ સરખી લાગેલી હોય. જો એકલવાયું ક્યાંક બળતું હોય તો તેને 'મજનુ' કહેવાય, 'આશિક' ન કહેવાય. તો ઈશ્ક કે સ્નેહની જે પીડા છે, તે બન્ને તરફ હોવી જોઈએ.

**<u>જે આપણો ઉપદ્રષ્ટા છે તેને અનુકૂલ થવાનો સંકલ્પ આપણે કરવો જોઈએ</u> :**

આ તરફ જીવાત્મા જ્યારે છ રીતે ભગવાન્ પુરુષોત્તમની સામે શરણાગત થાય છે ત્યારે તે તરફ ભગવાન્ પુરુષોત્તમ આપણી સાથે છ રીતે બંધાયેલો અનુભવાય છે. પંદરમા અધ્યાયમાં પણ બે-ત્રણ ઠેકાણે આ પ્રસંગ આવે છે, મૂળ વાત તો સમજવાની એ કે ઉપદ્રષ્ટા એટલે ભગવાન્ પુરુષોત્તમ તમારી સાથે સાક્ષીભાવથી બિરાજેલ છે. આગળ એનું વિવેચન કરી દીધું કે એ તમારી સામે સાક્ષીભાવથી બેસે છે, તમને ડીસ્ટર્બ કરતો નથી. તમને જે કરવું હોય તે કરવા દે છે, એ ખાલી તમને સાક્ષીભાવથી જોતો રહે છે. એ ઉપદ્રષ્ટા સાથેનો સંબંધ બંધાયેલો સંબંધ નથી પણ વગર બંધાયેલો છે. કારણકે આ સંબંધમાટે ભગવાન્ પુરુષોત્તમ પણ લાચાર છે. અને આપણે કાંઈ પણ કરીએ પણ ભગવાન્ પુરુષોત્તમ સાથેના એ સંબંધને આપણે તોડી શકતા જ નથી. એનું કારણ છે; કેમકે



ભગવાન્ પુરુષોત્તમ સર્વજ્ઞ છે, સર્વવ્યાપી છે, સર્વોપાદાન છે, સર્વત્ર ઘટ-ઘટમાં વ્યાપી રહેલો છે. અને જેમ હવા કે આકાશ જડ હોઈને ઘટ-ઘટમાં વ્યાપી રહેલાં છે. આકાશ=અવકાશ કે વાયુ જેમ જડ હોઈને વ્યાપી રહેલા છે તેમ ભગવાન્ પુરુષોત્તમ જડ હોઈને નથી વ્યાપી રહ્યો પણ ભગવાન્ પુરુષોત્તમ પોતાની સર્વજ્ઞતા સાથે ઘટ-ઘટમાં વ્યાપી રહેલો છે. એટલે એ પણ લાચાર છે અને આપણે પણ લાચાર છીએ. એટલે જે કાંઈ પણ કરીશું તેની એને ખબર તો પડવાની જ છે. એને ખબર પડે છે કે નથી પડતી તેની આપણને ખબર પડતી હોય કે ન પડતી હોય પણ એને ચોક્કસ બધી ખબર પડે છે કે તમે શું કરો છો. એનાથી તમે કશુંય છુપાવી શકતા નથી. એટલે એ ભગવાન્ પુરુષોત્તમનો ઉપદ્રષ્ટા હોવાનો સંબંધ ભગવાન્ પુરુષોત્તમનો દૈવી જીવ સાથે પણ છે, માનવી જીવ સાથે પણ છે અને આસુરી જીવ સાથે પણ છે. દરેકનો એ ઉપદ્રષ્ટા છે. એ દરેકના શરીરમાં, દરેકેદરેક ક્રિયાકલાપમાં; પછી ભલે તે દૈવી જીવ હોય કે માનુષી હોય, એ દરેક જગ્યાએ ઉપદ્રષ્ટા હોઈ વ્યાપી રહેલો છે છે ને છે જ. દરેક જગ્યાએ એ આપણને જોઈ રહ્યો છે.

ભગવાન્ ગીતામાં કહે છે **"સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ? ઇન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ તયોર્ન વશમાગચ્છેત્ તૌ હ્યસ્ય પરિપન્થિનૌ"** જ્ઞાની માણસ પણ ઇન્દ્રિયોની આસુરી શક્તિ સામે અંજાઈ જતો હોય છે. તે ઇન્દ્રિયોને જે ગમે તે જ ગમે. તેઓને વિષયોના ઉપભોગથી નિવારી શકવું જેમ મુશ્કેલ છે તેમ ન ગમતા વિષયોમાં વાળી શકવું પણ કાંઈક તો અઘરૂં ખરૂં જ. તે છતાંય ગીતાકાર એક રહસ્ય આપણને સમજાવે છે :

**ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઇતિ ધારયન્।**

**બ્રહ્મણ્યાધાય કર્માણિ સંગં ત્યક્ત્વા કરોતિ યઃ ।**
**લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવાંભસા ॥**

ઈન્દ્રિયો પોતાનો આસુરી હઠાગ્રહ તો નહિ છોડે પણ તેમને તેઓના સ્વભાવના ભાગ્ય ઉપર છોડીને માણસ જો પોતાનું કર્મ જો કોઈક બ્રાહ્મિક પ્રયોજન રાખીને કરતો થાય, વિષયાસક્તિનાં અતિરેકમાં પોતાને સંડોવ્યા વિના તો વિષયોપભોગનાં કાદવામાં પણ કમળની માફક નિષ્પાપ જીવન જીવી શકાય છે. ભગવદ્ગીતાનાં આ જ ઉપદેશોને અનુસરવા આપણે ત્યાં નિરોધલક્ષણ અને સિદ્ધાન્તરહસ્ય માં ઈન્દ્રિયોને ભગવત્સંબંધી કે ભગવત્સમર્પિત રૂપ રસ ગન્ધ સ્પર્શ શબ્દ અને ક્રિયાઓ તરફ વાળવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે: **"બ્રહ્મસંબંધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ સર્વદોષનિવૃત્તિર્હિ... અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેદ્"** જ્ઞાનેન્દ્રિયોને ભગવત્સંબંધી કે ભગવત્સમર્પિત વિષયોના ઉપભોગમાં પ્રવૃત્ત કરવાથી, તેમજ કર્મેન્દ્રિયોને ભગવદર્થ કરવામાં આવતી ક્રિયાઓમાં વાળવાથી ઉપર જણાવેલ બ્રાહ્મિક પ્રયોજન સિદ્ધ થતાં અનેરી નિષ્પાપતાનો લાભ મળે છે.

આપણાં સંપ્રદાયમાં આજે જે પોતાનાં ઘરે પોતાના તનુ-વિત્ત-પરિવારજનોને ઠેકાણે જાહેર હવેલીઓમાં ધંધાકીય ધોરણે ચાલતાં ભગવત્સમર્પણનાં ભવાડામાં ભક્તિભાવો વધવાને ઠેકાણે ઈન્દ્રિયોની આસુરી શક્તિઓના ભાવો જ ફરીથી પ્રબળ થઈ ગયા છે. તે કથા જુદી છે.

**<u>જે આપણો અનુમન્તા છે તેના પ્રતિકૂલ થવાની વૃત્તિનો ત્યાગ આપણે કરવો જોઈએ :</u>**

એના પછી બીજો સંબંધ ભગવાન્ પુરુષોત્તમનો આપણે સમજીએ : એ અનુમંતા છે. અનુમંતા એટલે તમે જે કામ કરી રહ્યા છો એની તમને છૂટ આપનાર "કર બેટા! જે કામ કરવું હોય તે" તે



તમને છૂટ આપે છે. કોઈ જૂજ પ્રસંગો એવા હોય છે જેમાં ભગવાન્ પુરુષોત્તમ આપણને રોકતો હોય છે. જે આસુરીવૃત્તિ છે એ વૃત્તિ જ એવી છે કે ભગવાન્ પુરુષોત્તમ આપણને રોકતો હોય તોય આપણે ન રોકાઈએ.

શ્રી મહાપ્રભુજી કહે કે **"મેરો વ્હેકે દેવદ્રવ્ય ખાયેગો સો મહાપતિત વ્હે જાયેગો, મેરો નાહિ** કહાવેગો" તો આપણે કહીએ છીએ કે કોણે કહ્યું કે શ્રીકૃષ્ણ દેવ છે!? શ્રીકૃષ્ણ તો દેવ જ નથી, પછી એની સેવા સામગ્રી કે મનોરથ ના નામે ભેગું કરેલું દ્રવ્ય દેવદ્રવ્ય જ ન થાય! મેં એક ભાઈને પુછ્યું કે "ભાઈ! શ્રીમહાપ્રભુજી પોતે આજ્ઞા કરે છે કે "એકો દેવો દેવકીપુત્ર એવ", "વંદે શ્રીકૃષ્ણદેવમ્". તો એમણે કહ્યું કે શ્રીકૃષ્ણ દેવ થોડા છે, એ તો દેવાધિદેવ છે! દેવ ન હોય અને દેવાધિદેવ હોય તેથી દેવદ્રવ્ય ન થતું હોય તો એક વાત સમજી લેવી જોઈએ કે જો દેવનું દ્રવ્ય દેવદ્રવ્ય બનતું હોય તો દેવાધિદેવનું તો દેવાધિદેવદ્રવ્ય કેમ નહિ? અને તે દેવાધિદેવદ્રવ્યને ખાનારો દેવલકાધિદેવલક શામાટે નહિ? સાધારણ માણસ દેવલક હોય છે અને દેવાધિદેવનો દેવલકાધિદેવલક બની જતો હોય છે એ વાત ભૂલી જઈએ છીએ. પણ પેલો(દેવલક) સાંભળે જ નહિ. મહાપ્રભુજી કહે કે ગુંસાઈજી કહે તો પણ ન સાંભળે. સાક્ષાત્ ભગવાન્ જન્મે અને કહે કે "લે, હું તારી સામે આવીને કહું છું કે નહિ ખા, તો પણ એ એમ કહેશે— હમણાં ચુપ બેસો, ખાવાની મજા આવી રહી છે. મઠડી, પુરી, આહાહા... આનંદ-આનંદ; લાળ ટપકી જાય એવી બધી.

એટલે માણસ સાથે એક મોટી મોકાણ છે. આ મહાભારત ચાલી રહી છે હોં, આ (શરીરના) કુરુક્ષેત્રમાં. બીજા કુરુક્ષેત્રની વાત નથી. પેલા કુરુક્ષેત્રમાં તો મહાભારત પતી ગયું. કેમકે—

**યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ।**
**તત્ર શ્રીઃ વિજયો ભૂતિઃ ધ્રુવા નીતિ મર્તિમમ॥**

બધા કૌરવોય હણાઈ ગયા અને બધું પૂરું થઈ ગયું. અને તે મહાભારતમાં તો ઉપનિષદ્રૂપી ગીતા પણ ગવાઈ ગઈ તેથી પૂરી થઈ. પણ આ શાસ્ત્રરૂપી ગીતાનું શાસન આપણા ઉપર નથી ચાલતું એનું કારણ એ જ કે આ કુરુક્ષેત્રમાં આપણી જે આસુરીવૃત્તિઓ છે તેને ભગવાન્ પુરુષોત્તમ કહે છે કે મારે શું; કરે રાખ તું તારે. અનુમંતા છે. તારે જે કરવું હોય તે કર. તારા મનોરથોને એ હાંકતો પણ નથી કે ક્યાંક અવળે માર્ગે ન જવાય તેવા હેતુથી તને ટોકતો પણ નથી; ઘણું જૂજ, કોઈકને જ ટોકતો હોય છે. એટલે જ શાસ્ત્રમાં બહુ સુંદર કહ્યું છે:

**શાસ્ત્રાણિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વૈ નરાઃ।**
**મનાંસિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વાનરાઃ॥**

અર્થાત્ શાસ્ત્ર તમને ક્યાં લઈ જવા માંગતુ હોય, જેમ શાસ્ત્ર કહેતું હોય કે દેવદ્રવ્ય ન ખાવું અને આપણને એમ સમજમાં પણ આવતું હોય કે શાસ્ત્ર ના પાડી રહ્યું છે; પણ, ભૂખે મરતા હોઈએ તો ચાલો ખાવો! પણ ઘરમાં જમવામાટે ભંડાર ભરેલો છે, તો ય જાણી જોઈને દેવદ્રવ્ય ખાવું! તો એ શાસ્ત્રના ઉલ્લંઘનનો અપરાધ છે. તેમાં પછા એવા ખોટા-ખોટા બહાના કાઢવાના કે શ્રીકૃષ્ણ એ દેવ જ નથી; તો આ તો 'વાનરરાયની વૃત્તિ' કહેવાય, એ માણસવૃત્તિ ન કહેવાય. કેમકે નરે એ દિશામાં જ જવું જોઈએ જે શાસ્ત્ર બતાવે છે. અને જઈ ન શકતો હોય તો પોતે ક્રમસે ક્રમ પ્રયત્ન તો કરવો જ જોઈએ. હું તો કહું છું કે પ્રયાસ પણ ન કરે પણ અન્તે પ્રયત્નનો સંકલ્પ તો કરશો કે નહિ? સત્સંકલ્પ, સાચો મનોરથ મનમાં કરો, પછી તમારું મન તમને વાનરની માફક



નહિ લઈ જાય. પછી તો તમારી ભીતર બેઠેલો જે અનુમંતા છે તે તમને કહેશે કે "આ તારાથી થાય અને આ ન થાય".

પુરુષોત્તમ આ રીતે પણ તમારી ભીતર બેઠો છે. તે ભીતર બેસીને આપણા મનને શુભ પ્રેરણા આપે છે. એ સંબંધ આપણે પુરુષોત્તમ સાથે ત્યારે બાંધી શકીએ જ્યારે આપણું મન આપણે તેને સોંપી દઈએ. હવે આપણે એમ વિચારીએ કે મન ભગવાન્ પુરુષોત્તમને સોંપી દઈએ પછી મઠડીનો વેપાર નહિ ચાલે! તો ભગવાન્ પુરુષોત્તમ કહેશે કે "તું તારે મઠડીનો વેપાર કરે રાખ, મારું એમાં શું જાય છે? જે જાય છે તે તારૂં જાય છે". એ તો અનુમંતાનો સંબંધ પુરુષોત્તમની સાથે બાંધવાની પહેલી શરત એ છે કે આપણે આપણું મન તેને સોંપી દઈએ. આપણું મન આપણે આજીવિકાને આપીશું તો ભગવાન્ પુરુષોત્તમ 'તથાસ્તુ!' કહેશે. કારણકે એ તો અનુમંતા છે. એનું કશુંય બગડતું નથી. અને જો તમે તમારું મન પુરુષોત્તમને આપશો, કે ના, આ મન મારું ઘર ભરવામાટે નથી; હે ભગવાન્! એમાં તું ભરાઈ જાય એનામાટે મેં મન રાખ્યું છે. એમ ભક્તોએ કહ્યું છે "**મનમોહનમેં મન બસે તબ મનમેં મનમોહન**" અર્થાત્ મારું મન મેં મનમોહનમાં મૂક્યું છે તેથી મનમોહન મારા મનમાં મૂકાઈ ગયો છે. એક વખત આવી રીતે મનને મનમોહનમાં તો મૂકો! ત્યારે મનમોહન તમારા મનમાં પધારશે. પછી તમારું મન તમને ભગવાન્ આવા ભવાડા કરવાની અનુમતિ નહિ આપે; પેલો ભીતર બિરાજેલો મનમોહન તમને આવી ખોટી પ્રેરણા ક્યારેય નહિ આપે. તે વખતે પુરુષોત્તમ તમારો અનુમંતા થઈ જશે. એમ તો અત્યારે પણ તે તમારો અનુમંતા છે; પણ જે વાનર હોય તેનામાટે ભગવાન્ કહે છે કે મારું એક રૂપ છે તે મન પણ છે અને બીજું મારૂં એક રૂપ મનમોહન પણ છે. એમ ભગવાન્ પુરુષોત્તમના બે રૂપ છે. એ બન્ને રૂપો પૈકી તેને જે રૂપે કામ કરવું હોય તેવા રૂપે અનુમતિ આપે છે. અંતર, એમાં, એટલું

બધું પડી જાય કે એકને કારણે આપણે વાનર બની જતાં હોઇએ છીએ અને બીજાને કારણે એકમાં આપણે 'વૈ નરઃ' = નિશ્ચિતરૂપે નર બની જતાં હોઇએ છીએ. એનો મતલબ કે મન આપણે મનમોહનમાં મૂકવું જોઇએ તો મનમોહન આપણા મનમાં આવશે. મનમાં આવેલો મનમોહન જ્યારે આપણો અનુમંતા થશે ત્યારે આવા ઉટપટાંગ કાર્યો આપણને સૂઝશે નહિ. એવાં જ કાર્યો આપણને સૂઝશે કે જેની પ્રેરણા એ આપણને આપે છે. "શાસ્ત્રાણિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વૈ નરા:".

સામાન્ય રીતે આ શરીરમાં આપણાં આત્માને જે-જે ઉપકરણો પરમેશ્વરે આપ્યા છે, દા.ત., જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત. તે ઉપકરણોના આધારે જોશો તો તમને ખ્યાલ આવશે કે આંખને રૂપ જ જોઇએ છે, અસુરની માફક. આપણી ઇન્દ્રિયો આંખ, નાક, કાન, જીભ કે ત્વચા કોઇ જાતના સત્ કે અસત્ નો વિવેક કરવા તૈયાર થતા નથી. દેવદ્રવ્યનો કે નૈતિક દ્રવ્યનો અથવા સત્ કે અસત્નો, રાજસ કે તામસનો, એવો કોઇ પણ પ્રકારના વિવેક કરવાનું આંખને કહીએ તો એ આંખમાટે શક્ય નથી. જો આંખને વિવેક થાત તો દુનિયામાં બધા જ સંત હોત, જો જીભને વિવેક હોત તો બધા સંયમી થઇ જાત. પછી કોઇને બ્લડકોલેસ્ટૅરોલ વધે જ નહિ! ઢોકળાં આવે, ફાફડા આવે; જાવા દો ને, એક વખત ખાઇ મરો, પછી જે થવાનું હશે તે થશે. એટલે ઇન્દ્રિયોને આવો વિવેક હોતો જ નથી. તમે જોશો કે અસુરને જો ભૂખ લાગી હોય તો તમે જીવો કે મરો એની એને પરવા હોતી નથી. એને તો બસ જમવાનું જોઇએ. એ રીતે આપણા શરીરમાં ઇન્દ્રિયોનો વ્યવહાર અસુરના જેવો છે. જે જોઇએ તે જોઇએ જ. બીજો કોઇ વિકલ્પ ઇન્દ્રિય પાસે હોતો જ નથી.

પણ એ અસુર પછી મન આવે છે. મનને કશું જોઇતું



નથી. મનની આખી વૃત્તિને તમે ચકાસશો તો ખબર પડશે કે હકીકતમાં આંખને ગમતું રૂપ જોવાનું મળે તેનાથી મનને કશો લાભ થતો નથી. મનને કાંઇ રૂપ જોવા મળતું નથી પણ મનને દાન આપવાની વૃત્તિ છે. એટલે આંખને જે રૂપ ગમતું હોય તો મન જઇને કહે કે "લે લઇ લે રૂપનું દાન. જીભને મઠડી ગમતી હોય તો મન કહી દે કે "લે જીભડી! જમી લે મઠડી. જે થવાનું હશે તે થશે". એ મનુષ્યની માફક દાન આપતું રહે છે. એ 'દાનમ્' છે. પેલી જે અસુરો જેવી ઇન્દ્રિયો છે એમનામાટે ઉપદેશ હતો કે 'દયા કરો'. એટલે આંખ, જીભ એ અસુરની માફક ભૂખ્યા છે. જો એ સામાવાળાની પરવા કરતા હોત તો આખી દુનિયામાં ક્રિમીનલ (ગુના) થતા જ ન હોત. જે ક્રાઇમ આપણે કરીએ છીએ કે થાય છે એ આપણાં નિર્દય વિષયોપભોગની ઐન્દ્રિય વાસનાઓને કારણે જ. તેથી જ ભગવાન્ અહીંયા ગીતામાં કહે છે કે **"ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મન:"** અર્થાત્ ઇન્દ્રિયોનો આસુરાવેશ બહુ જબરદસ્ત છે કે જે વખતે એને જે વિષય જોઇએ તે જોઇએ જ. તેમાં તેઓને કોમ્પ્રોમાઇસ (બાંધછોડ) નથી ગમતી. એ વિષયદેશમાં આપણાં મનને ઘસડીને લઇ જાય. આવી આસુરીવૃત્તિ. સત્-અસત્નો કે યોગ્ય કે અયોગ્ય પ્રમાણનો કે નીતિયુક્ત કે અનીતિયુક્ત કામનો કે અધિકાર-અનધિકારનો વિવેક કરવાનું ઇન્દ્રિયોને આવડતું નથી. મનને કશો જ લાભ થતો નથી તો પણ મન બિચારું માણસ જેવુ ચંચલ છે. એ સમર્થ નથી. કોઇ વસ્તુના ઉપભોગમાટે સમર્થ નથી તોય ઇન્દ્રિયો પાછળ ઘસડાતું રહે છે. અસુર સમર્થ છે એટલે મનને ઘસડીને લઇ જાય. જેમ મેં બે-ત્રણ વખત ચા પીવાની છોડી દીધી કે ચાય ન પીવી જોઇએ. માથું દુઃખે પછી ક્યારેક પીવાઇ જાય ત્યારે પાછું કામકાજ ચાલુ થઇ જાય! એટલે આ ખાતું જ ખરાબ છે.

તો મન ચંચલ હોય છે; અને ચંચલ હોવાને કારણે ક્યારેય

એક વાતપર સ્થિર કાયમ રહી શકતું નથી. એટલે જ ગીતામાં કહે છે **"તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્"** વાયરાને જેમ કોઈ રોકવા માગીએ તોય રોકી શકાતું નથી. સૂપડામાંથી ઘઉં જમીન ઉપર પડી ગયા હોય તો વીણીને ડાબલામાં મૂકી શકાય પણ હવાને આપણે વીણીને ડાબલામાં મૂકી શકતા નથી. મનનું એવું વિચિત્ર કામકાજ છે. આવી કફોડી સ્થિતિ છે મનની કે એ વિખરાઈ ગયું તો તો વીણવું ય મુશ્કેલ છે અને ક્યાંય વાયરાની માફક વાતું હોય તો પકડવું પણ મુશ્કેલ. તે છતાંય મનની એક વાત ખાસ સમજવા જેવી છે કે મન રૂપને જોઈ નથી શક્તો પણ આંખોને રૂપદર્શન કરાવવાની મજા લેતો હોય છે. મન મઠડીનો સ્વાદ ચાખી શકતો નથી પણ જીભને મઠડીનો સ્વાદ ચખાડવાની મજા લેતો હોય છે. મન પોતે સારું ગીત સાંભળી શકતો નથી પણ કાનને સારું સંગીત સંભળાવવાની મજા લેતો હોય છે. તેને પોતાને કશોય લાભ થતો જ નથી છતાંય તે ઇન્દ્રિયોને વિષયોપભોગનું દાન કરતો જ રહે છે. અનુમંતા બનીને આપતો જ રહે. પેલા ગવર્નમેન્ટ ઓફિસરો કાંઈક પરવાનગી આપવામાટે કુર્સીપર ધામો નાખીને બેઠા હોય છે તેમને ઘુસ તો ખવડાવવી જ પડે! આ ઇન્દ્રિયોને, પરન્તુ, મનને કોઈ જાતની ઘુસ આપવી પડતી નથી.

મનરૂપે ભગવાન્ આપણા અનુમંતા બનીને આપણી પાસે વાનરવેડા કરાવતા હોય છે. મનનો, એ અર્થમાં, સ્વભાવ માણસ જેવો છે કે જેનામાટે કહેવામાં આવ્યું કે દાન આપતો રહે. એટલે એમાં તને લાભ નથી તો પણ તું કાંઈક આપતો જા. એ આપતાં તને જે કાંઈક મળે; પ્રત્યુપકારની ભાવનાથી નહિ પણ સહજ તને જે મળી જશે, એ મનને મળતા જે સુખદુઃખો છે તે પણ માનવીય સુખ-દુઃખ જેવા છે. 'મનુષ્ય' કહો કે 'મન' તે બન્ને શબ્દોમાં 'મનુ' એ એક જ ધાતુ=ક્રિયાપદ કામ કરી રહી છે.



તે મન જ્યારે આપણે પ્રભુને સમર્પિત કરીએ... મેં એક ઠેકાણે વાંચ્યું હતું કે કોઈક ભાઈ એક દિવસ મંદિરે દર્શન કરવા ગયા. ત્યાં એમણે પુછ્યું કે અહીંયા કોણ દેવ બિરાજે છે? તો કોઈએ વિગત આપી કે આ દેવ બિરાજે છે. પછી એમણે પુછ્યું કે મારી અમુક મનોકામનાઓ પૂરી થતી નથી તો તમારા આ દેવમાં એવું સામર્થ્ય ખરૂં કે મારી મનોકામનાઓ પૂરી કરે? કાંઈ ચમત્કાર છે? તમારી દેવમૂર્તિ જીવન્ત છે?

ત્યાં જે પૂજારી હતા તેમણે બહુ સુંદર જવાબ આપ્યો કે "અમારા મંદિરમાં બિરાજમાન મૂર્તિ જીવંતમૂર્તિ છે અને એ ચમત્કાર પણ દેખાડે છે; પરંતુ એ જુદી જાતનો ચમત્કાર દેખાડે છે. એ એવો ચમત્કાર નથી દેખાડતી કે તમારી મનોકામના એ પૂરી કરે પણ તમે એની મનોકામના પૂરી કરો એવો ચમત્કાર દેખાડે છે!"

તેથી કહ્યું **"શાસ્ત્રાણિ યત્ર ગચ્છન્તિ તત્ર ગચ્છન્તિ વૈ નરાઃ"** સાચા નરનું શૌર્ય આમાં રહેલું છે!

એ ખરેખર, જીવનમાં ઘણો મોટો ચમત્કાર છે. આપણી મનોકામના ભગવાન્ પુરુષોત્તમ પૂરી કરે એ તો ક્ષુદ્ર ચમત્કાર છે પરંતુ જીવનમાં જો કોઈ મોટો ચમત્કાર હોય તો તે એ કે ભગવાન્ પુરુષોત્તમની આપણામાટે જે કાંઈ મનોકામના હોય કે આપણે કેવા થઈએ; વૈનર(માનવ)રાય થઈએ કે વાનરરાય થઈએ. જો એની એવી અપેક્ષા હોય કે આપણે વૈનરરાય થઈએ તો આપણે એ ચમત્કાર કરી દેખાડવો જોઈએ. એ ચાહતો હોય કે આપણે માનવ થવું તો આપણું મન તેને આપવું જોઈએ કે "હવે મારી બાબતમાં તારી જે મનોકામના છે તે હું પૂરી કરીને દેખાડું". એ જ જીવનમાં સૌથી મોટો ચમત્કાર છે. ભગવાન્‌ના જે મનોરથો છે તે બહુ દિવ્ય મનોરથો છે. તમને ભક્તિના, જ્ઞાનના, કર્મના પથપર અગ્રસર

કરવાના મનોરથો છે. તમારા મનોરથો તો બહુ ક્ષુદ્ર મઠડી-મોહનથાળને ખાવા-વેચવાના કેવળ મનોરથો છે. એમનો મનોરથ તો છે તમે એના અંશ છો તેથી તમે એ દિવ્યતાસભર જીવન જીવો. મઠડી-મોહનથાળને વેંચવા કે તેના સ્વાદ મેળવવા શિવાય બીજી કાંઇ આકાંક્ષા જ આપણા હૃદયમાં હોતી નથી. મઠડીની મજા મેળવી લેવી એ કાંઇ બહુ મુશ્કેલી ભરેલી વાત નથી. તમે હોટલમાં પણ એ વસ્તુ સરળતાથી મેળવીને તમારા મનોરથનો નિવેડો લાવી શકો છો. કોઇ પણ ધંધા દ્વારા નાણા પણ ભેગા કરી શકો. ભગવાન્‌ની ભગતીના ભવાડા કરવા એ ક્ષુદ્ર હેતુઓના કારણે બહુ જરૂરી નથી. નિષ્કામ ભક્તિનો ચમત્કાર જો સિદ્ધ ન થતો હોય તો ઘર છોડીને વાનપ્રસ્થાશ્રમમાં જઇશું ત્યાં પણ એવા જ ભવાડા કરતા રહીશું. પરન્તુ ભગવાન્‌ના જે આપણી બાબતમાં મનોરથો છે કે આપણે કેવા થઇએ, તેને જો આપણે પૂરા ન કરી શકતા હોઇએ, તો બધા જ આશ્રમોમાં એ જ જંજાળ રહેવાની. તેથી ભાગવતમાં જે કહેવામાં તેના આધારે કહી શકાય કે ઘરમાં પણ જો ભગવત્સમર્પિત મન હશે તો ભગવત્કાર્ય કરશે; અને વનમાં પણ જો ભગવત્સમર્પિત મન નહીં હોય તો ગૃહસ્થના જ સાચા-ખોટા કામો કરશે. એ માનવજીવનની એક વિટંબણા છે.

એટલે આપણું મન, જે પ્રભુએ આપણને આપ્યું છે, તે એક વખત પાછું પ્રભુને સમર્પિત કરીએ; અને પ્રભુને કહીએ કે "પ્રભુ! તમે તમારું મન તમારા ભક્તોને આપ્યું છે એટલે હવે કદાચ તમારી પાસે મન ન રહ્યું હોય, તો તમે મારું મન વાપરો". પ્રભુ જો આપણું મન વાપરે અને વાપરીને પોતાના મનોરથ આપણને જણાવે કે તું આવી રીતે ભક્તિ કર **"યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્"** એનાથી મોટો તો કોઇ ચમત્કાર જીવનમાં ઘટિત થઇ શકતો જ નથી. આપણું મન જ્યારે આપણે પ્રભુને સમર્પિત કરીએ છીએ ત્યારે એ સમર્પિત મન પ્રભુને અનુમંતા બનાવે



છે અને અસમર્પિત મન હોય તો મનરૂપી પ્રભુ આપણા અનુમંતા થઇ જાય છે. એમ બન્ને માનસ અવસ્થાઓમાં એક મોટું અંતર રહેલું છે.

## જે આપણો ભર્તા છે તેના ઉપર પોતાના રક્ષક હોવાનો વિશ્વાસ રાખો :

અનુમંતા પછી ભર્તા. ભર્તા એટલે તમારું ભરણ કરતો હોય, તમારી જિમ્મેદારી લેતો હોય. સામાન્ય રીતે આ કુરૂક્ષેત્રમાં જિમ્મેદારી કોણ લેતો હોય છે તે તમે વિચારો. "મને ગુસ્સો આવી ગયો, મારાથી ન બોલવા જોઇએ તેવા શબ્દો બોલાઇ ગયા, મને માફ કરી દો" આવું ત્યારે જ કહી શકાય કે જ્યારે ભૂલથી કાંઇક થયું હોય. પણ જો કામ કોઇક બુધ્ધિપૂર્વક સભાનતાથી કરે તેનામાટે માફી ન માંગી શકાય. જો ખોટું કામ અબુધ્ધિપૂર્વક, અજ્ઞાનપૂર્વક, પ્રમાદથી, આગળ-પાછળના ભાન વિના થઇ જાય તેની માફી માગી શકાય. અને સાંભળનારમાં દયાલુતા હોય તો માફી પણ મળી જાય કે "માણસ માત્ર ભૂલને પાત્ર". તેથી જ કહેવત છે કે "જીભને હાડકું ક્યાં હોય છે!" હાડકું નથી એટલે કાંઇક બોલાઇ જવાય. પણ સભાનતાથી બુધ્ધિપૂર્વક કાંઇક બોલું અને પછી હું માફી માંગુ તો તમને એમ જ લાગે કે આ ડોળ કરે છે. એટલે આ આપણા શરીરમાંની જીમ્મેદારીને જો આપણા ભીતર રહેલી સભાનતાને આપણી બુધ્ધિને કારણે હોય છે. આપણાથી જો અબુધ્ધિપૂર્વક કોઇ કુકર્મ થાય તેના પ્રાયશ્ચિત પણ શાસ્ત્રોમાં જુદા હોય છે. શાસ્ત્રે પણ એની અલગ વ્યવસ્થા કરી છે અને કાનૂને પણ એની નોખી જોગવાઇ કરે છે. જેને 'કૉગ્નીઝેબલ ક્રાઇમ' અને 'નૉનકૉગ્નીઝેબલ ક્રાઇમ' કહેવામાં આવે છે. જો બુધ્ધિપૂર્વક, ગણત્રીથી કરેલું હોય તે વધારે સજાને પાત્ર બને છે અને જો પરિસ્થિતિને કારણે, અજાણતાથી, પ્રમાદથી, અજ્ઞાનતાથી થઇ જાય એની જવાબદારી એટલી બંધી નથી હોતી. એટલે આ શરીરમાં જો કોઇ જવાબદાર અંગ હોય

તો તે બુધ્ધિ છે. બુધ્ધિ એ આપણો ભર્તા છે.

હવે ફરીથી એ જ વાત આવી કે જો આપણે બુધ્ધિને ભર્તા માનીએ તો ભગવાન્ પુરુષોત્તમ કહે છે કે "લે ત્યારે, તું તારું સંભાળ. ભર્તા તું તારી બુધ્ધિને માનતો હોય તો હું તારું તારી બુદ્ધિથકી તારું ભરણ કરીશ". અને જો તું તારી બુધ્ધિ ભગવાન્‌ને સમર્પિત કરે તો સર્વબુદ્ધિપ્રેરક તે પરમેશ્વર તારો ભર્તા બની જશે. આપણે જેવી રીતે મન સમર્પિત કરીએ છીએ, તેવી રીતે જો બુધ્ધિ પણ ભગવાન્ પુરુષોત્તમને સમર્પિત કરીએ તો પછી ભગવાન્ પુરુષોત્તમ બુધ્ધિરૂપ નથી થતો; પરન્તુ, આપણી બુધ્ધિ ભગવદ્રૂપ થઇ જાતી હોય છે. કેમકે બુધ્ધિ ભગવાન્ પુરુષોત્તમમય થઇ જાય છે. શ્રીમહાપ્રભુજી સિધ્ધાન્તરહસ્યમાં આજ્ઞા કરે છે કે "ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના ગંગાત્વેન નિરૂપ્યાઃ સ્યાત્ તદ્વદત્રાપિ ચૈવ હિ". અર્થાત્ ભલે ગટર કેમ ના હોય પણ ગંગામાં તે ભળે તો તે ગટર પણ ગંગા બની જાય છે. એમ આપણી બુધ્ધિ સાત્વિક, રાજસ કે તામસ હોય પણ એને જ્યારે આપણે પરમાત્મિક ધારણાઓની ગંગામાં બુદ્ધિવૃત્તિઓને સમર્પિત કરી દઇએ છીએ ત્યારે તે બુધ્ધિ બ્રાહ્મિકી બુધ્ધિ થઇ જાય છે. અને એ સમર્પિત અથવા તો બ્રાહ્મિક બુધ્ધિથી લેવાયેલા બધા નિર્ણયો બ્રાહ્મિક નિર્ણયો હોય છે. તે વખતે ભર્તા આ ક્ષુદ્ર બુધ્ધિ નથી રહી જતી પરન્તુ ભગવાન્ પુરુષોત્તમ આપણો ભર્તા બની જાય છે. એમ ભગવાન્ પુરુષોત્તમ આપણો ભર્તા બે રીતે થાય છે. એક જ્યાં ભગવાન્ પુરુષોત્તમ બુધ્ધિરૂપે થઇ ગયો અને બીજુ જ્યાં બુધ્ધિ ભગવાન્ પુરુષોત્તમરૂપી થઇ ગઇ. જેમ ભગવાન્ જ્યાં મનરૂપ થઇ ગયો તો માણસ વાનરરૂપ થઇ ગયો અને મન જ્યાં ભગવન્મય થાય તો વાનર પણ નર બની જતો હોય છે. તો બુધ્ધિ જ્યારે ભગવન્મય, ભગવદ્રૂપ થઇ ગઇ ત્યારે તેવી બુધ્ધિથી લેવાયેલા નિર્ણયોનો ભર્તા ભગવાન્ પુરુષોત્તમ પોતે હોય છે. ભગવાન્ પુરુષોત્તમ સાથે



આપણો એ સંબંધ બંધાઇ જાય છે; પણ એની શરત એક છે કે બુધ્ધિ ભગવાન્ પુરુષોત્તમને સમર્પિત હોવી જોઇએ. "ધિયો યો નઃ પ્રચોદયાત્" એ જેમ કહે છે ને, કે આપણી બુધ્ધિને પ્રેરણા, બુધ્ધિના પ્રેરક તરીકે એને સમર્પણ કરીએ, કે લે આ મારી બુધ્ધિ. તું મને પ્રેરિત કર, તું કહેશે તેમ બુધ્ધિ વરતશે. તો ભગવાન્ પુરુષોત્તમને બુધ્ધિ સમર્પિત કરો, પછી બુધ્ધિ ભગવાન્ પુરુષોત્તમથી ચાલિત થશે. પછી ભર્તા બુધ્ધિ નથી રહી જતી. ભર્તા ભગવાન્ પુરુષોત્તમ થઇ જતો હોય છે.

## જે આપણો ભોક્તા છે તેને બધું સમર્પિત કરવાની ચિત્તવૃત્તિ વિકસાવો :

એના પછીથી બહુ નાજુક સંબંધ આવી રહ્યો છે: ભોક્તા હોવાનો. ભોગ જે કાંઇ કાર્ય આપણે કરી રહ્યા છીએ એ કાર્યમાં કોઇકને કોઇક જાતના સુખ કે દુઃખ ના ભોગ આપણને મળતાં હોય છે. સુખ ન મળતું હોય કે દુઃખ ન ટળતું હોય તો આપણે કોઇ કાર્ય ન કરીએ. હવે સુખ શેનાથી મળે છે? તો એક વાત સમજો કે સુખ આપણી વાસનાઓ મુજબ આપણને મળે છે. જો તમારા ચિત્તમાં સાત્વિક વાસનાઓ હશે તો સાત્વિક વસ્તુઓ સાથે સાત્વિક વ્યવહારોમાં તમને સુખ મળશે. તમારા ચિત્તમાં રાજસ કે તામસ વાસનાઓ હશે તો તમને રાજસ કે તામસ વસ્તુઓ સાથેના એ પ્રકારના વ્યવહારોમાં સુખ મળશે. કેમકે સુખનું મૂળ જે છે તે તમારા ચિત્તમાં બહુ ઊંડે ક્યાંક રહેલું હોય છે વાસનાના રૂપે.

જેની આપણને વાસના હોય તેની વાસના નિવૃત્ત થઇ જાય પછી તેનું સુખ ન મળે. એનામાટે એક સામાન્ય દાખલો છે કે દૂધ મીઠું હોય છે તે આપણે બધા જાણીએ છીએ; પણ એમાં ખાંડ-સાકર નાખીએ છીએ એટલે દૂધની જે મધુરતા-મીઠાશ છે

તેની બાબતમાં આપણી વાસના ખતમ થઈ ગઈ. કારણકે નાનપણથી આપણને ખાંડ નાખેલું દૂધ પીવડાવામાં આવ્યું હોય એટલે ખાંડની આપણી વાસના દ્દઢતર થઈ જાય. પછી આપણને કોઈ ખાંડ વિનાનું દૂધ આપે તો તે આપણને ફીકું લાગે કે આવું દૂધ ન હોય. મને એક વખત ટોન્સિલ (કાકડા) વધ્યા એટલે અસ્થમા થઈ ગયો એટલે કોઈકે મને કહ્યું કે ખાંડવાળું દૂધ પીશો તો વધારે અસ્થમા થશે. એટલે પેલી વાસના તરત જ ભાંગી ગઈ કારણકે અસ્થમાની ઘણી તકલીફ હોય છે. શ્વાસ ચાલે તે માણસને અભિલષિત છે પણ જો એ વધારે ચાલવા મંડે ને તો એ મહાન શ્રાપ લાગી ગયો લાગે. તો ત્યારે મેં ખાંડ છોડી દીધી. અને તમે માનશો કે દસ પંદર દિવસ પછી મને દૂધમાં રહેલી જે મીઠાશ-મધુરતા તે સમજમાં આવવા મંડી. મને પહેલા દસ પંદર દિવસ દૂધ ફીકું લાગતું હતું. પણ પછી મને એમ લાગ્યું કે ના-ના, દૂધમાં ખાંડ ન નાખીએ તો પણ દૂધ ઘણું મીઠું હોય છે. ને એ દૂધની જે સ્વાભાવિક મીઠાશ છે તે તો આપણને અનુભવાતી જ નથી કેમકે પેલી ખાંડથી આપણી જીભ ગ્રસ્ત થઈ ગઈ છે. ખાંડ સિવાય બીજી કોઈ મીઠાશ આપણને ગમે જ નહિ. એ વાસના જીભમાં નથી. કેમકે જીભમાં જો વાસના હોત તો પંદર દિવસ પછી સુધરી ન ગઈ હોત. પણ એ વાસના ચિત્તમાં ભરાઈ જતી હોય છે. પછીથી તો મેં ટોન્સિલ કપાવી નાખ્યા ને તેથી અસ્થમા મટી ગયો. પછી ફરીથી મેં ખાંડવાળું દૂધ પીવાનું શરૂ કરી દીધું તો હવે પાછું પેલું દૂધ પીવાનું ગમતું નથી. તો આ ચિત્તમાં રહેલી વાસના ફરી પ્રબલ થઈ ગઈ. ખ્યાલમાં આવ્યું ને? વાસના આવી રીતે કામ કરતી હોય છે.

તો એ ચિત્તને આપણે પ્રભુની વાસનાથી વાસિત કરીએ. ચિત્તને કારણે આપણને જે વસ્તુઓનો ઉપભોગ કરવો ગમે છે, તે બધું ભગવદર્થ ગમવા મંડે તો આપણી વિષયવાસના ભક્તિભાવનામાં



કેળવાઈ જશે.

હમણાં બે-અઢી મહિના પહેલાં જ મેં બાબરનામામાં વાંચ્યું કે જ્યારે બાબરે ભારતમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં સરહદ ઉપર કોઈક સરદાર હતા તેમણે બાબરના આખા પરિવારને, બેગમ, રાજકુમારી વિ. બધાને દાવત આપી. એ દાવતમાં મુરબ્બો અને એવી બધી મીઠી વસ્તુઓ આપી. એ લોકો બધા રણમાંથી આવેલા એટલે ત્યાં શેરડી ઊગે નહિ એટલે એમણે કદાચ ખાંડ નહિ ખાધેલી હોય. એમણે થોડુંક ચાખીને જોયું તો એમણે કહ્યું અરરર, આટલું બધું ગળ્યું! કાઢો કાઢો કાઢો. અને અમારા ઓળખીતા એક શાસ્ત્રીજી એક કપમાં ખાંડના આઠ ચમચા નાખે તોય એમને કદાચ ફીકું લાગતું હોય છે. હું કાંઈ બાબરની કે શાસ્ત્રીજીની વાત નથી સમજાવી રહ્યો, વાસનાની વાત સમજાવી રહ્યો છું. તો એ બેગમ લખે છે કે એ મુરબ્બો ચાખતા જ વિતૃષ્ણા થઈ ગઈ કે આટલું બધું ગળ્યું! અને આપણને તો મુરબ્બો ઓહોહો, કેટલો બધો ભાવે. એટલે વસ્તુ તો એક જ પણ વાસનાઓ જુદી-જુદી હોય છે. આપણને જુદી વાસના છે અને એમને જુદી વાસના છે. વસ્તુ એક જ હોય છે પણ ચિત્તની વાસનાઓ બધી જુદી-જુદી રીતે ઘડાઈ જાય અને એ વાસના મુજબ વસ્તુ આપણને ગમે. તે ચિત્ત જો આપણે ભગવાનને સમર્પિત કરીએ તો પ્રભુને સમર્પિત ચિત્તમાં પ્રભુની વાસનાઓ જાગતી હોય છે. જ્યારે પ્રભુની વાસના જાગે ત્યારે કોઈ પણ વસ્તુનો ભોક્તા આપણુ ચિત્ત નથી રહી જતું. દરેક વસ્તુનો ભોક્તા પ્રભુ બની જાય છે.

એટલે આપણે ત્યાં એમ કહેવાય છે કે કોઈ પણ ઉત્તમ વસ્તુને જોતાં આપણને, પોતાનાં ઉપભોગનું સ્મરણ આવે તે પહેલા, ''આ ઉત્તમ વસ્તુ છે તે મારા પ્રભુનામાટે છે'' આવું અનુસંધાન જાગ્રત રહે તો ચિત્તમાં ભગવદ્વાસના જાગી ગઈ માની શકાય.

જેમ એક સારૂં ગુલાબનું ફૂલ જોઈને આપણને એમ થાય કે ચાલ સુંઘી લઉં તો એ આપણા એવા ચિત્તની વાસના જે પ્રભુને સમર્પિત થઈ શક્યો નથી. હજી સુધી ચિત્ત આપણને એવી પ્રેરણા આપી રહ્યો છે કે જે વસ્તુ સારી દેખાઈ તે આપણાંમાટે છે. કોઈ પણ વસ્તુ સારી દેખાય અને આપણને એવો ભાવ જાગે કે આટલી ઉત્તમ વસ્તુ તો ઠાકોરજીનામાટે છે તો એ ચિત્ત ભગવન્મય થઈ ગયું કહેવાય. જે વસ્તુને તમે જોશો તે વસ્તુને જોતા તરત તમને ભગવાનનું સ્મરણ આવી જશે, કેમકે ચિત્તમાં ભગવાન્ બિરાજી ગયો છે ને! ભગવાન્ ચિત્તમાં ત્યારે બિરાજે કે જ્યારે તમે ચિત્તને ભગવાનને સમર્પિત કર્યું હોય. ચિત્તને તમે ભગવાનમાં સમર્પિત ન કર્યું હોય તો તમારી સદસદ્ વસ્તુના ભોક્તા ભગવાન્ નથી થતા, તમે થઈ જાવ છો. અને એક વખત ચિત્ત પ્રભુને સમર્પિત કરો પછી જે કાંઈ સારી વસ્તુ, સારૂં ઘર, સારૂં વન-ઉપવન, સારૂં પિકનિક પ્લૅસ જોઈને.... આપણા હિન્દુસ્તાનીઓની એક ટેવ હોય છે કે સારો બાગ કે જંગલ જોઈને તરત એક પેલા ઢોકળા-ફાફડાની પિકનિક કરવાનું મન થઈ જાય! પણ જે ભક્ત હોય ને તે જો સારૂં વન જુએ કે સારૂં સ્થળ જુએ તો એને એવી ઇચ્છા થવી જોઈએ કે અહીંયા પ્રભુને પધરાવીને કાંઈક મનોરથ કર્યો હોય તો! તો એ ચિત્તની વાસના બદલાઈ ગઈ ને! તો ચિત્તને પ્રભુને સમર્પિત કરો પછી ભોક્તા તમે નહિ રહી જાવ. પછી તમે ભોગ ધરનારા થઈ જશો. ભોક્તા પ્રભુ થઈ જશે. તેથી જ આપણે ત્યાં કહેવામાં આવે છે કે ઉત્તમ વસ્તુના ભોક્તા પ્રભુ છે. આ પ્રભુમય ચિત્તની વાસના છે. અને જે ચિત્ત પ્રભુસમર્પિત નથી, પ્રભુમય નથી એ ચિત્તની વાસના એવી હોય છે કે આ બધું મારામાટે છે.

જેમ મેં તમને એક વડીલની વાત કહી હતી કે મઠડીની વાત ચાલી તો એમણે લાળ ટપકાવતાં કહ્યુ કે મઠડી તો ઠાકોરજીને ભોગ ધર્યા વિના કેમ સેવા થાય. મેં કહ્યું ''અલ્યા! મઠડીની



ભોક્તા તું છે કે ઠાકોરજી? જો ઠાકોરજી ભોક્તા હોય તો પછી તારા મોઢામાંથી કેમ લાળ ટપકે છે? પોરબંદરવાળા જીવનલાલજીના જીવન પ્રસંગમાં મેં સુંદર પ્રસંગ વાંચ્યો છે કે એક વખત એમને ત્યાં મુખિયા-ભીતરિયા-દૂધઘરિયાઓ વચ્ચે ઝઘડો થતો હતો. તેઓ બધા પોત-પોતાનાં ભાગના પેંડાઓમાટે ઝઘડો કરી રહ્યા હતા કે બે પેંડા મારા અને એક તારો... જીવનલાલજી આ સાંભળી રહ્યા હતા. છેવટે તેમને ત્યાં જઈને પૂછ્યું કે આમાં ઠાકોરજીનો પણ એકાદ પેંડો છે કે નહિ?! એ આપણે કેમ ભૂલી ગયા! જેને ભોગ ધરવાનો છે એનેમાટે તો એકપણ પેંડો બચ્યો જ ન્હોતો. બધા મુખિયા, ભીતરિયા, દૂધઘરિયા વગેરેમાં જ વહેંચાઈ ગયા. ભગવત્સેવા કરનારા નોકરોમાં પણ વાસના પ્રભુના ભોક્તા હોવાની ન્હોતી, વાસના પોતના ભોક્તા હોવાની હતી. તેથી પ્રભુનો ભાગ હતો જ નહિ. જીવનલાલજી મહારાજની જીવનીમાં મેં એનો ઉલ્લેખ વાંચ્યો છે. આપણે આપણી જાતને ભોક્તા માનીએ છીએ કે પ્રભુને માનીએ છીએ તે ચિત્તના સમર્પણ કે અસમર્પણથી નક્કી થાય છે.

## જે પ્રાણીમાત્રનો મહેશ્વર છે તેની સામે દૈન્યભાવ જાળવવો જરૂરી છે :

દરેક પ્રાણી સાથે જોડાયેલા પુરુષોત્તમ ભગવનના ષડ્વિધ રૂપો પૈકી ઉપદ્રષ્ટા અનુમન્તા ભર્તા ભોક્તા પછી તેના મહેશ્વર હોવાનો પાસો આવે છે. તેમજ આપણી આ કાયાની ભીતર મન, બુધ્ધિ, ચિત્ત પછી અહંકારનો વારો આવે છે. અંતઃકરણની જે ચોથી ગ્રંથિ તે અહંકાર છે. તેમાં જ્યારે આપણી ભીતર પ્રબલ થાય ત્યારે આપણને લાગે છે કે હશે ક્યાંક ઈશ્વર પણ મારી કાયા કે હવેલી માં તો હું જ પુરુષોત્તમ કે ઈશ્વર છું. તેથી ગીતામાં ભગવાન કહે છે :

**ઈશ્વરોઽહમહં ભોગી સિધ્ધોહં બલવાન્ સુખી।**
**આઢ્યોભિધનવાનસ્મિ કોઽન્યોઽસ્તિ સદૃશો મયા।**

યક્ષ્યે દાસ્યામિ મોદિષ્યે ઈત્યજ્ઞાનવિમોહિતાઃ ॥

અજ્ઞાનવિમોહિત વ્યક્તિ એવું સમજે છે કે હું ઈશ્વર છું, હું કરૂં છું, મારે કર્મ કરવું, મારે ભોગ ભોગવવા છે, હું આમ છું, હું...હું...હું. એ "હું કરૂં હું કરૂં **એજ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે"** એ હુંકારને, આ તમારા અહંકારને જો તમે પ્રભુને અર્પિત કરો તો પછી પ્રભુ તમારી સાથે મહેશ્વરતાનો સંબંધ નભાવશે. ભગવાન્ તમને એમ કહેશે કે "હા, આ દેહમાં મેં જ તને ઈશ્વર બનાવ્યો છે, મેં જે તને અહંકાર આપેલો છે તેને કારણે. અહંકારની એક ચાવી મેં તારામાં એવી ભરી દીધી છે કે જેને કારણે તને એમ લાગે છે કે તું ધારે તે કર્મ જ્ઞાન ભક્તિ કે પ્રપત્તિ વિ. માર્ગો ઉપર ચાલવા સક્ષમ થઈ શકે. આમાં તારો વાંક નથી આતો મારી લીલા છે, **"...અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિઃ."**

હું નાનો હતો ત્યારની વાત છે. કોઈ એક સંત અમારે ઘરે અમારા પિતાશ્રીને મળવા આવ્યા તેઓ સંન્યાસી હતા. એમણે મને પૂછ્યું કે "જીવનમાં તમારો શું બનવાનો વિચાર છે? તે વખતે હું ભણતો હતો એટલે મેં એમ અમસ્તું, કોઈ ગંભીરતાંથી નહોતું કીધું; એ વખતે ગંભીર થાઉં એવી બુધ્ધિ પણ નહોતી એટલે બાલસુલભ રીતે મેં કહી દીધું કે "મને શું ખબર કે ભગવાને મારી બાબતમાં શું વિચારી રાખ્યું છે? ભગવાન્ જે કરશે તે થશે". તે કાંઈ ભક્તિને કારણે કહેલી વાત ન્હોતી. એ પૂછતા હતા "તમે શું થવા માગો છો?" શું કરવા માગીએ છીએ એ ખબર હોય તો બતાવીએને તમને! ભગવાન્ ઉપર નાખીને છૂટો પડવા માંગતો હતો. એમણે મને ઠપકો આપી દીધો—"આવી રીતે નહિ બોલવાનું. તમે તમારી ભીતર અસ્મિતા જગાડો. તમે સંકલ્પ કરો કે તમારે શું થવાનું છે. અને તમે જે સંકલ્પ કરશો તે મુજબ તમે થઈ



જશો. પછી કહ્યું કે સંકલ્પ કરો કે તમારે પ્રેસીડન્ટ થવું છે તો ત્રીસ દિવસની ભીતર તમે હિન્દુસ્તાનના પ્રેસીડન્ટ થઈ જશો. તે વખતે હું પંદર-સોળ વર્ષનો હોઈશ. મને મનમાં એમ કે પ્રેસીડન્ટ તો વીસ-પચીસ વર્ષની ઉંમર પછી થવાતું હશે! કંઈ સોળ વર્ષનો છોકરો ત્રીસ દિવસમાં પ્રેસીડન્ટ થઈ જતો હશે! પણ બોલે કોણ? દાદાજીના મહેમાન તરીકે પધારેલા સંત. મેં મનમાં કહ્યું આપણે તો બોધા બનીને બેસી રહેવામાં જ સાર છે. તે બાબતમાં બોલવા જેવું વધારે કંઈ લાગ્યું નહિ. તમે માનશો નહિં, સોળ પછી જ્યારે હું અઠાવીસનો થયો, ત્યારે તે વખતે જે સંન્યાસી સંત હતા તે પરણી ગયા! હવે તો તેમને છૈયા-છોકરાઓ પણ છે! હું મનોમન વિચારતો થઈ ગયો કે એવો તે કેવો એમણે સંકલ્પ કર્યો હશે?! મને તો કહેતા હતા કે ત્રીસ દિવસમાં તમે પ્રેસીડન્ટ થઈ જશો અને પોતે સંન્યાસનો સંકલ્પ લઈને પાછા ગૃહસ્થી બનવાનો લોચો કરી નાખ્યો! થઈ જાય આવું. અહંકાર એવી વસ્તુ છે.

કોઈક મહાપુરુષ આપણને ઉપદેશ આપે ત્યારે એમ લાગે કે ત્રીસ દિવસમાં પ્રૅસીડૅન્ટ થવાના સંકલ્પથી પ્રૅસીડૅન્ટ થઈ જવું કેટલું સરળ કાર્ય હશે. પોતે તો સંન્યાસ લેવાના સંકલ્પ કર્યા પછી પણ સંન્યાસ નભાવી શક્યા નહિ અને પરણી કેમ ગયા હશે? મારી સાથે ભણનારી, જે હવે તે સન્તની પાડોશણ છે, તે કહેતી હતી કે તેમના બાળકો બહુ જ દેખાવડા છે. મેં કહ્યું કે દેખાવડા તો સંત પણ હતા પણ એ દેખાવથી ફાયદો શું?

માણસનો અહંકાર કામ આવતો નથી. મુદ્દો માત્ર એટલો છે. "ઈશ્વરો અહમ્ અહં ભોગી"ની જેમ કેટલા બધા સંકલ્પો આપણે કરી લઈએ પરંતુ એ અહંકારને નભાવી શકતા નથી. એટલે જ ભગવાન્ ગીતામાં અર્જુનને કહે છે કે **"હું લડીશ નહિ એવી તું ખાલી ડંફાસ મારે છે. હમણાં તારી ભીતર રહેલ ક્ષાત્રવાસનાને**

કારણે કોઇક તને મારવા આવશે તો લડવા માટે તારો હાથ ઉપડી જ જશે!" ભીતર રહેલી વાસના એવી હોય કે જે આપણા અહંકારને પણ કંટ્રોલ (વશમાં) કરી લે છે. આપણને એવું લાગે કે આપણાં અહંકારથી બધી વસ્તુને કંટ્રોલમાં (વશમાં) રાખીને વશ કરીશું પણ એ અહંકાર ક્યાંક ને ક્યાંક ઝુકી જતો હોય છે.

ચિત્તમાં રહેલી વાસનાઓ ક્યારેક અહંકારને એવો કરગરતો કરી દે છે કે આપણને ખબર જ ન પડે.

જૈમિનિ ઋષિને એકવાર પોતાના તેજનો, તપનો બહુ અહંકાર થઇ ગયો. તે કાંઇક વાત કરતા હશે તો વ્યાસજીએ કહ્યું કે ભાઇ! અહંકાર નહિ કરવાનો. જૈમિનિએ પણ કાંઇક પોતાની સંકલ્પશક્તિની બાબતમાં એવા જ વિધાનો કર્યા હશે! એટલે થોડાક વખત પછી કોઇક એક અતિશય સુંદર સ્ત્રી ત્યાં આવી. બસ પતી ગયું. જૈમિનિએ ભાન ભૂલીને એની સામે પ્રણયનો પ્રસ્તાવ મૂકી દીધો. સુંદરીએ કહ્યું કે એમ નહિ ચાલે; તમે ઘોડા બનો અને હું તમારા ઉપર સવાર થાઉં તો આપણી બન્નેની વચ્ચે ટકાઉ પ્રણયસંબંધની ખાતરી મને થાય. હવે દાઢીવાલા જૈમિનિ ઋષિને થયું કે આવી સુંદર સ્ત્રી સાથે પ્રેમસંબંધ બંધાતો હોય તો ચાલો ઘોડા થઇ જઇએ! પછી તે ઘોડાની જેમ ચાલવા મંડ્યા અને સુંદર સ્ત્રી એમના ઉપર સવાર થઇ! સવાર થઇ ગયી ત્યારે ખબર પડી કે તે સુંદર સ્ત્રી તો પોતે વ્યાસજી જ હતા! વ્યાસજીએ ત્યારે કહ્યું હશે કે જુઓ કેવા છબરડા જીવનમાં થઇ જાય છે!

માણસ કેટલુંય ધારે, કેટલીય સાધના કરે, કેટલાય ઉપદેશ આપે; પણ તે ક્યારે ગોથું ખાઇ જાય તેની ખબર પડતી નથી. "અહમ્ ઈશ્વરો અહં ભોગી અહં સિદ્ધો અહં બલવાન્:" એ બધી કહેવાની વાતો. તેથી જ્યાં સુધી આપણો અહંકાર આપણે



ભગવાન્‌ને સમર્પિત નથી કરતા, ત્યાં સુધી ભગવાન્ પુરુષોત્તમ મહેશ્વર હોવાનો સંબંધ આપણને પ્રકટ જણાવતા નથી. છે, આપણામાં પણ, થોડુ-ઘણું ઐશ્વર્ય. જેમ હું ઇચ્છું કે આ હાથ ઉપાડું તો હું ઉપાડી શકું. એક વિદ્વાને એમ કહ્યું છે કે માણસમાં એટલું સામર્થ્ય છે કે પહેલા ડાબો પગ ઉપાડવો હોય તો ડાબો ઉપાડી શકે અને જમણો પગ ઉપાડવો હોય તો જમણો પણ ઉપાડી શકે; પરન્તુ જો ડાબો પગ ઉપાડ્યો તો જમણો પગ, ઉપાડવો હશે તો પણ, ઉપાડી નહિ શકાય. તમે પડી જ જશો. એટલે એ આપણી અસમર્થતા. આપણે ઈશ્વર છીએ પણ અલ્પ પ્રમાણમાં. **"તિયા ગઈ ઘર સંપત્તિ નાસી મુંડ મુંડાયે ભયે સંન્યાસી"** એનો અર્થ એ કે જ્યારે પત્ની ઘર છોડીને ભાગી ગઇ, ઘરને આગ લાગી ગઇ, પછી સંન્યાસ ન લે તો માણસ કરે શું?! એટલે સંન્યાસ લઇ લીધો. ફરી ક્યાંક સુંદર સ્ત્રી મોટું મકાન ભેટ ધરનાર ધનિક આપણામાં રુચિ દેખાડે તો બસ સંન્યાસ પતી ગયું! ખાવાપીવાના સાધનો હોય, મનગમતું બધું હોય; પછી કોને સંન્યાસ લેવાનું સ્ફુરે? લાખમાં એકાદને જ!

આ જે અહંકાર આપણે કરીએ છીએ તે ખરેખર એવો છે કે જે લોકોની ભૌતિકતાની સંસ્કૃતિ છે એમનું અનુકરણ આપણે કરી રહ્યા છીએ અને જે આપણી આધ્યાત્મિકતાની સંસ્કૃતિ છે તેને સચ્ચાઇથી એ લોકો અપનાવવા માગે છે. એટલે એ લોકો આપણને પૂછે છે કે ભાઇ તમારી સાચી સંસ્કૃતિ શું છે તે તો બતાવો. એમાં પ્રશ્ન દેશનો નથી, મનોવૃત્તિનો છે. દરેકના શરીરમાં એવો યુરોપ હોય કે ભારત હોય. **"ત્રયાઃ હિ પ્રાજાપત્યાઃ દેવાસુરમનુષ્યાઃ"** (પ્રજાપતિના ત્રણ પુત્રો દેવો, અસુરો અને મનુષ્યો) ત્યાં પણ છે અને અહીંયા પણ. "આવ ભાઇ હરખા આપણે બેઊ સરખા" બેમાં બહુ ફેર નથી; એક જ છે. હવે ડિગ્રીનો કોઇક ફરક હોય તે અલગ વાત છે. ન મળે તો શું કરે? "ન મળે નારી તો

બાવા સહજે બ્રહ્મચારી''!

તેથી અહંકારને તેના સાચા પરિપ્રેક્ષ્યમાં સમજો. તેને પુરુષોત્તમને સમર્પિત કરવો હોય તો પુરુષોત્તમના મહૈશ્વર્યને સ્વીકારો. ત્યાર પછી તમારું બધું નિયમન તમે નહિ પરન્તુ મહેશ્વર કરવા મંડશે. અર્થાત્ પુરુષોત્તમ દ્વારા થતું અનુભવાશે. પુરુષોત્તમના ઐશ્વર્યમાં તમે વિલસી રહ્યા હશો. તમારા આ શ્વાન જેવા ક્ષુદ્ર અહંકારમાં તમે નહિ વિલસી શકો હોં. એ એક મોટો સંબંધ આપણે પુરુષોત્તમ સાથે બાંધી શકીએ છીએ.

**પરમાત્માની સામે આત્મસમર્પણ કે આત્મનિવેદન આવશ્યક છે:**

હવે છેલ્લે આવે છે તે પુરુષોત્તમની સાથે બાંધી શકાય એવો છઠ્ઠો સંબંધ: તે આપણો પરમાત્મા છે અને આપણે તેના અંશરૂપ શરીરી જીવાત્મા છીએ. એ તમારા પરમાત્મા તરીકે તમને ક્યારે અનુભવાય જ્યારે તમે તમારો આત્મા એને સોંપો. તમે પરમાત્મા સામે આત્મનિવેદન કરો; એક વખત તમે પરમાત્માની બાબતમાં એવો ભાવ વિચારો કે ''હે પરમાત્મા હું તારો!'' પછી પરમાત્મા કહેશે કે ''તું મારો!'' ભગવાન્ અર્જુનને કહે છે **''ઇષ્ટોઽસિ મે સખા ચેતિ રહસ્યં હ્યેતદુત્તમમ્''** તું મારો ઇષ્ટમિત્ર છે, સખા છે, તેથી તને આ ઉત્તમ રહસ્ય સમજાવી રહ્યો છું.

ગીતામાં ભગવાન્ એક ઠેકાણે અર્જુનને સમજાવા માગે છે કે ''જીવો બે જાતના હોય છે દૈવી અને આસુરી'' ત્યાં તો અર્જુનને પોતે કેવો હશે તેની ચિન્તા થવા મંડી! તેથી પોતે ભગવાનને ગીતામાં જ ખુલાસો કરવો પડ્યો કે ''ના ના, તારા સંબંધમાં હું આ વાત નથી કહી રહ્યો, તું તો મારો દોસ્તાર છે''. ભગવાનને અર્જુનની કેટલી બધી કાળજી છે કે વારે ઘડીએ એને એમ જણાવે છે. ગીતામાં તમે જોશો કે જ્યાં-જ્યાં ભક્તિનો પ્રશ્ન આવે ત્યાં-ત્યાં



ભગવાન્ અર્જુનને સાવધાન કરીને કહે છે કે ''તું મારો દોસ્ત છે એટલે બહુ ગૂઢ ગંભીર વાત તને કહેવા માગું છું'':

**''રાજવિદ્યારાજગુહ્યમ્'', ''ગુહ્યાત્ ગુહ્યતરં''-**
**''સર્વગુહ્યતમં ભૂયઃ શ્રુણુ મે પરમં વચઃ ઇષ્ટોસિ દૃઢમિતિ**
**તતો વક્ષ્યામિ તે હિતમ્''**

અર્જુન સાથે આવો સંબંધ શા માટે સ્થાપ્યો? કારણકે અર્જુને વિષાદયોગમાં ભગવાન્ સાથે એ સંબંધ સ્થાપ્યો છે— **''શિષ્યસ્તેઽહં સાધિ માં ત્વાં પ્રપન્નં''** અર્થાત્ હું તારી શરણાગતિ સ્વીકારૂં છું, તું મને સમજાવ કે મારે શું કરવું જોઈએ. અર્જુન રથીએ એ જિજ્ઞાસા કરી ત્યારે સારથિરૂપે ભગવાન્ બોલ્યા કે ''અચ્છા આવ અહીંયા હું તને સમજાવું છું:

**સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।**
**અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ॥**

અર્થાત્ અરે તું કેમ ધર્મની ચિંતા કરે છે? તારો પરમાત્મા, તારો સારથિ બનીને હું બેઠો છું. હું તને જ્યાં લઈ જઈશ ત્યાં તારું અહિત થવા નહિ દઉં. મારા રહેતાં તારું અહિત થાય એ સંભવતું નથી. તેથી જ કહેવાયું **''યત્ર યોગેશ્વરો કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ, તત્ર શ્રીર્વિજયોર્ભૂતિર્ધ્રુવા નીતિઃ મતિર્મમ.''**. પરમાત્મા પોતે એમ કહે છે કે તું મારો છે: **''અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ''** ધર્મની ચિંતા તારે કરવાની ન હોય કેમકે તારા ધર્મની ચિંતા મને થઈ રહી છે. તારા માટે શું ધર્મ છે અને શું અધર્મ છે તેવી આધ્યાત્મિક ચિંતા તું નહિ કરતો. તારા માટે હું આ બાબતની બધી કાળજી લઈ જ રહ્યો છું. એમ આ પ્રભુએ બાંધેલો પરમાત્મસંબંધ છે.

આપ જે પૂછતા હતા કે ગીતાનો મુખ્ય સંદેશ શું? તો એક વાત સમજો કે ગીતાનો મુખ્ય ઉપદેશ **"સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ"** ફક્ત હોય અને બીજા કર્મ જ્ઞાન સંન્યાસ કે ભક્તિના સંદેશો જો મુખ્ય ન હોય તો ભગવદ્ગીતાનું મુખ્ય તાત્પર્ય ભક્તિ ન રહ્યું, પ્રપત્તિ થઇ ગયું. અને જો ફક્ત પ્રપત્તિ માટે જ મુખ્ય તાત્પર્ય હોય અને ભક્તિ માટે મુખ્ય તાત્પર્ય ન હોય તો જ્યારે-જ્યારે ભક્તિની ચર્ચા આવી ત્યારે ભગવાને ભક્તિના માટે આટલા મોટા-મોટા વિશેષણો શા માટે વાપર્યા— "ગુહ્યતમ બતાવું છું, તું મારો દોસ્તાર છે, હું તને કાંઇક કહેવા માગું છું". એટલે મૂંઝવણમાં પડી જવાય તેવું છે. ગીતાને કોઇપણ એક સાધનાના ઉપદેશના ટૂંકા ચોકઠામાં બાંધવી એ અન્યાય છે, એમ મને લાગે છે. ભગવાન્ તો એ બધી વાતો સમજાવી રહ્યા છે, જેમ એક ઔષધાલય હોય અને તેમાં ઘણા બધા રોગોની ઔષધિ હોય છે. એમાંથી આપણે નિર્ણય લેવાનો છે કે કયા રોગનો મરીઝ હું છું. જે રોગનો મરીઝ હું હોઉં તે રોગની દવા મારે તેમાંથી મેળવવી જોઇએ. અર્થાત્ ગીતા એ ઔષધાલય છે, ગીતાનો કોઇ અધ્યાય કોઇ ઊંટવૈદની દવાઇ નથી. "યસ્ય કસ્ય તર્રોમૂલમ્" જેવું નથી કે બધાને આપણે કહી દઇએ કે "સર્વધર્માન્ પરિત્યજ્ય " સહુ પોત-પોતાનાં ધર્મો છોડી-છોડીને ફક્ત ભગવાન્‌ની શરણાગતિ સ્વીકારી લ્યો. "શ્રીકૃષ્ણઃ શરણં મમ! શ્રીકૃષ્ણઃ શરણં મમ!! શ્રીકૃષ્ણઃ શરણં મમ!!!" અરે આમ દહાડો નહીં વળે. ભક્તિના પણ અમુક અપરિહાર્ય સિધ્ધાન્તો ગીતામાં વર્ણવાયા જ છે. આપણને જો ભક્તિ કરવી હોય તો તેમને વળગીને રહેવું જ પડશે. ભક્તિને આપણે નહિ વળગશું તો કદાચ મહાપ્રભુના આશયથી વિપરીત જવાનો કે અધ:પતિત થઇ જવાનો વારો આવશે.

એ જ રીતે જે જ્ઞાનમાર્ગનો અધિકારી હશે તેને જ્ઞાનમાર્ગનો ઉપદેશ ભગવાને ગીતામાં આપ્યો છે. તેણે જ્ઞાનમાર્ગને વળગીને



સાધના કરવી પડશે. ભક્તિને ગુહ્યતમ, ગુહ્યતર કહી એટલે જ્ઞાનને છોડીને ભક્તિને વળગી જાય તો તેનો પાર જ નહીં પડે. એવી રીતે તો કેટલા બધા માર્ગો ગીતામાં કહેવામાં આવ્યા છે. પછી છેલ્લે તો મને એમ લાગે છે કે અર્જુનવિષાદયોગની માફક સર્વથી મુખ્ય સિધ્ધાંત ગીતાનો એ જ રહેશે કે વિષાદ કરતા રહો ભગવાન્‌ની સામે.

એક વખત એમ.એ.ની માફક સંસ્કૃતમાં જે આચાર્ય પરીક્ષા હોય છે તેના વિદ્યાર્થીઓને બૃહદારણ્યકોપનિષદ્ અને છાન્દોગ્યોપનિષદ્ ઉપર મહાપ્રભુજીએ લખેલ કહેવાતા ભાષ્યોના આધારે પરીક્ષા આપવાની હતી, હકીકતમાં આવા કોઇ ભાષ્યો શ્રીમહાપ્રભુજીએ ક્યારેય લખ્યા જ નથી! એ ૧૦૦ માર્કસની પરીક્ષામાં ત્રણ પરીક્ષાર્થીઓમાંના બે પરીક્ષાર્થીઓએ તો પરીક્ષા જ ન આપી. એક પરીક્ષાર્થીએ આખા ઉત્તરપત્રમાં એક જ જવાબ લખ્યો **"સર્વસાધનહીનસ્ય પરાધીનસ્ય સર્વત: પાપપીનસ્ય દીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમઃ"** અર્થાત્ બધા જ સાધન વિનાનો હું છું; મારી પાસે કોઇ સાધન નથી. બધી રીતે હું પરાધીન છું. મારું મૂલ પાપ એ કે હું પરીક્ષામાં બેઠો! દૈન્ય પણ આવી ગયું છે! અને તારનાર કોણ? તો શ્રીકૃષ્ણઃ શરણં મમ! "સર્વધર્માન્ પરિત્યજ્ય..."! મને એમ થયું કે ગીતાનો અર્થ કોઇ સરખી રીતે સમજ્યો હોય તો તે આ જ પરીક્ષાર્થી સમજ્યો. બધું છોડીને ભગવાન્‌ને શરણે ગયો પણ પ્રશ્ન હવે એ થાય કે આ વિદ્યાર્થીને પાસ કરવો કે ન કરવો. આવા વિદ્યાર્થીને પાસ હું તો ન કરું પણ બોર્ડવાળાને કરવો હોય તો કરી દે. કારણકે...

એટલે **"સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ"** એ તો બે સેનાઓ વચ્ચેની ઉપનિષદ્ છે. જે સિદ્ધાન્તને કારણે અર્જુન ધર્માધર્મની ચિન્તા નેવે મૂકીને યુદ્ધના દારુણ કર્મમાં પરાયણ થઇ

ગયો. ગીતાના ઉપસંહારમાં, તે પણ અતિશય વ્હાલ કે હેત થી ભગવાને અર્જુનને કહેલી આ વાત છે. એનો અર્થ, પરન્તુ, એમ નથી કે દરેકે આમ જ કરવું કે ધનુષ-બાણ લઈને ધર્માધર્મની ચિન્તા કર્યા વિના જે સામે આવે તેના ઉપર તીરો છોડવા મંડવા. અથવા તો ઠાકોરજીને જગાડવાનો સમય આવે ત્યારે પણ આમ જ કહી દેવું કે "સર્વસાધનહીનસ્ય શ્રીકૃષ્ણઃ શરણં મમ" હું આપને શું જગાડું? બહુ સાચી વસ્તુ છે કે સર્વસાધનહીન આપણે છીએ જ, પરાધીન પણ છીએ, પણ સેવામાં "શ્રીકૃષ્ણઃ શરણં મમ" કામ ન લાગે, જ્યાં કામ લાગે ત્યાં જ લાગે. કહ્યું છે ને, કે કપડાં સીવવામાં તલવાર કામ ન લાગે, ત્યાં તો સોય જ કામ લાગે. તલવાર તો ઘણી મોટી છે એટલે તલવારથી જો કપડાં સીવવા જઈએ તો કપડાં સીવાય નહિ ને ઉપરથી ફાટી જાય. ભગવત્સેવામાં પણ બધી ચિન્તાઓને હણનારી શરણાગતિ કામ ન લાગે પણ 'દાસોહમ્' ઝીણી સોય કામ આવે જ. સાધનની આપણને સરખી સમજ ન હોય તો એક સાધન આપણા હાથમાં આવી ગયું એટલે દરેકમાં આપણે એને વીંઝતા જઈએ. આ પધ્ધતિ ગીતાકારને પસંદ નથી. ગીતાકારે ઘણા બધા સાધનોનો સમાહૃત ઉપદેશ આપ્યો છે અને એ સંદર્ભમાં ગીતાનો અભ્યાસ કરવો જોઈએ. તે પૈકી એક પુરુષોત્તમયોગ એ સ્વતંત્ર યોગ છે. તેનો અભ્યાસ આપણે કરીશું તો તેનો સાચો અભિપ્રાય ખ્યાલમાં આવશે.

એટલે સર્વસાધનરહિત શરણાગતિ એ ગીતાનો ચરમોપદેશ છે, એમાં કોઈ બે મત નથી હોઈ શકતા. પરન્તુ ભક્તિનો ઉપદેશ ગીતામાં ઘણો ગુહ્યતમ ઉપદેશ છે એમાંય બે મત નથી હોઈ શકતા. જ્ઞાનનો ઉપદેશ અતિશય દિવ્ય ઉપદેશ છે એમાં બે મત હોઈ શકે જ નહિ. શાસ્ત્રવિહિત સ્વકર્મોનો ત્યાગ ન કરવાનો ઉપદેશ પણ ભગવાને અનિવાર્ય કર્તવ્યરૂપે બિરદાવીને આપેલ ઉપદેશ છે. કોઈ જ્ઞાની હોય ભક્ત હોય કે કર્મી હોય પણ સ્વકર્મનો કોઈથી ત્યાગ



થાય નહિ. આમ બધા જ ઉપદેશો કર્યા પછી સરવાળે અર્જુનને ભગવાન્ કહી દે છે કે તું ચિંતા મૂકી દે ને; તારી ચિંતા હું કરી રહ્યો છું. આ તો જેને પોતાની ચિંતા કરવી હોય તેના માટેના ઉપદેશો છે. તારા માટે જ્ઞાન સારું કર્મ સારું કે ભક્તિ સારી એ ચિંતા હું કરી રહ્યો છું. જે તારા માટે સારું હશે એ હું તારાથી કરાવી લઈશ. હું તારો પરમાત્મા છું, તું મારા ઉપર ભરોસો મૂક.

એ અર્જુનને પરમસખા કે પરમાત્મા તરીકે ભગવાને કહ્યું તો એનું કારણ એ હતું કે ભગવાન્‌ને પરમાત્મા તરીકે અર્જુને વરણ કર્યા હતા. શું આપણે એક વખત પણ આપણા કર્તવ્ય કે અકર્તવ્ય ની આપણી વિવેકશક્તિના દંભ કે અહંકારના તીણા શસ્ત્રો ભગવાન્‌ના ચરણોમાં મૂક્યા છે? આપણા શરીરમાં કોઈક દિવસ શું તે પ્રકારનું કમ્પન થયું છે કે જે હું કરવા જઈ રહ્યો છું તે પહેલાં **"વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે."** કોઈક વખત સારૂં-નરસું કામ કરતી વખતે આપણી ચામડી બળે છે ખરી? નથી બળતી. આ કુરુક્ષેત્રમાં જે કરવાનું હોય છે તે તો આપણે આપણા અહંકાર મુજબ કરતાં જ રહીએ છીએ Who cares for Paramatma? એવી આપણી વૃત્તિ છે. આપણે પરમાત્મા સામે શરણાગત થતાં નથી. **"શિષ્યસ્તેહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્"** કહીને આપણે શરણાગતિ લીધી નથી. તેવામાં બધા ધર્મો છોડવાનો ડોળ કરીએ કે અમે તો "શ્રીકૃષ્ણઃ શરણં મમ" છીએ, તો પછી પેલા બોર્ડવાળા પાસ કરે પણ પરમાત્મા પાસ કરે કે ન કરે એ કોણ જાણે! પરમાત્માની ઈચ્છા થાય તો કરે, ન થાય તો ન કરે. તમારી સાથે તે તમારા પરમાત્મા હોવાનો સંબંધ પ્રકટ તૈયાર છે કે નહિ એનો કોઈ નિયામક થઈ શકતો નથી. એ તમારી સાથે જોડાવા તૈયાર હશે તો તમારો પણ ઉધ્ધાર કરશે. તે આપણો ઉધ્ધાર જે રીતે કરવા માગતો હોય કરે; પણ તેથી, આપણે સર્વસાધનહીન થવું જરૂરી નથી.

એક વાત સ્પષ્ટતયા સમજો કે પરમાત્મા સર્વસાધનહીનનો ઉધ્ધાર કરે છે તેથી આપણે સર્વસાધનહીન થવું તે કથા સાચી નથી. પરમાત્માએ રાવણને મોક્ષ આપ્યો તેથી શ્રીરામના સીતાજીને આપણે હરી લેવા એ કાંઇ રામાયણનો બોધપાઠ ન હોઇ શકે. એમાંથી બીજો કોઇ બોધપાઠ મેળવો. ભગવાને વિષ પિવડાવનરી પૂતનાને મોક્ષદાન કર્યું એટલે સંસારથી મુક્તિ મેળવવા દરરોજ ભગવાન્‌ને ભોગમાં વિષ જ ધરવું કે શા માટે પૂતનાને મોક્ષ દાન કર્યું? એટલે આરોગો હવે વિષ જ; દૂધ આરોગશો તો કામ નહિ ચાલે! આવી પધ્ધતિ સાચી હોઇ શકતી નથી. પરમાત્મા ઘણા બધા કાર્યો કરે છે હોં! એ ન ભૂલી જતા. પરમાત્મા પોતાના સામર્થ્યથી કામ કરે છે તે સામર્થ્યને આપણું સામર્થ્ય ન માની લેવું જોઇએ. પરમાત્માનું સામર્થ્ય આપણામાં આવે પણ એ ત્યારે આવે કે જ્યારે આપણે આપણું આત્મનિવેદન પરમાત્માની સમક્ષ કર્યું હોય. જેમ અર્જુને કર્યું હતું કે **"શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્"** તો શ્રીકૃષ્ણે પણ કહ્યું કે **"મયૈવૈતે નિહતા પૂર્વમેવ નિમિત્તમાત્રં ભવ"**. કોઇક વખત આપણી ત્વચામાં પણ, અર્જુનને થઇ તેવી, બળતરા થતી હોય, આપણો પણ આત્મા ડંખતો હોય કે હું જે કામ કરવા જઇ રહ્યો છું તે સારું છે કે નહિ, તે વખતે આપણે પરમાત્મા પાસેથી જ્ઞાન મેળવવા માગીએ કે "હે પરમાત્મા તું મને સમજાવ કે મારે શું કરવું!" તો કદાચ પરમાત્મા સમજાવેય ખરો; પરમાત્મા હોવાને કારણે. આપણાથી એવું તો કશું થતું નથી. અર્જુનવિષાદયોગ તો આપણામાં પ્રગટ થયો નથી. તેમાં વળી બધા ધર્મના પરિત્યાગપૂર્વક આપણે શરણાગતિ પ્રગટ કરવાનો ડોળ કરીશું તો તેનાથી કાંઇ દહાડો વળવાનો નથી. જો કે ગીતાનો ચરમોપદેશ છે એમાં તો બેમત નથી. એટલે પોતાના ઇષ્ટ સખા અર્જુનને આપેલ મુખ્ય ઉપદેશનો ઘોંઘાટ મચાવીને પોતાને પણ અર્જુનની કક્ષામાં જબરદસ્તી બેસાડીને તેના માટે આપેલ કે બીજા એવા કોઇ ઉપદેશોથી ગીતાને બાંધવી એ ગીતાને મૂલત: ઉપદેશ કરનાર



પરમાત્મા સાથે આપણો બાળિશ અન્યાય છે. પોતાના અધિકાર મુજબ ગીતાને અનુસરો. પરમાત્માની આજ્ઞા મુજબ ગીતાને અનુસરો.

એક જંગલમાં કોઇક સર્વસાધનહીન માણસ જઇ ચઢ્યો. એણે જોયું કે વાઘ જંગલમાં ઘેંટા બકરી હરણ જેવા બીજા પશુઓને મારીને જેટલું ખાવું હોય તેટલું ખાય અને બાકીનું છોડી જાય. તે વાઘે છોડેલું શિયાળિયા વરૂ વગેરે ખાય. આ જોઇને પેલા માણસે વિચાર્યું "ઓ હો હો, પરમાત્મા કેટલો ઉદાર છે કે જે શિયાળિયો પોતે મારી નથી શકતો તેને પણ વાઘ દ્વારા ખાવાનું આપે છે! પરમાત્માની કૃપાળુતાના શું વર્ણન કરવા! પછી એ તો જંગલમાં જઇને બેસી ગયો કે મને પણ આવી જ રીતે કોઇક આપી જાય તો હું ખાઉં, નહિ તો ન ખાઉં. પેલા શિયાળ-વરૂને ભગવાન્ આપી રહ્યા છે તો મને કેમ નહિ આપે? આમ ચાર-પાંચ દિવસ તે ભૂખ્યો બેસી રહ્યો અને મરવાની અણી પર આવી ગયો. એટલામાં કોઇક સંત ત્યાંથી પસાર થયા અને પૂછ્યું કે તમને શું તકલીફ છે? તો તે માણસે કહ્યું "હું તો પરમાત્મામાં અનન્યનિષ્ઠા કેળવીને બેઠો છું અને મેં સાક્ષાત્ નજરોનજર ભગવાનનું સામર્થ્ય નિહાળ્યું કે ભગવાન્ શિયાળ-વરૂ જેવા પશુઓને વિના પ્રયત્ને ખાવાનું આપે છે. તો હું તો પરમાત્માનો ભક્ત છું તો મને કેમ ભૂખ્યો રાખે છે?" પેલા સંતે કહ્યું "ભાઇ! તે ઉદાહરણનો ખોટો અર્થ લીધો. પરમાત્મા તને સમજાવે છે કે સિંહની જેમ તારે શિકાર કરવો જોઇએ. તે શિયાળનું ઉદાહરણ પોતાની બાબતમાં આદર્શ તરીકે કેમ સ્વીકારી લીધું? તેં તારી જાતને સિંહ સાથે કેમ ન સરખાવી?" "સર્વધર્માન્ પરિત્યજ્ય"માં પણ આપણને બન્ને વસ્તુ પ્રાપ્ત છે: શિયાળપણું અને સિંહપણું. હવે તમને તમારી સરખામણી કોની સાથે કરવી છે તે તો તમારે વિચારી લેવું. જેની સાથે સરખામણી કરશો તે રીતે થશે.

મૂલમાં મુદ્દાની વાત એટલી કે પરમાત્મા છ જાતના સંબંધ બાંધીને માત્ર અર્જુનના રથમાં જ સારથિ નથી; આ આપણાં શરીરના રથમાં પણ તે આપણો સારથિ છે.

**ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ।**
**પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્પુરુષઃ પરઃ॥**

એ પરમાત્મા છ યે છ રીતે આપણી સાથે સંબંધ બાંધવા તૈયાર છે પણ સંબંધ ક્યારે પણ એકલવાયો હોતો નથી. સંબંધ હસ્તમેળાપથી થાય છે. એકલા એક હાથથી ક્યારે પણ હસ્તમેળાપસંબંધ થઈ શકતો નથી. એટલે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે **"કન્યા હિ યથા વરં વૃણીતે"** કન્યા જેવી રીતે વરમાલા પહેરાવીને કોઈક પુરુષને પોતાનો વર બનાવે છે એમ તમને કઈ જાતની શરણાગતિની વરમાલા ભગવાન્‌ને પહેરાવીને કઈ જાતનો પોતાનો વર ભગવાન્‌ને બનાવવો છે? એને ઉપદ્રષ્ટા કે અનુમંતા કે ભર્તા કે ભોક્તા કે મહેશ્વર કે પરમાત્મા બનાવવો છે? જે બનાવવો હોય; અથવા, બધું જ એને બનાવવો છે. જેમ "ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ... ત્વમેવ સર્વં મમ દેવદેવ!" એમ છ યે છ રીતે તું મારો થઈ જા. તો તમારી વિષયાસક્તિ મન બુદ્ધિ અહંકાર ચિત્ત આત્મા કે સકળ આત્મીય સામર્થ્યોને તેને સમર્પિત કરો. મહાપ્રભુજી કહે છે **"ભગવતિ સમર્પિતા સર્વા સામગ્રી ભગવદીયા."** આમ તેની સાથે ષડ્વિધ સંબંધોમાટે ષડ્વિધા શરણાગતિ અપેક્ષિત હોય છે—

**અનુકૂલસ્ય સંકલ્પઃ પ્રતિકૂલવિસર્જનમ્।**
**રક્ષિષ્યતીતિ વિશ્વાસો ભોક્તૃત્વે વરણં તથા।**
**આત્મનૈવેદ્ય-કાર્પણ્યે ષડ્વિધા શરણાગતિઃ॥**

એને જો તમારે ઉપદ્રષ્ટા બનાવવો હોય તો એને અનુકૂળ



હું બધા સંકલ્પ કરીશ એવી જાતની શરણાગતિ તમારે તેની સામે લેવી પડશે. પછી તો એ તમારો ઉપદ્રષ્ટા થઈ જશે. એને માફક ન આવતું હોય તે જાતનું કોઈપણ કાર્ય હું નહિ કરું, એવી જાતની શરણાગતિ તમે પરમાત્માની લેશો તો તે તમારો અનુમંતા થશે. એ મારી રક્ષા કરશે જ એવો દ્રઢતર વિશ્વાસ લઈને તમારે ચાલવું પડશે તો એના ભર્તાપણાનો ભાસ તમને થશે. જો એનું તમે ભોક્તા તરીકે વરણ કરશો તો એ તમારો ભોક્તા બનશે. એનું તમે ભોક્તા તરીકે વરણ નહિ કરો તો એ તમારો ભોક્તા નહિ થાય. એ મહેશ્વર સામે તમારે કાર્પણ્ય = દૈન્ય રાખવું પડશે. એ પરમાત્મા સામે તમારે આત્મસમર્પણ કે આત્મનિવેદન કરવું પડશે. એટલે જે છ જાતના સંબંધો આપણા પુરુષોત્તમ સાથે છે, એ છ યે છ સંબંધોમાં પોતાને ભગવાન્ સાથે બાંધવાની તૈયારી હોય તો ષડ્વિધા શરણાગતિ સ્વીકારવી જોઈએ.

જો છ યે છ પ્રકારની શરણાગતિ તમને માફક ન આવતી હોય તો તમને પોષાય તેવું ઓછામાં ઓછું એક ડગલું તો પરમાત્માની દિશામાં ભરો. બીજું ડગલું પરમાત્મા તમારી પાસે દોડીને આવીને ભરવા તૈયાર થઈ જશે. તમને પણ તે તમારા ભીતરથી જ ગીતાનો ઉપદેશ આપવો શરૂ કરી દેશે. એ સારથિ થઈને તમને દિશાનો બોધ આપશે કે હવે કઈ દિશા તરફ તમારે આગળ વધવું યોગ્ય છે? તે કહશે કે ચાલ, તારી કાયા કે માનસ, જેના કહે તેના, રથ હાંકવા હું તૈયાર છું.

પૂર્વાધ્યાયના વચનના આધારે આપણે આ એક વાત સમજવાનો પ્રયાસ કર્યો. આ દેહમાં પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ રૂપી ફક્ત પંચમહાભૂતો જ નથી. પંચ તન્માત્રાઓ, એટલે રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ પણ છે. તે તન્માત્રાઓને ગ્રહણ કરનારી આંખ જીભ નાક ત્વચા કે કાન રૂપી પંચ જ્ઞાનેન્દ્રિયો

પણ છે, હાથ પગ વાણી વિ. પંચ કર્મેન્દ્રિયો પણ છે. આ બધી દશે ય દશ ઇન્દ્રિયોને આપણે બાહ્યકરણ માનીએ. એટલે એવું સાધન કે જેને કારણે આપણને બાહ્ય જગતનાં જે રૂપ-રંગો વગેરે છે તેમને ગ્રહણ કરી શકીએ છીએ. બાહ્ય જગત છે તેમાં જે પંચ કર્મેન્દ્રિયો છે તે થકી આપણે કોઇક-કોઇક ક્રિયાઓ કરવા પણ સમર્થ છીએ, જેમ કે ચાલવાની, પકડવાની વગેરે-વગેરે. તો કર્મેન્દ્રિયોથી કર્મ કરી શકીએ છીએ અને જ્ઞાનેન્દ્રિયોથી જ્ઞાન મેળવી શકીએ છીએ. આં શરીરમાં પણ આ બાહ્ય કરણો જ છે એવું નથી, તે સિવાય કાંઇક અંતઃકરણ જેવું પણ છે. અંતઃકરણ એટલે મન, બુધ્ધિ, અહંકાર અને ચિત્ત. આ બાબતનું વિવેચન આપે સાંભળી લીધું. આ શરીરમાં તેવી જ રીતે પ્રાણાપાનાદિ પંચવાયુઓ પણ છે. અને તે બધાની ભીતર એક જીવાત્મા પણ છે, જે પરમાત્માનો ચિદંશ છે. આ જીવાત્માની વાત સાથે બધી વાત પૂર્ણ થઇ જતી નથી. તે જીવાત્માની ભીતર પુરુષોત્તમરૂપે પણ આપણી ભીતર બિરાજમાન છે. જેની સાથે આપણે તેને ઉપદ્રષ્ટા, અનુમંતા, ભર્તા, ભોક્તા, મહેશ્વર અને પરમાત્મા તરીકે અનુભવવાનો સંબંધ પણ કેળવી શકીએ છીએ. તેને માટે **"અનુકૂલસ્ય સંકલ્પઃ પ્રતિકૂલવિસર્જનં રક્ષિષ્યતીતિ વિશ્વાસો ભોક્તૃત્વે વરણં તથા આત્મનૈવેદ્યકાર્પણ્યે"** એ છ પ્રકારની શરણાગતિમાંથી કોઇ એક, બે, ત્રણ, ચાર, પાંચ કે છ યે છ પ્રકારની શરણાગતિ તે પુરુષોત્તમને અનુલક્ષીને કેળવીએ તો તે-તે પ્રકારના સંબંધો આપણા ભગવાન્ સાથે જોડાય.



## ॥ પુરુષોત્તમને સમજવા સમર્થ બુદ્ધિ ॥

**પુરુષોત્તમની ધારણાને ધારણ કરવા સમર્થ અને અસમર્થ બુદ્ધિના બે પ્રકારો :**

હવે આપણે આગળ વાત વધારીએ. પરમાત્મા પ્રત્યેની આપણી છ પ્રકારની શરણાગતિનો આપણે જે વિચાર કર્યો તેની સાથોસાથ આપણે એક ઓર મુદ્દો લક્ષ્યમાં લેવાનો રહે છે. જોકે તે આ પંદરમા અધ્યાયનો એ વિષય નથી પણ એ બહુ પાયાનો મુદ્દો છે, એટલે એ મુદ્દાને આપણે થોડો સમજવો પડશે. પુરુષોત્તમયોગની વિવેચનાથી, અન્તે તો, સાચા પુરુષોત્તમનું જ્ઞાન મેળવવાનું છે, તેથી કેવા પ્રકારની બુદ્ધિ આપણી ભીતર હોય તો આપણને પુરુષોત્તમનું સાચું જ્ઞાન મળી શકે એ થોડીક પાયાની વાત છે. તો એને પણ સમજવાનો આપણે થોડો પ્રયત્ન ચોકક્સ કરવો જ પડશે. એ વાત અઢારમા અધ્યાયમાં કહેવામાં આવી છે :

સર્વભૂતેષુ યેનૈકં ભાવમ્ અવ્યયમ્ ઈક્ષતે।
અવિભક્તં વિભક્તેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્॥
પૃથક્ત્વેન તુ યજ્જ્ઞાનં નાનાભાવાન્ પૃથગ્વિધાન્।
વેત્તિ સર્વેષુ ભૂતેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ રાજસમ્॥
યત્તુ કૃત્સ્નવદેકસ્મિન્ કાર્યે સક્તમ્ અહેતુકમ્।
અતત્ત્વાર્થવદ્ અલ્પં ચ તત્તામસમ્ ઉદાહૃતમ્॥

આ જે શ્લોકો કહ્યા તેમાં ત્રણ પ્રકારના જ્ઞાનની વાત કરવામાં આવી છે: ૧.સાત્ત્વિકજ્ઞાન, ૨.રાજસજ્ઞાન અને ૩.તામસજ્ઞાન. કોઇ જ્ઞાન સાત્ત્વિક, રાજસ કે તામસ કેવી રીતે થાય એની કસોટી આ વાતની ચકાસણીથકી થાય છે કે આપણને અનુભવાતાં ઉત્પત્તિ-નાશવાન્ પદાર્થોની ઉત્પત્તિ-નાશરહિત અગમ બ્રહ્મ સાથે ૧.એકતા અનુભવાઇ

રહી છે કે ૨.અનેકતા ?

જ્ઞાનના એક પ્રકારને ભગવાન્ 'રાજસ' કહે છે. એટલે અસ્થિર કે ચંચલ પ્રકારનું જ્ઞાન રાજસ હોય છે, જુઓ બહુ કફોડી સ્થિતિ થઈ ગઈ ક્યાંક બિચારો કોઈ સ્થિર થવા જાય તો ભગવાન્ કહે કે તામસ થઈ ગયો! ચંચલ થવા જાય તો કહે કે રાજસ થઈ ગયો! તો પછી પ્રશ્ન ઊભો થાય જ કે કઈ જાતના જ્ઞાનને 'સાત્ત્વિકજ્ઞાન' કહેવું.

**કેવળ ઈન્દ્રિયો થકી થતાં જ્ઞાનોના આધારે પુરુષોત્તમ ન સમજાય :**

પહેલાં કરેલી વાતના સંદર્ભમાં આપણે જોઈશું તો સરખી રીતે સમજમાં આવશે કે આંખ રૂપને જ જુએ છે, શબ્દને સમજતી નથી. કાન શબ્દ કે ધ્વનિ ને જ સાંભળે છે, રૂપને જોઈ શકતા નથી. જીભ સ્વાદને જ સમજી શકે છે રૂપને કે ધ્વનિને સમજી શકતી નથી. ત્વચા સ્પર્શને જ સમજી શકે છે, રૂપ કે ગંધ ને સમજી શકતી નથી. આપણે કોઈ વસ્તુને હાથ લગાડીને સુગંધ કે દુર્ગંધનો ખ્યાલ મેળવી શકતા નથી. તો પંચ જ્ઞાનેન્દ્રિયોના સ્વભાવ કે સ્વરૂપ ઉપર જો આપણે દૃષ્ટિ કરીશું તો ખ્યાલ આવશે કે **"યત્તુ કૃત્સ્નવદ્ એકસ્મિન્ કાર્યે સક્તમ્ અહૈતુકમ્ અતત્ત્વાર્થવદ્ અલ્પં ચ તત્ તામસમ્ ઉદાહૃતમ્."** આ જે તામસજ્ઞાનનું લક્ષણ છે કે વસ્તુના કોઈ એક પાસાને વળગી જાય, બીજું કશું એની સમજમાં જ ન આવે.

હવે મારો એક પ્રિય વિષય છે, એના વિશે કહ્યા વિના મને ચાલતું જ નથી, કે જેમ ભેંસ એ એવી પ્રાણી હોય છે કે ઊંધું ઘાલીને ચાલે ત્યારે પાછળથી હોર્ન વાગતો હોય કે ગમે તે આવતું હોય, એને ડોક પાછી વાળીને જોવાની ઈચ્છા થતી નથી. એનું નામ 'તામસ' કે ચાલ્યા તે ચાલ્યા! આપણી બધી



ઈન્દ્રિયો ભેંસ જેવી હોય છે કે જે વિષયમાં એ ગઈ તેમાં જ વળગી રહે. એ શિવાય આગળ-પાછળ ઈન્દ્રિયોને કાંઈ જ સમજ ન પડે.

**કેવળ મનથી થતાં જ્ઞાનોના આધારે પણ પુરુષોત્તમ ન સમજાય :**

જોકે મન એવું નથી હોતું તે તો પુષ્કળ ચંચલ હોય છે. એક પ્રયોગ કરીને જુવો. કોઈક એક વિષયને આંખથી સતત જોવાનું શરૂ કરો. થોડીક વાર તો જોતા હશો, ત્યારે મન એ વિષયમાં પરોવાયેલું રહેશે, ત્રણ ચાર કે પાંચ મિનિટ થઈ ત્યાં તો મન ક્યાંય ને ક્યાંય રવાના થઈ જ ગયું હશે. આંખ જ્યાં હશે તેને જોતી રહી જશે અને મન બીજે કશે જતું રહેશે. મન રાજસજ્ઞાન જેવું છે. એકમાં બંધાઈને રહેવાનું તેને ગમતું નથી. બંધાઈને રહી જાય તેનું નામ મન નહિ. આ યોગસાધનાની વાત હું નથી કરી રહ્યો હોં. આ તો આપણી ભીતર જે ચંચળતા છે કે ઘડીકમાં એક વસ્તુને જાણું, ઘડીકમાં બીજી વસ્તુને, આવી ચંચળતા જો જરા પણ ખતમ થાય તો મન પોતે જ મરી જાય. મૂલતઃ મનના ઘડતરમાં **"તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરં"** એ જાતનો ચંચલ રાજસભાવ રહેલો છે. ઈન્દ્રિયોના ઘડતરમાં એવો કોઈક તામસભાવ રહેલો છે કે "યત્તુ કૃત્સ્નવદ્ એકસ્મિન્..." એટલે કે એક-એક ઈન્દ્રિય એક-એક વિષયને કૃત્સ્ન માનીને વળગી રહેતી હોય છે. કાનને ધ્વનિ મળ્યો એટલે બસ, આંખને રૂપ મળ્યુ એટલે સંતોષ. બાકીની પંચાત એને ન હોય. પણ મનને કોઈ દિવસ એવો સંતોષ થતો નથી. આંખથી જોવા જતાં એને સાંભળવાની ઈચ્છા થઈ જશે. આપણે હમણાં ભગવદ્ગીતા સાંભળતા હોઈએ અને થોડોક અઘરો વિષય આવે તો ઘરમાં શું ચાલી રહ્યું છે, ક્રિકેટમાં કોણ જીત્યું હશે એવા ઘણા બધા વિચારો આવવા મંડે. જ્યારે ક્રિકેટ તો જ્યાં ચાલી રહી છે ત્યાં જ ચાલતી હોય અહિયાં જુનાગઢમાં નહિ! તો એવું શા કારણે થાય? એ કાનના કારણે તો નથી

થતું. કાન પાસે ક્રિકેટ નથી સંભળાતી પણ અહીં તો શ્યામુબાવાના બોલ સંભળાય, બૉલિંગ ન સંભળાય; પણ પેલું મન તો બોલના ઠેકાણે 'બૉલ'ને સાંભળવા મંડે! એવું મનનું માહાત્મ્ય, કાનનું માહાત્મ્ય નહિ! મન એવું છે કે ઈન્દ્રિયોને તે-તે વિષયો સાથે પરણાવીને ગૌર મહારાજની માફક બીજે કશે જતું રહે. વધારે વાર ટકવું તે કામ મનનું નહિ! મન થકી જે કાર્ય સિદ્ધ થાય તે રાજસજ્ઞાનનું જે પ્રભુએ લક્ષણ આપ્યું તેવું જ હોય છે. જૂના કુરુક્ષેત્રની વાત હું નથી કરતો કેમકે તે કુરુક્ષેત્રમાં તો જે મહાભારત ચાલ્યું તે ક્યારનું પતી પણ ગયું. આ મનના કુરુક્ષેત્રમાં જે મહાભારત સતત ચાલતું રહે છે તે ક્યારેય ખતમ થતું નથી. અહિયાં પણ આપણે જો એ પરમેશ્વરને સારથિ ન બનાવીએ તો આપણો સત્યાનાશ થયા વિના રહે નહિ. કેમકે આ મનોરથને અર્જુન હાંકી શકતો નથી.

**<u>ફક્ત અહંકારને કારણે પ્રકટ થતાં જ્ઞાનમાં પણ પુરુષોત્તમનુ ભાન થવું અઘરું:</u>**

હવે જુઓ અહંકાર આવે છે. આ અહંકારની એક ખાસિયત આ છે કે જે કાંઈ પણ તમને જ્ઞાન થતું હશે, મનથી આંખથી કે કાનથી તેવું બધું જ્ઞાન, અહંકારમાં ફરી પાછું **"યત્તુ કૃત્સ્નવદ્ એકસ્મિન્ કાર્યે સક્તમ્ અહેતુકમ્ અતત્ત્વાર્થવદ્ અલ્પં ચ"** નો સ્વભાવ પ્રાપ્ત કરી લેતું હોય છે. દેખાય કે સંભળાય છે, આંખ કે કાન ના કારણે, કાંઇ અહંકારના કારણે નહિ. છતાંય આંખથી કોણ જુએ છે કે કાનથી કોણ સાંભળે છે? તેનો જવાબ અહંકાર આપશે: હું! દરેક વાતમાં 'હું' એવો પરોવાઈ જાય છે કે જાણે હું હું ન હોઈ બ્રહ્મ જ ના હોય! આમ તો આપણો અહં એક મિની બ્રહ્મ છે જ. બ્રહ્મના ઘણા બધા લક્ષણ 'હું' માં ઘટિત થાય. અંતર ખાલી એક જ કે આ લક્ષણો ઘટિત થાય પણ તેની સાથે ટકે નહિ. પરં બ્રહ્મમાં આ લક્ષણો ઘટિત થાય



છે સાથોસાથ ટકે પણ છે. અહંકારમાં ઘટિત થઇ જાય પણ ટકે નહિ. જેમ પરં બ્રહ્મ કર્તું-અકર્તું-અન્યથાકર્તું સમર્થ હોય છે; એટલે કાંઇ કરવા માટે, નહિ કરવા માટે અને કોઈક જુદી જ રીતે પણ કોઈ કામ કરવા માટે પરમેશ્વર સમર્થ હોય છે. એ બધું સામર્થ્ય તમારા અહંકારમાં પણ છે. તમે તમારા અહંકારથી નિર્ણય કરો કે તમારે જોવું છે તો જોઇ શકશો, નથી જોવું તો તમે આંખો મીંચી શકો છો; કોઇ વસ્તુને આગળથી નહિ પાછળથી જોવું છે તો તેમ પણ કરી શકો છો. તો આ રીતે આપણો અહંકાર બધી ઈન્દ્રિયો ઉપર એક કન્ટ્રોલિંગ ફેક્ટરની માફક છે. તેથી ભગવાન્‌ની માફક ઈશ્વર પણ છે. એટલે કોઇકના દુર્વચન કે દુર્વ્યવહાર નું માઠું પણ લાગતું હોય તો ઈન્દ્રિયોને નહિ, ફક્ત અહંકારને જ. આપણી આંખ તરફ કોઇક કાંકરી ફેંકે તો આંખ જેવી ઈન્દ્રિયોને દુઃખાવો થાય પણ તેમને માઠું નથી લાગતું. માઠું જે લાગે છે તે તો અહંકારને જ. તો એ અહંકારમાં ઐશ્વર્યના ઘણા બધા ગુણો રહેલા છે. મિની બ્રહ્મ હોવાને કારણે ટકતા નથી એ એની જુદી કથા છે. તેથી સાચા પુરુષોત્તમને સમજવાનો પ્રયાસ આપણે કરીએ તો દુન્યવી પુરુષોત્તમોને ઘણી બીક લાગવા મંડે કે અમારા સેવકોને શ્યામમનોહરજી બહિર્મુખ બનાવે છે. કેમકે દુન્યવી પુરુષોત્તમોનો અહંકાર સાચા પુરુષોત્તમની સાચી સમજમાં કનગડગત ઊભી કરતો હોય છે. આવી કનડગત પૂ.પા.પુરુષોત્તમોને જ સતાવે છે એવું નથી પરન્તુ જાહેર મન્દિરોમાં રેડીમેઇડ ભગવત્સેવા ખરીદવાના શોખીન ઘણા બધા પ.ભ.વૈષ્ણવોને પણ સતાવતી હોય છે. તેથી અહંકાર અહિયાં ઉપયોગી થતો નથી.

**<u>પુરુષોત્તમની સાચી સમજ કેળવવા માટે બુદ્ધિ ઉપયોગી હોય છે:</u>**

ચિત્ત તો જુદી અવસ્થાનો વિષય છે, જેને હમણાં આપણે નહીં લઈએ. કારણ કે આ ચર્ચામાં ચિત્તનો ઉપયોગ બહુ નહિ

થાય. બુધ્ધિને જો આપણે પકડીએ તો આ ચર્ચાની ઘણી બધી વાત સમજમાં આવી જશે. આંખથી જે પ્રત્યક્ષમાં દેખાઈ રહ્યું છે, મનથી જે દેખાતી વસ્તુની બાબતમાં આપણે સંકલ્પ-વિકલ્પ કરી શકીએ છીએ, તે બધાનું અહંકારમાં ફરીથી આપણે એકત્વાનુગમ કરી શકીએ. તે છતાંય જો થોડી બુધ્ધિ આપણે વાપરીએ તો આપણને એ સમજ પડે કે જે... દા.ત. એક ચોપડી હું તમારી સામે મુકૂં તો આંખની સામે ચોપડીનો જે ભાગ હશે તે જ તમને દેખાશે, બીજો ભાગ તો નહિ દેખાય. મન તો સંકલ્પ-વિકલ્પ કરશે કે આ ચોપડીની બીજી બાજું તમને દેખાતી બાજું જેવી જ હશે કે જુદી જાતની. આથી વધારે કાંઈ કામ મન કરી શકે નહિ. એક વખત જોશે અને પછી મનમાં સંકલ્પ થાય કે આને ફરીથી જોવું છે તો જોઇ શકશો. વિકલ્પ થાય કે આની પાછળ આ કેવી હશે? તો એ ઈચ્છા મન પૂરી ન પાડી શકે. અહંકારને કારણે તમને સમજમાં આવી શકે કે આગળથી ચોપડીનો ભાગ કેવો છે તે તમે જાણો છો.

પણ પાછળથી? જેવું લાલ પૂઠું અહીંયા છે તેવું જ લાલ પૂઠું પાછળ પણ છે કે નહિ તે આંખથી દેખાતું નથી, મન કે અહંકાર થી પણ સમજમાં આવતું નથી. જો તમે એમ કહો કે તમે સમજો છો તો તે સમજ માટે તમે તમારી બુધ્ધિ વાપરી જ હશે. કેમકે જ્યારે એ ચોપડી ઉપર ચઢેલું પૂઠું આગળની તરફ લાલ રંગનું છે તો સામાન્યબુધ્ધિથી આપણે સમજી શકીએ કે પાછળની તરફ પણ લાલ રંગ જ હશે. એ આંખે ન સમજાવ્યું, એ મને ન સમજાવ્યું પણ એ બુધ્ધિએ સમજાવ્યું. તો વસ્તુનો જે ભાગ દેખાતો હતો તે અને જે ભાગ નહોતો દેખાતો તે ભાગ ઈન્દ્રિય કે મન થી જોતાં ભિન્ન લાગશે. કેમકે જે ભાગ દેખાય છે તેને તમે જાણી શકો પરન્તુ જે ભાગ નથી દેખાતો એને તમે ન જાણી શકો.



એક વખત નાના બાળકોને એક મનોવૈજ્ઞાનિકે પૂછ્યું કે "જંગલમાં પાંચ પક્ષીઓ હતા. ત્યાં કોકે બંદૂકથી ધડાકો કર્યો તો પાંચમાંથી ત્રણ ઊડી ગયા તો કેટલા પક્ષીઓ બાકી રહે?" બાળકોએ જવાબ આપ્યો કે "જંગલના પક્ષી અમે જોયા નથી તેથી અમને શું ખબર? અમને તે પક્ષીઓ દેખાડો તો અમે કહી શકીએ."

હવે નાના માસૂમ બાળકો આ પ્રશ્નનો જવાબ ન આપી શક્યા કારણ કે એમણે બુધ્ધિનો પૂરેપૂરો ઉપયોગ કરવાનું શીખ્યું ન્હોતું. એટલે ન દેખાતી વસ્તુને તમે પરોક્ષ રીતે સમજી કે જાણી શકો છો એ સમજ બુધ્ધિના વિકાસ સાથે જ આવતી હોય છે.

આ પ્રશ્ન આપણને હસવાનો લાગે કારણ કે આપણે બુધ્ધિ વાપરી રહ્યા છીએ. બાકી તો જગતમાં એવી ઘણી બધી વસ્તુઓ છે કે જે બાબતોમાં આપણે બાળકોની માફક જ દલીલ કરતા હોઈએ છીએ કે "એ અમને કેવી રીતે ખબર પડે કે આ આવું છે?" અરે ભાઈ! આ આગળની તરફ એવું છે તો પાછળની તરફ એવું જ હોય ને! અને પાંચ પક્ષીમાંથી ત્રણ ઊડી ગયા તો બે જ પક્ષી બચે ને! એમાં કાંઈ જંગલમાં જઇને પક્ષીઓને જોવાની જરૂર નથી. પણ નાના બાળકને ન સમજમાં આવે. કારણ કે એમાં એ બુધ્ધિનો સરખેસરખો પ્રયોગ નથી કરી શકતો, સંખ્યા વગેરે સંબંધોને ગ્રહણ કરવામાં હજી માત્ર બુધ્ધિને તૈયાર કરતો હોય છે તેથી. પણ આંખથી એ બધું જોઇ શકતો હોય છે તેથી જોઇને કહી શકીશ એમ માની લે છે. આવી જ રીતે કેટલીક ગંભીર બાબતોમાં આપણે પણ બાળક જેવું જ કરતા હોઈએ છીએ. જેમ હમણાં એક ભાઈએ મને કહ્યું કે "**સિધ્ધાન્તવચનાવલી** માં જે વચનો આપે ટાંક્યાં છે એ વચનો સાચા છે કે ખોટા છે અથવા તો એનો અનુવાદ સાચો છે કે ખોટો એ પછી નક્કી કરીશું. તેનાં પહેલા વિવાદાસ્પદ મુદ્દાને સ્પર્શતા આ વચનો જ

મુખ્ય વચનો કે આ ગૌણ વચનો છે, એનો નિર્ણય આપણે કેવી રીતે કરી શકીએ?'' એટલે જ્યાં આપણને ખબર ન હોય ત્યાં આપણે પણ બાળક જેવો જ વ્યવહાર કરીએ છીએ. શામાટે આપણને ખ્યાલ નથી કે વચન ગૌણ છે કે મુખ્ય છે? એ તો ગ્રન્થો જોઈએ તો જ ખ્યાલ આવે ને! સાચી વાત છે. ફક્ત આ ભાઈ નહિ હોં! **ગોસ્વામી બાલક** પણ આમ કહે છે, અમારામાંનાં. એમ તો અમે બધા અન્તે તો બાલકો જ ને! ચાર-પાંચ સંતતીના પિતા થયા તો પણ મહાપ્રભુજીના વચનો જોઈ રાખવાની ફુરસદ ન મળી હોય તો આને કેવી બાલલીલા સમજવી! જોયા જ નથી વચનો કે ક્યાંથી લીધા અને ક્યાંથી લઈને **સિધ્ધાન્તવચનાવલીમાં** મૂકવામાં આવ્યા છે! અમને શું ખબર પડે કે ત્યાં એ કયા અર્થમાં વચન હતા. જે અભિપ્રાય સાથે ટાંકવામાં આવ્યા છે એ અર્થ ગૌણ છે કે મુખ્ય? લ્યો ત્યારે પતી ગઈ વાત. ત્રણ પક્ષી ઊડી ગયા અને કેટલા બચ્યા એ તો જોઈએ તો ખબર પડે ને! જોયા વિના કેવી રીતે ખબર પડે? એ તો સમજવાની વાત છે કે જો '૩+૨=૫' એ પાંચ સંખ્યાના ગુણધર્મોની વાસ્તવિકતા સમજમાં આવતી હોય તો જોયા વિના પણ વાત સમજમાં આવી જાય. અને જો પાંચની જ વાત સમજમાં ન આવતી હોય તો જોયા પછી પણ આપણને સમજમાં નહિ આવે. એટલે આ અમારા **પૂ.પા.ગો.બાલકોની** વાત થઈ રહી છે, નાના બાળકની નહિ. આ તો **''એંહી વરહનો ડોહો તોય બાળક''** એવી વાત છે!

**પુરુષોત્તમને સમજી શકવાની લાયકાત સાત્ત્વિકજ્ઞાનવાળી બુદ્ધિમાં જ સંભવે:**

તો બુધ્ધિના પ્રયોગથી જ અમુક વાત સમજમાં આવતી હોય છે. ઈન્દ્રિયના પ્રયોગથી કે મનના પ્રયોગથી કે અહંકારના પ્રયોગથી ઘણી બધી વાતો સમજમાં નથી આવતી. આપણા અંતઃકરણનું ઘડતર જ એવી જાતનું છે. તેથી સાત્ત્વિક જ્ઞાનની પરિભાષામાં



ભગવાને જે વાત કહી છે કે **''અવિભક્તં વિભક્તેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્''** જે વિભક્ત વસ્તુઓ દેખાઈ રહી છે, તેમાં એક અવિભક્ત વસ્તુને તમે સમજી શકતા હો તો, તમને સાત્ત્વિક જ્ઞાન થયું કહેવાય. જેમ આપણે જૂનાગઢની હવેલીમાં બેઠા છીએ તો જૂનાગઢમાં છીએ કે નહિ? આ વાત હવે કોઈ બાળકને પૂછીએ તો તેની સમજમાં કદાચ નહિ આવે પરંતુ જો આપણે બુધ્ધિ વાપરીને આ પ્રશ્નનો ઉત્તર મેળવીએ તો સમજાશે કે જૂનાગઢની હવેલી એ જૂનાગઢ ગામમાં તો આવેલી જ છે ને! તો જે વ્યક્તિ જૂનાગઢની હવેલીમાં છે તે જૂનાગઢમાં તો છે જ. આ હકીકત ભલે દેખાતી ન હોય પણ બુદ્ધિ વાપરીને સમજી શકાય છે. **''હમણાં જૂનાગઢ નથી દેખાતો ફક્ત જૂનાગઢની હવેલી દેખાય છે. એટલે એ પ્રશ્ન વિચારણીય છે. તેથી 'હવેલીમા જેઓ બેઠા છે તેઓ જૂનાગઢમાં પણ બેઠા છે' એ વિધાન ઉપર કરો અન્ડરલાઈન!. એની ઉપપત્તિ પાછળથી તટસ્થ મધ્યસ્થની સામે આપી દઈશ''** —જે બાળક હોય તે તો આવું જ કહે! પણ એમાં બુધ્ધિ પ્રયોગ કરે તો જ સમજમાં આવી શકે કે જે હવેલી જૂનાગઢમાં તે હવેલીમાં જો આપણે હોઈએ તો જૂનાગઢમાં પણ આપણે છીએ જ. એટલે હવેલીના વિભાગમાં અવિભક્ત જૂનાગઢને જે જોઈ શકે છે તેની સમજ સાત્ત્વિકજ્ઞાન હોવાનો સ્વભાવ ધરાવે છે.

**તેમાં પ્રકટ થયેલાં નામરૂપોના વિભાગોમાં તે પુરુષોત્તમને સમજી શકવાની લાયકાત તામસજ્ઞાનવાળી બુદ્ધિમાં ન જ સંભવે:**

'વિભક્ત' એટલે વિભાગ. સમજો કે જૂનાગઢમાં જૂનાગઢની હવેલી એ એનો એક ભાગ છે. તેમ જ હવેલીનો ચોક એ હવેલીનો એક ભાગ છે. હવે કોઈ એમ કહે કે શ્યામમનોહરજી હવેલીના ચોકમાં પ્રવચન કરી રહ્યા છે પણ એ હવેલીમાં કરી રહ્યા છે કે નહિ એ કહી શકાય એમ નથી. કારણ કે હવેલીના દરેકેદરેક રૂમમાં તો એ પ્રવચન નથી કરી રહ્યા ને! કોઈ આવી દલીલ

કરે તેનું કારણ એજ કે એને અવિભક્તનું જ્ઞાન નથી, વિભક્તનું જ જ્ઞાન છે. ચોક એ હવેલીનો જ એક ભાગ છે તેથી જે ચોકમાં છે તે હવેલીમાં તો છે જ ને! કારણ કે આ અવિભક્તનો એક વિભાગ છે.

**યત્તુ કૃત્સ્નવદ્ એકસ્મિન્ કાર્યે સક્તમ્ અહેતુકમ્।**
**અતત્ત્વાર્થવદ્ અલ્પં ચ તત્ તામસમ્ ઉદાહૃતમ્॥**

જે અલ્પને જ જાણવામાં અટવાઈ જાય, સમગ્રતાને જાણી શકે નહિ તે તામસજ્ઞાન. એક વાત સમજો કે પુરુષોત્તમે પોતે પોતાની સત્તા અને ચેતના માં આ જડ-જીવો ના વિભાગો ઉત્પન્ન કર્યા. જેમકે —

**ભૂમિરાપોનલોવાયુઃ ખં મનો બુધ્ધિરેવ ચ।**
**અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા।**
**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિધ્ધિ મે પરામ્।**
**જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગત્॥**

સત્-ચિત્-આનંદાત્મક પુરુષોત્તમે પોતાના બે વિભાગ કર્યા. પોતાના સદંશમાં તેણે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન બુધ્ધિ અહંકાર વગેરે વિભાગ ઉત્પન્ન કર્યા. પોતાના ચિદંશમાં તેણે અનેકવિધ જીવોના વિભાગ પ્રકટ કર્યા. આ જડ અને જીવ ના વિભાગો પોતાનામાં ઉત્પન્ન કર્યા પહેલાં પુરુષોત્તમે પોતાનામાં કોઈક વિભાગ ઉત્પન્ન કર્યો છે. અને તે વિભાગ છે પ્રકૃતિ અને પુરુષ નો. પ્રકૃતિ અને પુરુષ રૂપી વિભાગોમાં આ બધા નાના-નાના વિભાગો ઉત્પન્ન થયા અને તે પ્રકૃતિ અને પુરુષ રૂપી વિભાગો પુરુષોત્તમે પોતાના જે ભાગમાં ઉત્પન્ન કર્યા તે ભાગને આપણે ત્યાં 'અક્ષરબ્રહ્મ' કહેવામાં આવે છે. એટલે પુરુષોત્તમે પોતાનામાં એક વિભાગ એવો ઉત્પન્ન કર્યો



કે એકમાં પોતે પુરુષોત્તમ જ રહ્યો બીજામાં તે અક્ષરબ્રહ્મ બની ગયો. એ અક્ષરબ્રહ્મના પેટાવિભાગમાં આખું જડ-જીવાત્મક ક્ષર જગત્ આવી જાય. જો કે જીવ પોતાની જાતે ક્ષર નથી પરંતુ ક્ષરાભિમાની હોવાથી તેને 'ક્ષરપુરુષ' કહેવામાં આવે છે. એટલે જીવ મરતો નથી પણ જીવ જેને પોતાનું સ્વરૂપ માની બેસે છે તે સ્વરૂપે તે વારંવાર જન્મતો અને મરતો રહે છે. તેથી જીવને પણ 'ક્ષરપુરુષ' કહેવામાં આવે છે, આવું કોઈકનું કહેવું છે. બીજા કેટલાકનું કહેવું એમ છે કે જીવ અક્ષરનો અંશ છે એટલે એને પુરુષનો અંશ માનો. વ્યાખ્યાનોના ભેદથી આપણે આવો ભેદ સમજી લેવો. વિસ્તારમાં જવાની હમણાં આવશ્યકતા નથી.

આ ક્ષર-અક્ષરના વિભાગમાં અવિભક્ત એક પુરુષોત્તમને જે કોઈ જોઈ-સમજી શકે એનું જ્ઞાન સાત્ત્વિક. જેનું જ્ઞાન ફક્ત ક્ષરને અથવા ફક્ત અક્ષરને જ જુએ છે, પુરુષોત્તમને સમગ્રતાથી નથી જોતું તેનું જ્ઞાન તામસજ્ઞાન. માટે પુરુષોત્તમની એક અવિભક્તતામાં ક્ષર અને અક્ષર એવા બે વિભાગો સમજવાના છે. જડ એ ચેતન નથી અને ચેતન એ જડ નથી પરંતુ આ બન્ને પુરુષોત્તમે પ્રકટ કરેલી બે પોતાની પ્રકૃતિઓ છે. તે પુરુષોત્તમ કહે છે કે **ભૂમિરાપોનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ અહંકાર ઈતીયં મે પ્રકૃતિઃ''** અર્થાત્ આ તો મારી પ્રકૃતિ છે એટલે હું આ રૂપે વિલસી રહ્યો છું. અને **''અપરા ઈયમ્ ઈતસ્તુ અન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરાં જીવભૂતાં''** અર્થાત્ મારી પરા પ્રકૃતિરૂપે હું ચેતન બની વિલસી રહ્યો છું. તેથી બન્ને જ પુરુષોત્તમની પ્રકૃતિઓ છે.

અહીંયા કોઈકના મનમાં એવી શંકા ઉઠે કે જડ અને ચેતન બન્ને પુરુષોત્તમની પ્રકૃતિ કેમ હોઈ શકે? કારણ કે જડ હોય તે ચેતન ન હોય, ચેતન હોય તે જડ ન હોય. તો બન્ને જડ-ચેતન તો પુરુષોત્તમ હોઈ શકતા નથી. તેથી ભગવાને આગળ કહેલી વાતમાં

વિરોધાભાસ આવી રહ્યો છે! સાત્ત્વિકજ્ઞાનયુક્ત બુદ્ધિમાં ભગવદ્ગીતામાં આવા વિરોધાભાસને અવકાશ મળતો નથી. કારણ કે ભગવદ્ગીતામાં જ ભગવાન્ પોતે કહે છે કે "આ બન્ને મારી જ પ્રકૃતિઓ છે" પ્રકૃતિ એટલે ભગવાનનો સ્વભાવ. આ પુરુષોત્તમની પ્રકૃતિઓ છે એટલે બન્ને રૂપો પુરુષોત્તમે ધારણ કર્યા છે. તેથી ઉપનિષદ્ એમ કહે છે:

**સો અકામયત 'બહુસ્યાં પ્રજાયેય' ઈતિ. સ...**
**ઈદં સર્વમ્ અસૃજત. યદિદં કિંચ તત્ સૃષ્ટ્વા તદેવ**
**અનુપ્રાવિશત્. તદ્ અનુપ્રવિશ્ય સત્ ચ ત્યચ્ચ અભવત્,**
**નિરુક્તં ચ અનિરુક્તં ચ, નિલયનં ચ અનિલયનં**
**ચ, વિજ્ઞાનં ચ અવિજ્ઞાનં ચ.**

અર્થાત્ તેણે કામના કરી કે તે ઘણા બધાં રૂપો ધારણ કરે. તેણે પોતે આ બધું પ્રકટ કર્યું. તે પોતે જે કાંઇ છે તેને પ્રકટ કરીને તે-તે નામરૂપોમાં પ્રવિષ્ટ થઇ ગયો. તે પોતે પ્રવિષ્ટ થઇને ક્યારેક પ્રત્યક્ષ રૂપ તો ક્યારેક પરોક્ષ નીરૂપ બની ગયો, ક્યારેક વાણી કે નામ થી નિરૂપિત થાય તેવો, તો ક્યારેક વાણીથી અગોચર કે નામવિહીન પણ બની ગયો, ક્યારેક સાધાર તો ક્યારેક નિરાધાર પણ બની ગયો, તે પોતે જ જીવચેતનામાં ક્યારેક અજ્ઞાન તો ક્યારેક વિજ્ઞાન પણ બની ગયો. બધા જ વિવિધ રૂપો લેનાર તત્ત્વ એ પુરુષોત્તમ છે. હવે જો બધું જ પુરુષોત્તમ હોય અને અનેક વિરોધાભાસી રૂપો પણ પુરુષોત્તમનાં જ હોય તો આ જે વિરોધાભાસી વિભાગો છે એમાં એ અવિભક્ત પુરુષોત્તમનું જ્યાં સુધી આપણને દર્શન ન થાય ત્યાં સુધી આપણું જ્ઞાન 'સાત્ત્વિકજ્ઞાન' ન કહેવાય.

મૂળમાં સમજવાની વાત એટલી જ છે કે જો આપણે પુરુષોત્તમને



સમજવો હોય તો બુધ્ધિની સાત્ત્વિક અવસ્થાની અપેક્ષા રહે છે. બુધ્ધિમાં આવી સાત્ત્વિકતા હોય તો વાંધો નથી આવતો. નહિતર ઘણીવાર કાન હોવા છતાંય, આંખ હોવા છતાંય, બુધ્ધિ હોવા છતાંય વિભાગોમાં જ આપણે અટવાઇ જતાં હોઇએ છીએ. જેને કારણે બીજી વાત સમજમાં આવતી બંધ થઈ જતી હોય છે. તેથી ક્ષર અને અક્ષર ના જે વિરોધાભાસી ગુણો છે કે એક મૂર્ત છે બીજો અમૂર્ત છે, એક નશ્વર છે બીજો અનશ્વર છે, એકને વર્ણવી શકાય તો બીજાને સરખી રીતે વર્ણવી ન શકાય —આ બન્ને વિરોધાભાસી સ્વભાવોનો કોઈ આધાર તો હોવો જોઈએ ને! જેમ ત્રાજવાના બે પલડાઓની વચ્ચે એક કાંટો તો હોવો જોઈએ ને. એ કાંટાની જેમ ક્ષર અને અક્ષર ના બન્ને પલડાઓનો કાંટો કે તુલાદંડ પુરુષોત્તમ છે. પુરુષોત્તમ એક બાજુ સાકાર જગત્ છે બીજી બાજુ નિરાકાર અક્ષર છે.

આ સાકાર કે નિરાકાર, નશ્વર કે અનશ્વર, ના વિભાગોમાં **"યત્તુ કૃત્સ્નવદ્ એકસ્મિન્ કાર્યે સક્તમ્ અહેતુકમ્"** રીતે અંટવાયા વિના કે વિભાગોને મિથ્યા માન્યા વિના એક અવિભક્ત પુરુષોત્તમને આપણે સમજી લઈએ તો જ આપણી બુદ્ધિમાંથી તામસ-અવસ્થા નિવૃત્ત થઈ કહેવાય.

જે કાંઈ સાકાર છે તે નશ્વર છે. જેમ કોઈ પથ્થરને હવાના વારંવાર ઝપાટા લાગતા રહે તો પથ્થર પણ કપાઈ જાય છે, એ પ્રક્રિયા છે કાળની. કાળમાં એ સામર્થ્ય છે કે તે હવા જેવી હલકીમાં હલકી વસ્તુના ઉપકરણથી પથ્થર જેવી કઠણમાં કઠણ વસ્તુને પણ કાપી નાખે છે. તો આ રીતે કાળના સામર્થ્યમાં જે બંધાએલો છે તે ક્ષર હોય છે. કાલના સામર્થ્યમાં જે આમ બંધાયેલો નથી એ અક્ષર હોય છે. પુરુષોત્તમમાં આવા બન્ને વિરોધાભાસી ગુણધર્મો હોય છે. આવા અનેક વિરોધી ગુણોને પોતાનામાં પચાવી

શકે એવા કોઈ એક તત્ત્વને ગીતા અને ઉપનિષદ્ 'પુરુષોત્તમ' અને 'પરં બ્રહ્મ' કહે છે. જેમાં ક્ષર અને અક્ષર એકીકૃત થઈ જાય છે, જેમાં સાકાર અને નિરાકાર એકીકૃત થાય છે, જેમાં નશ્વર અને અનશ્વર, પ્રયત્ન અને અપ્રયત્ન, જ્ઞાન-અજ્ઞાન એકીકૃત થઈ જાય છે, તેનું નામ પુરુષોત્તમ. એવા પુરુષોત્તમનું વર્ણન ગીતાનો આ પંદરમો અધ્યાય કરવા માગે છે. અક્ષર ક્ષર નથી થઈ શકતો કે નથી ક્ષર અક્ષર થઈ શકતો. કારણ કે તેમના તો પરસ્પર વિરોધી સ્વભાવો છે જ. તે છતાંય કોઈક એવી વ્યાપક વસ્તુ છે કે જે ક્ષર અને અક્ષર બન્નેમાં વ્યાપી રહી છે, તે ક્ષર અને અક્ષર રૂપી વિભક્તો કે વિભાગો માં અવિભક્તરૂપે રહી શકે. એટલે જેમ બાગ અને હવેલી એ બન્ને જુદા-જુદા વિભાગોને જુનાગઢ અવિભક્ત રૂપે પચાવી શકે છે. તેથી જુનાગઢ તે શાસ્ત્રોક્ત પુરુષોત્તમ જેવો હોઈ શકે છે. એટલે જ ભગવાન્ આગળ જઈને કહેશે કે—

**યસ્માત્ ક્ષરમતીતોહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ।**
**અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ॥**

અર્થાત્ હું ક્ષર પુરુષ અને અક્ષર પુરુષ એ બન્ને કરતાં કોઈક રીતે નોખો અને ઉત્તમ છું તેથી લોક અને. વેદ માં હું પુરુષોત્તમ રૂપે પ્રસિદ્ધ છું.

હવે જો ફરી આપણે તામસબુધ્ધિ વાપરીએ તો આપણને લાગશે કે જે પુરુષોત્તમ છે તે તો પુરુષ થઈ શકતો જ નથી.

ઘણાં બધા ગો. બાળકો તો એમ જ કહી રહ્યા છે કે દેવાધિદેવ એ દેવ નથી. આવું હોય?! ધારો કે કોઈ મનુષ્યોમાં ઉત્તમ હોય તો તે શું મનુષ્ય ન હોય? હોય જ. પણ બાળકબુધ્ધિથી



એમ લાગે કે જે દેવાધિદેવ હોય તે દેવ ન હોય. પુરુષોત્તમ જે હોય તે પુરુષ જ ન હોય! આ તો મોટી મોંકાણ થઈ ગયી હોં! બુધ્ધિ ન વાપરીએ તો આવું થઈ જાય. એટલે સાત્ત્વિકબુધ્ધિની અતિ આવશ્યકતા છે. જો પુરુષોત્તમને સમજવો હોય તો સાત્ત્વિકબુધ્ધિ એ સૌથી પહેલી શરત છે. જો આપણે તામસબુધ્ધિ વાપરીએ તો જે દેવાધિદેવ છે તે જો દેવ ન હોય તો જે વિદ્વાનોમાં ઉત્તમ હોય તે વિદ્વાન જ નહી રહી જાય! આમાં કહેવું હતું કાંઈક અને કહેવાઈ ગયું કાંઈક બીજું જ! તામસબુદ્ધિથી જે વાત ન સમજમાં આવે તે ન જ આવે. એ કથા જુદી છે.

તેથી જો પુરુષોત્તમને સમજવો હોય તો ગીતાનું આ સૂત્ર બરાબર સમજવું પડશે કે **"અવિભક્તં વિભક્તેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્"** એટલે જે અવિભક્ત તત્ત્વ છે તે વિભક્તમાં વિભક્ત રીતે સ્થિત હોઈ શકે છે. એ અવિભક્તને જે બુધ્ધિ જાણી શકે છે તેણે વિભાગોને ઈન્કારવાની જરૂર નથી. એ વિભાગોમાં ફક્ત અવિભક્તને સ્વીકારવાની જરૂર છે. વિભાગોના દ્વૈતમાં કે ભેદમાં અવિભક્તના અદ્વૈતને જે સ્વીકારી શકે છે તે જ વ્યક્તિ પુરુષોત્તમને સમજવા માટેની બુધ્ધિ ધરાવે છે. જે આ અદ્વૈત સ્વીકારી શકતો નથી તે પુરુષોત્તમને સમજવા માટેની બૌધ્ધિક લાયકાત ધરાવતો નથી. તેની બુધ્ધિમાં તામસગુણ ભરાઈ ગયો છે. તેથી જ આપણે ત્યાં એક ઘણો પ્રસિધ્ધ શ્લોક છે કે—

**યં શૈવા સમુપાસતે શિવ ઈતિ બ્રહ્મેતિ વેદાન્તિનો**
**બૌધ્ધાઃ બુધ્ધ ઈતિ પ્રમાણપટવઃ કર્તેતિ નૈયાયિકાઃ।**
**અર્હન્નિત્યથ જૈનશાસનરતાઃ કર્મેતિ મીમાંસકાઃ**
**સોઽવ્યાદ્ વઃ ખલુ વાંછિતાર્થફલદો ત્રૈલોક્યનાથો હરિઃ॥**

અર્થાત્ જે તત્ત્વને શૈવ લોકો જુએ તો તેમને એમ લાગે

કે આ શિવ છે. વેદાન્તી જો એના ઉપર વિચાર કરે તો એને બ્રહ્મ લાગે. બૌદ્ધ વિચારે તો એને એ બુધ્ધ લાગે, નૈયાયિકોને જગત્કર્તા લાગે. જૈનોને એ ઋષભદેવ કે મહાવીર લાગે, મીમાંસકોને આ કર્મનિયમ જેવો લાગે. એ તત્ત્વ, એ હરિ, તમારું વાંછિત ફલ તમને આપે. પ્રસ્તુત સંદર્ભમાં વિભક્તમાં અવિભક્તને ઓળખવાનું જે જ્ઞાન છે તે તમને આપે. આપણને જ્ઞાન આપે તો આપણને ખબર પડે કે તે એક જ તત્ત્વ ઘણા બધા વિભાગોમાં પોતે જ વિભક્ત થયો છે. એમાં ઝઘડાનો કોઈ હેતુ સંભવી શકતો નથી, એમાં એક-બીજાને ઉતારી પાડવાનોય હેતુ સંભવી શકતો નથી. **"એકં સદ્ વિપ્રાઃ બહુધા વદન્તિ તસ્ય ધીરાઃ પરિજાનન્તિ યોનિમ્"** અર્થાત્ સત્ય તો એક જ છે પણ વિદ્વાનો, સાધકો, આરાધકો જુદી-જુદી રીતે એની આરાધના કરે છે. વિદ્વાનો જુદી-જુદી રીતે એનું વર્ણન કરે છે. ભક્તો જુદી-જુદી રીતે એની ભક્તિ કરે છે. તત્ત્વ તો એક જ છે પણ તેના રૂપો અનેક છે. એ વાત આપણને સમજમાં આવે તો આપણને પુરુષોત્તમનું સરખું જ્ઞાન થાય, નહિ તો પુરુષોત્તમનું સરખી રીતે જ્ઞાન આપણને કોઈ દિવસ થઈ શકે નહિ. આ પહેલી પાયાની-મુદ્દાની વાત છે. આ જો આપણને સમજમાં આવે તો પુરુષોત્તમયોગ આગળ વધે. જો આ જ્ઞાન જ આપણી ભીતર ન હોય તો પુરુષોત્તમયોગ આગળ વધી જ ન શકે. કેમકે પુરુષોત્તમયોગ સાત્ત્વિકજ્ઞાનને પ્રાથમિક ભૂમિકારૂપે સ્વીકારીને જ આગળ ચાલે છે. તેથી આ સાત્ત્વિકજ્ઞાનની ભૂમિકા સમજી લેવી અતિશય આવશ્યક છે.



## ।। અનન્યભક્તિથી જ પુરુષોત્તમને માણી શકાય ।।

**અનન્યભક્તિથી પુરુષોત્તમ અનુભવાય અને પુરુષોત્તમનું ભાન હોય તો જ અનન્યભક્તિ ખીલે :**

તેનું એક પ્રત્યક્ષ પ્રમાણ હું તમને બતાવું કે આ પંદરમા અધ્યાયના પહેલાં ચૌદમા અધ્યાયની સમાપ્તિમાં ભગવાને કહ્યું છે—

> માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે।
> સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયોઽભિજાયતે ।।
> બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્ અમૃતસ્યાવ્યયસ્ય ચ।
> શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ।।

આ બે શ્લોકો અતિશય મધુર શ્લોકો કહ્યા છે. એનો અર્થ છે કે અવ્યભિચારી ભક્તિયોગથી; એટલે જે ભક્તિમાં કોઈ વખતે કોઈ જાતનો વ્યભિચાર ન હોય. આજે આની ભક્તિ, કાલે તેની ભક્તિ, ત્રીજે દિવસે ત્રીજાની ભક્તિ, આવી ભક્તિ લપ્પુ પંડાની. લપ્પુ પંડા વિષે કહેવત છે કે—

> લપ્પુ પંડાકી લગન જ્યોં નદીતરનકોં સેતુ।
> રહત ન ચિત ઈત ઉત ફિરત પરિચય-સંચય-હેતુ ।।

આવી લપ્પુ પંડા જેવી નહિ પરંતુ અવ્યભિચારિણી જેની ભક્તિ હોય **"સ ગુણાન્ સમતીત્ય એતાન્."** આ જગત્માં ત્રિવિધ, સાત્ત્વિક રાજસ અને તામસ ગુણોનો, જે ભેદ દેખાડ્યો તે ત્રિવિધ ગુણોના ભેદને કારણે ત્રણ પ્રકારની જાતિ, ત્રણ પ્રકારની ભાવનાઓ, કૃતિ અને પરિણામો ના ઘણા બધા વિભાગો પ્રભુએ વર્ણવ્યા છે.

એ બધા વિભાગોથી ઉપર ઊઠનાર બ્રહ્મભૂયસ્ બની જાય છે. એક વાત સમજો કે જો જુનાગઢના ચોકમાં આપણે બેઠા છીએ તો જુનાગઢ નથી દેખાતું, થોડાક ઉપર જાવ, અગાસી ઉપર, તો જુનાગઢ પણ દેખાશે. સૌથી ઉપરની અગાસી પર જાવ તો આખું જુનાગઢ પણ દેખાશે. એટલે જ્યારે સમગ્રતાને જોવું-સમજવું હોય તો જે વિભાગો હોય તેનાથી થોડુંક ઉપર ઊઠવું પડે. એ વિભાગોથી ઉપર ઊઠીએ તો સમગ્રતા સમજમાં આવે; વિભાગોમાં જ રચ્યા-પચ્યા રહીએ તો વિભાગો જ સમજમાં આવે.

**ભક્તિમાં એકાગ્રતા અને અવ્યભિચારિતા વચ્ચે રહેલ સૂક્ષ્મ અંતર :**

એક વાત ચોક્કસ સમજવી જોઈએ કે ધારો કે એક વ્યક્તિ આ ચોકના વિભાગમાં પ્રવચન સાંભળી રહી હોય અને ત્યાં બીજો કોઈક કોઈ અવિભાગવાદી આવીને તેને કહી દે કે "તમે જુનાગઢના ચોકમાં જ બેઠા છો, જુનાગઢમાં નથી બેઠા. તેથી તમે થોડાક ઉપર ઊઠો." તો કંઈ કબુતર કે પારેવા ની માફક ઉપર ઊડીને કે છાપરા ઉપર અધ્ધર બેસીને પ્રવચન સાંભળવાનું હોય! અરે ભાઈ, મુદ્દો આવી રીતે ઉપર ઊઠવાનો નથી! મુદ્દો એ છે કે જુનાગઢની હવેલીના ચોકમાં બેસીને પ્રવચન સાંભળી લો. એમાં કાંઈ પારેવાની માફક ઉપર ઊઠીને... હજી થોડાક ઉપર ઊઠો... હજી થોડાક ઉપર ઊઠો... અને અન્તે પડો નીચે ધડામ! આવી અપેક્ષા નથી. આપણે તો જમીન ઉપર જ બેસીને વાત સમજવાની છે. ઉપર ઊઠવાની વાત એ અર્થમાં નથી કે કબુતરની માફક ઉપર ઠેકડો મારીએ. કબુતરને પાંખો છે તેથી તે ઊડી જશે પણ આપણે જો ઉપર ઠેકડો મારશું તો પડી જઈશું. આ તો બૌધ્ધિક રીતે ઉપર ઊઠવાની વાત છે. આપણી બુદ્ધિ જે વિભાગોમાં જ અટવાયેલી છે એને ફક્ત થોડીક ઉપર ઊઠાવીને આપણે જોઈશું તો અહીંયાં બેઠા હોવાથી જે આપણને જૂનાગઢ નથી દેખાતું તો પણ બુધ્ધિની દષ્ટિએ સમજાશે. ચોકમાં બેઠા-બેઠા પણ તમને આખું



જુનાગઢ બુદ્ધિદષ્ટિથી દેખાશે, જો કે આંખથી નહિ દેખાય. જેમ આગાશી ઉપર જતાં એક દષ્ટિમાં તમને સમજાઈ જશે કે આખા જુનાગઢની ભીતર જ જુનાગઢની એક હવેલી છે. તેવી રીતે બૌધ્ધિક દષ્ટિથી એટલે બુધ્ધિને સાત્ત્વિકતયા વ્યવસ્થિત કરીએ તો પુરુષોત્તમ આપણને સમજમાં આવી શકે છે.

નહિ તો આપણી ક્ષરમાં બુધ્ધિ અટવાઇ ગઇ તો ક્ષર સમજમાં આવશે, અક્ષરમાં અટવાઇ ગઇ તો અક્ષર સમજમાં આવશે. તેથી સાધનાની દષ્ટિથી એકાગ્રતાનું ઘણું મહત્વ છે પણ એકાગ્રતા જેમ સાધનામાં સહાયક થતી હોય છે તેમ વિચાર કે વસ્તુ ની સમગ્રતાની અવધારણામાં ક્યારેક એ બાધક પણ થઈ જતી હોય છે.

કેમકે તમને તમારા પક્ષમાં એકાગ્રતા થઈ ગઈ, હવે બીજાનુ સાંભળો જ નહિ, એને કહ્યા કરો કે "**કૅસેટ લાવ! કૅસેટ લાવ!!**" બસ. એ પછી વિચારમાં બાધક થઈ જાય. ભાઈ કહી દીધું કે કેસેટ આપી દઈશું પણ તમે **વિસ્તૃત વિવરણ** કેમ નથી વાંચી લેતા. તો કહેશે કે "નહિ. કૅસેટ વિના ખબર કેમ પડે કે **વિસ્તૃત વિવરણ** માં અમારા મોઢેથી જે અમે કહી હતી તે જ વાત મૂકી છે કે બીજી કોઇ!" એટલે કૅસેટ લાવ. તેથી સિદ્ધ થાય કે ક્યારેક એકાગ્રતા વિચારશક્તિમાં બાધક પણ થઈ જાય છે, જેવી રીતે સાધનામાં સહાયક થતી હોય છે. એકાગ્રતાનો ક્યાં સદુપયોગ અને ક્યાં દુરુપયોગ, તેનો વિવેક કરતાં આપણને આવડવો જોઈએ.

તેમજ ચંચલતાનો પણ ક્યાં સદુપયોગ અને ક્યાં દુરુપયોગ એ પણ આપણને આવડવું જોઈએ. ક્રિકેટના મેદાનમાં તમે રમવા જાવ અને પછી એકાગ્ર થઈ જાવ કે બસ બૉલના ઉપર ધ્યાન લગાવીને યોગીની માફક બેસી જાવ. અરે ભાઈ! ફીલ્ડિંગ કરો, દોડો; અહીંયાં-ત્યાં બધે ઠેકાણે દોડો. ત્યાં એકાગ્રતા ન કરો, નહિ

તો આખી ક્રિકેટ ચૂંથાઈ જશે.

ક્યાં એકાગ્રતા સહાયક છે ક્યાં એકાગ્રતા બાધક. એ આપણને કોઈકે કહી દીધું છે કે એકાગ્ર થાવ એટલે આપણે એકાગ્ર થઈ ગયા; ''લ્યો ત્યારે દરેક વાતમાં એકાગ્ર''! એવું નથી હોતું. કોઈક વાતમાં એકાગ્રતા સહાયક હોય છે. જેમ આપણને ગાવાનું કહે કે ગાયન ગાવ. આપણે એક સુર *સા* લગાવ્યો ત્યાં તો એકાગ્રતા થઈ ગઈ કે પછી ગાવાનું આગળ વધે જ નહિ તો એ ગાયન ગાયન જેવું નહિ લાગે, રહેંકવા જેવું લાગશે. અરે ભાઈ બીજો સુર કાઢો ને એમાંથી! તો એ કહેશે કે અમારી તો એકાગ્રતા થઈ ગઈ, કારણ કે એકાગ્રતાનું ઘણું માહાત્મ્ય છે અહીયાં. યોગમાં તો ચિત્તના એકાગ્ર થવાથી જ બધી સિધ્ધિઓ વર્ણવી. તો એ યોગમાં વર્ણવવામાં આવી છે, ગાયનમાં થોડી વર્ણવવામાં આવી છે? બુધ્ધિને થોડીક ચંચલ કરો, વાતને સમજો. એ બુધ્ધિપ્રયોગથી આ વાત સમજવા તૈયાર નથી થવાતું, કેમકે બુધ્ધિમાં આવી કોઈક જાતની જડતા આવી જતી હોય છે. એટલે એકાગ્રતાનો અને ચંચલતાનો એ બન્નેનો પ્રયોગ કે સદુપયોગ તે જ કરી શકે જેની સાત્ત્વિક બુધ્ધિ હોય.

સાત્ત્વિકબુધ્ધિ એવી અપેક્ષા નથી રાખતી કે વિભાગ કે અવિભાગ માં ફકત કાંઈક એકને જ જોવવું બલ્કે **'અવિભક્તં-વિભક્તેષુ'** વિભક્તને જ્યારે જોઈ રહ્યા છો ત્યારે અવિભક્તને ભૂલાવી નહિ દો અને અવિભક્તને જ્યારે જોઈ રહ્યા હોવ ત્યારે વિભક્તને ભૂલાવી નહિ દેતા. કઈ વખતે કઈ વાતને અવિભાગથી સમજવી, કઈ વખતે એકાગ્રતાનો પ્રયોગ કરવો, કઈ વખતે બુધ્ધિને થોડીક ચંચળ બનાવીને અપેક્ષિત બધા જ વિભાગો માટે સર્વગ્રાહિતાનો પ્રયોગ કરવો, એનો વિવેક આવશ્યક હોય છે.

સર્વગ્રાહિતા ક્યારેક બાધક પણ થઈ શકે છે. દા.ત. આપણે



દવા લેવાની હોય તો પહેલા મેલેરિયાની લીધી પછી ન્યુમોનિયા, ટાઈફોઈડ, ટી.બી., કેન્સર બધી દવા વારાફરતી લેવા મંડીએ. તો આવું કરવાથી રોગ મટશે નહિ, વધી જશે. આપણે એમ કહીશું કે નહીં, સર્વગ્રાહીતા હોવી જોઈએ; સાંપ્રદાયિકતા ન હોવી જોઈએ. દવાની બાબતમાં સાંપ્રદાયિકતા ન વરતો, બધી જ દવા લો! અરે ભાઈ આ પેટ છે કે મેડિકલ સ્ટૉર?! એ તો પૂછવું જ પડશે. એમ બુધ્ધિમાં બધા જ સંપ્રદાયોને ઘુસાડી દો. કેમકે **'સર્વધર્મસમભાવ'**; બધા જ ધર્મની દવા તમારા ભેજામાં રેડો. આમ કરવાથી તો તમારું ભેજું ફાટી જશે. કેમકે ભેજામાં બધા ધર્મને પચાવી શકવાની તમારી ક્ષમતા નથી. એક ધર્મ તો માણસને પચતો નથી પછી બધા ધર્મ માણસને ક્યાંથી પચી શકે?

એક નિખાલસ વાત કહી રહ્યો છું, આરોપ કે આક્ષેપ ની વાત નથી. દરેક વ્યક્તિ પોતાના હૃદય ઉપર હાથ મુકીને પૂછે કે જે તમારો ધર્મ છે તે સોએ સો ટકા તમે પાળી રહ્યા છો? ના નથી પળાતો. એ વાત આપણા વૈષ્ણવોનું જ દુર્ભાગ્ય છે એવું નથી પણ જૈન, મુસલમાન, ઈસાઈ કોઈને પણ આ વાત પૂછો. એ પાખંડ કરતો હોય તો ઠીક, બાકી દરેક એમ કબુલ કરશે કે સો એ સો ટકા નથી પળાઈ રહ્યો; ''આવ ભાઈ હરખા આપણે બેઉ સરખા''! દરેક માણસની એક જ હાલત છે કે કોઈનાથી પણ પોતાનો એક ધર્મ પૂર્ણ રીતે પાળી શકાતો નથી. તેમાં પાછો આપણે બધા જ ધર્મોનો ખીચડો ભેજામાં કે સાધનામાં કરવા જઈએ તો કશુંય નહી પળાય, બધું ચોપટ થઈ જશે. જેમ એક શાયરે કહ્યું છે કે—

**શેખને મસ્જિદ બનાકર સાફ બુતખાના કિયા।**
**પહલે એક સૂરત તો થી અબ ઔર વીરાના કિયા॥**

આવું થઈ જાય. એટલે દરેક જગ્યાએ ખીચડો કરવો સારો

નહિ. પણ કોઈક ઠેકાણે ખીચડો ય સારો હોય છે. જ્યાં દાળ-ભાત પચતાં ન હોય, માંદગી આવી ગઈ હોય, દાળ-ભાત, ઢોકળાં, ફાફડા ખાઈને ઝાડા થાય, અપચો થાય તેના કરતાં થોડી હળવી ખીચડી ખાઈ લ્યો. હલકો ખોરાક છે તો ફાયદો પણ થતો હોય છે. જે આ વિભાગસંબંધી કે અવિભાગસંબંધી જે જડતા છે તે સત્યાનાશની જડ છે. બાકી વિભાગ અને અવિભાગનો સદુપયોગ તમે કરો તો વિભાગ પણ એટલી જ સારી વસ્તુ છે અને અવિભાગ પણ એટલી જ સારી વસ્તુ છે.

આપણો હિન્દુસ્તાન જ્યારે સ્વતંત્ર ન્હોતો થયો ત્યારે હિન્દુસ્તાનના કોઈ લીડર ઈંગ્લેંડ ગયા હતા. ત્યાં હિન્દુસ્તાનીઓની ઠેકડી ઊડાવવા માટે કોઈક અંગ્રેજે એમ કહ્યું કે "શું કારણ છે, ભાઈ સાહેબ, કે અમારે ત્યાં બધા એક જ રંગના છે અને તમારે ત્યાં કોઈ કાળો છે તો કોઈ ધોળો?" આવું કહીને તે આપણી ઠેકડી ઊડાવવા માગતો હતો. મુદ્દો એ કે "તો જુદા-જુદા રંગના હિન્દુસ્તાનીઓને સ્વતંત્રતા કેવી રીતે અપાય?" તો આપણા લીડરે બહુ સારી વાત કહી કે "તમારી વાત એકદમ ખરી છે કે ગધેડાઓ બધા એક જ રંગના હોય છે; ઘોડાઓ જ જુદા-જુદા રંગના હોય છે." તો વિવિધતા કાંઈ ખરાબ નથી. વિવિધતા પણ સારી છે. એ તો એમની ખાસિયત છે; માઠું લગાડવાની જરૂર નથી. જે વસ્તુ જ્યાં જરૂરી છે તે વસ્તુ ત્યાં ઉત્તમ છે. જે વસ્તુની જ્યાં જરૂર નથી તે વસ્તુ ત્યાં બેકાર છે.

એટલે મૂળ મુદ્દાની વાત સમજો કે જ્યાં એકાગ્રતાની જરૂર છે ત્યાં એકાગ્રતા ઉત્તમ છે અને જ્યાં સર્વગ્રાહિતાની જરૂર છે ત્યાં સર્વાગ્રતા ઉત્તમ છે. તમને ખબર પડવી જોઈએ કે ક્યારે એકાગ્રતાની અપેક્ષા છે, કયે વખતે સર્વગ્રાહી બુધ્ધિ બનાવવી જોઈએ. એવી રીતે, કયે વખતે વિભાગલક્ષી તમારો વ્યવહાર, વિચાર અને નિરૂપણ



હોવું જોઈએ અને કયા વખતે અવિભાગલક્ષી વિચાર વગેરે હોવો જોઈએ. એ જો આપણે સમજીએ તો આપણે પુરુષોત્તમના ચરણ પકડ્યા. અને એવું જો ન સમજીએ તો પુરુષોત્તમ તરફ હાથ લંબાવીએ તો પણ વિભાગ કે અવિભાગને વિવેકપુરસ્સર પકડવાની, ઝીલવાની, સમજવાની શક્તિ આપણે ખોઈ બેસતા હોઈએ છીએ. તે વખતે આપણને પુરુષોત્તમ મળતા નથી.

એનું બહુ સુંદર પ્રમાણ હું તમને આપું કે અહીંયા જ ગીતામાં **"માં ચ યોઽવ્યભિચારેણ"** કહ્યું છે. એ આપણે શરૂઆતની ગીતામાં વાંચ્યું. ઠેક-ઠેકાણે **'કૃષ્ણાર્જુનસંવાદે'** દરેક અધ્યાયના અંતે લખ્યું પણ છે. અને આ જ ગીતા ઉપર કાશ્મીરમાં અભિનવગુપ્ત કરીને એક શૈવ આચાર્ય થયા, જેઓ મહાપ્રભુજીની માફક શુધ્ધાદ્વૈતી હતા, એમણે બહુ જ સુંદર વ્યાખ્યા ગીતાઉપર લખી છે. અને અત્યંત હૃદયગ્રાહી, ખાસ તમને સંભળાવવા માટે આ શ્લોકની ઝેરૉક્સ હું લઈને આવ્યો છું.

**માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે।**
**સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે॥**

અર્થાત્ અવ્યભિચારી ભક્તિથી જે મારૂં સેવન કરે છે તે આ ત્રિગુણોની જે વિવિધતા છે એનાથી ઉપર ઊઠીને પોતે બ્રહ્મભૂય થઈ જાય છે. એટલે પોતે બ્રહ્માત્મક થઈ જાય છે. એ બ્રહ્માત્મક થવાનું કારણ ભગવાન્ આપે છે કે **"બ્રહ્મણોહિ પ્રતિષ્ઠા અહં અમૃતસ્ય અવ્યયસ્ય ચ"**. અર્થાત્ જે અક્ષરબ્રહ્મ છે એની પ્રતિષ્ઠા હું છું. જે અમૃત છે તેની, જે અવ્યય છે તેની, શાશ્વત્ જે ધર્મ છે તેની પણ પ્રતિષ્ઠા હું છું એમ ભગવાન્ કહી રહ્યા છે. હવે કૉમનસેન્સ (સામાન્યબુધ્ધિ) વાપરો કે ગીતાનો ઉપદેશ કરનાર ભગવાન્ અહીંયા 'અહમ્' શબ્દથી કોને કહેવા માગે છે? કૃષ્ણ

પોતે પોતાના માટે કહી રહ્યા છે. આ શ્લોક **"યં શૈવા સમુપાસતે શિવ ઈતિ"** ની માફક મેં સમજાવ્યું તે મુજબ જેની શૈવ લોકો શિવ તરીકે ઉપાસના કરે છે તેવા આ અભિનવગુપ્તાચાર્યે એક અતિશય મધુર જોવા જેવું વ્યાખ્યાન કર્યું છે. તે શ્લોકવ્યાખ્યાન આમ છે :—

**"અનેન મૂલભૂતમ્ ઉપાયમ્ ઉપદિશતિ."** અર્થાત્ આ તો મૂળભૂત ઉપાય ભગવાને સમજાવી દીધો શિવને જાણવાનો.

જુઓ કેટલી સુંદર વાત તે કહેવા માગે છે!

મારું જે અવ્યભિચારી ભક્તિયોગથી સેવન કરે છે. **"માં ચ સેવતે"** એમાં **'ચ'** ન સમજો પણ **'મામેવ'** સમજો. એટલે કે મને જ. ભગવાને તો 'ચ' કહ્યો છે. એના ઘણાં અર્થો થઈ શકે: ૧.**"અને મને"** ૨.**"મને પણ"** ૩.**"મને જ"**.

પણ અભિનવગુપ્તની દૃષ્ટિમાં શિવ સિવાય બીજું કોઈ આવતું નથી. એટલે કેટલી મસ્તીથી એ કહે છે કે **"મામેવ સેવતે"** ; મારું જ જે સેવન કરે છે તેની આ વાત કરી રહ્યો છું.

હવે પૂછીએ કે 'એવ' કેમ લગાડી દીધો? તો એની વ્યાખ્યા કરતાં કહે છે કે **"અનેન ફલાદિસાકાંક્ષો મામ્ અંગત્વેન આશ્રયતિ ફલં પ્રધાનતયા ઈતિ નિરસ્તઃ"** અર્થાત્ જે કોઈ કાંઈ ફલ મેળવવા મારી ઉપાસના કરે છે તેના માટે તેનું ફલ મુખ્ય થઈ ગયું અને હું ગૌણ થઈ ગયો. તે હકીકતમાં મારું સેવન કરવા નથી માગતો. એ તો ફલનું સેવન કરવા માગે છે (આપણા ગોસ્વામી બાળકો પણ કહે છે ને કે "ભગવત્સેવા વૃત્ત્યર્થ થઈ શકે"!) તો એ અવ્યભિચાર ભક્તિયોગ ન રહી ગયો. આ અભિનવ ગુપ્ત કહેવા



માગે છે કે જો બીજા ફલની આકાંક્ષાથી ભગવાનનું સેવન કોઈ કરે તો ફલ મુખ્ય અને ભગવાન્ ગૌણ બની ગયા. "ફલં પ્રધાનતયા ઈતિ નિરસ્તઃ. અતએવ નાસ્ય અવ્યભિચારિણી ભક્તિઃ". એ

તો વ્યભિચારિણી ભક્તિ છે.

આજે કૃષ્ણને વળગી ગઈ છે કેમકે કૃષ્ણથી પૈસા મળે છે, કાલે શિવને વળગી જશે જો શિવથી પૈસા મળે તો, પછી ગણપતિને વળગી જશે. આવી ભક્તિ અવ્યભિચારિણી હોતી નથી.

અભિનવગુપ્ત કહે છે કે એ તો શિવ સિવાય બીજા કોઈ પણ ફલની ઈચ્છા જ્યારે તમને ન હોય ત્યારે તમારી ભક્તિ 'અવ્યભિચારિભક્તિ' કહેવાય (આપણા પુષ્ટિમાર્ગની આ વાત નથી શૈવાચાર્યની વાત છે) અને એવા અવ્યભિચારિભક્તિયોગથી જે શિવનું પૂજન કરે તે આ ત્રિગુણોના ભેદથી ઉપર ઉઠીને બ્રહ્મભૂય થઈ જાય છે. પરંતુ અન્ય લોકોનું શું થાય? જવાબ આપે છે: **"ફલં પ્રતિ હિ અસૌ આસ્થાવાનિતિ ન અસ્ય અવ્યભિચારિણી ભક્તિઃ"** એની અવ્યભિચારિણી ભક્તિ નથી. કારણકે એની આસ્થા ભક્તિમાં નથી, ફલમાં છે (આવી અવ્યભિચારિણી ભક્તિ કરવાથી નાણાં મળે નહિ. તેથી "મૌન ધર્યું છે સિધ્ધાંતો શીખવવા મઠડી ધરી છે, ભગવાન્‌ને નહિ, મનોરથીને રીઝવવા!") એ ફલ પ્રતિ આસ્થાવાન છે, મારા એટલે શિવ પ્રતિ આસ્થાવાન નથી. **"યસ્તુ ફલં કિંચિદપિ અનભિલષ્યન્"** અર્થાત્ જેને કોઈપણ ફલની આશા નથી તેને કોઈક વખત જઈને બીજો કોઈક પૂછે કે...

થોડીક ધીરજ રાખીને સાંભળશો તો પંક્તિનો આનંદ લઈ શકશો. મહાપ્રભુજી, શંકરાચાર્યજી, મધ્વાચાર્યજી, રામાનુજાચાર્યજી શું કહે છે એની ચોપડી સાથે લાવ્યો છું. આમાંથી બધું નિકળી આવે

છે પણ મુંબઈ થી નિકળતો હતો ત્યારે ઓચિંતું મને થયું કે લાવ અભિનવગુપ્ત શું કહે છે તે પણ જોઈ લઈએ. એ મેં જ્યારે જોયું ત્યારે ખરેખર મને રોમાંચ થઈ ગયો કે આનું નામ વાત કહેવાય. એ આપણે કહી હોય કે બીજાએ કહી હોય, જેણે પણ સારી વાત કહી તે સારી જ છે. કોણે કહી એ જોવાનું નથી; સારી છે ને? **"બાલાદપિ સુભાષિતં ગ્રાહ્યમ્"** એટલે નાનું બાળક પણ જો સારી વાત કહે તો એનામાં ગુરુબુધ્ધિ રાખીને સાંભળી લેવી જોઈએ. આપણે શૈવ નથી તો કાંઈ નહિ પણ એણે વાત ઘણી સારી કરી છે. મને રોમાંચ થઈ ગયો એટલે ખાસ હું આ વચન લઈ આવ્યો.

...આવા કોઈ ફલની આકાંક્ષા જેને ન હોય તેની બધા ઠેકડી ઊડાડે છે કે **"કિમ્ એતદ્ અલીકમ્ અનુતિષ્ઠસિ ઈતિ પર્યનુયુજ્યમાનોઽપિ"** આ શિવની ભક્તિમાં સમયનો વેડફાટ કેમ કરે છે? તો જેને શિવ જ જોઈએ છે, શિવની ભક્તિ સિવાય બીજું કાંઈ નથી જોઈતું એવો શિવભક્ત શું કહેશે? તે અભિનવ કહે છે કે—

**નિરન્તર-ભગવદ્ભક્તિ-વેધ-વિદ્રુતાન્તઃકરણતયા કંટકિત-રોમવાન્ વેપમાનતનુઃ વિસ્ફારિત-નયનયુગલ-પરિવર્તમાન-સલિલસંપાતઃ તૂષ્ણીંભાવેનૈવ ઉત્તરં પ્રયચ્છતિ.**

એવા આક્ષેપનો શિવભક્ત જવાબ પણ નહિ આપે હં!. એને પરવા પણ નથી જવાબ આપવાની. એને તો આ વાતથી ઓચિંતા પોતાના શિવ યાદ ફરી આવી જશે. ઓહોહો, શિવની કોઈક વાત તો ચાલી ન!. પેલો કહેનારો તો કહતો રહી જશે કે "આ શિવના ભજનમાં શા માટે સમય વેડફે છે ડોબા". પણ એ શિવભક્તને તો શિવનું નામ આવતાં શિવની યાદ આવી ગઈ.



શિવની યાદ આવતાં બધા રોમ એના ઊભા થઈ ગયા, હૃદય ભરાઈ ગયું અને આંખમાં પ્રેમાશ્રુ આવી ગયા અને પછી એ ચુપ રહે છે, કાંઈ ઉત્તર આપી શકતો નથી. શિવની યાદમાં ખોવાઈ ગયો. એને ઉત્તર આપવાની દરકાર નથી!

એક કહેવત છે કે "હાથી જાય બજારમેં ભૂંકત રાખે શ્વાન — who cares for you" તારી દરકાર કોને છે? તું પોતે આવા પ્રશ્નો કરીને શા માટે તારો સમય વેડફી રહ્યો છે? આવી તન્મયતા હોવી જોઈએ. તેથી જ અભિનવગુપ્ત પણ કહે છે કે એનું નામ 'બ્રહ્મભૂયસ્તા' કે એને જવાબ આપવાની પણ દરકાર નથી. એને તો શિવનું નામ સંભળાયુ એટલે મસ્તી આવી ગઈ. આ શિવજીનો અનન્ય ભકત અભિનવગુપ્ત કૃષ્ણે કહેલી ગીતા વાંચે છે તો પણ એના ચિત્તમાંથી શિવજી ખસી નથી જતાં. અહિયાં પણ શિવજીની યાદ આવી જાય છે. આનું નામ નિષ્ઠા, આને સાચી 'શિવભક્તિ' કહેવાય! શિવજીનો એવો ભકત ગીતાની વ્યાખ્યા કરી રહ્યો હોવાથી એને કૃષ્ણે કહેલ **"માં ચ"** સાંભળતા-સાંભળતા પણ શિવ જ યાદ આવે છે, તેથી ખૂટતાને પુરૂ 'અને-મને' નો અર્થ 'મને-(શિવને)-જ' કાઢે છે. આ અવ્યભિચારિણી ભકિતનું સાચું ઉદાહરણ!

જેમ નાના બાળકને પૂછે કે આ મમ્મી કોની છે? તો તે કહેશે કે મારી છે. હવે એનો પિતા એમ કહે કે એ મારી છે તો બાળકને ગુસ્સો આવી જાય કે ના એ તમારી નહિ, મારી જ છે. અલ્યા પણ તારી મમ્મી પણ મારી તો પત્ની. પણ એ બાળકને મમ્મી પ્રત્યે એવો આગ્રહ હોય છે કે એ મારા સિવાય બીજા કોઈની નહિ. અવ્યભિચારી ભક્તિયોગની વાત જ્યારે ચાલે તો અભિનવગુપ્તને એમ લાગે કે શિવજીની વાત ચાલી રહી છે: હા, અવ્યભિચારિણી ભકિત ને? એટલે તો ફલાકાંક્ષા વિનાની શિવની ભક્તિ.

એમ જ્યારે પણ આ કોઈ શૈવ સાંભળે ત્યારે તેને એવું જ લાગે. હવે કોઈ વિષ્ણુનો ભક્ત અવ્યભિચારી ભક્તિયોગ સાંભળે તો એને શિવ નહિ પણ વિષ્ણુ યાદ આવશે કે ફલાકાંક્ષાવિનાની વિષ્ણુની ભક્તિ. ગણપતિનો ભક્ત સાંભળે તો એને તરત સ્ફુરિત થઈ જવું જોઈએ કે કોઈપણ ફલાકાંક્ષા વિનાની ગણપતિની ભક્તિ. અલ્લાહનો ભક્ત સાંભળે તો એને એમ થવું જોઈએ કે કોઈપણ ફલાકાંક્ષા વિનાની અલ્લાહની ભક્તિ. એવો ભક્ત બ્રહ્મભૂય થઈ જાય છે. એની વાત આવી ગઈને! મમ્મી કોની? મારી. મને મારી મમ્મીની ખબર છે, બીજા સાથે મારે કાંઈ લેવાદેવા નથી—એવી જાતની તન્મયતાનું નામ અવ્યભિચારિણી ભક્તિ છે. અને એ ભક્તિ જેને ખીલે છે તેને પુરુષોત્તમ સમજમાં આવે છે. જે શિવને અવ્યભિચારી ભક્તિયોગથી જોતો હશે તેના માટે શિવ પુરુષોત્તમ થઈ જશે. જે ગણપતિભક્ત હશે તેના માટે ગણપતિ પુરુષોત્તમ છે. જે કૃષ્ણ માટે આવી અવ્યભિચારી ભક્તિયોગ કરતો હોય તેના માટે કૃષ્ણ, કૃષ્ણ અને કૃષ્ણ જ પુરુષોત્તમ છે. તેના માટે કૃષ્ણ સિવાય બીજો કોઈ પણ કે કાંઇ પણ પુરુષોત્તમ હોઈ શકતું નથી.

શ્રીમધ્વાચાર્યજી ઘણું સુંદર કહે છે—

**ન તતોઽસ્ત્યપરં જગતીડ્યતમં**
**પરમાત્ પરતઃ પુરુષોત્તમતઃ।**
**તદલં બહુલોકવિચિન્તનયા**
**પ્રવણં કુરુ માનસમીશપદે॥**
**શ્રુણુતામલસત્યવચઃ પરમં**
**શપથેરિતમુચ્છ્રિતબાહુયુગમ્।**
**ન હરેઃ પરમો ન હરેઃ સદશઃ**
**પરમઃ સ તુ સર્વચિદાત્મગણાત્॥**

અરે, સાંભળો મારી વાત. હાથ ઉઠાવીને, શપથ ખાઈને કહી



રહ્યો છું કે કૃષ્ણથી ઊંચો કોઈ છે જ નહિ.

મધૂસુદન સરસ્વતી પણ આમ જ કહે છે: **"પ્રમાણતોપિ નિર્ણીતં કૃષ્ણમાહાત્મ્યમ્ અદ્ભુતં ન શક્નુવન્તિ યે સોઢું તે મૂઢાઃ નિરયંગતાઃ"** કૃષ્ણનું તો પ્રમાણસિદ્ધ કાંઈક અનેરૂ માહાત્મ્ય છે. જે મૂઢ જ્ઞાનમાર્ગી જન પોતાના **"અહં બ્રહ્માસ્મિ"** ના કારણે કૃષ્ણના માહાત્મ્ય ને સાંખી નથી શક્તો તે તો ચોક્કસ નરકમાં જ પડવાનો છે. અવ્યભિચારી ભક્તિયોગની મસ્તી આનું નામ છે. એક સુંદર શેર છે—

**દિલકે આયનેમેં હૈ તસ્વીરે-યાર।**
**જબ જરા ગર્દન ઝુકાઈ દેખ લી॥**

ગર્દન ઝુકે તો એક જ તસ્વીર દેખાય; બીજી તસ્વીર આવે જ ક્યાંથી? આમાં કોઈ જગ્યા હોય તો બીજી તસ્વીર આવે ને! તો એનું નામ અવ્યભિચારી ભક્તિયોગ.

**પુરુષોત્તમની કૃપા મેળવવા નહિ પરન્તુ તેની કૃપા મળી હોય તો પુષ્ટિભક્તિ પ્રકટે:**

શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ પુષ્ટિભક્તિનું નિરૂપણ કરતા કહે છે: **"તદનુગ્રહૈકલભ્યાં ભક્તિં નુમઃ"** એટલે પુષ્ટિભક્તિ તો ફક્ત ભગવદનુગ્રહને કારણે જ પ્રકટ થઈ શકે છે. આ સન્દર્ભમાં અભિનવગુપ્તનું પણ બીજું એક સુંદર વચન આ અધ્યાયમાં મળે છે:—

**સએવ અવ્યભિચારિણ્યા ભગવતો મહેશ્વરસ્ય અગ્રશક્ત્યા ભક્ત્યા પવિત્રીકૃતો નાન્યઃ.**

અર્થાત્ એ કહે છે કે જો કોઈ સાધક શિવમાં આવી રીતે

તન્મય થઈ શકે તો એ મહેશ્વરની અગ્રશક્તિરૂપા ભક્તિ છે (અપની શુધ્ધાદ્વૈતકી ભાષા હૈ, યે કાકાજી!). આવી ભક્તિ કરવાની શક્તિ આપણામાં હોઈ શકતી નથી. એ તો પરમાત્માની જ શક્તિ હોઈ શકે છે. તે શક્તિ આપણામાં સંક્રાન્ત થાય તો આપણે એવી નિષ્કામભક્તિ કરી શકીએ. જેમ મારા ચહેરા ઉપર જે લાઈટ દેખાઈ રહી છે તે મારી તેજસ્વિતા નથી. આ તો ફ્લેશની લાંઈટનો તેજ મારા ઉપર પડી રહ્યો છે. એમ જ આપણી અવ્યભિચારિણી ભક્તિની બાબતમાં પણ સમજી લેવું. વ્યભિચારિણી ભક્તિની બાબતમાં એમ આપણે ન કહી શકીએ. એ તો ફક્ત આપણી જ મનોવૃત્તિ હોય છે, એ ભગવાનની અગ્રશક્તિ નથી! અભિનવ કહે છે કે મહેશ્વર પોતાની શક્તિ આપણા ઉપર વાપરે છે. જેમ આ ફ્લેશલાઈટ મારા ચહેરા ઉપર પડવાથી મારો ચહેરો ચકમક લાગતો હશે. મને તો એ નથી દેખાતું, એ તો તમને જ ખબર પડે. થઈ રહ્યો હશે એવું બુધ્ધિ વાપરવાથી લાગી રહ્યું છે! અન્ડરલાઈન ન કરાવી દેતા! એ ફ્લેશથી જેમ મારો ચહેરો ચકમક થાય છે તે મારો પ્રકાશ નથી તે ફ્લેશનો પ્રકાશ છે. તેવી જ રીતે આવી અવ્યભિચારિણી ભક્તિ એ મારા હૃદયની શક્તિ નથી, એ તો પરમેશ્વરની, અભિનવગુપ્તની ભાવના મુજબ જે શિવરૂપ છે, તેની પરમશક્તિ છે. મહાદેવની એવી અગ્રશક્તિને કારણે એવો સાધક પવિત્ર કેમ થઈ ગયો એનું કારણ પણ બતાવે છે કે ''અરે! જે બ્રહ્મ કે શિવ માં પ્રતિષ્ઠિત છે, શિવની ઉપાસના કરે છે, તેવો જીવ તો શિવ થઈ જાય ને!''

કેવી તન્મયતા છે અભિનવની! જડરૂપતયા કોઈ ભગવાનની ઉપાસના કરે અને એવાને મોક્ષ મળે તો તે મોક્ષ પણ જડરૂપ હશે. તે કદાચ પાડો બની જશે. જા, કેમ શિવરૂપે મારી ઉપાસના ન કરી? કેવી તન્મયતા છે! મસ્તરામ હશે એ વ્યક્તિ. ખરેખર શિવજીએ પુષ્કળ એના પર કૃપા વરસાવી ત્યારે આવો ભાવ એને



સ્ફુરી શક્યો, નહિ તો સ્ફુરી જ ન શકે. તો એ વાતને આપણે સમજીએ.

આપણે ત્યાં પણ આવું નથી કહ્યું એવું નથી. જુઓ આ વાત પર મારી દૃષ્ટિ ગઈ એટલે મને થયું કે આપણે ત્યાં પણ આવું કેટલું બધું કહ્યું છે! આપણે એની મજા નથી લેતા એટલે આપણને ખ્યાલ નથી આવતો. આપણે ત્યાં પણ કહ્યું છે—

**સખીરી હોં જીવત હરિમુખ હેરે।**
**કોઉ મેરો સગ્યો ન હોં કાહૂકી કહત સબનસોં ટેરે॥**
**જોઈ યહ હઠ સોઈ ભલે કરિહોં કહા ભયો કાહૂ મુખ મોરે।**
**'પરમાનન્દ' હિલગકી બાતે નિવરત નાહિ નિવેરે॥**

આપણે ત્યાં પણ ભક્તોએ એ જ વાત કહી છે કે હું બીજા કોઈનું મોઢું જોવા માગતી નથી. તમે મારા પર આરોપ લગાવ્યો કે તમે વાડાવાદી છો, સમ્પ્રદાયવાદી છો, તમારુ મન સંકીર્ણ છે. અચ્છા ભાઈ જાવ અમે હઠવાદી છીએ, વાડાવાદી છીએ, અમે સંપ્રદાયવાદી છીએ. તમે કહો છો ને કે અમે વાડાવાદી છીએ તો હા, અમે એ ગોપાલના વાડાના ઢોર છીએ. બીજું કાંઈ કહેવું છે? ''દોગ્ધા ગોપાલનંદનઃ'' અમે એ ગોપાલનંદનના વાડાની ગાયો છીએ. હા, એ વાડામાં અમે ભરાયેલા છીએ. બીજું શું કહેવું છે? બોલને યાર! જે કાંઈ કહેવું હોય કહેતો જા! અરે કોને બીક લાગે? જેને ગામની પરવા હોય તેને બીક લાગે. અમે તો વાડામાં જ પૂરાઈને રહીશું **''જોઈ યહ હઠ સોઈ કરિહોં કહા ભયો કાહૂ મુખ મોરે? 'પરમાનન્દ' હિલગકી બાતે નિવરત નાહિ નિવેરે!''** તારા કહેવાથી મને શું ફરક પડશે? કાંઈ ફરક નહિ પડે. આ તો હૃદય લાગી જવાની વાત છે, કોઈના કહેવાથી નહિ તૂટે. તેં કહી દીધું કે અમે વાડાવાદી છીએ એટલે વાડા તોડીને

કૃષ્ણને બદલે શિવને ભજવા મંડી જઈએ અને અન્તે એક દિવસ સર્વધર્મનિરપેક્ષ બનીને લપ્પુ પંડાની માફક ચર્ચ, દરગાહ અને મસ્જિદ બધે જઈ આવીએ... આવી બધી વાતો હિલગની વાતો નથી.

ઉપર કહ્યા મુજબ જો અવ્યભિચારિણી ભકિત હોય તો તો ભાઈસા'બ તમને સમજમાં આવશે અને જો નહિ હોય તો પછી જવા દ્યોની બધી વાત. તમારા જેવાની સાથે પુરુષોત્તમની વાત કરવાથી કોઈ લાભ થવાનો નથી. કેમકે પછી તો પૂછવાનો એક જ મુદ્દો બાકી રહી જાય છે કે આપણે પુરુષ છીએ કે નહિ. આપણે પુરુષ છીએ કે ઢોર જ છીએ એ મુદ્દો વિચાર કરવો આપણા માટે યોગ્ય ગણાશે. તેથી જો એ પુરુષોત્તમને સમજવો હોય તો **"માં ચ યો અવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે"** વચનને શિરોધાર્ય કરવું જ પડશે. એ પુરુષોત્તમને સમજશું તો આપણને ખબર પડશે કે **"બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્ અમૃતસ્ય અવ્યયસ્ય ચ શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્ય એકાન્તિકસ્ય ચ"** એ પુરુષોત્તમ કેવો? ત્યારે આપણને અમૃતના, અવ્યયના, શાશ્વતધર્મના અને એકાન્તિકસુખના આધાર સાથે સંપર્ક સાધવાનો લાભ મળશે. એના સ્પંદન આપણને અનુભવાશે. અમૃતના, અવ્યયના, એકાન્તિક સુખના સ્પંદન આપણા હૃદયમાં પણ થવા મંડશે.

એ પુરુષોત્તમને જાણવા-માણવાની પહેલી શરત છે: **"અવિભક્તં વિભક્તેષુ..."** એવી સાત્ત્વિકબુધ્ધિ અને અવ્યભિચારિણી ભકિત. એ બન્ને હોય તો પંદરમા અધ્યાયનો પ્રથમ શ્લોક સમજાશે કે "ઉર્ધ્વમૂલમધઃશાખમ્ અશ્વત્થં પ્રાહુઃ અવ્યયં છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્" એટલે શું?



## ॥સાત્ત્વિકબુદ્ધિ + અવ્યભિચારિભક્તિ = પુષ્ટિભક્તિ॥

આપણે જોયું કે પુરુષોત્તમનું જ્ઞાન મેળવવા માટે અનેકધા વિભક્તોમાં એક અવિભક્તને ઓળખવાની સિફત અને અવ્યભિચારિણી ભકિત —એ બે પ્રમુખ તત્ત્વો છે. તે પ્રસંગને મેં મારી રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો. એમાં જેને જે કાંઈ અઘરું લાગ્યું હોય તે સવાલ પૂછી શકે છે. અહીંયા એવું નથી કે મૂંગે મોઢે બધાને ફકત સાંભળવાનું જ છે. મને ખબર નથી પડતી કે તમને શું સમજમાં આવ્યું કે શું ન આવ્યું. તેમ છતાંય ફરી એક વાર સંક્ષેપમાં એ વિષયને વાગોળી લઈએ.

### ઇન્દ્રિયજન્ય વિષયબોધ સાત્ત્વિક જ હોય તેવું જરૂરી નથી:

જે લોકોએ આંખે ચશ્મા ચઢાવ્યા છે તે લોકો મારી વાતને સરખી રીતે સમજી શકશે. મેં ચઢાવ્યા છે એટલે જાત-અનુભવની વાત કરી રહ્યો છું. દા.ત. નંબરના ચશ્મા હોય કે લીલા કાચના ચશ્મા હોય એને પહેલી-વહેલી વાર આપણે આંખ પર ચઢાવીએ ત્યારે કાચ તો પારદર્શી હોય એટલે બધું દેખાય પણ આંખમાં સૌથી આગળ પડતા ચશ્મા જ દેખાતા હોય છે, દ્રશ્ય નહિ. કેમકે નવા-નવા આપણે ચશ્મા પહેર્યા હોય એટલે ચશ્મા પહેલા દેખાય અને દ્રશ્ય ચશ્મા દેખાયા પછી દેખાય. હવે ચશ્મા બે જાતનાં લગાડવામાં આવે છે: દૂરની વસ્તુ જોવાના અને અને પાસેથી વાંચવાનાં. એ બન્ને કાચો હવે પાછા એક જ ચશ્માની ફ્રેમમાં પણ લગાડી શકાય. મેં પહેલી વખતે એવા ચશ્મા ચડાવ્યા ત્યારે એવી કફોડી સ્થિતિ થઈ કે પેલા એક કાચને બીજા કાચ સાથે જોડતી લકીર જ વધારે દેખાયા કરે. બીજું જે કાંઈ દેખાય તેમાં વ્યવધાનરૂપ

બને. મને થયું કે આ તો મોટી મોકાણ થઈ ગઈ. કેમકે મેં ચશ્મા દૂર અને પાસેની વસ્તુને એક સાથે એક સામટા જોવા માટે લીધા હતા, વારે ઘડીએ બદલવાની લમણાઝીક ન કરવી પડે. દૂરના અને પાસેના કાચોમાં થી કાંઇ દેખાય તેના પહેલા બેઉ કાચ વચ્ચેની લકીર જ દેખાયા કરે! મેં ચશ્માવાળાને શિકાયત કરી તો એણે મને કહ્યું કે "તમે ચિંતા ના કરશો. તમે જે રીતે જુઓ છો તે પ્રકારે જોવાનું ચાલુ રાખો. એકદિવસ આપોઆપ આ લકીર દેખાવાની બંધ થઈ જશે" અને ખરેખર થોડા દિવસ પછી લકીર દેખાતી બંધ થઇ ગયી અને દૂરનું અને પાસેનું બન્ને દેખાવા મંડ્યું. આમ ઘણા વખત સુધી આપણે ચશ્મો પહેરીએ તો ચશ્માથી જે કાંઇ દેખાય તેમાં ખુદ ચશ્મો દેખાતો બંધ થઈ જાય. મને મારો જાતઅનુભવ છે કે ભાગવતનો પાઠ કરતો હતો તેમાં નાના-નાના અક્ષરો દેખાતા બંધ તો ન્હોતા થયા પણ એમને જોવામાં થોડીક તાણ આવતી હતી. એટલે મેં ડોક્ટરને પૂછ્યું કે નાના અક્ષર જોવામાં મને તાણ કેમ આવે છે? તો ડોક્ટરે કહ્યું કે તમને ચશ્મા આવી ગયા છે તો ચશ્મા પહેરી લો. વારુ, પહેરી લીધા. તો તે વખતે અક્ષર દેખાતા તો હતા માત્ર તાણ આવતી હતી અને હવે ચશ્મા પહેર્યા પછી તો દેખાતા જ બંધ થઈ ગયા! અને અક્ષર વાંચતા તો ઠીક, ચશ્મા પહેર્યા વિના ઠાકોરજીને શૃંગાર ધરાવા હોય તે પણ નથી દેખાતા. કેમકે ચશ્મામાંટે આંખોને એવો તાદાત્મ્યાધ્યાસ થઈ ગયો કે ચશ્મા હોય તો જ આંખ જુવે, નહિ તો કાંઇ પણ દેખાય નહિ.

આ તો એક સમજવાની વાત છે કે આપણી આંખ, કાન, નાક, જીભ, ત્વચા, અહંકાર, મન, બુધ્ધિ, ચિત્ત વગેરે બધા જ આપણા આત્મા ઉપર એક ચશ્મા જેવા છે. શરૂઆતમાં જ્યારે ચેતના તેમના પ્રયોગ કરતી હશે ત્યારે દ્રશ્ય કરતા તેઓ પણ ચેતનાને વધારે દેખાતા હશે પણ પ્રયોગ કરતાં-કરતાં પછી આપણને આ



આંતર-બાહ્ય કરણો દેખાતા બંધ થઈ જાય અને આંખ નાક કાન વગેરે દ્વારા વિષયોની જેવી રજુઆત કરવામાં આવતી હોય તે જ આત્મચેતનામાં અનુભવાય. આંખ મીંચીએ તો પણ પરમાત્મસત્તા કે આત્મચેતના જેવું પણ કશું દેખાય નહિ. કાન બંધ કરીએ તો પણ ભીતર બેઠેલો અન્તર્યામી જે ગીતા સંભળાવવા માગતો હોય તે ન સંભળાય. જ્યારે કે દરેક અવસ્થામાં જોનારી તો આંખ જ હોય છે. આંખ એમ કહે કે ચશ્મા વિના હું નહિ જોઉં ત્યારે પણ જોનારી તે પોતે જ હોય છે અને ચશ્મા થકી પણ જોનારી તો તે પોતે જ છે. તેવી રીતે આ પાંચે-પાંચ જ્ઞાનેન્દ્રિયોથી, અંતઃકરણથી જોનારી જે શકિત છે, તે તો આત્મશક્તિ છે. હવે આત્મશકિતએ ચઢાવેલા ચશ્માને કારણે એને તેઓનું તાદાત્મ્ય એટલું કેળવાઈ ગયું છે કે તે બાહ્યાભ્યન્તર કરણો વિના પોતે ન તો કાંઈ જોઈ શકે, ન વિચારી કે ન સાંભળી શકે. જેમ આંખે આ જે જોવાનુ બંધ કરી દીધું. જે અક્ષરો ચશ્મા પહેર્યા વિના પહેલાં દેખાતા હતા, વંચાતા હતા એના કરતાં ઘણા મોટા અક્ષરો પણ હવે ચશ્મા વિના દેખાતા કે વંચાતા નથી. ફેકટરીમાં મજૂરો જેમ બોનસ વિના હડતાલ કરી દેતા હોય એવું આંખનું કામ થઈ ગયું! દરેક ઠેકાણે એવું જ થાય છે. કાનમાં પણ એવું મશીન નાખીએ તો થોડા વખત પછી એવું થઈ જતું હશે. તેથી બાહ્ય જગત્‌ને જોવા માટેના જે બાહ્ય કરણો આંખ નાક કાન વગેરે છે એનાથી જ જોવામાં આપણો આત્મા મશગુલ રહે છે. એનામાં એ પણ સામર્થ્ય નથી રહી જતું કે બાહ્ય જગત્‌ના રૂપ, રસ, ગંધ, સ્પર્શ જોનારી આંખ વગેરેને આપણો આત્મા જોઈ શકે. થોડાક છુટા થવું પડશે. જેમ ચશ્માથી થોડાક છુટા થઈએ તો આપણને ખ્યાલ આવશે કે ચશ્માથી જોનારી અંતે તો આંખ છે, ચશ્મા નથી જોઈ શકતા. તેમ આપણે થોડાક છુટા થઈએ કે આંખથી નથી જોવું, આંખથી જોનારો આત્મા છે. આંખથી રૂપને જોવાને બદલે રૂપને જોનારી આંખને આત્મા જોવા મંડે તો આ વિષયના બંધનથી આત્મા થોડોક છુટો પડે. તો જેમ હમણાં બધી યાત્રા બહાર તરફ આવી રહી છે તેમ

અંતર્મુખી શરૂ થાય.

જો ચેતનાની અંતર્મુખી યાત્રા શરૂ થાય તો જે રૂપ સ્પર્શ કે ગન્ધ ના જે વિભાગો છે દા.ત. આંખથી આપણને ચોપડી દેખાય છે; અને તે ચોપડીનું આ પૂઠું લીસું છે કે કઠોર છે તે તો સ્પર્શ કર્યા વિના અનુભવાય નહિ ને! તો એ આંખ પૂઠાના રૂપરંગને જ જુવે છે અને સ્પર્શ કરીએ તો જ આપણને માહિતી મળે કે પૂઠું લીસું છે કે ખરબચડું. હવે લીસું છે કે ખરબચડું છે તે સ્પર્શેન્દ્રિય અનુભવ કરી રહી છે તો તે એક વિભાગ અને આંખથી એના રૂપરંગ જોઈ રહી છે તે બીજો વિભાગ. તે પૈકી આંખ જે લીસું કે ખરબચડું છે તેને જોઈ શકતી નથી; અને, આંખ બંધ કરી માત્ર સ્પર્શ કરો તો તેનાં રંગ કે આકાર જાણી શકાતા નથી. આમ બે વિભાગો થઇ જાય છે. જો બુધ્ધિ વાપરીએ કે આ બન્ને વિભાગોમાં અનુભવાતી ચોપડી તો અન્તે એક જ, એટલે ચોપડી તરફ ધ્યાન ગયું. જો રૂપ કે સ્પર્શ માં તન્મયતા આવી જાય તો તે ન અનુભવાય પણ ચોપડી જોનારી આંખ અને સ્પર્શ કરનારી ત્વચા બન્નેને જ્યારે બુધ્ધિ એકસામટી જુએ કે એ બન્ને એક જ ઠેકાણે જઈ રહી છે કે જુદે જુદે ઠેકાણે. અને જો બન્ને એક દિશામાં જ વ્યાપાર કરતી હોય તો બુધ્ધિને સમજમાં આવી જાય કે જે વસ્તુ દેખાઈ રહી છે તે જ વસ્તુનો સ્પર્શ પણ કરવામાં આવી રહ્યો છે. આમ રૂપ અને સ્પર્શ ના જે વિભાગો થયા તેમાં એક અવિભક્ત ચોપડીનું આપણને જ્ઞાન મળ્યું. તે આંખ અને ત્વચા કે કાનથી નથી મળતું તે તો બુધ્ધિથી જ મળે.

<u>બુદ્ધિ પણ જો પોતે તામસિક અવસ્થામાં ગ્રસ્ત હોય તો તેથી સાત્ત્વિકબોધ થતો નથી.</u>:

જો બુધ્ધિ પોતે તામસ થઈ જાય રૂપરંગ જોવામાં એટલી



મશગુલ થઈ જાય તો બુદ્ધિથી પણ લીસા કે ખરબચડાનું જ્ઞાન ન થાય. જો બુધ્ધિ સ્પર્શમાં તામસપણાને કારણે તલ્લીન થઈ જાય તો એને રૂપરંગનું જ્ઞાન ન થાય.

તમે સાંભળ્યું હશે કે બિલ્વમંગળ સુરદાસ (આપણા સુરદાસજી નહિ) કે તુલવીદાસજી, બેમાંથી કોઈ એક, સાપ લટકતો હતો તેને રસ્સીની માફક પકડીને પોતાની પ્રિયતમાને મળવા ઘરમાં ઉપર ચઢી ગયા. એવું કેવી રીતે સંભવે? સંભવે, ચઢી જવાય. કેમકે બુધ્ધિ "યત્તુ કૃત્સ્નવદ્ એકસ્મિન્ કાર્યે સક્તમ્ અહેતુકમ્" અર્થાત્ બુધ્ધિ કોઈપણ એક ઈન્દ્રિયમાં મશગુલ થઈ જાય પછી એને બીજું કશું અવિભક્તનું જ્ઞાન થાય નહિ. બુધ્ધિ જો ચોમેર સાવધાન રહે તો જુદી જુદી ઈન્દ્રિયથકી મળતી બધી માહિતીઓને એકઠી કરીને એક અવિભક્ત માહિતીને તે પોતાનામાં પ્રાપ્ત કરી શકે. જેમ તમારી દસ જગ્યાએ દુકાન હોય અને એમાં એક દુકાને નફો અને બીજી દુકાને નુકસાન થયું હોય તો તમારી હેડ ઑફિસ જ્યાં હોય ત્યાં બધી જ દુકાનોથી માહિતી મેળવીને સરવાળે તમને નફો થયો કે નુકસાન થયું તે તમે જાણી શકો. જો દુકાનમાં નફો થયો હોય ત્યાં નુકસાનની ખબર ન પડે અને નુકસાન થયું હોય ત્યાં નફાની ખબર ન પડે, પણ હેડ ઑફિસમાં બધી માહિતી ભેગી થાય અને સરવાળે નફો થયો કે નુકસાન, તેની ખબર પડે. તે રીતે બુધ્ધિમાં સરવાળે આપણને ખબર પડે કે જે જુદા-જુદા વિભાગો હતા તેમાં જે વસ્તુ અનુભવાઈ રહી હતી તેમાં એક અવિભક્ત નફો કે નુકસાન કેવું છે.

વિભક્તોમાં અવિભક્તને જાણવું તે પુરુષોત્તમને પિછાણવાની મુખ્ય શર્ત છે. એનું મૂળ કારણ એ છે કે જુદા-જુદા વિભાગો રૂપના, નામના, કર્મના જે જગત્‌માં પ્રકટ થયા છે તે નામ-રૂપ-કર્મના વિભાગને પ્રકટ કરનાર એક પરમાત્મા તો એક જ છે. તેથી જ

ગીતામાં અહીંયા ભગવાન્ એક બહુ સુંદર વાત કહે છે કે "યદા **ભૂતપૃથગ્ભાવમ્ એકસ્થમ્ અનુપશ્યતિ તતએવ ચ વિસ્તારં બ્રહ્મ સમ્પદ્યતે તદા**" અર્થાત્ 'ભૂત' એટલે કોઈપણ પદાર્થ; તે દરેક એકબીજાથી જુદા-જુદા અનુભવાય છે. કોઈ વસ્તુ બીજી વસ્તુ જેવી નથી. જેમ ગાય ભેંસ અને હાથી ત્રણેય જુદા જ લાગે છે. બધા ભૂતોમાં જલ અને પત્થરમાં પણ ભેદ અનુભવાઈ રહ્યો છે. એમ દરેક વસ્તુમાં ભેદ અનુભવાય છે. એ ભૂતોમાં રહેલ પૃથગ્ભાવ છે. તે પૃથગ્ભાવને કોઈક એક એવો આધાર મળી રહે કે એકમાં જ તે જણાવા મંડે કે આ જે કાંઈ જુદા-જુદા નામો રૂપો કે કર્મો છે તે આ તત્ત્વના જ જુદા-જુદા થયેલા નામ-રૂપ-કર્મો છે. દા.ત. એક રૂમાલને મુઠ્ઠીમાં બંધ કરી દો તો એ એક વિભાગ થઈ ગયો. ખોલીને પાથરી દો તો બીજો વિભાગ થઈ ગયો. પણ જો બ્રહ્મ પરમાત્મા ભગવાન્‌ને આપણે અનુભવીએ તો જેમ મુઠ્ઠીમાં બંધ આ રુમાલ સંકુચિત રૂપે થયો પણ ખોલીને પાથરતા ઘણો મોટો રૂમાલ થઈ જાય. હવે એટલો મોટો રૂમાલ આ મુઠ્ઠીમાં ન આવે અને એનો સંકોચ કરી દઈએ તો એ મુઠ્ઠીમાં આવી જાય. તેમ જુદા-જુદા નામ-રૂપ-કર્મો રૂપી ઇન્દ્રિયવિષયાનુભૂતિની મુઠ્ઠીને સાત્ત્વિકબુદ્ધિથી ખોલીને એક બ્રહ્મે લીધેલા અનકેવિધ નામ-રૂપ-કર્મો તરીકે જોવાનું શરુ કરીએ તો બ્રાહ્મિક વિસ્તાર આ નામ-રૂપ-કર્મોના વિભાગમાં અનુભવાશે.

જુદા-જુદા નામ-રૂપ-કર્મોના વિભાગોમાં એક અવિભક્ત બ્રહ્મ-પરમાત્માનો આપણને અનુભવ થાય તો દરેક વસ્તુમાં પોતાનો જે સંકોચ છે કે સંકુચિત મર્યાદા છે, એને છોડીને વસ્તુ વિસ્તારને પામી જશે. તરત જ તમને બ્રહ્મ તરીકે એનો વિસ્તાર લાગશે.

જેવી રીતે ગિરનાર ઉપર રેવતીકુંડ અને દામોદરકુંડ એવા બે વિભાગો છે. ધારો કે જોરદાર વરસાદ પડે અને બન્ને કુંડો છલકાય



અને બન્ને કુંડોનું પાણી સપાટીથી ઉપર આવે તો બન્ને નાના-નાના કુંડોના વિભાગમાં એક સરોવર બની જાય. જે કુંડ છે તે તો કુંડ જ રહે છે, એ ભૂલતા નહિ, કુંડો મટી નથી જતા; પણ એમનામાં સમાયેલું પાણી એકબીજામાં જતું રહે અને સરવાળે એમ અનુભવાય છે કે દરેક કુંડમાં એક જ પાણી ભરાયેલું છે. આમ એક સરોવરનો આપણને અનુભવ થવા મંડે, નાના-નાના કુંડોની અનુભૂતિ થતી બંધ થઈ જાય. અથવા અનુભૂતિ થાય તો પણ એ પેલા એના એકત્વમાં બાધક ન થાય એમ ભગવાન્ કહે છે.

## <u>સાત્ત્વિકબુદ્ધિ હોવા છતાંય અવ્યભિચારિણી ભક્તિ ન હોય તો પણ પુરુષોત્તમને માણી શકાતું નથી:</u>

એટલે પુરુષોત્તમને જો અનુભવવો હોય તો <u>આવા</u> વિસ્તારને ગ્રહણ કરનારી દ્રષ્ટિ જોઈએ, સાત્ત્વિકબુધ્ધિ જોઈએ. અને ફક્ત સાત્ત્વિકબુધ્ધિથી જ કામ નથી ચાલતું પણ અવ્યભિચારિભક્તિ પણ જોઈએ. કેમકે સાત્ત્વિક બુધ્ધિથી અવિભાગ જણાશે પણ પુરુષોત્તમ હજી થોડીક ઉપરની વસ્તુ છે. એનું કારણ આપણે ફરીથી થોડુંક સમજવું પડશે. 'ઉત્તમ' શબ્દ 'ઉત્' અને 'તમ' શબ્દ થી ઘડાયેલો છે. 'ઉત્' એટલે ઉપર અને 'તમ' એટલે સૌમાં શ્રેષ્ઠ કે ઊંચો. એટલે 'ઉત્તમ' કહેતા ઊંચામાં ઊંચો એવો અર્થ થાય. કઈ વસ્તુ ઉપર અને કઈ વસ્તુ નીચે અને કઈ વસ્તુ વચ્ચે? ચાલુ ખાતાની ભાષામાં આપણે એમ જ સમજતા હોઈએ છીએ કે કબૂતરો ઉપર છે આપણે નીચે છીએ પણ સાવધાનીથી ક્યારેક આ શબ્દપ્રયોગની ચકાસણી કરશો તો તમને ખ્યાલ આવશે કે સ્ટેશનો ઉપર જે ટ્રેનો આવતી હોય તેમાં કોઈકને 'અપ' કહેવાય કોઈકને 'ડાઉન' કહેવાય. બધી જ ટ્રેનો સીધી જ ચાલતી હોય છે. એમાં 'અપ' અને 'ડાઉન' કેવી રીતે થઈ ગયું? 'અપ' એટલે ઉપર અને 'ડાઉન' એટલે નીચે. આવું કેવી રીતે બની શકે? તમે ક્યાં છો અને ક્યાંથી કોઈક વાતને જોઈ રહ્યા છો તેનાથી ઉપરપણું અને નીચેપણું

નિર્ધારિત થતું હોય છે. નદીની બાબતમાં પણ આવું જ છે. નદીના કાંઠે ગામડાં વસેલાં હોય તો જે ઠેકાણેથી નદી આવતી હોય તે ઠેકાણે પૂર આવ્યું હોય તો આપણે કહીએ કે "ઉપર પૂર આવ્યું છે તેથી અહીંયા પાણી વધી ગયું છે". બંધમાં પાણી છોડ્યું હોય તો આપણે કહીએ કે ઉપર પાણી છોડ્યું છે તેથી અહીંયા નીચે પાણી વધ્યું છે. હવે નદી એમ તો સપાટ છે એમાં ઉપર-નીચે ક્યાંથી થયું? થાય. એટલે ઉપર-નીચે હોવાનો અર્થ એવો સંકુચિત ક્યારેય પણ નહિ સમજી લેવાનો કે ઉપર એટલે જેમ પારેવાઓ ઉપર છે અને આપણે નીચે છીએ તે એક જ અર્થ છે. ઉપર-નીચેના ઘણા બધા પ્રયોગો છે એવી જાતના. શાસ્ત્રમાં કહેવામાં આવ્યુ છે કે **"ન હાયનૈઃ ન પલીતૈઃ ન કુલૈઃ બંધુબાંધવૈઃ ઋષયો નિયમં ચક્રે યોનૂચાનો સ વૈ મહાન્"** જો કે અહીંયા 'મહાન્' શબ્દ છે પણ મહાન્‌ના ઠેકાણે ઊંચો પણ કહ્યો હોત તો અર્થ એજ થાત. ઋષિઓએ એવો નિયમ ઘડ્યો કે જે વેદને સરખી રીતે સમજાવી શકતો હોય તે મહાન્ કે ઊંચો. હવે કોણ ઘરડો કે કોણ જવાન છે, કોની પાસે નાણાં વધારે છે, કોના સગા-સંબંધીઓ વધારે છે તેવા કારણોથી બ્રાહ્મણ ઊંચો નથી થતો. બ્રાહ્મણ ત્યારે ઊંચો થાય જ્યારે તે વેદ સરખી રીતે સમજાવી શકતો હોય. આમ કોઈ નાનો હોય તો પણ મોટો થઈ જાય અને મોટો હોય તો પણ નાનો થઈ જાય. તો આ જે ઊંચ-નીચનો ભાવ છે તે ઉપર-નીચેના ભાવમાં નથી ઘણા બધા ભાવમાં સંભવે છે.

મને મારા નાનપણની વાત યાદ આવે છે કે અમે તો સ્કુલ જતા ન્હોતા. તો અમારા ફોઈનો છોકરો = ભાઈ સ્કુલ જતો હતો તે એણે અમને એક દિવસ આવીને જ્ઞાન આપ્યું કે પૃથ્વી ગોળ છે. હું તો એકદમ મુંઝવણમાં પડી ગયો કે પૃથ્વી ગોળ છે તો આપણે લપસીને પડી કેમ નથી જતા! તો એણે કહ્યું "તું કાંઈ સમજતો જ નથી. લપસીને પડવા જેવું કશું છે જ નહિ. પૃથ્વી



ગોળ છે." મને વિશ્વાસ ન આવ્યો અને થયું કે એ ગપગોળા મારી રહ્યો છે. પછી એ પૃથ્વીનો ગોળો મારી પાસે લઈ આવ્યો કે "જો આમાં". એણે મને હિન્દુસ્તાનનો નકશો દેખાડ્યો ને મેં બહુ ગંભીરતાથી અધ્યયન કર્યું ને એમાં મને દેખાયું કે હિન્દુસ્તાનની બરાબર નીચે અમેરિકા છે. એટલે મને એમ થયું કે આપણે આમ ચત્તા ઊભા છીએ ને અમેરિકામાં બધા ઊંધા ગરોળીની માફક ચાલી રહ્યા છે! એટલે મેં એને કહ્યું "તારી વાત તો ખરી પણ એનો મતલબ એમ થયો કે ત્યાંના લોકો ગરોળીની માફક ઊંધા ચાલતા હશે". તો એણે કહ્યું કે "તું સાવ ડોબો છે, કાંઈ સમજતો જ નથી; એ લોકો પણ પૃથ્વી પર ચાલી રહ્યા છે". મેં કહ્યું "એવું સંભવે જ નહિ". પછી મેં કહ્યું "અચ્છા, આપણે એક કામ કરીએ. આમાં છેદ કરો અને એક પેન્સિલ નાખો. એ ત્યાં માથાથી નીકળશે કે પગથી નીકળશે?" મારી આ દલીલનો એને જવાબ સૂઝ્યો નહિ એટલે મને એમ થઈ ગયું કે આ તો ખાલી ગપ જ હાંકે છે! એક વાત સમજવા જેવી છે કે ગરોળી જે ઉપર ચાલતી હોય છે તે આપણને જોતી હશે તો કદાચ એને પણ એમ જ લાગતું હશે કે ઓહોહો મનુષ્યો કેટલા ઊંચે છે અને એ ઉલટા ચાલી રહ્યા છે! કેમકે એ પોતાને તો સીધી ચાલતી જ સમજતી હશે ને! હવે કોણ ઊલટું ચાલી રહ્યું છે ને કોણ સીધું ચાલી રહ્યું છે તે તો ખબર ન પડે. જ્યાં તમે ચાલી રહ્યા છો ત્યાં તમને સીધું લાગે અને બાકીની બધી દુનિયા ઊલટી લાગે. તમે ચાંદની વાત સાંભળી હશે કે જે લોકો ચાંદ ઉપર ગયા છે તેમને પૃથ્વી આકાશમાં ઉગતી અને આથમતી દેખાય છે, નીચે નથી દેખાતી. અહીંયાથી ચંદ્ર આકાશમાં ઉપર દેખાય છે અને ચંદ્ર ઉપર ગયા છે એ લોકોએ ફોટા પાડીને દેખાડ્યું કે પૃથ્વી એ સૂર્યની માફક ઊગતી હોય છે અને આથમી જતી હોય છે. હવે ત્યાં પૃથ્વી ઊંચી થઈ જાય છે અને અહીંયા ચંદ્રમા. હવે હકીકતમાં પૃથ્વી ઊંચી કે ચંદ્રમા ઊંચો? તો આ જે ઊંચ-નીચનો

ભાવ છે તે કોઈ એવો ભાવ નથી કે જે ઊંચે છે તે ઊંચે જ છે; તે નીચે પણ હોઈ શકે છે. અને તેવી જ રીતે નીચેની વસ્તુ ઊંચે પણ હોઈ શકે છે.

તે રીતે પુરુષોત્તમને સમજવાનો આ એક મુદ્દાનો પાસો છે કે કયો મુદ્દો તેને પુરુષોત્તમ બનાવે છે. જો કેવલ સાત્ત્વિકબુધ્ધિનો આપણે પ્રયોગ કરીએ તો આપણો પણ એવો બ્રાહ્મિક વિસ્તાર થઈ જશે કે શું ઊંચો ને શું નીચો? બન્ને સરખા થઈ ગયા! આમ સરખા થઈ ગયા પછી પુરુષોત્તમ ઊંચો કેવી રીતે થઈ ગયો? એ ભક્તિની કમાલ છે કે બ્રહ્મને પુરુષોત્તમ બનાવી રહી છે. તમારા હૃદયની ભક્તિ તમને એમ કહી દેશે કે ના ભાઈ તે ઊંચો—

**નિગાહોંને દેખી મુહબ્બતને માની।**
**તેરી બેમિસાલી તેરી લાજવાબી॥**
**ઉન આંખોંકા આલમ ગુલાબી ગુલાબી।**
**મેરે દિલકી હાલત શરાબી શરાબી॥**

આપણા હૃદયમાં રહેલ ભક્તિનો નશો કે તેવી નશીલી નિગાહો જ આપણને સમજાવી શકે કે એ પુરુષોત્તમ છે. જો કે જીવાત્મા અને પરમાત્મા બન્નેમાં એક જ બ્રહ્મનો વિસ્તાર થઈ ગયો હોય તો પણ. તમારા હૃદયમાં ભક્તિરસ છલકાતો હોય તો તે પોતે જ કહેશે કે તેથી જ તો તે પુરુષોત્તમ છે અને તેથી જ તું પુરુષ છે. કેમકે ચાહનારા કરતાં જેને ચાહવામાં આવતું હોય તે ઉત્તમ હોય છે. આપણે તે પરમાત્માને ચાહીએ છીએ તેથી તે ઉત્તમ છે, પુરુષોત્તમ છે. આપાણે તેને ચાહનારા છીએ તેથી આપાણે નીચા છીએ, ભક્ત છીએ. તો એ તો પુરુષોત્તમતા આ ફક્ત અવિભક્તતાના જ્ઞાનથી નહિ આવે પણ અવ્યભિચારિણી ભક્તિનો પણ એમાં બહુ મોટો ફાળો છે. એ સમજી લેવું જોઈએ. એટલે જેને ભક્તિ નથી હોતી તેને ખરેખર સમજમાં નથી આવતું.



તેમજ જેને ગાઢ ભક્તિ હોય પણ આ સાત્ત્વિકબુધ્ધિજન્ય તાદાત્મ્યભાવ ન હોય, તેને પણ પુરુષોત્તમની વાત સરખી રીતે સમજાતી નથી. એક બહુ મોટા ભક્ત થયા છે. આને નિન્દારૂપે ન લેતા, માત્ર દ્રષ્ટાન્તરૂપે સમજાવી રહ્યો છું. એમણે એક ઠેકાણે પોતાના ઈષ્ટદેવની સ્તુતિ કરતાં એમ કહ્યું—

**ભવન્તમેવાનુચરન્ નિરન્તરં**
**પ્રશાંત-નિઃશેષ-મનોરથાન્તરમ્।**
**કદાહમેકાન્તિક-નિત્યકિંકરઃ**
**પ્રહર્ષયિષ્યામિ સનાથજીવિતમ્॥**

અર્થાત્ હે પ્રભુ, તારી અને ફક્ત તારી જ સેવા કરતાં બીજી કોઈ પણ વાતમાં મારું મન ન જાય, બીજા કોઈ મનોરથ મારા હૃદયમાં રહી ન જાય, એવો એકાન્તિક કિંકર તું મને ક્યારે બનાવશે? તારો 'નિત્યકિંકર' એટલે હરહંમેશમાટેનો તારો સેવક, તું મને ક્યારે બનાવશે?

હવે એમની પરમાત્માની બાબતમાં દૃષ્ટિ એવી જાતની છે કે પરમાત્મા નોખો ને જીવાત્મા નોખો. આવી ભેદવાદી દૃષ્ટિ છે. એટલે આવી સુંદર; એટલે જો આ વાત તમે સાંભળો તો તમને એવું જ લાગે કે, આ વાત પુષ્ટિમાર્ગીય વાત છે. આપણી જ વાણી છે. ખરેખર સોએ સો ટકા દરેક સાચા પુષ્ટિજીવના હૃદયના સ્વાભાવિક મનોરથની આ વાત છે. તે છતાંય પેલી વિભાગદષ્ટિને કારણે, બીજા શ્લોકમાં આ ભગવદીયને આમ કહેવું પડે છે કે—

**ધિગશુચિમવિનીતં નિર્દયં મામલજ્જં**
**પરમપુરુષ યોઽહં યોગિવર્યાગ્રગણ્યૈઃ।**
**વિધિશિવસનકાદ્યૈઃ ધ્યાતુમત્યન્તદૂરં**

તવ પરિજનભાવં કામયે કામવૃત્તમ્॥

અર્થાત્ હું અપવિત્ર અવિનયી નિષ્ઠુર અને નિર્લજ્જ છું. મને ધિક્કાર કે મેં બડાશ મારવા સાવ ખોટી માગણી તારી સામે પ્રસ્તુત કરી નાખી. તું તો અગ્રગણ્ય યોગીઓના પણ ધ્યાનમાં પધારતો નથી, બ્રહ્મા, શિવ, સનકાદિ ઋષિઓ પણ તને મેળવી નથી શક્યા. સહુને દુર્લભ એવા તારો નિત્યસેવક થવા હું માગું છું. એવી અનુચિત માગણી મેં તારી સામે મૂકી તેથી મને ધિક્કાર છે!

આ સ્તોત્રનું દાદાજીનાનપણમાં મને પાઠ કરાવતા હતા. આ વિષ્ણુસ્તુતિનો શ્લોક છે. આ બે શ્લોકો ઉપર જ્યારે પણ મારું ધ્યાન જાય ત્યારે મને તરત પાછા શ્રીમહાપ્રભુજી યાદ આવી જાય છે કે **"સૂર વ્હૈકે કાહે ઘિઘિયાત હૈ, કછુ ભગવદ્લીલા ગા!"** અરે! પરમાત્મા પાસે આટલી સરસ માગણી કર્યા પછી કાંઈ પોતાને ધિક્કારવાનું હોય? ખરેખર શ્રીમહાપ્રભુજી સામે હોય તો તરત આજ્ઞા કરી દે કે **"સૂર વ્હૈકે કાહે ઘિઘિયાત હૈ"** કેમ આટલો કરગરે છે; ભગવદ્લીલા ગા ને! તને સમજમાં આવી જશે કે તે દુર્લભ પણ છે અને અતિશય સુલભ પણ. મહાપ્રભુજીએ કદાચ એના જ માટે લખી દીધું છે કે—

**સકૃત્ સ્મૃત્વા કુંભી યમિહ પરમં લોકમગમત્**
**ચિરં ધ્યાત્વા ધાતા સમધિગતવાન્ યં ન તપસા।**
**હિહિહીહીંકારાન્ પ્રતિપશુવને કુર્વતિ સદા**
**નમદ્બ્રહ્મેશેન્દ્રપ્રભૃતિષુ ચ મૌનં ધૃતવતિ।**

જેનું ફક્ત એક વખત સ્મરણ કરવાથી અજામિલ વગેરે અનેક નરકપાતીઓ નરકપાતથી બચી ગયા અને ઘણાં લાંબા કાળ સુધી ધ્યાન ધરવા છતાંય બ્રહ્માજી જેને ઓળખી ન શક્યા. વ્રજમાં તો



મૂક ગાય જેવા પશુઓની સાથે બોલતો ફરે છે તેથી બ્રહ્મા શિવ ઈન્દ્ર વગેરે દેવતાઓના પ્રણામ સ્વીકારવાની પણ પરવા રાખતો નથી.

રસખાનજી પણ કહે છે કે—

**શેષ મહેશ દિનેશ ગણેશ સુરેશ હુ જાહિ નિરન્તર ગાવે।**
**જાહિ અનાદિ અખણ્ડ અનન્ત અભેદ અછેદ સુવેદ બતાવેં।**
**નારદ સે મુનિ વ્યાસ રટેં પચિહારે તઉ પુનિ પાર ન પાવેં।**
**તાહિ અહીરકી છોહરિયા છછિયાભર છાછપે નાચ નચાવેં॥**

તો એ તો પરમાત્મા છે. તમારી પાસે નિખાલસ ભક્તિથી, પ્રસાદ વેચવાની જઘન્ય મનોવિકૃતિને કારણે નહિ હોં, એને અરોગાવવામાટે છાછ કે માખણ હોય તો બ્રહ્મા શિવ ઈન્દ્ર નારદ વ્યાસ એનું યશોગાન ગાતા રહી જશે પણ તમારી પાસે એ તો માખણના લોભમાં નાચવા તૈયાર બેઠો જ છે. એને વાંધો નથી આવતો.

એ ભગવત્સ્વરૂપને આપણે ત્યારે સમજી શકીએ કે જ્યારે "અવિભક્તં વિભક્તેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્" એ તત્વદૃષ્ટિ હોય. એટલે ખાલી ભક્તિ આ બાબતમાં કામ નથી આવતી અને ખાલી સાત્વિકી બુધ્ધિ પણ કામ નથી આવતી. બન્નેનો સુયોગ-સુમેળ થાય તો જ શ્રીમહાપ્રભુજીની પેલી દૃષ્ટિ આવે કે તે જ પુરુષોત્તમ, તેના સિવાય બીજો કોઈ પુરુષોત્તમ નહિ. તેથી શ્રીમહાપ્રભુજીએ કહે છે—

**પ્રાકૃતાઃ સકલાઃ દેવાઃ ગણિતાનન્દકં બૃહત્।**
**પૂર્ણાનન્દો હરિઃ તસ્માત્ કૃષ્ણએવ ગતિર્મમ॥**

પાછું એમ પણ કહે છે કે અનુભવાતા પ્રત્યેક પદાર્થ અને કૃષ્ણ એ બે નોખા કે એક? તો કહે છે ના, એક જ. તેથી

જ શ્રીમહાપ્રભુજી સિધ્ધાન્તમુક્તાવલીમાં કહે છે—

**આત્માનંદસમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્।**

કૃષ્ણનું વિચિંતન આપણે ક્યાં કરવાનું છે? આ આત્માની ભીતર કૃષ્ણ રૂપી આનંદનો જે સાગર ભરાયેલો છે તેમાં નિત્ય વિહાર કરતા કૃષ્ણને શોધો. એ કાંઈ તમારાથી બહુ અળગારો નથી. એ કાંઈ એવો કૃષ્ણ નથી કે તમને ઉપર જ મળશે, નીચે નહિ મળે; કે નીચે મળશે અને ઉપર નહિ મળે. અથવા તો હવેલીમાં જ સેવા કરો તો મળશે અને ઘરમાં સેવા કરશો તો નહિ મળે. એવાવિભાગ કૃષ્ણમાં નથી. કૃષ્ણ તો આત્માનંદસમુદ્રસ્થ છે. એ તમારી ભીતર ભરાઈને બિરાજેલો છે, બધે જ ઠેકાણે બિરાજેલો છે, કણકણમાં બિરાજેલો છે. તમે બસ એનું ભજન શરૂ કરો અને કૃષ્ણ તમને આનંદ આપવા મંડશે. આ જે શ્રીમહાપ્રભુજીનો ભાવ છે એને જાણવા-માણવામાટે મુદ્દાની બે શરતો છે: એક ભક્તિ હોવી જોઈએ અને બીજી સાત્ત્વિકી બુધ્ધિ હોવી જોઈએ. સાત્ત્વિકી બુધ્ધિ હોય અને ભક્તિ નં હોય તો પરમાત્માનો અને તમારો અભેદ તમને સમજાઈ જશે પણ એની પુરુષોત્તમતા નહિ સ્ફુરે અને માત્ર ભક્તિ હોય તો પુરુષોત્તમતા સ્ફુરશે પણ એ પુરુષોત્તમ તમારો આત્માનન્દસમુદ્રસ્થ પરમાત્મા છે એવું તમને નહિ સ્ફુરે. એ બન્ને જે જટિલ વાતો છે તેને એકી સાથે લાવવામાટે આ બન્ને કાબેલિયતો આપણી ભીતર હોવી જોઈએ.

શ્રીશંકરાચાર્યજીએ એ બાબતમાં ઘણુ સુંદર કહ્યુ છે કે—

**સત્યપિ ભેદાપગમે નાથ તવાહં ન મામકીનસ્ત્વમ્।**
**સામુદ્રોહિ તરંગઃ ક્વચ ન સમુદ્રઃ તારંગ ઈતિ॥**

હે નાથ, તારી અને મારી વચ્ચે ભેદ રહ્યો નથી, એટલે



બ્રાહ્મિક વિસ્તાર થઈ ગયો, જે રેવતીકુંડ અને દામોદરકુંડ એમ બે કુંડો હતા તે જળબંબાકાર થવાથી છલોછલ ભરાયેલું એક સરોવર બની ગયું છે. બન્નેના પાણી છલકાઈને એકબીજામાં આવવા-જવા મંડ્યાં છે. એટલે એ બે કુંડોનો હવે એક સરોવર બની જવાથી બ્રાહ્મિક વિસ્તાર થઈ ગયો છે. અહીંયા સુધી તો સાત્ત્વિકબુધ્ધિની વાત આવી. તેના પછી શ્રીશંકરાચાર્ય કહે છે "હે નાથ હું તારો છું, તું મારો નથી; કેમકે સમુદ્રમાં તરંગ ઉઠતી હોય છે, તરંગોનો સમુદ્ર નથી હોતો". આ મર્યાદાભક્તિનો ભાવ છે, એટલે એનાથી એક ડગલું હજુ આગળ વધવાનું છે આપણે. અને એક ડગલું આગળ વધીને પુષ્ટિભક્તિ આપણને કેળવાય તો આપણે એ પણ કહી શકીએ કે તું મારો જ છે, મારા સિવાય બીજા કોઈનો નથી. એ વાત પરન્તુ આપણે ત્યારે જ કહી શકીએ જ્યારે આપણને પેલી અવ્યભિચારિણી ભક્તિ હશે. અવ્યભિચારિણી ભક્તિ હોય તો જ કહી શકાય કે—

**અનત ન જઈએ પિય રહિયે મેરે હી મહલ।**
**જોઈ-જોઈ કહોગે સોઈ-સોઈ કરોંગી ટહલ॥**
**શૈયા સામગ્રી વસન આભૂષન સબવિધ કરિ રાખોંગી પહલ।**
**ચતુરબિહારી ગિરિધારી પિયાકી રાવરી યહી સહલ॥**

તું શામાટે બીજે ઠેકાણે જાય છે; ચુપચાપ અહીંયા ઘરમાં બેઠો રહે ને! તને જે જોઈએ એ હું તને આપું, એ લ્યો. ભક્ત જ્યારે જઈને ભગવાનૂને આવું કહે ને ત્યારે આ જે બીકણવૃત્તિ છે તે ઓછી થઈ ગઈ અને અવ્યભિચારિણી પુષ્ટિભક્તિ આપણી ભીતર પૂરેપૂરી ખિલી ગઈ! જે દિવસે તમે ઠાકોરજીને કહી દો ને કે કેમ બીજે ઠેકાણે પધારો છો પ્રભુ! મારે જ ત્યાં કેમ ગુપચુપ નથી બિરાજતા? "**રસિકબિહારી ગિરિધારી પિયાકી રાવરી યહી સહલ**" તમને શું કમી છે મારે ત્યાં કે તમારે બીજે ઠેકાણે

જવું પડે? પરમેશ્વરને પણ આવું કહેવાનું સામર્થ્ય કોઈકે આપ્યું હોય તો એ આપણા શ્રીમહાપ્રભુજીએ આપ્યું છે હોં! સ્વમાર્ગીય ભક્તોને એવા તો કાંઇક ભાવોથી મંડિત કર્યા છે!

આજે આપણી ભીતર એ ભાવ ખંડિત કરવામાં આવી રહ્યો છે. આજે આપણે એમ ગાવા માગીએ છીએ કે મારા ઘરમાં પધારતા નહિ કેમકે મરજાદ પળાતી નથી, હું મઠડી ખવડાવી શકતો નથી. સખડીની તો વાત જ દૂર ગઈ કેમકે મારે ત્યાં મરજાદ પળાતી નથી. અને મઠડી ખાવી હોય તો—

**મેરે ઘર મત આવો રહીએ હવેલીમેં જાય!।**
**મઠડી બૂંદી મોહનથાર અરુ પૂરી તહાં ધરેંગે બનાય।**
**દર્શન કરિ પ્રસાદ ખરીદવે ભેટ ધરોંગી આય।।**
**ચતુરબિહારી ગિરિધારી પિયાસોં ઇતનો હી નેહ નિભાય।।**

તારી બધી જ ટહેલ, સૈયા સામગ્રી વસન આભૂષણ વગેરેની સબવિધ ટહેલ ત્યાં રાખવામાં આવશે. મહેરબાની કરીને મારે ઘેર પધારતા નહિ! આપણે આવું ગાન કરી રહ્યા છીએ. જ્યારે શ્રીમહાપ્રભુજીએ ઉપદિષ્ટ ભક્તિથી અનુપ્રેરિત ભક્તોએ તો દમખમથી છાતી ઠોકીને એમ કહ્યું છે "**રહીયે મેરે હી મહલ અનત ન જઈએ**". **કોણ જાણે ગાનારના મહલ હશે કે ઝૂંપડી, પણ આપણે ત્યાં શ્રીમહાપ્રભુજીએ ગજબનું સામર્થ્ય આપણને આપ્યું છે. મહાપ્રભુજી એક ઠેકાણે આજ્ઞા કરે છે કે "જ્યારે પોતાના ઘરમાં ભક્ત ભગવાન્‌ની સેવા શરૂ કરી દે છે તે વખતે તે ઘર લૌકિક ઘર નથી રહી જતું, વૈકુંઠ થઈ જાય છે"** તમે એક વખત એ વૈકુંઠનાથને તમારા ઘરમાં પધરાવો અને સેવા શરૂ કરો. પછી તમારું ઘર ઘર નથી રહી જતું, વૈકુંઠ જ બની જાય છે..



'વૈકુંઠ' શબ્દનો અર્થ આપણે પેલો શોકસભાવાળો નથી લેવાનો કે "આથી સર્વેને જણાવવામાં આવે છે કે પ.ભ.નો વૈકુંઠવાસ થઈ ગયો છે તેથી હાર્દિક શોકપ્રસ્તાવ પસાર કરવામાટે એક જાહેર સભા રાખવામાં આવી છે!" આવો શોકજનક વૈકુંઠ નહિ હોં! 'કુંઠા' એટલે મનનો બળાપો— કે મરજાદ નથી પળાતી, પરિવારના સભ્યો સાથ આપતા નથી, હવેલી જેવી સ્વાદિષ્ટ મઠડી ઘરમાં બની શકતી નથી, કેસરના સૂકામેવાના હિંડોળા ભરી શકાય તેટલા નાણાં ગાંઠમા નથી, આવા મનમાં ભરાઇ ગયેલ દીનતા-હીનતાનો જે ભાવ. "હોં પતિતનકો ટીકો, મો સમ કોન કુટિલ ખલ કામી" આને કુંઠા કહેવાય. જેનામાં આવી કુંઠા ન હોય તે વિકુંઠ, અને વિકુંઠ હોવું તેનું નામ વૈકુંઠ. ભગવાન્ તેવા વૈકુંઠમાં બિરાજે છે. તમે એમને એક વખત તમારા ઘરમાં પધરાવો તો તમને ખબર પડશે કે તમારું ઘર જ ખરેખર વૈકુંઠ છે કે નહિ. કોઈ કુંઠા તમને રહી જ નહિ જાય. તે હશે જગત્‌નાં સર્જનહાર, પાલનહાર, સંહાર કરનાર, મહાન શુધ્ધ, મહાન પવિત્ર, મહાન જ્ઞાની... બધું મહાન લગાડતા જ જાવ ને! વાંધો નથી, પણ એ તમારા આત્મામાં ભરાયેલો છે તેથી બહાર પણ તમારા ઘરમાં બિરાજી શકે છે. "**તાહિ અહીરકી છોહરિયા છછિયાભર છાછપે નાચ નચાવે**"એક ખોબાભર છાછમાટે તમારા ઘરમાં નાચવા પણ તૈયાર છે.

એ મહાન હશે તો હશે પણ તમારા ઘરમાં તો તમે એને જગાડો તો જાગે, તમે મંગલભોગ ધરવા માગતા હોવ તો તેને આરોગવા જાગે, તમે સ્નાન કરાવીને શણગારો તો દેખાવડો થાય, તમે એને આરસી દેખાડો તો મલકે, તમે તમારા જમવામાટે જે કાંઇ રાંધતા હોવ તેને રાજભોગ સમજીને આરોગે પણ, નહિ તો ભૂખ્યો રહી જાય, તમે પોઢાવો તો પોઢે નહિ તો પરિશ્રાંત રહે. એ જે ભાવ છે, એવો જે આત્મવિશ્વાસ છે, તે આત્માનંદસમુદ્રસ્થતા નો ભાવ છે. જે કાંઈ હું કરીશ એ મારા મનોરથના આનંદમાં

વિહરણ કરનારો, આત્માના મનોરથના આનંદમાં વિહરણ કરનાર આ પરમાત્મા છે. એવા તે કાંઈક ભાવો શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યા.

ભગતીના ધંધાકીય ભવાડાબાજોની સાજિશને કારણે આજે એવા ભાવો આપણા હૃદયમાં નથી બચ્યા એ જુદી કથા છે, પણ સિધ્ધાંત આ બાબતનો આ જ છે. એના સિવાય બીજો કોઈ હોઈ શકતો નથી. હવે કોઈને પોતાની નાણાકીય કફોડી સ્થિતિને લીધે કબૂલ કરવામાં વાંધો આવતો હોય તો તેનું કારણ એક જ કે ભગવત્સેવાને હવે આજીવિકા બનાવી દેવામાં આવી છે. કોઈકની ભકિત જ વ્યાપાર થઈ ગઈ હોય, તો કબૂલ કરવામાં સંકોચ થાય કે એવું અમે કેવી રીતે કબૂલ કરીએ? તે સ્વાભાવિક વાત છે પણ આટલા નમાલા લોકો પોતાને પુરુષોત્તમ તરીકે ખપાવે—પોતાના ચરણોમાં લક્ષ્મી વરસે છે આવો દંભ કરે તેના કરતા વિસ્મયજનક બીજું શું હોઇ શકે! ''મિયાંજી ગિરે પર ટંગડી ઊંચી''!

કાંઈ વાંધો નહિ ચાલવા દ્યો એ કથાને. એ પાછી લીલાની કથા છે. એમાં દુ:ખ માનવું નહિ. સિધ્ધાંતની કથા સરખી રીતે સમજી જવી જોઈએ કે શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે **''આત્માનંદસમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્''** અને તેથી જ શ્રીમહાપ્રભુજી આમ પણ આજ્ઞા કરે છે—

**સર્વેન્દ્રિયૈઃ તથા ચાન્તઃકરણૈરાત્મનાપિ હિ।**
**બ્રહ્મભાવાત્તુ ભકતાનાં ગૃહએવ વિશિષ્યતે॥**

પુષ્ટિભકિતમાં પુષ્ટિભક્તે પુષ્ટિપ્રભુને ક્યાં ભજવાનું છે તે બતાવે છે કે પોતાની જેટલી ઇન્દ્રિયો છે તે ઇન્દ્રિયોને ભગવાન્ સાથે સંપર્કમાં લાવવાની છે. ફક્ત દર્શન કરી લેવા કે મઠડી ચાટી લેવી



એ બે ઇન્દ્રિયોનો જ પુષ્ટિમાર્ગમાં કામવ્યાપાર નથી. બધી જ ઇન્દ્રિયો: હાથથી સેવા કરવી, વાણીથી કીર્તન કરવા, નયનોથી પોતાને માથે બિરાજતા પ્રભુને નિરખવા, કાનથી ગુણો સાંભળવા, નાકથી એમના પ્રસાદી પુષ્પ કે તુલસી ની ગન્ધ સૂંઘવી, આમ આપણી જેટલી ઇન્દ્રિયો છે એ બધી જ ઇન્દ્રિયોનો પ્રભુમાં વિનિયોગ કરાવવો. આપણો આત્મા અન્ત:કરણ પરિવાર ઘર વગેરે સકલ પદાર્થો એમની સેવામાં લગાડી દેવાના છે.

શ્રીમહાપ્રભુજી એક બહુ ગજબની વાત કહે છે, જે કોઈએ ક્યાંય પણ નથી કહી, તમે વાંચી જુઓ બધા જ સંપ્રદાયના સિધ્ધાન્તગ્રંથો. આ બીજા સંપ્રદાયોને ઉતારી પાડવા નથી કહેતો પણ આપણા સંપ્રદાયની બાબતમાં આપણને કઈ જાતની અસ્મિતા હોવી જોઈએ તેનામાટે કહી રહ્યો છું કે શ્રીમહાપ્રભુજી આ વાત કહે છે કે ''જે જીવ મુક્ત થાય છે તે કોઈ દિવસ દેહ, ઇન્દ્રિય સાથે મુક્ત થતો નથી. તેથી તે જ્યારે મુક્ત થાય છે ત્યારે દેહ અને ઇન્દ્રિયો અહીં પડી જાય છે. આત્મા ભગવાન્‌માં ભળી જાય છે. પુષ્ટિભકિતમાં તો એના કરતાં પણ ઊંચી કથા છે કે બધી જ ઇન્દ્રિયોમાં તમને બ્રાહ્મિક વિસ્તાર પ્રકટ કરવાનો છે. એટલે આંખથી પ્રભુના દર્શન કરીશું, હાથથી પ્રભુને શણગાર ધરાવીશું, જાગીશું તો પ્રભુ સાથે જાગીશું, સુઈ જઈશું તો પ્રભુને સુવડાવીને સુઈશું, જમીશું તો પ્રભુને ભોગ ધરીને જમીશું. જે કાંઈ આપણા વ્યાપાર છે; અને પોતાના દેહ સાથેના જ નહિ બલ્કે પોતાના પરિવારના જે સભ્યો, છોકરા-છૈયા પત્ની પતિ માતા-પિતા વગેરે બધાની સાથે હળીમળીને પોતાના ઘરમાં સેવા કરવી છે. એ પ્રકારની સેવા જ્યારે તમે શરૂ કરશો ત્યારે તમને લાગશે કે તમારા સંસારના જે બધા પુરુષો કે સ્ત્રીઓ છે તે સહુની વચ્ચે કેન્દ્રમાં પુરુષોત્તમ પણ પરિવારના એક સભ્ય તરીકે બિરાજી રહ્યો છે. જ્યારે બધા હળીમળીને આવી એની સેવા કરતા થશો તો બધામાં આવો બ્રાહ્મિક

વિસ્તાર થઈ જશે. સૂવું-જાગવું વગેરે જે ક્રિયાઓ છે તે બધી જ ક્રિયાઓ પ્રભુની સેવામાટે થઇ જશે. અને પ્રભુની સેવામાં જ્યારે જીવન વાપરતા થઈ જાશો, ત્યારે તમને ખબર પડશે કે તમારે ઘેર પુરુષોત્તમ જ બિરાજે છે, બીજે કોઈ નથી બિરાજતો. એ લોકો તમને ઊંઠાં ભણાવે છે કે જે તમને એમ કહે છે કે તમારે ઘેર પુરુષોત્તમ નથી. પુરુષોત્તમ કાંઇ હવેલીની મોનોપોલી (ઈજારાશાહી) નથી. શ્રીમહાપ્રભુજીનો સિધ્ધાંત એવો કોઈ દિવસે હોઈ શકતો નથી. શ્રીમહાપ્રભુજીએ પ્રત્યેક વૈષ્ણવના ઘરે પુરુષોત્તમ જ પધરાવ્યા હતા અને પ્રત્યેક વૈષ્ણવ પોતાના ઘરમાં પુરુષોત્તમની જ સેવા કરે છે. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આવો બ્રાહ્મિક વિસ્તાર હોય તો તમારું ઘર વૈકુંઠ બની જાય છે. કેમકે આમ થતાં તમને કોઈ જાતની કુંઠા રહી નહિ જાય. તમને કોઈ બીજી વ્યક્તિને માથે બિરાજતા ઠાકોરજીની એ વ્યક્તિ દ્વારા સેવા કરાવવાની અપેક્ષા રહી નહિ જાય. કેમકે તમારા આત્માનંદમાં વિહાર કરતો તમારો પુરુષોત્તમ તમારા ઘરમાં બિરાજે જ છે. તમારે આધીન થઈને બીરાજે છે. એ વાત શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે.

પુરુષોત્તમની બાબતમાં આવી ધારણાનો આધાર ગીતામાં ભગવાન્ પોતે સમજાવી રહ્યા છે. અવિભક્તનું જ્ઞાન થવું જોઈએ અને કેવલ વિભાગોના જ્ઞાનમાં બુદ્ધિ અટવાઇ ન જવી જોઈએ. તમારા ઘર-પરિવારના વિભાગમાં ઠાકોરજી નથી બિરાજતા તે તો હવેલીના જ વિભાગમાં બીરાજે છે, એ માન્યતા ગીતોપદેશથી સદન્તર વેગળી છે. પુરુષોત્તમ ક્યાં નથી બિરાજતા? તે બધે જ બિરાજે છે. અને ભક્તિપૂર્વક જે કાંઇ પત્ર પુષ્પ જળ કે ફલ તેનો ભક્ત સમર્પિત કરે છે તેને તે સ્વીકારે જ છે. એમાં પૂ.પા.માહારાજશ્રી કે મુખિયા-ભીતરિયાજી ની લગીરે દરકાર એને નથી.

ગુરુ નાનકની જીવનીમાં આ બાબતનો એક સુંદર પ્રસંગ છે.



ગુરુ નાનક અરેબિયામાં મક્કા-મદિના ગયા હતા. ત્યાં મસ્જિદ તરફ પગ રાખીને સુઈ ગયા. ત્યાં કોકે હલ્લો મચાવ્યો કે અરે આ મસ્જિદ તરફ તમે પગ કરીને કેમ સૂઈ રહ્યા છો? તમને શરમ આવવી જોઈએ. તો ગુરુ નાનકે કહ્યું કે **"ભાઈસા'બ એક કામ કરો. હું બહુ થાકેલો છું. મારા પગ ઘસડીને તમે એ દિશામાં કરી દો જે દિશામાં અલ્લાહ ન હોય. કરો ને!"** અરે એવી કઈ દિશા છે જ્યાં અલ્લાહ ન હોય. એવી કોઈ દિશા જ નથી, એવું કોઈ સ્થળ નથી જ્યાં અલ્લાહ ન હોય. દરેક ઠેકાણે અલ્લાહ છે. બહુ નાની વાત છે નાનકની પણ સમજો તો ઘણી મોટી વાત છે. નાનકની વાત સાંભળવામાં તો ઘણી નાની છે પણ એની અસર જો તમે ઝીલી શકો તો બહુ મોટી-મહાન વાત છે કે એ દિશા બતાવ કે જે દિશામાં અલ્લાહ ન હોય. તો એ પ્રમાણે એ દિશા બતાવ જે દિશામાં બ્રહ્મ ન હોય. એ સ્થળ બતાવ જ્યાં બ્રહ્મ ન હોય.

જેમ સાત્ત્વિકબુદ્ધિથી સર્વત્ર વિદ્યમાન બ્રહ્મ જણાય તેમજ અવ્યભિચારિણી ભકિત હોય તો પોતાના ભકતોને આધીન થઇ પુરુષોત્તમ પણ પ્રકટ થાય છે અને તેનો બ્રાહ્મિક વિસ્તાર પણ અનુભવાય છે. આમ હવેલીઓમાં ખોટી રઝળપટ્ટી કરવાથી આપણને નથી બ્રાહ્મિક વિસ્તાર અનુભવાતો કે નથી અવ્યભિચારિણી ભક્તિ હૃદયમાં પ્રકટ થતી.

શ્રીચૈતન્ય મહાપ્રભુ અને આપણા શ્રીમહાપ્રભુજી ની કથામાં એક બહુ સુંદર પ્રસંગ આવે છે કે તેઓ બન્ને જગદીશ કે ક્યાંક પધારી રહ્યા હતા. ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું કે "મને તો આ રાજમાર્ગ કરતા વન-ઉપવનોમાંથી યાત્રા કરવી વધારે ગમે. તેથી હું જંગલમાંથી યાત્રા કરીશ". આપણા શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે "હું તો રાજમાર્ગથી જ જઈશ, જંગલમાંથી નહિ જાઉં". પછી બન્ને જણા એક જગ્યાએ પાછા મળ્યા ત્યારે ચૈતન્ય મહાપ્રભુએ શ્રીમહાપ્રભુજીને કહ્યું કે કેમ

આપને જંગલની બીક લાગે છે? તો શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર વાત કહી કે "આપ પોતે પાછળ તો જુઓ, તમને જંગલમાં કોઈ હાનિ ન પહોંચાડે એટલે કૃષ્ણ તમારી પાછળ-પાછળ આવી રહ્યા છે."

કેવી ગજબની વાત છે! કેવા તો ભક્તિરસમાં છકાઈને નિર્ભીક થયેલા શ્રીચૈતન્ય મહાપ્રભુ અને કેવા તો ભીરુ આપણા શ્રીમહાપ્રભુજી કે પોતાને કારણે શ્રીકૃષ્ણને લગીરે પરિશ્રમ ક્યાંક ન પડી જાય! એટલે એમને ચિંતા થઈ રહી છે કે ચૈતન્ય મહાપ્રભુને કારણે શ્રીઠાકોરજીને કેટલો પરિશ્રમ લેવો પડ્યો!

બન્નેના ભાવો પોતપોતાની દૃષ્ટિથી મજા માણવા જેવા ભાવો છે. આપણા મહાપ્રભુજીને, પરન્તુ, બ્રાહ્મિક વિસ્તારના માહાત્મ્યજ્ઞાનની સાથોસાથ પોતાના ઘરમાં, પોતાના પરિવારજનોની સાથે હળીમળીને પોતાના તન મન ધનથી ભગવત્સેવા કરવાના સુદૃઢ સર્વતોધિક ભક્તિના રાજમાર્ગે જવું વધારે ગમે છે. કારણ કે ત્યાં કોઈ મનોરથોના નામે પૈસા પડાવવા કે પ્રભુના સુખની લાલચ દેખાડી ને ભક્તિનો દંભ કરનાર કોઈ ક્રૂર પશુ આવી શકતો નથી. ત્યાં છેતરપિંડી કરનાર કોઈ ધુતારો આવી શકતો નથી. અજ્ઞાનની રાત્રીના અંધકારમાં સિદ્ધાન્તોના ખોટા અર્થઘટનના ચપ્પુ દેખાડીને પૈસા પડાવી જનાર સરલતાથી પ્રવેશી શકતો નથી, જો તમે પોતે એવાને આમંત્રિત ન કરતા હોવ તો. જ્યાં પણ જશો ને ત્યાં કોઈકને કોઈક તો તમને બેવકૂફ બનાવશે, તેથી ભગવત્સેવા કે ભગવદ્ભક્તિ માટે તમારું ઘર સૌથી સલામત જગ્યા છે. ત્યાં તમને છેતરવામાટે કોઈ આવી શકતું નથી, તમે જાતે જ છેતરાવવા ન માગતા હોવ તો.

**પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવા એ ભગલ્લીલાત્મક જગતમાં લીલાભાવને જીવવાની કલા છે:**

શ્રીમહાપ્રભુજીએ આપણને જે માર્ગ સમજાવ્યો છે કે "**બ્રહ્મભાવાત્તુ**



**ભક્તાનાં ગૃહએવ વિશિષ્યતે**" તેથી તમે તમારા ઘરમાં સેવા પ્રારંભ કરો. તમે બ્રહ્મસંબંધ લીધું છે, તમારી બધી ઈન્દ્રિયો પરમાત્માને નિવેદિત કરી છે, તમારા દેહને, પરિવારને, ધનને, ઈષ્ટજનને બધાને જ જ્યારે તમે પરમાત્માને નિવેદિત-સમર્પિત કર્યા છે ત્યારે પરમાત્મામાટે તે બધાને વાપરવાની સિફત પણ તમને આવડવી જોઈએ. અને એવા પ્રકારની ભક્તિ, જ્યારે તમે પ્રકટ કરશો ત્યારે હળવે-હળવે તમને ખબર પડશે કે પરમાત્મા કઈ રીતે લીલા કરી રહ્યો છે. તેની લીલાના અનુભાવો તમારામાં પ્રકટ થશે.

એક વાત સમજો કે આ સંપૂર્ણ જગત્ પરમાત્માની એક લીલા છે, અને એ લીલા શામાટે છે તે તો પરમાત્મા જાણે, આપણે કેવી રીતે જાણીએ? આપણે જાણી પણ શકતા નથી પણ એ લીલાનું એક તાત્પર્ય શ્રીમહાપ્રભુજી પુષ્ટિભક્તોને સમજાવવા માગે છે. કેમકે મહાપ્રભુજીના મનમાં પુષ્ટિમાર્ગને આંતરરાષ્ટ્રીય સ્તરપર ચલાવવાની કોઈ મહેષણા ન્હોતી કે ન્હોતી ઘેટાંના ટોળે-ટોળાં ભેગાં કરવાની. શ્રીમહાપ્રભુજીને પુષ્ટિમાર્ગ અંતરરાષ્ટ્રમાં નહિ પણ અંતરહૃદમાં પ્રકટ કરવાની ઈચ્છા ચોક્કસ હતી. દરેક માણસના અંતરાત્મામાં પુષ્ટિમાર્ગ પેદા થાય, અંતરરાષ્ટ્રમાં પુષ્ટિભક્તિ પેદા થાય કે ન થાય, બધુ ભાડમાં જાય! પુષ્ટિજીવોના અંતરહૃદયમાં પુષ્ટિમાર્ગ પેદા થવો જોઈએ, અંતરમનમાં અંતરાત્મામાં પુષ્ટિમાર્ગ પેદા થવો જોઈએ. રાષ્ટ્રમાં ઘણા બધા લોકો છે જે પોતપોતાનું કામ કરે રાખે છે; એની ચિંતા આપણે કરવાની નથી. અંતરાત્મામાં, અંતરહૃદયમાં ભગવાન્‌ને પેદા કરો. તેથી શ્રીમહાપ્રભુજી સિધ્ધાંતમુક્તાવલિમાં કહે છે કે "**માનસી સા પરા મતા**". મહાપ્રભુજી એમ નથી કહેતા કે "**કૃષ્ણસેવા યદાંતરરાષ્ટ્રીયા સ્યાત્ પરા મતા**" એવું શ્રીમહાપ્રભુજીએ ક્યાંય નથી કહ્યું. આ કૃષ્ણસેવા શરૂ કરો અને તમારા ભીતર અંતરમનમાં જો સેવા ચાલવા મંડી ને, તો તે પરા સેવા થઈ જશે. અને અંતરરાષ્ટ્રમાં ચાલી પણ અંતરમનમાં ન ચાલી તો "અચ્યુતં કેશવં રામનારાયણમ્...!"

તમે તો ફળથી વંચિત જ રહી ગયા! તો એ માનસી સેવા, તમારું ચિત્ત જો તમારા ઘરમાં બિરાજતા પ્રભુની તનુવિત્તજા સેવામાં ચોંટશે તો પ્રકટ થશે. રાષ્ટ્રનું ચિત્ત ચોંટી પણ જાય તેથી તમારામાં માનસી સેવા થશે તેની કોઈ ખાતરી ખરી? ના.

અને એ મન સેવામાં ત્યારે ચોંટશે જ્યારે તમારું તન, તમારું વિત્ત, તમારા પરિવારજનો, તમારા પોતાના ઘરમાં હળીમળીને સેવા શરૂ કરશો. પછી તમારું ચિત્ત કૃષ્ણમાં તન્મય થઈ જશે. એ શ્રીમહાપ્રભુજીનો સેવાનો આખો દિવ્ય પ્રકાર છે. એ પ્રકારથી તમે સેવા કરો પછી તમને ખબર પડશે કે આ જગત્ ભગવાન્‌ની લીલા છે. કેવી રીતે લીલા છે? તો તમારા ગૃહરૂપી વૈકુંઠમાં તમારી બધી કુંઠાઓ નિવૃત્ત થઈ જશે અને તમારા ઘરમાં જ વૈકુંઠ પ્રકટ થઈ જશે, વૈકુંઠનાયક જો ઘરમાં બિરાજતા હશે તો. જે લીલા છે તેના અનુભાવ તમારામાં પ્રકટ થશે. જેટલી વાર્તાઓ વાંચશો ને એમાં તમને આવશે કે "બ્રહ્મસંબંધ લઈને એ ઘરમાં સેવા કરવા મંડ્યા અને પછી પ્રભુ એમને સાનુભાવ જતાવવા લાગ્યા." દરેક વાર્તાનો નિષ્કર્ષ મોટે ભાગે આવી રીતે જ આવતો હોય છે. સાનુભાવ જણાવવા મંડ્યા; એનો મતલબ એ જ કે પછી એમની સેવા ખાલી ક્રિયાત્મક સેવા ન રહી ગઈ. લીલાત્મિકા સેવા થઈ ગઈ. આવી લીલાઓ પ્રભુએ તે વખતે વ્રજભક્તો સાથે કરી હતી એવું નથી; આજે પણ તે તમારી સાથે થઈ શકે છે. અને વાર્તાસાહિત્ય એ બાબતમાં પ્રમાણ છે કે એક ભગવદીય ક્યાંક નોકરી વ્યાપાર કરવા જતા ને ઘેર પાછા ફરતા ત્યારે ઠાકોરજી ભીતરથી સાંકળ લગાડીને બારણું બંધ કરી દેતા અને પૂછતા કે "તું મારામાટે શું લાવ્યો છે તેનો પહેલાં ખુલાસો કર તો જ બારણું ખોલું, નહિ તો નહિ ખોલું. એ જ તો પ્રભુની લીલા છે! કે તું કેવા ખિલૌના-રમકડાં મારામાટે લાવ્યો છે તેનો ખુલાસો કરે તો જ બારણુ ખોલું, નહિ તો ન ખોલું; કેમ મારામાટે રમકડાં ન લાવ્યો?" તો આ જ તો



લીલા છે. નહિ તો પરમાત્માને કાંઈ રમકડાંની અપેક્ષા હોય? લીલામાં અપેક્ષા હોય. એ પ્રભુ એવા લીલાના અનુભાવ તમારી સામે પ્રકટ કરવા મંડશે. અને એ લીલાના અનુભાવો પ્રભુ ત્યારે પ્રકટ કરશે જ્યારે તમારી ભીતર અવ્યભિચારિણી ભક્તિ હોય.

તેથી એક વાત સમજો કે લીલા ભક્તિમાટે છે અને ભક્તિ લીલામાટે છે. લીલાનો અનુભાવ ભક્તિરૂપે પ્રકટ થવો જોઈએ અને ભક્તિનો અનુભાવ પરમાત્માની સાથે લીલારૂપે પ્રકટ થવો જોઈએ. મૂલ આ બન્ને એકબીજા સાથે એકબીજાના પૂરકરૂપે બંધાયેલી વાતો છે. જેમ આપણે જન્માષ્ટમીના દિવસે નંદમહોત્સવમાં કે તમારે ત્યાં પણ ચકરડી(ફેરફુદરડી) જે તમે રમો છો તેમાં કોણ કોને પકડે છે? કોને આધારે કોણ ટકી રહ્યો છે? એકબીજાના આધારે બન્ને ટકે છે. બેમાંથી એક પડે ને તો બન્ને પડે, કેમકે બન્ને એકબીજાને ખેંચી રહ્યા છે. તેના સરવાળામાં એવું આવે છે કે કેટલાય વાંકા વળી જાય પણ બન્ને ટકેલા રહે છે. જો આટલો વાંકો ચકરડી વિના વળે ને તો કપાલક્રિયા થયા વિના ન રહે! પણ એકબીજાના આધારથી બન્ને ટકેલા રહે છે. એવી રીતે લીલા ભક્તિના આધારે ટકી રહે છે અને ભક્તિ લીલાના આધારે ટકી રહે છે. જ્યાં પ્રભુ લીલા પ્રકટ કરી રહ્યા છે ત્યાં તમારા હૃદયમાં ભક્તિ નથી તો લીલાને તમે માણી નહિ શકો. જ્યાં તમે ભક્તિ પ્રકટ કરી રહ્યા છો ત્યાં જો લીલા પ્રકટ ન કરે; જેને વાર્તાકાર એમ સમજાવે છે કે "તા પાછે સાનુભાવ પ્રભુ જતાવન લાગે" એ પ્રભુ જો પછી સાનુભાવ નહિ જતાવે; તો પછી સેવા ક્રિયાત્મિકા થઈ જશે. આ વાત ચોખ્ખી છે કે પછી એ ભક્તિરૂપી સેવા ન રહી ગઈ, ક્રિયારૂપી સેવા થઈ ગઈ. અને જે વખતે પ્રભુ સાનુભાવ જતાવવા મંડ્યા...

મને મારા મુંબઈના એક ઓળખિતાએ એક પ્રસંગ સંભળાવ્યો

જે સાંભળીને મને બહુ આનંદ આવ્યો. એ એક દિવસે ઘણાબધા પૈસા લઈને વ્રજયાત્રા કરવા ગયા. ત્યાં બરસાનામાં પહાડ ઉપર સ્વામિનીજીના દર્શન કરવા જવાનું હતુ એટલે મનમાં વિચાર આવ્યો કે પૈસા મુકામ ઉપર મુકીશ તો કોઈ લઈ જશે. એમ વિચારીને બધા પૈસા ગજવામાં મૂકી સાથે લઈ ગયા. અને દર્શન કરવા ગયા ત્યાં એમનું પાકીટ ચોરાઈ ગયું. હવે એ કરોડપતિનો દીકરો એટલે બીજા કોઈની પાસે માંગતાંય શરમાય. એ પાછા કવિતા પણ લખે છે. એમણે મોટી કવિતા લખી કે "હે પરમાત્મા, તારા રાજ્યમાં તું તારા ભક્તોની રખવાલી નથી કરતો. તારા દર્શન કરનારની તારા મંદિરમાં પાકીટ ચોરાઈ જતી હોય તો જગત્‌ની રખવાળી તું કેવી રીતે કરતો હશે?!" આવી કવિતા લખી. એ કવિતાઓ સાંભળીને મને ય મજા આવી ગઈ.

ઘણી વખતે એવું થાય: એક વખત એમ વાંચ્યું કે એક ભાઈ માલ લેવા એક દુકાનમાં ગયા તે એમનું સ્કુટર ચોરાઈ ગયું. એ બિચારા ગભરાઈ ગયા અને બહુ શોધખોળ કરતાં પાછી મળી પણ ખરી. ઘણી ખુશી થઈ અને એને પરમાત્માની કૃપા જાણી મંદિરમાં પેંડા ચઢાવવા ગયા અને ત્યાં ફરીથી સ્કૂટર ચોરાઈ ગયું ને પાછું મળ્યું જ નહિ! એટલે આવા લોચા થઈ જાય. આ બધી લીલા છે.

તે એ કવિભાઈએ બહુ જોરદાર કવિતા લખી. પછી તેમણે પોતાનો એક અનુભવ પણ લખ્યો. એમાં કહે છે કે આ રીતે કવિતાઓ લખીને જ્યારે તેઓ તેમના મુકામે પાછા ગયા, ત્યારે તેમના શ્રીઠાકોરજી ત્યાં મુકામપર બિરાજતા હતા. તે દિવસે મુકામપર જઈને એમણે જ્યારે એમના શ્રીઠાકોરજીના દર્શન કર્યા, તે કેટલાય વર્ષોથી સેવા કરતા હશે પણ પહેલી વખત એમને પોતાના શ્રીઠાકોરજીના મુખારવિંદ ઉપર સ્મિત દેખાયું! શ્રીઠાકોરજી આજે હસી રહ્યા છે!



કેટલી મીઠી વાત છે! કે એના પૈસા ચોરાવ્યા, એનાથી પોતે ગાળો ખાધી, પોતાની નાકાબેલિયતના કીર્તન પણ એની પાસે ગવડાવ્યા પછી પોતે હસે છે! આપણે શ્રીઠાકોરજીના બધા ગુણગાનના જ પદો ગાતા હોઈએ છીએ પણ એણે તો એમની નાકાબેલિયતના કીર્તન ગાયા કે તમે જગત્‌નું સંચાલન કેવી રીતે કરો છો?! એ દિવસે શ્રીઠાકોરજીએ પહેલી વખત સ્મિત વેર્યું. ત્યારે એને થયું કે બધું ન્યોછાવર છે; પાકીટ પણ અને જે તકલીફ થઈ તે પણ. કેમકે એણે આપેલી ગાળ ઠાકોરજીએ માણી તો ખરી! નહિ તો સ્મિત ન આવે. કોઈ ઠાકોરજીને ગાળ આપે એની મજા ઠાકોરજી લે, પછી પાકીટ ચોરાઈ ગયાની મજા આપણે લેવાની રહી કે નહિ!

એનું નામ લીલા અને એને જો ગંભીરતાથી લેવા મંડીએ તો એ લીલા નહિ, વ્યવહાર થઈ ગયો. લીલાનો શુધ્ધ મતલબ એ કે દરેક ક્રિયાકલાપમાં આપણે પરમાનંદને શોધીએ, બ્રાહ્મિક વિસ્તારને શોધીએ. એ એના હૃદયમાં ગાળો આપતી વખતે પણ જો અવ્યભિચારિણી ભક્તિ કાયમ રહી હશે તેને કારણે જ તો શ્રીઠાકોરજીનું આવું હસતું મુખારવિંદ દેખાયું. નહિ તો ન દેખાત, કેવી રીતે દેખાત? અને એક વાત કહું કે આટલી ગાળો આપ્યા પછી જો ભક્તિ ન હોય તો ઠાકોરજીના મુખારવિંદના દર્શન કરવાની તમન્ના જ શામાટે જાગે? જાવા દોને, મારું પાકિટ ચોરાય છે તેમાં દર્શન શું કરવાના —એવો ભાવ જાગે. પોતાના ઠાકોરજીના દર્શન કરવાની એને ઈચ્છા થઈ અને ત્યારે એને આમ લાગ્યું કે આજે તો શ્રીઠાકુર હસી રહ્યો છે, એટલે આ તોફાન આનું જ છે.

અને મેં પાછુ થોડુંક એના ઉપર વિચાર્યું કે આવું કેમ થયું હશે! મને એમ લાગ્યું કે પોતાના માથે બિરાજતાં ઠાકોરજીને તેઓ મુકામપર મૂકીને પહાડ ઉપર પોતાની પાકિટ લઈને ગયા. એટલે

પાકીટના ભરેલા રુપિયા કરતા પોતાને માથે બિરાજતા ઠાકારજીને સસ્તા ગણવા જેવી બાલિશતા થઈ કહેવાય કે નહિ? તો પાકીટ ચોરાવે નહિ તો કરે શું? ઠાકોરજીને મુકામ ઉપર છોડીને જાય છે એમાં એને બીક નથી લાગતી કે કોઈ ચોરી જશે; અને પાકિટને ગજવામાં ભરે કે લાવ, લાવ, લાવ! તો એણે કહ્યું કે લે બેટા ત્યારે હવે સાચવ, કેટલા પૈસા સાચવે છે! આવું જ કાંઈક તોફાન પ્રભુએ કર્યું હશે, અને એ તોફાન બરાબર થઈ ગયું એટલે પ્રભુને પણ સ્મિત આવ્યું હશે. એ સહજ સંભવ છે, એમાં કાંઈ ગભરાવા જેવી કે વિચારવા જેવી વાત નથી. એટલે મને થયું કે **"પ્રભુ કરે સો ભલી કરે", "યદ્‌વૈ તત્ સુકૃતં રસો વૈ સઃ, રસં હ્યેવાયં લબ્ધ્વા આનંદી ભવતિ"** આ આનંદ પરમાનંદ છે લીલાનો; આનું નામ લીલા.

એટલે શાંત ચિત્તથી સમજો કે લીલા ભક્તિમાટે છે, ભક્તિ લીલામાટે છે. લીલા થકી ભક્તિના અનુભાવો પ્રકટ થાય છે. તેથી જ આપણે ત્યાં શ્રીમહાપ્રભુજી ભગવાનની લીલાનું વર્ણન કરતાં બહુ ગજબની એક સુંદર વાત કહે છે :—

**હરિણા યે વિર્નિમુક્તાસ્તે મગ્ના ભવસાગરે।**
**યે નિરુધ્ધાસ્ત એવાત્ર મોદમાયાન્ત્યહર્નિશમ્॥**

મને નથી લાગતું કે કોઈ આચાર્યે આટલી સુંદર વાત કહી હોય કે જેઓને ભગવાન્ મુક્ત કરે તે બધા ડૂબી જતા હોય છે; અને, જેઓને ભગવાન બાંધી લે છે તે બધા છુટી જતા હોય છે. જેને ભગવાન્ છુટા મુકે છે તે બધા સંસારમાં બંધાઈ ગયા અને જેને ભગવાન બાંધી લે છે તે બધા તેમની લીલાભક્તિમાં બંધાઈ જતા હોય છે, પ્રભુ સાથે. જેમને કેદમાં મૂકી દીધા, જેમની પાકીટો ચોરી લીધી, તેમને એનું સ્મિત કરતું મુખારવિંદ દેખાય



છે; દરેકને ક્યાં દેખાય છે યાર!

અવ્યભિચારિણી ભક્તિ અને વિભક્તમાં અવિભક્તના અનુભવ ના કારણે આપણને પુરુષોત્તમ જેવું કાંઈક હોઈ શકે છે તે સંભવ લાગશે. આમાંથી કોઈ પણ એક પાસો ખર્યો તો ચકરડીની માફક બન્ને ખરી જશે. એટલે બન્નેની નિતાંત આવશ્યકતા છે એ વાત આપણે સમજી લીધી. આપણો સંપ્રદાય પુષ્ટિભક્તિના માર્ગપર યાત્રા કરવા માગે છે. આ માર્ગપર યાત્રા કરીને આપણે લીલાનુભૂતિ સુધી પહોંચવું છે. આ સૃષ્ટિરૂપે પરમાત્માની જે લીલા ચાલી રહી છે એ આપણા હૃદયમાં ભક્તિને પ્રકટ કરે ત્યાં સુધી આપણને પહોંચાડે તો એમાં આપણા જન્મારાની સાર્થકતા. આ લીલામાં ત્યાં સુધી આપણે જનમ લેતા રહેવું છે જ્યાં સુધી આપણા હૃદયમાં આવી અવ્યભિચારિણી ભક્તિ પ્રગટ થતી નથી. મુક્ત થવું નથી. કહે છે ને કે **"વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહિ આવું, ત્યાં નંદનો કુંવર ક્યાંથી લાવું?"** આપણે એક નહિ, સહસ્ર-પરિવત્સર સુધી જનમ લેવો છે, લેતા જ રહેવું છે; જ્યાં સુધી આ હૃદયમાં લીલાનો પુષ્ટિભક્તિનો બીજભાવ ભગવત્સેવાભક્તિના અનુભાવરૂપે પ્રકટ નથી થતો. બીજા સંપ્રદાયમાં જન્મ-મરણને ધિક્કારવામાં આવ્યા છે કે જન્મ-મરણના ચક્રથી છુટા થાવ. આપણે તો એમ જ સમજીએ છીએ કે અમારા જન્મ-મરણના ચક્ર ચાલતા રહો; અનાદિ-અનંત કાલ સુધી ચાલતા રહો; પણ, શરત એક કે અમને એટલી આશા હોવી જોઈએ કે આ જન્મ-મરણના ચક્રમાં ચાલતા-ચાલતા કોઈક એક જન્મ એવો મળશે કે જેમાં અમારા હૃદયમાં પુષ્ટિભક્તિ પ્રકટ થઈ જશે. આ લીલાના પ્રત્યે અમારો એવો અનુભાવ પ્રકટ થશે. કોઈક દિવસ એવો આવશે કે જે દિવસે અમે પરમાત્માને પુષ્ટિભક્તિથી નિહાળી શકીશું, અવ્યભિચારિણી ભક્તિથી નિહાળી શકીશું. **"ભવન્તમેવ અનુચરન્ નિરન્તરં પ્રશાન્તનિઃશેષ-મનોરથાન્તરં કદા અહમ્ એકાન્તિક નિત્યકિંકરઃ પ્રહર્ષયિષ્યામિ સનાથજીવિતમ્!" "અહં હરે તવ**

પાદૈકમૂલદાસાનુદાસો ભવિતાસ્મિ ભૂયઃ'' આવી જાતની હાર્દિક ભાવનાસભર દૃષ્ટિથી હું મારા ઘરમાં બિરાજેલા પ્રભુને નિહાળી શકું કે તું મારો છે, તું મારો જ છે, મારા સિવાય કોઈનો નથી; અને હું તારો જ છું અને તારા સિવાય કોઈનો નથી.



## ॥ પુરુષોત્તમનાં નિરૂપણની ત્રિવિધ શૈલીઓ ॥

ઉપનિષદોમાં તે તત્ત્વનું નિરૂપણ કે વર્ણન કોઈક વખતે પરોક્ષરૂપે... 'પરોક્ષ' એટલે જે સામે ન હોય, બીજે ક્યાંક હોય. તેથી 'અપરોક્ષ' એટલે પ્રત્યક્ષ, સામોસામ. 'પરોક્ષનિરૂપણ' એટલે આપણે એવી રીતે વાત કરીએ કે ''તે ભાઈ, તે ગામ, ત્યાં એવું હતું, ત્યારે એવું હતું, તે ભાઈ એવું કહેતા હતા'' વગેરે-વગેરે. જ્યારે આપણે 'તે' 'ત્યાં' 'ત્યારે' આવી રીતે જે બોલતા હોઈએ તેને 'પરોક્ષ-નિરૂપણ' કહેવાય. કોઈક વખતે અપરોક્ષ રૂપે પણ આપણે કોઈકનુ નિરૂપણ કરતા હોઈએ છીએ. અપરોક્ષ કે પ્રત્યક્ષ માં સૌથી વધારે અપરોક્ષ, જ્યારે આપણે કોઈકને 'આ' 'તું' કે 'તમે' કહીએ, દા.ત. ''આ સામે દેખાતી વસ્તુ આવી છે, તું એવો છે, તમે એવા છો'' વગેરે-વગેરે. આ 'અપરોક્ષ-નિરૂપણ' કહેવાય. અપરોક્ષ-નિરૂપણમાં કોઈકને 'તમે' કહેતા જેટલી અપરોક્ષતા આવે તેથીય વધારે અપરોક્ષતા વ્યકિત પોતે પોતાનામાટે કાંઇક કહતો હોય તો આવે છે. જેમકે અંધારામાં રસ્સી લટકતી હોય અને આપણને સર્પ જેવું અપરોક્ષ દેખાય. હોય હકીકતમાં, દિનેશભાઇ, પણ આપણે ભૂલથી એને ''કેમ છો? રાકેશભાઇ તમે!'' પૂછી લેતા હોઇએ છીએ. તેથી સામે દેખાય, છતાં એ ભ્રમણા હોઈ શકે છે. જ્યારે પોતાની કોઇ હકીકતની બાબતમાં આપણે વાત કરીએ તો એમાં સંશય કે ભ્રમનો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. તેથી ઉપનિષદોમાં ક્યારેક 'તે' તો ક્યારેક 'અહમ્' તો ક્યારેક 'આત્મા' તરીકે પણ પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમનું વર્ણન કરવામાં આવે છે.

હવે એક વાત ખાસ સમજવાની છે કે જે 'તે' હોય તે 'અહમ્' ન હોય અને જે 'અહમ્' હોય તે 'તે' ન હોય. આપણે પોતાની બાબતમાં સામાન્ય રીતે 'તે' સર્વનામનો પ્રયોગ ન કરીએ.

જેનુ આપણે 'તે' કહીને વર્ણન કરતા હોઈએ તેની બાબતમાં સામાન્ય રીતે 'હું' પદનો પ્રયોગ ન કરીએ. છતાંય ક્યારેક વ્યવહારમાં પણ એવા શબ્દપ્રયોગો પણ કરવામાં આવે છે કે જેમાં આપણે એમ પણ કહેતા હોઈએ છીએ કે "તે હું"–"તે વખતે આપને જેણે સવાલ પૂછ્યો હતો તે હું" તો આ ઠેકાણે 'તે' પરોક્ષ અને 'હું' અપરોક્ષ હોવા છતાંય એક-બીજામાં ભળી જતા હોય છે. તેવી જ રીતે એ પરોક્ષતા અને અપરોક્ષતા એ બન્નેના સંદર્ભમાંથી હટીને એક શુધ્ધ પ્રયોગ... એટલે આ અશુધ્ધ છે તેવું તાત્પર્ય નથી, પણ ફક્ત વસ્તુનું વસ્તુ તરીકે નિરૂપણ કરવું, પરોક્ષ અથવા અપરોક્ષ રૂપે નહિ તેવા પ્રયોગો પણ ઉપનિષદોમાં 'આત્મા' કહીને કરવામાં આવે છે. તેથી જ :—

(૧)તદાદેશ=પરોક્ષનિરૂપણ
(૨)અહંકારાદેશ=અપરોક્ષનિરૂપણ
(૩)આત્માદેશ=ઉભયતાદાત્મ્યનિરૂપણ

**ત્રિવિધ પરોક્ષ અપરોક્ષ અને ઉભયતાદાત્મ્ય ની વર્ણનશૈલીઓમાં તેનુ નિરૂપણ :**

તદાદેશ અહંકારાદેશ કે આત્માદેશ ની શૈલીઓમાં નિરૂપણ કરતા ઉપનિષદ્માં એમ કહેવાય છે—

**(૧)સએવ અધસ્તાત્ સએવ ઉપરિષ્ટાત્ સએવ પશ્ચાત્ સએવ પુરસ્તાદ્ સએવ સર્વતઃ.**
**(૨)અહમેવ અધસ્તાદ્ અહમેવ ઉપરિષ્ટાદ્ અહમેવ પશ્ચાદ્ અહમેવ પુરસ્તાદ્ અહમેવ સર્વતઃ.**
**(૩)આત્મૈવ અધસ્તાદ્ આત્મૈવ ઉપરિષ્ટાદ્ આત્મૈવ**



**પશ્ચાદ્ આત્મૈવ પુરસ્તાદ્ આત્મૈવ સર્વતઃ.**

અર્થાત્ તે જ ઉપર છે, તે જ નીચે છે, તે જ પાછળ છે, તે જ આગળ છે, તે જ આજુબાજુમાં છે, તે જ ચોમેર છે. આવી રીતે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમનું વર્ણન કરીએ તેને 'તદાદેશ' કહેવામાં આવે છે. તેમ જ 'અહમેવ' તરીકે કહીને અહંકારાદેશ અને 'આત્મૈવ' તરીકે કહીને આત્માદેશ વર્ણવામાં આવ્યા છે.

'તું' ને 'હું' ના જે ભેદો કે વિભાગો છે, એ આત્મામાં કેવી રીતે અવિભક્તતયા સ્થિત છે, તે અર્જુનને સમજમાં આવી જાય તેવી રીતે ઉપદેશ આપવાની ભગવાને પણ શૈલી સ્વીકારી છે. કેમકે ઉપનિષદોનો સાર કહેવો છે ને, તેથી ઉપનિષદોની વર્ણનની આગવી શૈલીને પ્રભુ છોડતા નથી. જે રીતે તદાદેશ, અહંકારાદેશ અને આત્માદેશ એમ ત્રણેય રીતે ભગવાને પોતાનું વર્ણન કર્યું છે તે પૈકી શરૂઆતમાં આપણે તદાદેશની વર્ણનની રીતિ સમજવાની છે. એટલે પરોક્ષ રીતે એ પુરુષોત્તમનું વર્ણન કેવી રીતે થાય તે આપણે જોવુ છે.

**ભગવલ્લીલામાં ત્રિવિધ ભગવત્-શક્તિઓને કારણે ત્રિવિધ આદેશોની ઉપયોગિતા :**

આગળ મેં એક વાત સમજાવી હતી કે આ સમગ્ર જગત્ ભગવાન્ની એક લીલા છે. લીલાને એક યાત્રાની માફક સમજવાનો પ્રયાસ કરો. આપણે વ્રજયાત્રામાં જઈએ તો ત્યાં એક પછી બીજો પડાવ આવે મધુવનનો, બહુલાવનનો, વગેરે-વગેરે એમ લીલા રૂપી યાત્રામાં જે પડાવો આવતા હોય તે કઈ જાતના? એ લીલાના પડાવો છે- સંસાર, કર્મ, જ્ઞાન, ભક્તિ, પ્રપત્તિ... એવા ઘણા બધા પડાવો છે. આ સંસાર, કર્મ, જ્ઞાન, ભક્તિ અથવા શરણાગતિની જે સાધનાઓ કે યાત્રાઓ છે... જો કે ચાલુભાષામાં સંસારને આપણે

સાધના નથી કહેતા કેમકે એ તો સિધ્ધ જ છે, એમાં સાધવા જેવું કશું છે જ નહિ! જનમતા બાળકને પણ ખબર પડી જતી હોય છે કે દૂધ કેવી રીતે પીવું. એમાં સાધનાની જરૂરત નથી. તેમ છતાં કોઈક રીતે આપણે તેને સાધના માનીને ચાલીશું. કેમકે સંસાર પૈકી પણ અમુક સિધ્ધિઓ તો મેળવવાની જ હોય છે. દા.ત. ધનની, યશની, દ્વેષની, મૈત્રીની, ઉપેક્ષાની એવી ઘણી બધી સિધ્ધિઓ આપણે સાંસારિક વૃત્તિથી મેળવવાની હોય છે. તેની જેમ વિવિધ સાધનાઓ છે, તેમ જ કર્મની જ્ઞાનની ભક્તિની કે પ્રભુના પ્રતિ શરણાગતિની જે સાધનાઓ છે તે સાધનાઓને પણ આપણે જો યાત્રારૂપે સમજવાનો પ્રયાસ કરીએ તો તે દરેક યાત્રાનો એક પ્રમુખ પડાવ લીલારૂપે આપણે લેવો પડે. સાધનાની યાત્રા શરૂ થઈ અને એનો પડાવ કઈ જાતની પ્રભુની લીલારૂપે આવ્યો! એમ એકબીજાથી લીલા અને સાધના કેટલી ધનિષ્ટતાથી વણાયેલા છે તે સમજવાની મુખ્ય વાત છે. તેમાં બીજી બધી સાધનાઓની ચર્ચા તો આપણે કરીએ તો પાર આવે એવું નથી; તેથી, આપણે ભક્તિની સાધના સુધી જ વાતને સીમિત રાખીશું. કેમકે ભગવાને પંદરમા અધ્યાયના પ્રારંભ પહેલા જ ખુલાસો કરી દીધો કે **"માંચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે"** તેથી બીજી સાધનાઓની જે ખાસિયતો કે વિલક્ષણતાઓ હોય, તેમાં હાલ પુરુષોત્તમયોગની વિચારણામાં આપણે બહુ ઊંડા ઉતરવાની જરૂર નથી. આપણે ભક્તિની દૃષ્ટિથી જ આ બધી વિવેચના કરીશું. એ ભક્તિમાં આપણે વિભક્તોમાં અવિભાગને જોવાની સિફત અને અવિભક્ત તત્ત્વને જોવાની સિફતની સાથે-સાથે એનામાં અવ્યભિચારિણી હોવાનો સ્વભાવ ટકાવી રાખવાની સિફત—એ બે સિફત હોય તો પુરુષોત્તમનો અનુભવ થાય. આટલો વિષય આપણે અત્યાર સુધી વિચાર્યો.

હવે આ વાતને સમજો કે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ પોતે



તો એકાકી **"સ એકાકી ન રમતે સ દ્વિતીયમ્ ઐચ્છત્"** આ વચન પ્રમાણે, તે એક તત્ત્વ અનેકરૂપો લઈને જગત્માં વિલસી રહ્યો છે. તો જો એક તત્ત્વ અનેકરૂપે વિલસી રહ્યો છે, તે તેનાં અનેક વિભાગો છે. આ હવેલીના ચોકમાં આપણે બેઠા હોઈએ તો આપણને જુનાગઢ અનુભવાય કે દેખાય નહિ. અને ધારો કે જુનાગઢ જોવું હોય તો આપણે ગિરનાર ઉપર જઈએ તો જુનાગઢ દેખાય પણ ત્યારે હવેલીનો ચોક દેખાતો બંધ થઈ જાય. એ બન્નેને જોવા હોય તો, અગાઉ મેં જણાવી જ દીધું તે મુજબ, જ્યારે આપણે એવો ભાવ કેળવીએ કે હવેલીનો જે ભાગ દેખાઈ રહ્યો છે તે જુનાગઢ જ છે તો હવેલીમાં વિદ્યમાન હોઈએ ત્યારે જુનાગઢ દેખાતુ નથી તે સમસ્યાનુ સમાધાન મેળવી શકીએ. હવેલીના ચોકને જુનાગઢથી ભિન્ન સમજવું તેવી ભેદદષ્ટિથી આપણને એમ લાગે કે અહીંયા જુનાગઢ નથી દેખાઈ રહ્યું, હવેલીનો ચોક દેખાઈ રહ્યો છે. પણ જો આ હવેલી જુનાગઢમાં હોય અને હવેલીનો ચોક જો હવેલીમાં હોય તો આ જે ચોક દેખાય છે તે જુનાગઢ જ દેખાય છે એમ સ્વીકારવું જ પડે. એવું હોઈ જ ન શકે કે હવેલીનો ચોક જે દેખાઈ રહ્યો છે તેમાં જુનાગઢ ન દેખાતું હોય. હવે બન્ને વચ્ચે ભેદ છે કે નહિ એ વાત ગૌણ છે, પણ આપણી જોવાની દષ્ટિ કઈ જાતની છે તે મુખ્ય છે. જો ભેદદષ્ટિ હોય તો હવેલીનો ચોક દેખાય છે ત્યારે જુનાગઢ નથી દેખાતું; ગિરનાર ઉપર ચઢીને જોઈએ ત્યારે જ જુનાગઢ દેખાય. પણ ત્યારે હવેલીનો ચોક દેખાતો બંધ થઈ જશે. આમ દૃષ્ટિથી ઉત્પન્ન થતા આ ભેદો છે. સાત્ત્વિકબુધ્ધિનો જ્યારે આપણે પ્રયોગ કરીશું ત્યારે આપણને સમજમાં આવી જાય છે કે જે હવેલીનો ચોક દેખાઈ રહ્યો છે તેમાં જુનાગઢ જ દેખાઈ રહ્યું છે. જો આખું જુનાગઢ દેખાઈ રહ્યું છે તો એમાં હવેલીનો ચોક આવી જ ગયો, એમાં નોખું કશું જોવાનું હોય નહિ.

આંખથી જોવાની એટલે કે ચાક્ષુષદૃષ્ટિથી જોવાની એક ઢબ હોય છે જ્યારે કે સાત્ત્વિકબુધ્ધિથી જોવાની ઢબ બીજી. એ ઢબમાં એકને આપણે જોઈએ તો બીજો આપણને જણાઈ જતો હોય છે. ચક્ષુથકી જોવાની ઢબમાં આપણે એવા અટવાઈ જતા હોઈએ કે એકને જોતાં બીજો દેખાતો નથી. તે જ રીતે 'તત્' અને 'અહમ્' ના જે ભેદો છે, જે ઉપનિષદ્‌માં તદાદેશ અને અહંકારાદેશ રૂપે વર્ણવાયા છે. તેમાં અનુભવાતા ભેદો હવેલીના ચોકમાં બૌદ્ધિકદૃષ્ટિ કે ચાક્ષુષદૃષ્ટિ થી અનુભવાતા બે ભેદો જેવા છે.

બૌદ્ધિકદૃષ્ટિ અને ચાક્ષુષદૃષ્ટિ એમ બેઉનું સમન્વય કરીને અથવા તો સહપ્રયોગ કરવાથી એક ત્રીજો પ્રકાર પણ દૃષ્ટિનો કેમ શક્ય ન થાય તે હવે વિચારવાનું રહ્યું. આ એક એવો પ્રકાર બનશે કે જેના મુજબ તત્‌ને જોઈએ તો આપણને સમગ્ર બ્રહ્માંડ દેખાઈ જાય અને સમગ્ર બ્રહ્માંડને જોઈએ તો તત્ દેખાઈ જાય. તેથી જ ઉપનિષદ્‌નું એક મૌલિક સૂત્ર છે કે **"એકવિજ્ઞાનેન સર્વમિદં વિજ્ઞાતં ભવતિ"** અર્થાત્ કોઈ એક વસ્તુને, તે વસ્તુના કોઈ એક એવા પાસાને, જે એવો હોય કે તેને જો જાણી-પિછાણી જવ તો દરેક વસ્તુને જાણી-પિછાણી શકાય. જેમ કે તપેલીમાં રાંધવા મુકેલા ચોખા કે દાળના કોઈ એક દાણાને ચાંપીને જોઈએ તો બાકીના બધા દાણા વિષે આપણે જાણી જઈએ છીએ કે બધા દાણા સીઝ્યા કે નથી સીઝયા. એમાં કાંઈ દરેક દાણાને ચાંપીને જોવાની જરૂરત રહી જતી નથી. તેમ કોઈક એવા લાક્ષણિક પાસાને સરખી રીતે જાણી જઈએ તો દરેક વસ્તુ કે વ્યક્તિ ને જાણી શકાય. દરેક વસ્તુ કે વ્યક્તિ નો કોઈ એક એવો પાસો હોય છે કે જેને જાણી લેવાથી આપણને સમગ્ર વસ્તુ કે વ્યક્તિનું જ્ઞાન થઈ જાય છે. દા.ત. સોનાનાં એરિંગ બને, કડાં, કંઠી, પાયલ, ચૂડી બને, તેનાં નોખા-નોખા વિભાગો બની જતા હોય છે. એમાંના કોઈ વિભાગમાં જેની ચાક્ષુષદૃષ્ટિ અટવાઈ રહે, તેને સોનું દેખાતું નથી.



જેની દૃષ્ટિ કોઇ પણ એક આભૂષણના સોના હોવાના પાસા તરફ જાય તો તેને દરેક વસ્તુ સોનાથી બનેલી છે તેમ ઓળખાણ થઇ જાય. "આ બધું સોનું જ છે" આવી રીતે જોનારી દૃષ્ટિ તે તત્ત્વદૃષ્ટિ છે. અને જુદા-જુદા ઘરેણાંઓના જે જુદા-જુદા રૂપ, નામ અને ઉપયોગ છે, એમાં અટવાયેલી દૃષ્ટિ તે નામદૃષ્ટિ રૂપદૃષ્ટિ કે ઉપયોગદૃષ્ટિ છે. તેથી સોનું લક્ષ્યમાં આવે નહિ.

## <u>અવિદ્યા વિદ્યા અને પુષ્ટિ એવી ભગવાન્‌ની ત્રિવિધ શક્તિઓ</u> :

શ્રીમહાપ્રભુજી એમ આજ્ઞા કરે છે કે ભગવાન્‌માં અનંત શક્તિઓ છે. તે પૈકી બધી જ શક્તિઓનું વર્ણન કરવા જઈએ તો તો ગીતા પૂરી ન થાય. હાલ આ તબક્કે આપણે ત્રણ શક્તિઓનો વિવેક અહીંયા સમજવો પડશે—

**(૧) વિદ્યાશક્તિ**
**(૨) અવિદ્યાશક્તિ**
**(૩) પુષ્ટિશક્તિ**

(૧)'વિદ્યાશક્તિ' એટલે જે શક્તિને કારણે અનેક વિભાગોમાં અવિભક્ત તત્ત્વને તમે ઓળખી શકો. એ પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમના અવિભક્ત હોવાના પાસાને તમે અનુભવી શકો તેનું નામ વિદ્યાશક્તિ.

(૨)'અવિદ્યાશક્તિ' એટલે એ પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમના જે જુદા-જુદા નામ, રૂપ અને કર્મના વિભાગો છે એમાં જ તમારી દૃષ્ટિ અટવાઈને રહે અને જે અવિભક્ત તત્ત્વ છે તે તમને ન અનુભવાય. એટલે તમને ચૂડી જણાય, પાયલ જણાય, એરિંગ જણાય પણ સોનું સમજમાં આવે નહિ; કેમકે નામ-રૂપ-કર્મમાં આપણી દૃષ્ટિ અટવાઈ ગઈ. તો તે જે દૃષ્ટિ છે તે પ્રભુની અવિદ્યાશક્તિના આપણી ભીતર સક્રિય હોવાનો પરિણામ છે.

હવે એક વાત સમજો કે ગિરનાર ઉપર ચડીએ તો ચોક દેખાતો બંધ થઈ જાય અને ચોકમાં બેઠા હોઈએ તો જુનાગઢ દેખાતો બંધ થઈ જાય. તો એકને જોઈએ અને બીજો દેખાતો બંધ થઈ જાય એમાં કોઈક રીતે વિદ્યાશક્તિ અને કોઈક રીતે અવિદ્યાશક્તિ પણ કામ કરી રહી છે. કેમકે એક દેખાય અને બીજું ન દેખાય. તેથી જ વૈદિક દર્શનોના જે ઘણા બધા સંપ્રદાયો છે, તેમાં કેટલાક ચિંતકો એમ કહે છે કે વિભાગને જોનારી દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ જ હોય છે. જેમ કે શ્રીશંકરાચાર્યજી કહે છે કે "નામ-રૂપ-કર્મના ભેદો જે દેખાય છે તે હકીકતમાં છે નહિ ફક્ત અવિદ્યાને કારણે દેખાય છે. જો અવિદ્યા દૂર થાય તો દરેક વસ્તુમાં રહેલો અભેદ દેખાવા મંડે. એમ અવ્યક્તને જોનારી દૃષ્ટિને જ વિદ્યાદૃષ્ટિ તરીકે સ્વીકારે છે. વ્યક્ત નામ-રૂપ-કર્મ ને જોનારી દૃષ્ટિને અવિદ્યાદૃષ્ટિ તરીકે વર્ણવે છે. તેનાથી જુદી રીતે શ્રીરામાનુજાચાર્ય, શ્રીમધ્વાચાર્ય એમ કહે છે કે "દરેક વસ્તુ બીજી દરેક વસ્તુથી અલગ છે. જીવ ઈશ્વરથી જુદો છે, જગત્ જીવથી જુદો છે, જગત્ અને જીવ બન્નેથી ઈશ્વર જુદો છે. આમ ત્રણેય વસ્તુઓ એકબીજાથી જુદી-જુદી છે. તે છતાંય કોઈ કારણથી બધાંય આપણને એક જેવાં લાગે છે તેથી એક જ માની લઈએ તો તે આપણી અવિદ્યા છે".

શ્રીરામાનુજાચાર્યજી અને શ્રીમધ્વાચાર્યજીના મતે જીવ પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ સાથે પોતાના અભેદનો ભાવ કેળવે તો એને પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ દંડ આપે. જેમ કે પ્રજામાંનો કોઈ માણસ એમ કહેવા મંડે કે "હું રાજા છું" તો રાજા એને જેલમાં મૂકે કે તું કેવી રીતે રાજા થઈ ગયો? ચાલ જેલમાં જા. **"ઘાતયન્તિ હિ રાજાનો 'રાજાહમ્' ઈતિ વાદિનમ્"** એવી રીતે "હું પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ છું" એમ કહેનારાને પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ કોઈકને કોઈક જેલમાં મૂકી દેતો હોય છે.



(૩)આ બન્ને દૃષ્ટિઓથી નોખો કાંઈક ચિંતનનો પ્રકાર આપણા શ્રીમહાપ્રભુજીએ વર્ણવ્યો છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ ભગવાન્ બધા જ નામ-રૂપ-કર્મના વિભાગોમાં અવિભક્ત રૂપે અવસ્થિત છે. તેથી નામ-રૂપ-કર્મોનાં વિભાગમાં આપણે જ્યારે એક પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ ભગવાન્‌ને જોતા થઈએ તો આ નામ-રૂપનાં વિભાગો કેન્સલ નથી થઈ જતા. એક સામાન્ય ઉદાહરણથી આપણે એ વાતને સમજી શકીએ કે જેમ ગિરનાર ઉપર આપણે ચઢી જઈએ તો હવેલીનો ચોક દેખાતો બંધ થઈ જાય; તેથી જુનાગઢમાં હવેલી છે તે હકીકત કૅંસલ થઈ જતી નથી. દેખાતી બંધ થાય તેનુ કારણ પણ ગિરનારની ઊંચાઈ નથી પણ ભીંતો આડે આવી જતી હોય છે તેથી ચોક નથી દેખાતો. જો હેલિકોપ્ટર લઈને ગિરનાર જેટલી જ ઊંચાઈએથી બરાબર હવેલી ઉપર આવો તો જુનાગઢ પણ દેખાશે અને ચોક પણ દેખાશે. તો ધાંધલમાં એવું શા માટે માની લેવું જોઈએ કે એક દેખાય ત્યારે બીજો ન જ દેખાવો જોઈએ અને બીજો દેખાય ત્યારે પહેલો ન દેખાવો જોઈએ? કોઈક એવું હેલીકોપ્ટર લાવ. એ હેલીકોપ્ટર શું? તો મહાપ્રભુજી કહે છે કે એ પુષ્ટિભક્તિ છે. પુષ્ટિભક્તિ તમને એવી ઊંચાઈ ઉપર પણ લઈ જાય અને કોઈપણ વસ્તુને તમારી આડે પણ ન આવવા દે. જેમ ગિરનાર પર ચઢો તો હવેલી ન દેખાય, કારણકે ભીંતો આડે આવી જાય. પણ જો આપણે હેલિકોપ્ટરથી હવેલીના ચોક ઉપર ગિરનાર કરતાં વધુ ઊંચાઈએ પણ જઈએ ને તો પણ નીચે જોતા હવેલી દેખાશે. એમાં કોઈ વાંધો નથી આવતો. એક જ દૃષ્ટિપાતમાં જુનાગઢ અને હવેલી બન્ને દેખાશે. તેવી રીતે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમની ભક્તિ આપણને એવી ઊંચાઈ પર લઈ જતી હોય છે કે જે ઊંચાઈ પર જતાં પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમની સમગ્રતાનો બોધ પણ થાય છે અને સાથોસાથ પરબ્રહ્મ પરમાત્મા

પુરુષોત્તમે લીધેલા નામ-રૂપ-કર્મોના જુદા-જુદા વિભાગો દેખાતા બંધ નથી થઈ જતા. એટલે આપણને બન્ને જાતનો આનંદ મળે છે: એના એક હોવાનો પણ અને એના અનેક હોવાનો પણ.

જ્યારે કે પેલી બે દૃષ્ટિઓમાં કોઈને એકને જોવાનો આનંદ મળે છે તો બીજાને જોવાના આનંદને જતો કરવો પડે છે. જેને અનેકતાનો આનંદ મળે છે તે એકતાના આનંદથી વંચિત રહી જાય છે. જેમ ચોકમાં બેઠેલો માણસ જુનાગઢની જે એકતા છે એના દર્શનથી વંચિત રહી જાય છે. ગિરનાર ઉપર ચઢેલો માણસ જુનાગઢની એકતાને અનુભવી શકે પણ જુનાગઢમાં આવેલા જુદા-જુદા મકાનોના ચોકની જે જે અનેકતાઓ છે તેને જોઈ કે માણી શકતો નથી. ભગવાન્‌ની વિદ્યાશક્તિ અને અવિદ્યાશક્તિ આપણી ભીતર એવી જાતની સીમાઓ ઉભી કરે છે. પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ આપણને કોઈ એવી પુષ્ટિશકિત આપે કે જેને કારણે પુરુષોત્તમ એક હોવા છતાંય અનેક છે એ આપણને બુધ્ધિથી બરાબર સમજમાં આવે, પછી આપણે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમનો દરેક રીતે આનંદ માણી શકીશું. તેથી પ્રભુમાં પુષ્ટિની જે શક્તિ છે એનો પ્રતિભાવ આપણી ભીતર માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢ સર્વતોધિક ભક્તિના રૂપે પ્રકટ થાય છે. તેને 'પુષ્ટિભકિત' કહેવામાં આવે છે. પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમે આપણને આપેલી તે કોઈક એક એવી શકિત છે કે જેને કારણે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમમાં આપણી અભેદબુદ્ધિ સ્નેહમાં બાધક નથી થતી. તેમજ સ્નેહ અભેદબુદ્ધિમા બાધક થતો નથી. એવી અનેરી ભકિત આપણી ભીતર ખીલી ઊઠે છે કે જે ભકિતને કારણે આ નામ-રૂપ-કર્મના વિભાગોને કેન્સલ કર્યા વિના આપણે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમને માણી શકીએ. આ મુદ્દાની વાત આપણે સમજી લેવી જોઈએ.

હવે એ વાત જો આપણને સમજમાં આવે તો ગીતાનો



ઉપદેશ બહુ જ સરળ રીતે સમજાઈ જાય. જુનાગઢના નરસી મહેતાએ પણ એ જ વાત કહી છે કે—

**જાગીને જોઉં તો જગત્ દીસે નહિ**
**ઊંઘમાં અટપટા ભોગ ભાસે।**
**ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે**
**બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે॥**

જાગીને, એટલે વિદ્યાદૃષ્ટિ કેળવીને, જોઉં તો જગત્ દેખાતું નથી અને અવિદ્યાની ઊંઘમાં હોઉં તો બધા જ નામ રૂપ કર્મો ના ભોગોનો ભાસ થાય. એટલે ગિરનાર પર ચઢું તો જાગતો હોઉં ત્યારે જુનાગઢના મકાનો વગેરે દેખાતા નથી અને ચોકમાં હોઉં કે જેમ ઊંઘતો હોઉં તો અટપટા ભોગ ભાસે છે. અહીંયા સુધી તો એક વાત થઇ ત્યાં આપણી જે શુધ્ધાદ્વૈતની વાત છે તે નથી આવતી. પણ આગળની કડીમાં નરસી મેહતાએ આપણા શુધ્ધાદ્વૈતને જ વર્ણવ્યો છે.

એક વાત જો કે પ્રાસંગિક નથી પણ ચર્ચા આવી ગઈ એટલે કહેવાનું મન થાય છે. આગળ મેં અભિનવગુપ્તનું વચન કહ્યું હતું. તે અભિનવગુપ્તનો સંપ્રદાય તે વખતે ગુજરાતમાં પણ હતો અને મહારાષ્ટ્રમાં ઔરંગાબાદ પાસે દૌલતાબાદ પંઢરપુર વગેરે ઘણે ઠેકાણે પ્રસિદ્ધ હતો. તે અભિનવનો સંપ્રદાય જે કાશ્મીરમાંથી શરૂ થયો, તેનો બહોળો પ્રચાર આ બધા પ્રદેશોમાં થયો હતો. અભિનવ કેમકે શુધ્ધાદ્વૈતી હતા તેથી જ નરસી મહેતા પણ અભિનવની ભાષા જ બોલે છે. આપણને ઘણી વખત એમ લાગે છે કે શ્રીમહાપ્રભુજીનું અને નરસી મેહતાનું આટલું બધું મળતું કેમ આવતું હશે? એનું મૂળ કારણ એ કે શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિ વૈષ્ણવ શુદ્ધાદ્વૈતની દૃષ્ટિ છે અને અભિનવની દૃષ્ટિ શૈવ શુધ્ધાદ્વૈતની દૃષ્ટિ છે. એટલે તેમાં

અંતર શિવની અવ્યભિચારિભક્તિ અને કૃષ્ણની અવ્યભિચારિભક્તિનું જ છે. શુધ્ધાદ્વૈતમાં બન્ને એકમત છે. તેને કારણે શ્રીમહાપ્રભુજીના ૫૦ વર્ષ અગાઉ નરસી મેહતાને પણ એ અભિનવની દૃષ્ટિને કારણે એ બધી ભાષા બોલવાની ભીતરથી પ્રેરણા થાય છે કે "જાગીને જોઉં તો...". આ બધા અભિનવનાં શબ્દો છે. આપણને ગુજરાતીમાં લખાયેલું છે એટલે એમ લાગે કે નરસી મેહતાનું કાવ્ય છે, પણ આ શબ્દોશબ્દ અભિનવનો અનુવાદ છે. માત્ર આમાં "બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે" આ નરસી મેહતાનું છે. આ અભિનવે નથી કહ્યું કારણકે લટકાની જે વાતો છે તે નરસી મહેતાની મસ્તીની વાતો છે કે આ તો બ્રહ્મ બ્રહ્મની પાસે લટકા કરી રહ્યો છે. એટલે ચિત્ત અને ચૈતન્ય બન્ને, એક જડ અને બીજું ચૈતન્ય, ભગવાને ધારણ કરેલા બે રૂપો છે; તેથી આ તદ્‌વિલાસ તદ્રૂપ લટકા બ્રહ્મ કરી રહ્યો છે. તેથી જ આગળની કડીમાં કહે છે કે **"શિવથી જીવ થયો એ જ આસે"** નરસી મેહતા આમ કહે છે કારણ કે મૂળમાં આજ તો અભિનવનો મત છે. અને આગળ કહે છે **"ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવા અંતે તો હેમનું હેમ ભાસે"** તો આ બધી પણ અભિનવની વાતો છે.

ખેર, **"જાગીને જોઉં તો જગત્ દીસે નહિ ઊંઘમાં અટપટા ભોગ ભાસે"** એના પછીની જે કડી છે તે શ્રીમહાપ્રભુજીના મતને અનુકૂલ છે. પ્રભુ પોતાની પુષ્ટિશક્તિનો પ્રયોગ આપણાઉપર કરે તો જ જડ અને ચૈતન્ય એ બન્નેના વિભાગો બ્રહ્મભાવથી એવા છલકાઈ જાય કે નાના-નાના દામોદર-રૈવતી કુંડો જેવા કુંડો નહિ રહી એક એકાકાર છલકાતું લીલાનું સરોવર બની જાય. પુષ્ટિશક્તિ જો પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમે આપણને પ્રદાન કરી હોય તો જ આ સંભવ છે; ફક્ત વિદ્યાશક્તિથી અથવા ફક્ત અવિદ્યાશક્તિથી આ અનુભવ આપણને મળી શકતો નથી. તેથી જ આપણે ત્યાં પુષ્ટિશક્તિથી પ્રકટ થયેલી ભક્તિને 'પુષ્ટિભક્તિ' કહેવાય છે.



આજે ઘણા બધા લોકો પુષ્ટિનો અર્થ કરે છે કે લાડવા ખાઈને મોજ મારવામાટે જે ભક્તિ એ પુષ્ટિભક્તિ! એ શ્રીમહાપ્રભુજીનો અર્થ નથી. શ્રીમહાપ્રભુજીનો અર્થ છે: પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમની એવી શક્તિ કે જેને કારણે તેને આપણે પૂરેપૂરો અનુભવી શકીએ. જેવો છે તેવો અને એ જે લીલા પ્રકટ કરી રહ્યો છે તે લીલાના અનુભાવ સાથે. એટલે સ્વરૂપ અને લીલા એ બે ભેદ થાય છે. સ્વરૂપત: પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ એક છે અને લીલામાં તે અનેક નામ-રૂપ-ક્રિયાઓ ધારણ કરે છે. સોનાનાં વિવિધ નામ-રૂપ-કર્મમાં દૃષ્ટિ અટવાઈ જાય કે સોના તરીકે નુ મૂલ્ય આપણે જાણી ન શકીએ તો તે અવિદ્યાની શક્તિ. તત્ત્વ તો કેવળ સોનું જ છે તેથી નામ-રૂપ-કર્મ બધું મિથ્યા છે, એમ આપણને લાગે તો તે વિદ્યાશક્તિ. હજી પુષ્ટિશક્તિનો લ્હાવો આપણને નથી મળ્યો. પુષ્ટિશક્તિ મળે તો આપણને પૂરેપૂરી વાત સમજમાં આવે કે **"ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ ભાસે"** એ બન્ને વાતોને જોડીને જોશો તો પુષ્ટિશક્તિ શું છે તે સમજમાં આવશે. **"ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવા"**નું જ મનમાં ભરાયેલું રહે તો તે અવિદ્યાશક્તિ; અને **"અંતે તો હેમનું હેમ ભાસે"** એટલું જ સીમિત ભાન થતું હોય તો વિદ્યાશક્તિ. અને પુષ્ટિશક્તિ એટલે આખી કડી: **"ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવા અંતે તો હેમનું હેમ ભાસે"** એ પુષ્ટિશક્તિનો પ્રયોગ છે. એ આપણે શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિથી સમજી લેવું બહુ જ જરૂરી છે કે જેથી વિભાગની ભક્તિને માટે અવિભાગના ભાનને નથી ભૂલી જવું, અવિભાગની ભક્તિ માટે વિભાગના ભેદને ધિક્કારવું નથી; કારણકે તે શ્રીમહાપ્રભુજીને ગમતું નથી.

આનું આપણે એક ઉદાહરણ એવી રીતે સમજી શકીએ કે તમે હરિદ્વાર કે મથુરા ગયા હોવ; અને તમને ગંગાસ્નાન અથવા યમુનાસ્નાન કરવા છે, તો તમે ક્યાં કરશો? હવે જો કોઈ એક

ઘાટ પર તમે જશો તો એ ઘાટઉપર સ્નાન થયું કે ગંગામાં સ્નાન થયું? મથુરામાં વિશ્રામઘાટ વગેરે ઘણા બધા ઘાટ છે તો ત્યાં આપણે ઘાટનું સ્નાન કે પાન કરીએ છીએ કે યમુનાનું કરીએ છીએ? આખી યમુનામાં કોણ સ્નાન કરી શકે! આખી યમુનામાં સ્નાન કરવા માટે યમુનોત્રીમાં તમારે તમારી જાતને ઝંપલાવવું પડે અને જ્યાં સુધી યમુનાજી વહેતાં હોય ત્યાં સુધી તણાઈને જાવો તો તમારું આખી યમુનામાં સ્નાન થયું કહેવાય. એની પહેલાં તો આપણે નિત્યલીલામાં પહોંચી જઈશું, મરી જઈશું. તો સ્નાન કરવું હોય તો કોઈ એક ઘાટઉપર કરવું પડશે. એ ઘાટ પકડ્યો એટલે ભેદ-વિભાગ આવી ગયો કે આ ઘાટઉપર સ્નાન કરી રહ્યો છે. બીજા ઘાટોને કેમ છોડી દે છે? હવે બીજા ઘાટો છૂટી ગયા તેને કારણે તમને એમ લાગતું હોય કે તમે યમુનામાં સ્નાન નથી કર્યું ને માત્ર ઘાટમાં જ સ્નાન કર્યું છે તો એ અવિદ્યાદૃષ્ટિ થઈ ગઈ. અને આ ઘાટોના ભેદનાં વાડામાં મારે નથી પુરાવું એમ કરીને તમે યમુનોત્રીથી ઝંપલાવો અને વહેતા જાવ એ પણ ઘણું સારૂં છે પણ એવું દુનિયામાં દેહધારી કોઈ કરતું નથી. એ માત્ર તમારી કહેવા પૂરતી વાત છે. કરવાનું જો કહીએ તો એ "ગજ્ઞે **મિથ્યા પલાયનમપિ મિથ્યા**" જેવું થઈ જાય! એટલે એક ઘાટ તો આપણે પકડવો જ પડશે. ઘાટ વિનાના યમુનાજી-ગંગાજીમાં આપણે સ્નાન કરી શકતા નથી. અને ઘાટ તો જુદા-જુદા હશે જ.

હું બનારસ જાઉં તો ગંગાજીમાં સ્નાન કરવાનું મને ખૂબ ગમે. અને જન્માક્ષરમાં જળમાં જ મરવાનું લખ્યું છે એટલેય કદાચ મને નદીમાં પડવાનું ઘણું ગમતું હશે. કોઈપણ વહેતી નદી જોઉં ને મને ઉદ્દીપનવિભાવ થઈ જાય. પણ તે છતાંય જ્યારે પણ બનારસ જાઉં ત્યારે ત્યાં પંચગંગાઘાટઉપર, જ્યાં શ્રીમહાપ્રભુજીનો વિવાહ થયો, સ્નાન કરવાનું મને બહુ ગમે. બીજા ઘાટોઉપર સ્નાન



કરવાનું ન ગમે. તેથી કાંઈ પંચગંગાઘાટમાં હું નથી ન્હાતો, ગંગાજીમાં જ ન્હાઉં છું, પણ ગમે છે પંચગંગાઘાટ ઉપર જ! મને કોઈ પૂછે કે મણિકર્ણિકાઘાટ કે હરિશ્ચંદ્રઘાટ પર, જ્યાં મડદા બાળવામાં આવતા હોય છે ત્યાં, કેમ ન્હાવા નથી જતાં? તો મને એમ ચિંતા થાય કે જ્યાં મડદા બળતા હોય ત્યાં ન્હાઈને કરવું શું? ઘાટ તો એ પણ બહુ સારા છે, પણ મને ત્યાં ન્હાવાનું નથી ગમતું; ભલે ગંગા એની એ હોય. એ ગંગાની સીમા નથી, એ મારી સીમા છે કે જ્યાં મડદા બળતા હોય ત્યાં ન્હાવાની મજા નથી આવતી. મારી ભક્તિ પંચગંગાઘાટઉપર જ છે. અને જ્યાં મડદા ધુ-ધુ કરીને બળતા હોય ત્યાં સ્નાન કરવાથી કોઈક વખતે ગંગાજી ઉપરનો ભાવ પણ ખંડિત થઈ જતો હોય છે. જો કે ગંગાજી તો એક જ છે, એ હું પણ જાણું છું; અને તમે પણ સમજી શકો છો. છતાંય એક-બે વખત મેં એવા ઘાટોની પાસે ન્હાવાનો પ્રયાસ કર્યો તો એક દિવસ ધારાની વચમાં કાંઈક વહીને આવતું હતું. મેં જોયું તો એ મડદું જ હતું. મેં કહ્યુ માર્યા; અહીંયા ક્યાં આપણે ન્હાવા બેઠા? મને ગભરાટ થયો કે ગંગાજી તો બધા જ ઘાટ ઉપર ખરા પણ જીવીએ છીએ ત્યાં સુધી નહાવામાટે એવા ઘાટોની કામના રાખવી નહિ. પંચગંગાઘાટ સારો કે જ્યાં શ્રીમહાપ્રભુજી પરણ્યા.

તો એ મારો ગંગા પ્રત્યેનો અનાદરનો ભાવ નથી, આદરભાવ જ છે. પણ મારો એ આદરભાવ કોઈક ઘડાયેલા ઘાટ ઉપર જ વ્યક્ત થઈ રહ્યો છે; ઘાટ વિનાની ગંગામાં વ્યક્ત થતો નથી. કેમકે હું પણ ઘડાયેલા ઘાટનો માણસ છું. હું પણ હવા હોત તો વાયરાની માફક ગંગાજીના બધા ઘાટોઉપરથી વહી જાત! પણ ઘડાયેલા ઘાટનો છું તેથી મને ગંગાજી પણ કોઈક ઘાટમાં ઘડાયેલા હોય તો જ સ્નાન કરવાની મજા આપે, તેથી જ આપણે ત્યાં સ્વરૂપસેવા શ્રીમહાપ્રભુજીએ સમજાવી છે કે તમે કોઈક એક સ્વરૂપની

સેવાભક્તિ કરો. કેમકે અનઘડ પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ, જે ચોમેર કણકણમાં વ્યાપ્ત છે, તેના કરતા કોઈ ઘડાયેલા ઘાટવાળા પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમની ભક્તિ તમે કરશો તો એ તમે સરખી રીતે કરી શકશો. બીવાનું આમાં લેશમાત્ર નથી કે ઘાટ ઘડાયેલા પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમની ભક્તિ તે ભક્તિ છે કે નહિ? કોઈક તમને ઊંઠાં ભણાવે કે આમાં શું ધર્યું છે? આ તો મૂર્તિ છે, પત્થરની/ધાતુની છે, તો સમજી જાવ કે એમ બોલનારમાં પેલી શુષ્ક વિદ્યાશક્તિ બોલી રહી છે; પુષ્ટિશક્તિ નથી બોલી રહી. જેનામાં પુષ્ટિશક્તિ બોલી રહી હશે એને ખબર પડી જશે કે આવી બધી વાતો બહુ ટુચકા જેવી નજીવી વાતો છે. એનાથી પ્રભાવિત થવા જેવું નથી. અરે! જડ અને અજડ એવી જે ભેદદૃષ્ટિ છે, એ પુષ્ટિશક્તિનું ભગવાને તમને દાન કર્યું હશે તો, સ્ફુરે જ નહિ. પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ જડ અને અજડ બન્નેમાં સમાન રૂપથી વ્યાપ્ત છે. તેથી જ એક શાયરે કહ્યું છે કે—

**કોન સી જહાં હૈ જહાં મિલતે માશુક નહીં।**
**શૌકે-દીદાર અગર હો તો નજર પૈદા કર॥**

કહે છે કે પ્રિયતમા કયાં નહિ મળે? દરેક ઠેકાણે મળશે. અને જો જોવાની સિફત નહિ હોય તો ક્યાંય પણ નહિ મળે.

તેમજ મને જો પરમાત્માને જોવાની ભક્તિમયી દૃષ્ટિ હશે તો જે ઘડાયેલો ઘાટ હશે તેમાં મને પરમાત્માનો અનુભવ થઈ શકે છે. એવી ભક્તિ પુષ્ટિશક્તિનું માહાત્મ્ય છે. તે માહાત્મ્યને આપણે સરખી રીતે સમજીએ તો આ શ્લોક આપણને બરાબર સમજમાં આવશે કે—

**"ઊર્ધ્વમૂલમ્ અધઃશાખમ્ અશ્વત્થં પ્રાહુર્ અવ્યયમ્"**

એમાં એક વાત સમજો કે ભગવાન્ કઈ જાતની ભાષાનો



પ્રયોગ અહીંયા કરી રહ્યા છે. ભગવાન્ કહે છે કે એક પીપળા અથવા વડ ના વૃક્ષનો તમે વિચાર કરો, પોતે પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ ભગવાન્ કેવા છે તે સમજવામાટે. અને એ પીપળા કે વડ નુ વૃક્ષ એવું છે કે જેના મૂળિયા ઉપર છે અને ડાળીઓ નીચે છે. અને તે વૃક્ષ પાછું અવ્યય વૃક્ષ છે. તેનો ક્યારેય નાશ નથી થતો. તે વૃક્ષના પાંદડાઓ વેદના એક-એક શબ્દો છે. જે આ વૃક્ષને જાણે છે તે વેદને સમજી શકે છે. જે આ વૃક્ષને નથી જાણતો તે આખા વેદને ગોખી કાઢે તો ય તેનો વાસ્તવિક અભિપ્રાય સમજી શકતો નથી. કેમકે વેદ એ દરેક વસ્તુના બ્રાહ્મિક સ્વરૂપને સમજવાનો ઉપાયરૂપ ગ્રંથ છે. સંપૂર્ણ વેદને સમજ્યા પછી પણ આપણે એ વૃક્ષને ન સમજી શક્યા તો આપણે વેદની સાચી સમજ મેળવવામાં ક્યાંક ભાન ભૂલી ગયા છીએ.

આ વૃક્ષની શાખાઓ ઉપર-નીચે ચોમેર ફેલાઈ ગઈ છે. અને એમાં સત્વ-રજ-તમ ગુણોને કારણે ડાળીઓ ઘણી પ્રસરેલી છે. રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ અને પૃથ્વી-જલ-વાયુ-તેજ-આકાશ જેવા વિષયોનાં નાના-નાના કોમળ પાંદડાઓ તે વૃક્ષમાં ફૂટતા જ રહે છે. કોઈ દિવસ એનો અંત નથી આવતો. એવું ન માની લેતા કે આ વૃક્ષના મૂળ ઉપર છે તેથી નીચે નથી. વડને તમે જાણતા હશો કે એમાં ઉપરથી વડવાઈ જ્યારે નીચે જાય ત્યારે અમૂક વર્ષો પછી એ પણ થડ બની જતી હોય છે. એટલે દરેક વડવાઈમાં એ સામર્થ્ય રહેલું હોય કે જ્યારે જન્મે ત્યારે તો એ વડવાઈ હોય પણ જમીનમાં સરખી રીતે ઘૂસી ગયા પછી એ થડ બની જતી હોય છે. તમને ભેદ્ર કરવો મુશ્કેલ થઈ જાય કે આ થડ કે પેલું થડ. કેમકે મોટા-મોટા બે થડ હોય એમાં નિશ્ચિત છે કે કોઈ એક વડવાઈ હશે અને કોઈ એક મૂલ થડ હશે. ભીતર ગયા પછી વડવાઈ પણ થડનું રૂપ લઈ લે છે. **"અહં બ્રહ્માસ્મિ"**

સાધનાના પ્રકારથી એ મુજબ જીવાત્માનો પણ આમ જ બ્રાહ્મિક વિસ્તાર થડ જેવો થઈ જાય છે. કેટલું સુંદર ભગવાન્ વર્ણન કરે છે કે શરૂઆતમાં એ વડવાઈના રૂપે આપણી સામે આવી પણ અંતે તો એ પણ વૃક્ષ બની જશે. એવો વૃક્ષાત્મક વિસ્તાર દરેક વડવાઈમાં શક્ય છે.

જગત્નાં એક-એક નામ-રૂપ-કર્મમાં જો તમને લીલાની અનુભૂતિ જાગે તો તમને દેખાશે કે દરેક નામ-રૂપ-કર્મમાં બ્રહ્મ એ રીતે પૂરેપૂરો મોજુદ છે—

**પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમ્ ઉદચ્યતે।**
**પૂર્ણસ્ય પૂર્ણમ્ આદાય પૂર્ણમેવાવશિષ્યતે॥**

એક ડાળમાંથી એક વડવાઈ ઉગીને પૂરેપૂરી વૃક્ષ બની જતી હોય છે. વડવાઈમાંથી થડ બને એટલે પહેલું મૂલ થડ કમજોર નથી પડી જતું. જેમ કબીરવડ કે મદ્રાસમાં થિયોસૉફિકલ સોસાયટીમાં એક વૃક્ષ છે જેની સો (૧૦૦) શાખાઓ છે. સો વડવાઈઓ થડ જેવી મોટી-મોટી થઈ ગઈ છે. આપણને એક ગામડા જેવું લાગે, જો કે એ એક વૃક્ષ જ છે. આવા વૃક્ષમાં એ માહાત્મ્ય કે ગુણ હોય છે જે ગુણ બ્રહ્મમાં રહેલો છે. એકમાંથી અનેક કેવી રીતે થવું તેનું પ્રત્યક્ષ ઉદાહરણ વટવૃક્ષ જ પૂરું પાડી શકે છે. આવું વૃક્ષ તમારી સામે એ જ ગૌરવથી આવે છે જે ગૌરવ બ્રહ્મનું છે. એક બ્રહ્મ જેમ અનેકરૂપે થઈ શકે છે તેમ એક વૃક્ષ અનેક વૃક્ષરૂપે થઈ શકે છે ત્યાં ને ત્યાં. તેની એકતા અનેકતાને બાધક નથી અને અનેકતા એની એકતાને બાધક થતી નથી. ભક્તિની દૃષ્ટિથી જે પુરુષોત્તમનું જ્ઞાન આપણને કેળવાય તેના માટે સારામાં સારું ઉદાહરણ વૃક્ષ પૂરું પાડે છે એમ ભાગવત કહે છે.



હવે જુઓ એક તો આ શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિ અને બીજા ચિંતક આચાર્યોની દૃષ્ટિનુ અંતર તમે સાંભળશો તો તમને ખ્યાલ આવશે કે બીજા આચાર્યો ઘણાબધા અહીંયા ગભરાઈ ગયા કે ભગવાન્ શું કહેવા માગે છે અહીંયા? એનું કારણ સમજો કે આગળ જઈને ભગવાન્ એમ કહેશે કે **"અશ્વત્થમ્ એનં સુવિરૂઢમૂલમ્ અસંગશસ્ત્રેણ દૃઢેન છિત્ત્વા"** અર્થાત્ આ અશ્વત્થ વૃક્ષને, તમારે કાપવાનું છે. એટલે બધાને લાગે છે કે કાપવાનું છે તો પછી બ્રહ્મ કેવી રીતે હોઈ શકે? કેમકે બ્રહ્મને તો કાપી શકાય જ નહિ. એટલે કેટલાક લોકો કહે છે કે આ અશ્વત્થ બ્રહ્મ નથી, માયા છે. ભગવાન્ પણ ઘણા ચતુર છે કેમકે આ વૃક્ષ માયા હોય તો ભગવાને **"યસ્તં વેદ સ વેદવિત્"** ન કહ્યું હોત. વેદોપનિષદોના જ્ઞાનથી તો માયા નિવૃત્ત થાય છે અને આ અશ્વત્થના જ્ઞાનથી તો વેદનું સાચું જ્ઞાન થઈ રહ્યું છે. તેથી આ અશ્વત્થ જો માયા હોય તો "આ અશ્વત્થને જાણનારો સાચી રીતે વેદને સમજ્યો" એવું અર્થઘટન થઈ શકે જ નહિ. અને પાછું આ અશ્વત્થને ભગવાન્ અવ્યય કહી રહ્યા છે કે આનો કોઈ દિવસે નાશ પણ થવાનો નથી. તો નાશ જ ન થવાનો હોય તો એનો છેદ કેવી રીતે થઈ શકે? સંસ્કૃતમાં એક કહેવત છે કે "ઉપલાદિષુ પ્રયુકત-ક્ષુર-તૈક્ષ્ણ્યવત્ કુણ્ઠીભાવમ્ આપ્નોતિ" અર્થાત્ પત્થર ઉપર આપણે તલવાર ચલાવીએ તો પત્થર ન તૂટે પણ તલવાર તૂટી જાય. એમ જે અવ્યય છે તેનું કુઠારથી છેદન થાય કેવી રીતે? જો કુઠારથી છેદન થઈ શકતું હોય તો એ અવ્યય રહી શકે નહિ. ભગવાને એક જ સમયે બે વિભાગો અહીંયા દેખાડી દીધા કે એને છેદી શકાય છે અને એ અવ્યય છે. હવે વિદ્યાશક્તિ અને અવિદ્યાશક્તિ વાપરીને આનો અર્થ કરીએ તો પછી ચોકમાં હોઈએ તો જુનાગઢ ન દેખાય અને ગિરનાર પર ચઢીએ તો પછી ચોક ન દેખાય, પણ પુષ્ટિભક્તિના એક હેલિકોપ્ટરની આપણને જરૂર છે, જે શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યું છે. તેનાથી આપણને દેખાશે કે આખું જુનાગઢ પણ નીચે

છે અને હવેલીનો ચોક પણ નીચે છે. એ જ બ્રહ્મ અવ્યય પણ છે અને એ જ બ્રહ્મના અશ્વત્થવૃક્ષને તમે છેદી પણ શકો છો. એ. બન્ને રૂપ ધારણ કરનારો કોણ છે?

દા.ત. એક વાત સમજો કે કંસ, રાવણ, શિશુપાલ વગેરે જે મહાઅસુરોનું શાસ્ત્રમાં વર્ણન આવે છે, એ અસુરો ભગવાન્‌ના દ્વારપાલ છે. જેમ ભગવાન્ નિત્યલીલાવિહારી તેમ એ દ્વારપાલો પણ નિત્યલીલાવિહારી છે. એક ઋષિના નજીવા અપરાધમાં કે તેમને રોકી લીધા, કેમ આવો ખુંખાર શ્રાપ ભોગવો પડે! જાઓ ભૂતલપર પડો અને અસુર થઈ જાઓ? અને ધારો કે આપી પણ દે તો ભગવાન્ એને કેન્સલ ન કરી શકે? જો કેન્સલ ન કરી શકતા હોય તો ભગવાન્ સર્વસમર્થ છે જ નહિ, ઋષિ સર્વસમર્થ થઈ ગયા! પણ ભગવાન્‌ને તો વિવિધ-વિવિધ નિમિત્તોથી લીલા કરવી છે. એટલે ભગવાન્ કહે છે "અચ્છા, તમે જજો અને હું પણ આવી જઈશ. હવે તમને ઋષિ ભૂતલ ઉપર અસુર બનાવીને મોકલી રહ્યા છે તો હું તમારો મુક્તિદાતા બનીને આવી જઈશ". તો ઋષિઓએ એ જે દ્વારપાલોને શ્રાપ આપ્યો તે એક લીલા નહિ તો બીજું શું?

શાન્ત ચિત્તે વિચારો કે દ્વારપાલ શા માટે હોય છે? કાલે અહીંયા જુનાગઢમાં જ એક ભાઈએ મને દિવ્ય બ્રહ્મજ્ઞાન આપ્યું **"બાલકો ગામડાઓમાં પધરામણી કરે અને પધારીને પોઢી જાય! પછી અમે કહીએ કે કાંઈક ઉપદેશ આપો તો કહે કે પરિશ્રમ થયો છે તેથી પોઢી રહ્યા છે!** પોઢો ભાઈ, પોઢો! પોઢવાની કોણ ના પાડે છે? ચરણસ્પર્શ આપવા, ભેટ લેવા પાછા જાગી જાય. એ કાર્યક્રમ પૂરો થતાં પાછા પોઢી જાય તે પાછા જાગે જ નહિ! હવે ધારો કે આપણા કોઈ સગાવ્હાલાને આપણે હોસ્પિટલ લઈ જઈએ ઈલાજમાટે અને હોસ્પિટલવાળો કહે કે ડૉક્ટર પોઢી



ગયા છે પછી જવુ ક્યાં?

તેમના કહેવા મુજબ:આતો સામાન્ય વાત છે. તેથી બધાના અનુભવમાં હશે જ. જે મુખ્ય વાત એમણે મને કહી તે આ કે બે-ચાર અંગત વૈષ્ણવો હોય એમને જ ભીતર ઘુસવાની છૂટ હોય! એવા જ વૈષ્ણવો બહાર આવીને કહી દે કે બાલક પોઢી રહ્યા છે! એટલે એ દ્વારપાલ જય-વિજય જેવા થયા કે નહિ! બાલકને કોઈ દિવસ પરિશ્રમ થવા જ ન દે! એ પરિશ્રમ ન થવા દે તેના કારણે ઘણાં બધા વૈષ્ણવો અસુર થઈ જતા હોય છે. પુષ્ટિમાર્ગ છોડીને આપણા માર્ગના પ્રતિસ્પર્ધી પંથોમાં ઘસડાઇ જતા હોય છે. બાલકો પોઢતા જ રહેવા માગતા હોય તો વૈષ્ણવોય બિચારા ત્યાં જ જાય ને કે જ્યાં એમને જાગ્રત ઉપદેશકો મળતા હોય. પોઢેલાની વાટ માણસ એકાદ દિવસ સુધી જોવે પણ આ તો જ્યારે પણ પધારે ત્યારે **"કૃપાનાથ પોઢી રહ્યા છે!"** આમ થતું જ રહેતું હોય તો બીજા જે જાગતા હોય એમની પાસે ન જાય તો શું કરે? પુષ્ટિમાર્ગમાંથી બહાર નીકળી જાય.

આ વિલક્ષણ લીલા છે કે જે લીલાને કારણે ભગવાને એમ ન કહ્યું કે અમે પોઢેલા રહીશું. ભગવાને કહ્યું "અચ્છા ભાઈ, આ લીલા થઈ ગઈ જેને કારણે આ જય-વિજયને અસુર થવું પડ્યું તો હું પણ આવું છું, હવે હું પોઢતો નથી". એટલે ભગવાને મુક્ત કરવા આવવાનો વિચાર કરીને પાછી એક લીલા તો માંડીને! એટલે શ્રીમહાપ્રભુજી બહુ સુંદર કહે છે કે—

**હરિણા યે વિનિર્મુક્તાસ્તે મગ્ના ભવસાગરે।**
**યે નિરુધ્ધાસ્ તએવાત્ર મોદમાયાન્ત્યહર્નિશમ્॥**

શ્રીકૃષ્ણ કોઇકને બંધન માટે મુક્ત કરતા હોય છે અને કોઇકને

મુક્ત કરવા માટે બાંધી લેતા હોય છે. લીલાનો એક પ્રકાર આવો પણ છે. જય-વિજયને મુક્ત કરવા માટે આસુરભાવથી બાંધવામાં આવ્યા! એ કાંઈ અસુરો ન્હોતા. એ તો ભગવાન્‌ના ખાસ અંગત દ્વારપાલ હતા. પણ ભગવાન્‌ને લીલા કરવી હતી, પોઢેલા જ ન્હોતું રહેવું(!) પોઢેલા જ રહેવું હોત તો કહી દેત કે "જાય તો છો ને જાય! બીજા દ્વારપાલ રાખી લેશું. એમાં શુ ફરક પડવાનો છે?" ભગવાને અવશ્ય વિચાર્યું હશે કે ના એમ નહિ ચાલે, લીલા એમ ન ચાલે. લીલામાં બન્ને પાસાઓ હોવા જોઈએ. એટલે ભગવાન્‌ના પોઢેલા હોવાને કારણે જય-વિજયે ઋષિને રોક્યા, અને તેને કારણે જો તે બન્નેને અસુરરૂપ લઈને ભૂતલપર ફેંકાઈ જવું પડ્યું હોય તો એમનો ઉધ્ધાર કરવા માટે ભગવાન્ પણ પાછા નૃસિંહરૂપે, રામરૂપે, કૃષ્ણરૂપે એમ વિવિધરૂપે પ્રકટ્યા અને ઉધ્ધાર કર્યો. તો એમને મુક્ત કરવા માટે બંધનમાં મૂકવામાં આવ્યા. કોઈકને બંધનમાં મૂકવા માટે મુક્ત કરવામાં આવતા હોય છે; જેમ આજે ધંધાકીય ભગતીના ભવાડામાટે ભોગ ધરાવતા સામગ્રીના થાળને ઠાકોરજી લાત મારીને ફેંકી નથી દેતા. ચોરાસી-બસ્સો બાવન વૈષ્ણવોઉપર ગુસ્સે થઈને આવી લીલા પ્રકટ જણાવી હતી. કેમકે ઠાકોરજ એમને પોતાની સાથે બાંધી રાખવા માગતા હતા. આધુનિક પુષ્ટિમાર્ગીઓને એવા બંધનોથી મુક્તિ આપવામાં આવી છે. આનું રહસ્ય "**હરિણા યે વિનિર્મુક્તા તે મગ્ના ભવસાગરે**" વચનમાં શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરી દીધો છે. આવી પ્રભુની લીલા હોય છે. એ લીલાનું સરખું સ્વરૂપ આપણે સમજવું પડશે.

હવે એ સરખી રીતે સમજીએ તો આપણને ખ્યાલ આવે કે આમાં ભગવાન્ પણ જન્મ્યા. અજન્મા કેવી રીતે જન્મી શકે? આમાં તો ભગવાન્ જન્મ્યા અને જન્મીને માત્ર નિર્વિકારી રહી ગયા એવું નહિ પણ મોટા પણ થયા. કૃષ્ણલીલા વાંચો, રામલીલા વાંચો. આપણને ખબર પડશે કે નાના હતા ત્યારે ઘુટુરુન ચાલવાનું



રૂપ પણ એમનું હતું. પછી મોટા થયા અને મોટા થઈને પાછી કોઈકને કોઈક એવી હેતુઓની લીલા પ્રદર્શિત કરીને પાછા વૈકુંઠ પણ પધાર્યા. તો એ બધી અજન્માના જન્મની જે લીલા છે એમાં માયાને શોધવી એ અવિદ્યાશક્તિને આભારી મનોવૃત્તિ છે. એમાં માયા નથી, એમાં ભગવાન્‌ની પોતાની દિવ્યલીલાશક્તિ છે. તેથી ભગવાન્ અહીંયાં ગીતામાં આજ્ઞા કરે છે કે—

**જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ।**
**ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન॥**

મારા જન્મ અને કર્મ દિવ્ય છે. કોઈકને આધીન હું જન્મતો નથી "**સંભવામ્યાત્મમાયયા**" જ્યાં-જ્યાં શાસ્ત્રમાં માયા થકી ભગવાન્‌ના જન્મનો ઉલ્લેખ થયો છે તો તે માયા પેલી વંચનાવાળી માયા નહિ પણ પ્રભુની આત્મમાયા સમજવી. તે તો ભગવાન્‌ની પોતાની દિવ્યશક્તિ છે "**પ્રકૃતિં સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા**" મારી પ્રકૃતિને મારા વશમાં રાખીને હું જન્મ લઉં છું અને ભૂતલ ઉપર લીલા કરું છું. મારી પ્રકૃતિને વશ થઈને હું લીલા નથી કરતો. પ્રકૃતિને વશ થઈને કોઈ કામ કરવું અને પ્રકૃતિને વશ માં રાખીને કોઈ કામ કરવું એમાં ઘણું અંતર રહેલું છે.

એક બહુ પ્રસિધ્ધ રમુજી વાત પ્રચલિત છે. વ્રજ પાસે ભરતપુરના રાજ્યમાં જુના જમાનામાં દરેક વાતને બે-બે વખત બોલવાનો કોઈક મુહાવરો (રૂઢિપ્રયોગ) હશે. જેમ કારજ-વારજ, સ્ટેશન-બેશન. આવું કોઈ એક અંગ્રેજે સાંભળ્યું. એણે ભરતપુરના રાજાને પૂછ્યું કે "આનું શું કારણ?" તો ભરતપુરના રાજાએ કહ્યું "બધા એવું નહિ બોલતા હોય, કોઈ ગંવાર-સંવાર એવું બોલતા હશે!" હવે આનો શું ઉપાય કરવો? લો ત્યારે હવે શું સમજવું? હવે રાજાની આ પંક્તિનો અર્થ કેવી રીતે સમજવો? એટલે પ્રકૃતિને અધીન થવાથી આવું

બોલાઈ ગયું. પ્રકૃતિને અધીન કરીને માણસ આવું ન બોલે. ભરતપુરના રહેવાસીઓની જે પ્રકૃતિ હતી તેને આધીન રાજાથી આમ જ બોલાઈ ગયું.

એટલે એમ પ્રકૃતિને સ્વાધીન કરીને જન્મ લેવું અને પ્રકૃતિને આધીન થઈને જન્મ લેવું એ અલગ-અલગ કથા છે. એક વાત સમજો કે આપણા હિન્દુસ્તાનમાં તો બધા જ જાણે છે કે આપણે આપણા કર્મબંધનોને અધીન થઈને જન્મ લઈએ છીએ. આપણે કર્મને વશમાં રાખીને જન્મ લઈ શકતા નથી. તેથી આપણો જન્મ દિવ્ય નથી. આપણો જન્મ સાંસારિક જન્મ છે. તેથી જેમ શાયર કહે છે **"લાયી હયાત આયે, કઝા લે ચલી ચલે, અપની ખુશી ન આયે ન અપની ખુશી ચલે"** જન્મના કારણે અમે ભૂતલ-પર આવી ગયા. કોકે અમને પૂછ્યું ન્હોતું કે તમારે ભૂતલઉપર જવું છે કે નહિ. હવે મૃત્યુ અમને લઈ જાય છે તે પણ અમને પૂછીને નથી લઈ જતી કે "બાપા હવે ચાલવું છે? ઘણા વર્ષ જીવ્યા!" ઉપાડીને લઈ જ જાય છે. આવ્યા ત્યારે પણ અમે અમારી ખુશીથી ન્હોતા આવ્યા અને જઈ રહ્યા છીએ તેમાં પણ અમારી ખુશીથી નથી જઈ રહ્યા. અમસ્તાં આવ્યા અને અમસ્તાંજ ગયા. આનું નામ દિવ્યતાનો અભાવ. આ લૌકિકતા છે.

ભગવાન્નો કોઈપણ જન્મ આવી રીતે નથી. ભગવાન્ કહે છે કે "મારા જન્મ-કર્મની સાથે તમે તમારા જન્મ-કર્મની સરખામણી ન કરશો. જો તમે આટલીય વાત સરખી રીતે સમજી જશો તો તમને પણ પુનર્જન્મ નહિ થાય." કેટલી ગજબની વાત ભગવાને કહી દીધી! અને આગળ કહે છે કે "તો તમે મને પ્રાપ્ત કરી જશો" કેમકે તો તમને ખબર પડશે કે આ જગત્માં જન્મ-મૃત્યુ પામનારાઓના અને અજન્મા-અમરના જે વિભાગો છે એ બન્ને વિભાગોના ત્રાજવાના પલ્લાઓને તોલનારો કોઈક એક પુરુષોત્તમરૂપી



કાંટો છે. જે કાંટો જન્માદિ બધી લીલા **"અજાયમાનો બહુધા વિજાયતે તસ્ય ધીરાઃ પરિજાનન્તિ યોનિમ્"** વચન મુજબ અજાયમાન હોવા છતાં પણ ઘણી બધી રીતે કરી રહ્યો છે. તેથી જન્મે છે એ પોતાની ઈચ્છાથી, પોતાની લીલાથી જન્મે છે. એ કર્મબન્ધનથી નથી જન્મતો. તેથી એનું અવ્યયત્વ છે અને છેદન પણ કરી શકાય. એ બન્ને આપણે જોઈએ છીએ કે વ્યાધે શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં તીર માર્યું પણ તીર શામાટે માર્યું એ કથા સમજો કે ભગવાને એને વરદાન આપ્યું હતું. કેમકે **"મૈ બૈરી સુગ્રીવ પિયારા કારણ કવન નાથ મોહિ મારા?"** એ બાલિએ મોટો પ્રશ્ન કરી દીધો હતો "મેં આપનો શું ગુનો કર્યો? મેં તો સુગ્રીવનો ગુનો કર્યો હતો, મેં આપનો ગુનો ન્હોતો કર્યો તોય મને કેમ ચુપચાપ મારી દીધો?" ભગવાન્ કહે છે "અચ્છા ભાઈ વાંધો નહિ. એનું તને માઠું લાગી રહ્યું છે તો તુંય મને આવી રીતે સંતાઈને તીર મારી દેજે" આ લીલા છે! કોઈ આપણને આવી રીતે કહે? આપણે બધાને તીર મારી દઈએ પણ આપણને કોઈ તીર મારી દે એ ન પોસાય! કચ્છી ભાષામાં એમ કહેવાય કે "આઉં મડે ચવાં મકે કોઇ ચે તો રડી પવાં" હું બધાને કહું પણ મને કોઈ કહે તો મને રડવું આવે. અરે! તું બધાને કહે તો તને પણ કોઈક તો કહેશે કે નહિ? ના, એ ન ચાલે. લીલા એવી રીતે ન ચાલે. લીલામાં તો "ખેલનમેં કો કાકો ગુસૈયાં". એટલે રમતમાં કોઈ ગુંસાઈ નથી રહી જતો, બધા જ સરખા. તો એ ભાવને સ્પષ્ટ સમજવો જોઈએ. ખેલવાની રમતની સ્પિરિટ (ખેલદિલી) પ્રભુમાં છે. અને પ્રભુએ કહ્યું કે "હા, મેં તને તીર માર્યું અને તને એમ લાગી રહ્યું છે કે મેં કાંઈ અંચાઈ કરી છે, તો હવે તું પણ મને તીર મારી લેજે". એ જે તીર પ્રભુએ ખાધું છે એ કર્મબંધનથી નથી ખાધું. કોઈ બેવકૂફ હશે, જે પ્રભુના સ્વરૂપને નહિ સમજતો હોય, તે એમ કહેશે કે "ભગવાન્ને પણ કર્મબંધનના લીધે તીર ખાવું પડ્યું!" ભગવાને એને વરદાન આપ્યું

હતું કે "તું મને તીર મારજે!" એને શ્રાપ પણ નથી આપ્યો, વરદાન આપ્યું છે. તુલસીને પણ ભગવાને વરદાન જ આપ્યું હતું. જ્યારે કે તુલસીએ ભગવાન્‌ને શ્રાપ આપ્યો હતો કે ભગવાન્ પત્થર જેવા થઈ જાવ. ભગવાને એને વરદાન આપ્યું કે "તો તમે પાંદડા જેવા થઈ જશો; અને આપણો સાથ તો રહેશે જ". લીલા આનું નામ છે, મસ્તી આનું નામ છે! એમાં કાંઈ ભગવાન્ નારાજ ન થયા. એમને નારાજ થવા જેવું કાંઈ છે જ નહિ. તેથી જ —

અહો બકીયં સ્તનકાલકૂટં
જિઘાંસયાપાયયદપ્યસાધ્વી ।
લેભે ગતિં ધાત્ર્યુચિતાં તતોઽન્યં
કં વા દયાલું શરણં વ્રજેમ ॥

મારવા માટે આવેલ પૂતનાને આવી ગતિ આપી તે તો પ્રભુની દયાળુતાની પ્રકટ થયેલી લીલા છે.

જન્મ-મરણના ભેદ જેટલા ગંભીરતાથી આપણે લઈએ છીએ તે આપણી વિભાગોમાં અટવાએલી ચાક્ષુષદૃષ્ટિ છે. તેથી જ ભાગવતકાર કહે છે —

મર્ત્યો મૃત્યુવ્યાલભીતઃ પલાયન્
લોકાન્ સર્વાન્ નિર્ભયં નાધ્યગચ્છત્।
ત્વત્પાદાબ્જં પ્રાપ્ય યદૃચ્છયાદ્ય
સ્વસ્થઃ શેતે મૃત્યુરસ્માદ્ અપૈતિ॥

જેને ભગવચ્ચરણ પ્રાપ્ત થઈ જાય છે તે માણસ મરતો નથી. એ તો માત્ર રાત પડે તો માણસ ઊંઘી જાય તેમ ઊંઘવા જતો હોય છે. પતિદેવ ઊંઘવા જતો હોય તેમાં રડવાનું ન હોય, પોક



ન મૂકવાની હોય કે હાય, હવે મારા પતિદેવને ઊંઘ આવી ગઈ! રાતના ઊંઘી જાય, સવારે પાછો જાગી જશે. એમ જેને ભગવચ્ચરણારવિંદ પ્રાપ્ત થાય છે એને આ વાત સમજમાં આવે છે. શાસ્ત્રમાં ભગવચ્ચરણારવિંદને ભક્તિરૂપ કહેવામાં આવ્યા છે. તો ભક્તિરૂપ ભગવચ્ચરણારવિંદ જેને પ્રાપ્ત થાય છે એને મૃત્યુ એક ઊંઘ અને જન્મ સવારના જાગરણથી વધારે મહત્વ ધરાવતું નથી. એને એમ જ લાગે છે કે આજે ઊંઘી ગયા કાલે પાછા જાગી જઈશું, ફરીથી આવી જઈશું, સેવા કરવા ફરીથી આવી જઈશું. તીર ખાવું હશે તો તે પણ ખાઈશું. ફરીથી આવી જઈશું લડાઈ કરવા. અરે! શેનું લફરૂં છે?! ગીતામાં પણ આ જ કહ્યું છે કે —

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય
નવાનિ ગૃહ્ણાતિ નરો પરાણિ।

આ તો કપડાં પણ બદલવાની જરૂર નથી. ઊંઘ્યા અને થોડીવારમાં જાગ્યા **"સિરહાને બોલીએ આહિસ્તા 'મીર'કે અભી ટુક રોતે-રોતે સો ગયા"** હમણાં સૂતો છે અને થોડીવારમાં જાગી જશે. આવી સરળતાથી અને સહજતાથી ભક્તો મૃત્યુને અને જન્મને લઈ શકે છે.

એટલે છેદનથી ગભરાઈ જવું એ વૃત્તિ શ્રીમહાપ્રભુજીની નથી. એ શ્રીમહાપ્રભુજી અહીંયાં આપણને સમજાવે છે. તેથી જ શ્રીપુરૂષોત્તમજીનો અહીંયાં અતિસુંદર શ્લોક છે કે —

સ્વરૂપજ્ઞાનરહિતા ભક્તિઃ નૈવોપયુજ્યતે।
પુરુષોત્તમરૂપં તુ તતઃ પંચદશેઽવદન્॥

જે સ્વરૂપની તમે ભક્તિ કરી રહ્યા છો એને તમે પિછાણી

જ નહિ શક્યા તો ભક્તિ કરવામાં પણ તમને કાંઈ ને કાંઈ લફરૂં થશે. એટલે જેની તમે ભક્તિ કરી રહ્યા છો એને તમે થોડીક તો સરખી રીતે ઓળખી જાવ. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **"જ્ઞાત્વા પાને મહાન્ રસઃ"** જો તમને શું પીવડાવવામાં આવી રહ્યું છે તે તમે સમજી જશો કે કેવો દિવ્ય રસ તમને પીવડાવવામાં આવી રહ્યો છે તો તમને ખબર પડશે કે કઈ જાતના ઘુંટડા તમારા ગળે ઊતરવાના છે. તેથી પુરુષોત્તમે પોતાનું સ્વરૂપ પોતાના મુખારવિન્દથી આ પંદરમાં અધ્યાયમાં વર્ણિત કર્યું છે.



## ॥ ૧.પુરુષોત્તમના મુખારવિન્દે પુરુષોત્તમયોગ ॥

**સ્વમુખારવિન્દે તદાદેશ શૈલીમાં વિરુદ્ધધર્માશ્રયી પુરુષોત્તમનું નિરૂપણ :**

**ઊર્ધ્વમૂલમધઃશાખમ્ અશ્વત્થં પ્રાહુરવ્યયમ્॥**
**છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્॥૧॥**
**અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા ગુણપ્રવૃધ્ધા વિષયપ્રવાલાઃ॥**
**અધશ્ચ મૂલાન્યનુસંતતાનિ કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે॥૨॥**
**ન રૂપમસ્યેહ તથોપલભ્યતે નાન્તો ન ચાદિર્ન ચ સંપ્રતિષ્ઠા।**
**અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમસંગશસ્ત્રેણ દ્રઢેન છિત્ત્વા॥૩॥**
**તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ॥**
**તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી॥૪॥**
**નિર્માનમોહા જિતસઙ્ગદોષા અધ્યાત્મનિત્યાઃ વિનિવૃત્તકામાઃ॥**
**દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈઃ ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્॥૫॥**
**ન તદ્ ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ॥**
**યદ્ ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ॥૬॥**

**શ્લોકપદાન્વયાર્થ :**

**ઊર્ધ્વમૂલમ્** = જેનાં મૂળિયાં ઊંચે પુરુષોત્તમમાં હોય, **અધઃશાખમ્** = જેની શાખાઓ નીચે પ્રસરેલી હોય, **અશ્વત્થમ્** = પીપળા કે વડ ના વૃક્ષને, **અવ્યયમ્** = અવિનાશી, **પ્રાહુઃ** = કહે છે, **યસ્ય** = જેના, **પર્ણાનિ** = પાંદડાં **છન્દાંસિ** = પોતે વેદો છે, **તમ્** = તે વૃક્ષને, **યઃ** = જે વ્યક્તિ, **વેદ** = સરખી રીતે જાણી જાય, **સઃ** = તે, **વેદવિત્** = વેદોના સાચા તાત્પર્યને જાણવાવાળો છે. **તસ્ય** = તે વૃક્ષની, **ગુણપ્રવૃદ્ધાઃ** = સત્ત્વ-રજો-તમો ગુણોને કારણે વધેલી (તેમજ), **વિષયપ્રવાલાઃ** = વિષયભોગરૂપ કુંપળોવાળી, **શાખાઃ** = દેવ-દાનવ-માનવ, પશુ-પક્ષી વગેરે યોનિરૂપ ડાળીઓ, **અધઃ** = નીચે, **ચ** = અને,

**ઊર્ધ્વમ્** = ઉપર બધે, **પ્રસૃતા:** = ફેલાયેલી છે (તેમ જ), **મનુષ્યલોકે** = મનુષ્યયોનિમાં, **કર્માનુબન્ધીનિ** = કર્મોને અનુસાર બંધાવવાળા, **મૂલાનિ** = અહંતા-મમતા અને વાસના રૂપી મૂળિયાં, (**અપિ**) = પણ, **અધ:** = નીચે, **ચ** = અને (**ઊર્ધ્વમ્**) = ઉપર, **અનુસંતતાનિ** = બધા લોકોમાં વ્યાપ્ત થઈ રહેલા છે. **અસ્ય** = આ વૃક્ષનું, **રૂપમ્** = સ્વરૂપ (જેવું કહ્યું છે), **તથા** = તેવું, **ઈહ** = અહીંયાં, **ન** = નથી **ઉપલભ્યતે** = મળતું, (યત:) = કારણકે **ન** = ન (તો એનું) **આદિ:** = આદિ છે **ચ** = કે **ન** = ન **અન્ત:** = અન્ત છે, **ચ** = તથા **ન** = ન **સંપ્રતિષ્ઠા** = સારી રીતે અવસ્થિત જ જણાય છે, (**અત:**) = એને માટે, **એનમ્** = આને **સુવિરૂઢમૂલમ્** = અહંતા-મમતા કે વાસના રૂપી ઘણા દૃઢ મૂળોવાળા, **અશ્વત્થમ્** = અશ્વત્થ ઝાડને **દ્રઢેન** = દ્રઢ **અસંગશસ્ત્રેણ** = વૈરાગ્યરૂપ શસ્ત્રથી, **છિત્ત્વા** = કાપીને **તત:** = તે પછી, **તત્** = તે, **પદમ્** = પરમપદરૂપ પરમેશ્વરને **પરિમાર્ગિતવ્યમ્** = સારી રીતે શોધવો જોઈએ (જેથી), **યસ્મિન્** = જેમાં, **ગતા:** = ગયેલા પુરુષો, **ભૂય:** = ફરી, **ન નિવર્તન્તિ** = સંસારમાં પાછ ફરતાં નથી. **ચ** = અને, **યત:** = જે પરમેશ્વરથી (આ), **પુરાણી** = પુરાતન, **પ્રવૃત્તિ:** = સંસારવૃક્ષની પ્રવૃત્તિ, **પ્રસૃતા** = વિસ્તાર પામે છે, **તમ્** = તે **એવ** = જ, **આદ્યમ્** = આદિ, **પુરુષમ્** = પુરુષ નારાયણને, **પ્રપદ્યે** = હું શરણે જાઉં છું (આ પ્રકારે દ્રઢ નિશ્ચય કરીને) **નિર્માનમોહા:** = જેઓનું માન-મોહ નષ્ટ થઈ ગયો હોય (તથા), **જિતસઙ્ગદોષા:** = જેઓએ આસક્તિરૂપ દોષોને જીતી લીધા હોય (અને), **અધ્યાત્મનિત્યા:** = જેઓ પરમાત્માના સ્વરૂપમાં નિરન્તર સ્થિત હોય (તથા), **વિનિવૃત્તકામા:** = બધી કામનાઓ સમ્પૂર્ણપણે જેઓની નષ્ટ થઈ ગઈ હોય એવાઓ, **સુખદુ:ખસંજ્ઞૈ:** = સુખ-દુ:ખ નામના, **દ્વન્દ્વૈ:** = દ્વન્દ્વોથી, **વિમુક્તા:** = વિમુક્ત થયેલાઓ, **અમૂઢા:** = જ્ઞાનીજનો, **તત્** = તે, **અવ્યયમ્** = અવિનાશી, **પદમ્** = પરમપદને, **ગચ્છન્તિ** = પામે છે. **તત્** = તે (સ્વત:પ્રકાશિત પરમપદને), **ન** = ન તો, **સૂર્ય:** = સૂર્ય, **ભાસયતે** = પ્રકાશિત કરી શકે છે, **ન** = ન, **શશાંક:** = ચન્દ્રમા (કે), **ન** = નથી, **પાવક:** = અગ્નિ પણ,



(**ભાસયતે**) = પ્રકાશિત કરી શકે છે (તથા), **યત્** = જે પરમપદને, **ગત્વા** = પામીને (મનુષ્યો), **ન નિવર્તન્તે** = પાછા સંસારમાં નથી આવતા, **તત્** = તેવું, **મમ** = મારું, **પરમ** = પરમ, **ધામ** = ધામ છે ॥૧-૬॥

## અશ્વત્થ પણ અને અવ્યય પણ!:

"ઊર્ધ્વમૂલમ્ અધ:શાખમ્ અશ્વત્થં પ્રાહુ: અવ્યયમ્" આ શ્લોકમાં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણનું તદાદેશરૂપે વર્ણન કરવામાં આવી રહ્યું છે તે આપણે જોયું. પ્રથમ દૃષ્ટિએ વિરોધાભાસી જણાતા આ વિધાનનો સરળ પ્રાથમિક ખુલાસો શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં આમ આપી શકાય—**"આ જગત્‌ને બ્રહ્મરૂપે જાણી લેવું સારી વાત છે પણ માગવું તે પોતે બ્રહ્મને જ જોઈએ, જાગતિક નામ-રૂપ-કર્મોને નહિ".**

'અશ્વત્થ' શબ્દની બાબતમાં એક ખુલાસો મારે કરવો જોઈએ કે કોશોમાં 'અશ્વત્થ'નો મતલબ પીપળાનું વૃક્ષ હોય છે. તો પણ અહીંયાં પીપળાનું વૃક્ષ અર્થ સ્વીકારતા ચિત્ર સ્પષ્ટ નહિ થાય. જો કે અમુક ટીકાકારોએ એવો અર્થ લીધો છે તે છતાંય. મૂળમાં સમજવાની વાત એ કે વેદ પોતે 'અશ્વત્થ' શબ્દની વ્યુત્પત્તિ **"અશ્વ: તિષ્ઠતિ અસ્મિન્ ઈતિ અશ્વત્થ:"** એવી રીતે આપે છે. જે વૃક્ષની નીચે અશ્વ: તિષ્ઠતિ = ઘોડો ઉભો થયો તેનું નામ 'અશ્વત્થ' પડ્યું. આ પીપળના વૃક્ષને 'અશ્વત્થ' શા માટે કહેવાય છે એની આખી કોઈ આખ્યાયિકા છે કે અશ્વરૂપ થઈને પીપળાના વૃક્ષની નીચે અગ્નિદેવ ઊભા રહ્યા તેથી પીપળનું નામ 'અશ્વત્થ' પડ્યું પણ ટીકાકારો તે અર્થને અહીંયા નથી લઈ રહ્યા. **"શ્વ: તિષ્ઠતિ ઈતિ 'શ્વત્થ:', ન શ્વ: તિષ્ઠતિ ઈતિ 'અશ્વત્થ:'"**. આજે હોય અને કાલે ન હોય. આજે જે રૂપે હોય તે રૂપે કાલે ન હોય. એટલે રોજ નવા-નવા રૂપ જે ધારણ કરતો હોય તેને અહીંયા 'અશ્વત્થ' કહેવામાં આવે છે. પેલા રૂઢ અર્થમાં નહિ પણ યૌગિક અર્થમાં

કહેવાઈ રહ્યું છે. આપને ખુલાસો થયો હશે.

રૂઢ અર્થ એટલે ડિક્ષનરી (શબ્દકોશ)માં જે અર્થ અપાતો હોય તે રૂઢ અર્થ અને યૌગિક અર્થ એટલે જોડીને જે ઘડવામાં આવે તે. જેવી રીતે 'ભૂત'શબ્દ ચાલુ અર્થમાં ભૂત, પ્રેત, પિશાચ એ અર્થમાં વપરાતો હોય છે પણ તેથી કાંઈ દરેક ઠેકાણે 'ભૂત'નો અર્થ ભૂત, પ્રેત, પિશાચ એવો નથી થતો. 'ભૂત' એટલે જે થઈ ચૂક્યું છે, જે હયાતીમાં છે અથવા હયાતીમાં હતી તેવી વસ્તુને 'ભૂત' કહેવાય. આ અર્થ યૌગિક થયો. "ભવતિ ઈતિ ભૂતં" અથવા "અભવદ્ ઈતિ ભૂતં". તે જ રીતે 'અશ્વત્થ' શબ્દ પણ અહીંયાં પરિવર્તનશીલના અર્થમાં લેવામાં આવ્યો છે. તો હવે **"ઊર્ધ્વમૂલમધઃશાખમ્ અશ્વત્થં પ્રાહુઃ અવ્યયમ્"** નો અર્થ આપણે એવી રીતે સમજવાનો છે કે કોઈ એક વૃક્ષ એવું છે કે જે અશ્વત્થ છે; એટલે પ્રતિક્ષણ પરિવર્તનશીલ હોવા છતાંય અવ્યય પણ છે, જેમાં કોઈપણ પરિવર્તન આવતું નથી. જેવું છે તેવું ને તેવું જ રહે છે. એવા વિરુધ્ધધર્માશ્રયવાળું કોઈક એક વૃક્ષ છે કે જે બદલાતું રહે છે અને નથી બદલાતું. આમ પરસ્પર વિરોધી ગુણ-ધર્મોના આશ્રયરૂપે ઈશ્વરનું સ્વરૂપ વેદમાં, ઉપનિષદ્માં ડગલે-પગલે કરવામાં આવે છે. આ એક નહિ પણ બધે જ ઠેકાણે ઈશ્વરના સ્વરૂપનું આવી રીતે જ વર્ણન કરવામાં આવતું હોય છે.

**એષ હિ દેવ પ્ર દિશોઽનુ સર્વાઃ।**
**પૂર્વો હિ જાતઃ સ ઉ ગર્ભે અન્તઃ।।**
**સ વિજાયમાનઃ સ જનિષ્યમાણઃ।**
**પ્રત્યઙ્મુખસ્તિષ્ઠતિ સર્વતોમુખઃ।।**
**વિશ્વતશ્ચક્ષુરુત વિશ્વતોમુખો।**
**વિશ્વતોબાહુરુત વિશ્વતસ્પાત્।।**
**સં બાહુભ્યાં ધમતિ સં પતત્રૈઃ।**



**દ્યાવાપૃથિવી જનયન્ દેવ એકઃ।।**

એટલે એક દેવને બધું ચોમેર આ જગત્ છે. બધાની વચ્ચે જે દેવ છે. જે સૌથી પહેલો થયો હતો અને જે હજી પણ ગર્ભમાં રહેલો છે. જે થઈ રહ્યો છે અને થતો રહેશે. તે અન્તર્મુખ હોવા છતાંય સર્વતોમુખ છે. બધે ઠેકાણે એની આંખો મુખ બાહુ અને પગો છે, કણકણમાં એ સ્થિત છે. પોતાના બાહુબળે એને બધું ધારણ કરી રાખ્યું છે. પૃથ્વી-આકાશનો જનક તે દેવ પોતે છે. આટલું જ નહિ, વેદ ત્યાં સુધી કહે છે કે—

**પરિ દ્યાવાપૃથિવી યન્તિ સદ્યઃ।**
**પરિ લોકાન્ પરિ દિશઃ પરિ સુવઃ।।**
**પરીત્ય લોકાન્ પરીત્ય ભૂતાનિ।**
**પરીત્ય સર્વા પ્રદિશો દિશશ્ચ।।**
**પ્ર જા પ તિઃ પ્ર થ મ જા ઋ ત સ્ય**
**આત્મના આત્માનમ્ અભિસંબભૂવ।।**

દરેકે-દરેક વસ્તુથી એ વીંટાઈને રહ્યો છે. દરેક દિશાઓમાં તે વિદ્યમાન છે. જે કાંઈ છે તે પ્રથમ આ પ્રજાપતિમાં ઉત્પન્ન થયું અને તે જ પોતે પોતાને પ્રકટ કરી રહ્યો છે.

**યસ્માત્ પરં નાપરમસ્તિ કિંચિત્।**
**યસ્માદ્ ન આણીયો ન જ્યાયોઽસ્તિ કશ્ચિત્।।**

જેનાથી પર કોઈ નથી, જેનાથી નાની કોઈ વસ્તુ નથી કે જેનાથી મોટી કોઈ વસ્તુ નથી.

**વૃક્ષઈવ સ્તબ્ધો દિવિ તિષ્ઠતિ।**

એકઃ તેનેદં પૂર્ણં પુરુષેણ સર્વમ્।।

અર્થાત્ જે વૃક્ષની માફક સ્થિત છે. સ્તબ્ધ એટલે એને કોઈ હલાવી શકતો નથી. પુરુષસૂક્તમાં પણ તેથી જ એમ કહેવામાં આવે છે.

સહસ્રશીર્ષાઃ પુરુષઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્।
...એતાવાનસ્ય મહિમા અતો જ્યાયાન્શ્ચ પુરુષઃ ।।

અર્થાત્ તે પુરુષ હજાર માથાવાળો છે. હવે હજાર માથાવાળો હોય અને હજાર આંખોવાળો છે તો શું તે કાણો છે? પરંતુ અહીંયાં 'હજાર' સંખ્યાના અર્થમાં નથી પરંતુ અનંતતાના અર્થમાં છે. દરેક ઠેકાણે એનું માથું છે, દરેક ઠેકાણે એની આંખો છે, પગ છે, કાન છે. એટલે એ બધે ઠેકાણે વિદ્યમાન છે અને આ જે કાંઈ થઈ ગયું અને જે કાંઈ થવાનું છે તે તે પોતે જ છે. આ બધી એની મહિમા છે. મહિમા એટલે એનો વિસ્તાર છે. જગત્ જે કાંઈ છે તે એનો વિસ્તાર છે. બીજરૂપ એ છે અને જગત્ એનું વૃક્ષરૂપ છે.

તો જ્યારે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણનું એ રીતે વર્ણન કરવામાં આવ્યું છે તેના માટે ઉત્તમોત્તમ કોઈ ઉપમા હોય તો તે વડની હોઈ શકે છે. કેમકે બીજા વૃક્ષો પોતાના બીજના માધ્યમથી એકથી અનેક થઈ શકે પણ પોતે એકથી અનેક ન થઈ શકે. એમ તો એકથી અનેક થવાનું સામર્થ્ય આપણી ભીતર પણ છે; જેમ, માબાપ બે હોય છે; અને સરકાર ભલેને રડતી રહે પણ ઓછા બાળ જયગોપાળ આપણે કરતા જ નથી. મા-બાપો બાળક ઉત્પન્ન કરતાજ રહે છે. તો એ સામર્થ્ય તો આપણામાં પણ છે. પણ પોતે એકથી અનેક થવાનું સામર્થ્ય નથી હોતું. અમારામાંના



કેટલા બાળકો એવી ભ્રમણા સેવતા હોય છે કે અમે પુરુષોત્તમ છીએ. પણ એક બાળકને જઈને વીનવો કે જો આપ પુરુષોત્તમ હોવ તો એકથી અનેક થઈ દેખાડો ને!

જ્યારે પ્રભુ અયોધ્યા પધાર્યા ત્યારે રાજાને ત્યાં અને બ્રાહ્મણને ત્યાં બન્ને જગ્યાએ એકી સાથે પધાર્યા. એમ ન કહ્યું કે "આજે તારે ત્યાં પધારું કાલે એને ત્યાં જઈશ". પ્રભુ એકસાથે બે રૂપો ધારણ કરીને પધાર્યા તેનું નામ પુરુષોત્તમ. પુરુષોત્તમત્વની પરિભાષા એ જ જે એક હોવા છતાં અનેક થઈ જાય અને અનેક થઈ જાય તો એનુ એકત્વ ખંડિત ન થઈ જાય. તેથી પુરુષોત્તમ હોવાની આત્મભ્રમણા ફક્ત રાખવાથી અમે પુરુષોત્તમ નથી બની જતા. સાચા પુરુષોત્તમ હો તો આવું સામર્થ્ય પ્રકટ દેખાડો. ભગવાને એક પ્રસંગમાં નહિ, ભાગવતમાં અનેક પ્રસંગોમાં પોતાનું આવું સામર્થ્ય કે પુરુષોત્તમત્વ દેખાડ્યું જ છે. વ્રજલીલામાં, મથુરાલીલામાં અને દ્વારકાલીલામાં પણ. બાકી ખરેખર તો ભાગવતના વર્ણનનો કોઈ મૂળભૂત સાર હોય ને તો એ જ કે એક પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ અનેક કેવી રીતે થાય છે. એ વાત ઉપર ધ્યાન આપશો તો સમજમાં આવશે કે આખા ભાગવતનો સંદેશ એ છે કે એ એક હોવા છતાંય અનેક હોઈ શકે છે. અને તે જ તેનું પુરુષોત્તમત્વ છે. આપણું પુરુષોત્તમત્વ નથી તેનું કારણ એ જ કે આપણે એક છીએ પણ જો અનેક થવા જઈએ તો એમાં એકત્વ જાળવી શકતા નથી. એટલે પિતા પોતે એકથી અનેક સંતતિરૂપે, પુત્રરૂપે થઈ જાય; પણ તે અનેક પુત્રોમાં પિતા પોતાનું એકત્વ જાળવી નથી શકતો. તેનું એકત્વ એનામાં જ સીમિત રહી જાય છે. પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણમાં એવું નથી. પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણ પોતામાંથી જે અનેકત્વ ઉત્પન્ન કરે તેમાં પોતે એકત્વ જાળવી શકે છે. તેથી જ ભગવાને ત્યાં કહ્યું **"ઈહૈકસ્થં જગત્ કૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરમ્"** ત્યારે અર્જુનને પણ **"તત્રૈકસ્થં જગત્ કૃત્સ્નં**

**પ્રવિભક્તમ્ અનેકધા''** દેખાયું. આ વિરાટતા એટલે કે જોકે તે એક છે છતાંય અનેક છે અને અનેક હોવા છતાંય પાછા એક પણ છે જ. એનું નામ પુરુષોત્તમત્વ. બાકી શ્રધ્ધાથી કોઈ પુરુષને આપણે 'પુરુષોત્તમ' કહીએ કે 'પુરુષોત્તમોત્તમ' કહીએ એ બધા પ્રશંસાતિરેકના વિશેષણો લગાડો એ વાતમાં કાંઈ દમ નહિ. જેનું એકત્વ એને બંધનકારી ન રહે. તેનું નામ પુરુષોત્તમત્વ. આવું કરીને કોઈ દેખાડે તો તેને પુરુષોત્તમ માનવો.

આપણે સોનું ખરીદવા જઈએ તો એને કસોટીપર જાંચ્યા વિના ન ખરીદીએ. અત્તર પણ ખરીદીએ તો સુંઘીને જ ખરીદીએ છીએ. પણ પુરુષોત્તમત્વ આપણે સ્વીકારવું હોય તો એની કસોટી આ રાખો. કોઈ આવીને કહે કે "હું પુરુષોત્તમ છું!" તો આપણે અર્જુનની માફક સાષ્ટાંગ દંડવત્ કરીને કહેવું કે **"દ્રષ્ટુમિચ્છામિ તે રૂપમૈશ્વરં પુરુષોત્તમ! મન્યસે યદિ તચ્છક્યં મયા દ્રષ્ટુમિતિ પ્રભો! યોગેશ્વર! તતો મે ત્વં દર્શયાત્માનમવ્યમ''** આપની વાત સો ટકા સાચી, પણ પ્રભુ આપ અમને એવા દર્શન પણ આપો કે એકથી અનેક થઈને અનેકતામાં એકત્વનો નિર્વાહ કરીને દેખાડો. દર્શન આપે તો પછી સંદેહ નહી કરવાનો પણ જ્યાં સુધી એવા દર્શન ન આપી શકે ત્યાં સુધી એ પુરુષોત્તમ નથી પણ *પૂરુંસોતમ* (પૂરો સુતેલો) છે. એ સમજી જવાનું કે પુરુષોત્તમ અને *પૂરુંસોતમ* માં એ મૌલિક અંતર રહેલું છે.

એટલે આ જ કસોટી છે પુરુષોત્તમની કે એક હોવા છતાં અનેક થઈને એ અનેકતામાં એકત્વનો નિર્વાહ કરી શકે છે. જો એ ન હોય તો પુરુષોત્તમ નથી પુરુષ છે. પુરુષમાં કોઈ પિતા હોય, ગુરુ હોય, શિષ્ય હોય એ વિભાગ તો પ્રકટ થયેલો જ છે. એમાં એ વિભાગોને રોકવાની જરૂર નથી. એ વિભાગોમાં પુરુષોત્તમનો દાવો કરનાર કસોટીમાં ખરો ઉતરવો જોઈએ તો એ



પુરુષોત્તમ, નહિ તો એ પુરુષોત્તમ નથી. એટલે આ પ્રથમ શ્લોકમાં પ્રભુ પોતાનું પુરુષોત્તમત્વ વર્ણવે છે કે હું પરિવર્તનશીલ હોવા છતાંય નિત્ય અપરિવર્તનશીલ છું, અને નિત્ય અપરિવર્તનશીલ હોવા છતાંય નિત્ય પરિવર્તનશીલ છું. એ બન્ને વાતને હું કેવી રીતે નભાવી શકું છું કે અશ્વત્થ હોવા છતાંય અવ્યય છું અને અવ્યય હોવા છતાંય અશ્વત્થ છું. તે પોતાની પુરુષોત્તમતા પ્રભુ દેખાડી રહ્યા છે આ શ્લોકમાં: **"છંદાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્."**

**પુરુષોત્તમ વેદૈકગમ્ય છે:**

તે પુરુષોત્તમને આપણે વૃક્ષ તરીકે સમજવો હોય તો વૃક્ષને એના પાંદડાઓથી આપણે ઓળખતા હોઈએ છીએ. તો એ રીતે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણરૂપી વૃક્ષને પણ પિછાણવાનું સાધન વેદવચનોના પાંદડાઓ છે. જેમ વૃક્ષ આંબાનું છે કે કેળાનું છે, પીપળાનું છે કે વડનું છે તે આપણે એના પાંદડા જોઈને ઓળખીએ છીએ. તો આ પુરુષોત્તમરૂપી વૃક્ષને પિછાણવાના પાંદડા એ છંદોનું, વેદોનું અવગાહન છે.

તેથી જ ભગવાન્ કહે છે:—

**વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો વેદાન્તકૃદ્ વેદવિદેવ ચાહમ્**

**માં વિધત્તેઽભિધત્તે માં વિકલ્પ્યાપોહ્યતે હ્યહમ્।**
**એતાવાન્ સર્વવેદાર્થો શબ્દ આસ્થાય માં ભિદામ્॥**

વેદોમાં ક્યાંક સાધ્ય કર્તવ્યોનું વિધાન કરવામાં આવે છે તે કોનું વિધાન છે? તો ભગવાન્ કહે છે તે સાધ્યરૂપ કર્મો હું જ છું. તેથી મારું જ તે વિધાન છે. વેદોમાં તે-તે સિદ્ધ વસ્તુઓનું જે નિરૂપણ કરવામાં આવ્યું છે તે સિદ્ધરૂપે મારું જ નિરૂપણ

છે. વેદોમાં ક્યાંક વિકલ્પ કરીને આમ સંભવે કે આમ ન સંભવે તે સંભવ કે અસંભવ રૂપે નિરૂપણ પણ મારું જ કરવામાં આવી રહ્યું છે. જે કોઈ નામથી જેનું નિરૂપણ કરવામાં આવ્યું હોય, તે બધા જ નામોદ્વારા પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણનું જ નિરૂપણ થઈ રહ્યું છે. 'છંદ' એટલે વેદ, એના 'પર્ણો' એટલે કે જેનાથી આપણે એ વૃક્ષને પિછાણી શકીએ કે આ ક્યો વૃક્ષ છે. આ પુરુષોત્તમ રૂપી વૃક્ષને પિછાણવામાટે વેદવચનો પાંદડાઓનો ભાગ ભજવે છે. આવી જેને સમજ છે તે વેદને સરીખે રીતે જાણે છે. જે આ સૃષ્ટિમાં પુરુષોત્તમને નથી જાણતો તે વેદના સાચા અભિપ્રાયને જાણી શક્યો નથી.

ખરેખર, વેદને સમજવામાં મોટી કનડગત ઊભી થાય છે. કેમકે તત્ત્વ એક છે પણ તેનું અનેક રીતે વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે એક તત્ત્વનું અનેક રીતે વર્ણન કરવામાં આવ્યું હોય અને આપણને એ એક તત્ત્વની સમજ ન હોય ત્યારે પછી આપણને ગડમથલ થઈ જતી હોય છે. આપણે વેદનો સાચો અભિપ્રાય સમજી શકતા નથી કે વેદ શું કહેવા માગે છે. એટલે જ શરૂઆતમાં જ્યારે અંગ્રેજો અહીંયાં આવ્યા ત્યારે આપણને ગાળો ભાંડતા હતા કે આ હિન્દુસ્તાનીઓ બધા જંગલી લોકો છે કેમકે પત્થરને, પહાડને, સૂર્ય, ચંદ્ર, નદીને, એવી બધી જડ વસ્તુઓને પૂજે છે. એ લોકોને સમજ જ ન્હોતી કે આપણે શું કહેવા માંગીએ છીએ. કોઈક લોકો ડરી ગયા કે હવે અંગ્રેજ લોકો આપણને જંગલી કહે છે તો આ બધી જડ વસ્તુઓમાં આપણે પૂજ્યભાવ ન રાખવો જોઈએ.

માણસ જેટલો શેતાન છે તેટલા શેતાન પત્થર, પહાડ કે નદી નથી. માણસો રોજ ને રોજ કાંઈક કૌભાંડ કરતા જ હોય છે. નદી વગેરે આવા કૌભાંડો નથી કરતાં; તે ઘણા સીધા સરળ છે. આ જેટલું પોલ્યુશન (પ્રદૂષણ) માણસે કર્યું છે તેટલું નદી



વગેરેએ નથી કર્યું. માણસને મહાન્ કહી દીધો અને આમની મહાનતાનો લોપ કર્યો! માણસ જેટલું ખતરનાક પ્રાણી વીંછી, સર્પ એ બધા મોટા-મોટા પ્રાણીઓ પણ નથી. એ જંગલી જાનવરોને પણ માણસ એક બાજુ મુકી દે! એક વાત સમજો કે વીંછી તમને કરડે પણ વીંછી વીંછીને ન કરડે. માણસ, પરન્તુ, માણસને ખાઈ જાય, ભાઈ ભાઈને મારી નાખે! માણસ કેટલો શેતાન છે એની કલ્પના કરો. જેમ ભાગવતપુરાણ છે તેમ આપણે જો માનવપુરાણ લખીએ ને તો રૂંવાડા ઊભાં થઈ જાય. અને એ માનવપુરાણ લખવાની જરૂર નથી કેમકે રોજેરોજ સવારે વહેલા ઊઠીને છાપું વાંચી લેવું. એમાં માનવપુરાણ જ હોય છે મોટે ભાગે એક જ કથા હોય છે કે પેલાએ પેલાને મારી નાખ્યો, કોણે કોના પૈસા લૂંટી લીધા વગેરે. નિરન્તર સવારે ઊઠીને માનવપુરાણના કોઈને કોઈ સ્કંધનું પારાયણ કરો તો આખો દિવસ આપણો માનવતાની મહત્તાના નશામાં જ વીતે, નશો ઉતરે જ નહિ. માનવ-પુરાણમાં એવો નશો છે. એની સરખામણીમાં ભાગવત-પુરાણ તો સમજ્યા. આ બધા પૌરાણિક વ્યાસજીએ કર્યાં તે તો કાંઈ નહિ અને આ માનવપુરાણનો તો અંત પણ ન આવે. મહાભારતનો તો અંત આવી ગયો. અને જો માનવપુરાણના શ્લોકોની ગણના કરીએ તો વ્યાસજીનો ગર્વ પણ ઊતરી જાય. કારણકે રોજ-રોજ નવી-નવી માનવની લીલાઓ પ્રકટ થતી જ રહે છે. અને આવા માનવને અંગ્રેજોએ 'મહાન્' કહી દીધો આપણી પૂજ્ય મૂર્તિઓની ઠેકડી ઉડાવામાટે!

આપણા શાસ્ત્રની બહુ સુવિચારિત દૃષ્ટિ હતી કે માનવ પણ મોટો છે. માનવ મોટો આ અર્થમાં નથી પણ માનવ એ અર્થમાં મોટો છે કે—

**આહાર-નિદ્રા-ભય-મૈથુનં ચ**
**સામાન્યમેતદ્ પશુભિઃ નરાણામ્।**

**ધર્મો હિ તેષામધિકો વિશેષો**
**ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ ॥**

ધર્મ કરવાનું જેવું સામર્થ્ય આ યોનિમાં છે તેવું બીજી યોનિમાં નથી. એટલે આ યોનિનો કાંઈક અનેરો ઉત્કર્ષ છે. અને એ ઉત્કર્ષને ટકાવી રાખવા તેને ધર્મ અનુસરવાનો છે. અને સૌથી મોટો ધર્મ ભગવાન્ અહીંયાં ગીતામાં આ જ અધ્યાયના અંતમાં જઈને કહેશે :—

**યો મામેવમસંમૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।**
**સ સર્વવિદ્ ભજતિ માં સર્વભાવેન ભારત ॥**

જે મને આવી રીતે પુરુષોત્તમ સમજે છે તે બધા ધર્મોના મૂળમાં હું છું તે વાત સમજી શકશે. જે મને આવી રીતે પુરુષોત્તમ નથી સમજી શકતો તે કોઈક ક્ષુદ્ર વિભાગોને ભજતો થઈ જશે. એટલે આ આજના જેટલા ઝઘડા છે; ધર્મના, રાજનીતિના, પરિવારના, તે પુરુષોત્તમનું આપણને સરખી રીતનું જ્ઞાન નથી એટલે છે. એક વખત પુરુષોત્તમનું જ્ઞાન હૃદયમાં બુધ્ધિમાં અને કૃતિમાં સરખી રીતે અવતીર્ણ થાય પછી ઝઘડાની કોઈ વસ્તુ જ નથી રહી જતી. બધી લીલા જ પ્રકટ થઈ જતી હોય છે; કેમકે જેટલા વિભાગો છે એમનો એક આધાર આપણને મળી રહે છે.

તેથી કોઇ એક શાયર એમ કહે છે કે —

**યે હકીકત હૈ કિ હર જલવેમેં તૂ હી તૂ હૈ ।**
**ફિર યે કલીસા, યે મસ્જિદ, યે મંદિર ક્યૂં હૈં ?॥**

આ વાત વિચારવા જેવી છે કે પ્રત્યેક કણકણમાં જ્યારે ભગવાન્ છે, પછી કોઈક મંદિરના નામે મસ્જિદને અને કોઇ મસ્જિદના



નામે મંદિરને તોડવાનો ઝઘડો કેમ કરતા હશે ? હિંદુના નામે મુસલમાનને મારો, મુસલમાનના નામે હિંદુને મારો એવી છીના-ઝપટી; પેલી ચૂંટણીમાં જેવી રીતે વોટર્સ ઊભા કરવાની બધી કેનવાસિંગ થાય તેવા ઝઘડા ધર્મમાં પણ ચાલે છે. તેનું મૂળ કારણ એ કે એકના ચેલાને બીજો ફોડી જાય અને બીજાના ચેલાને ત્રીજો ફોડી જાય. એટલે પછી ઝઘડાનો અંત જ ન આવે. કેમકે આપણે પુરુષોત્તમને ભજવા નથી માંગતા. એટલે મેં દુહો લખ્યો કે

**લપ્પુપંડાકી લગન જ્યોં નદી તરનકોં સેતુ ।**
**રહત ન થિત ઈત ઉત ફિરત પરિચયસંચયહેતુ ॥**

જે મળે તેને કહેવાનું "ભાઈ આવજો, અમારે ત્યાં પણ મંદિર ખોલાયું છે!" પેલો કહે "અમારે મસ્જિદ પણ ખોલાઈ છે, આવજો". પુરુષોત્તમભજનમાં કોઈને રુચિ નથી, આવા ઝઘડાઓમાં બધાને રુચિ છે. એનું કારણ એક જ કે જે અનેકત્વમૂલક વિભાગો છે તે આપણને અનુભવાય છે પરન્તુ સર્વત્ર તે અનેકત્વમાં જે એકત્વ વિદ્યમાન છે તેને આપણે અનુભવી શકતા નથી કે —

**યં શૈવા સમુપાસતે શિવ ઈતિ બ્રહ્મેતિ વેદાન્તિનો**
**બૌધ્ધા બુધ્ધ ઈતિ પ્રમાણપટવઃ કર્તેતિ નૈયાયિકાઃ ।**
**અર્હન્નિત્યથ જૈનશાસનરતાઃ કર્મેતિ મીમાંસકાઃ ॥**

એમ જે અનેકત્વમાં રહેલું એકત્વ તેને આપણે અનુભવી શકતા નથી, એટલે જ ઝઘડા થાય છે. નહિ તો તમારે પોતપોતાના ઈષ્ટદેવની મસ્તીમાં મસ્ત રહેવાનું છે. જે રૂપ તમને ગમી ગયું તેમાં તમે મસ્ત રહો; એમાં લડવા-ઝઘડવાની મૂળ વાત હોવી જ ન જોઈએ. પણ ચાલે જ નહિ, કારણકે પુરુષોત્તમને આપણે અનુભવ્યો નથી એટલે એના અનુભવના અભાવે બધા ઝઘડા થતાજ રહે

છે.

એટલે આ વેદને તમે જાણશો તો તમને ખબર પડશે કે 'અગ્નિ' કહો, 'વાયુ' કહો કે 'વરુણ' કહો કે 'ગણપતિ' કહો 'શિવ' કહો 'દુર્ગા' કહો 'ગાયત્રી' કહો જે-જે નામો વેદમાં આવ્યા છે તે બધા નામોથી મૂળમાં એક પુરુષોત્તમનું જ વર્ણન કરવામાં આવ્યું છે: **"સર્વાણિ રૂપાણિ વિચિત્ય ધીરઃ નામાનિ કૃત્વાભિવદન્ યદાસ્તે"** બધા નામ, બધા રૂપો ધારણ કરીને લીલા કરનાર, વૃક્ષની માફક ખીલનાર વૃક્ષ તો એક જ છે. એ એક-એક નામ-રૂપ અને એક-એક નામ-રૂપમાં એક-એક કર્મ પ્રકટ થાય છે તેથી આ વિભાગો આપણને દેખાઈ રહ્યા છે. બધા નામ અને રૂપો એણે પોતે ધારણ કર્યા અને એ રીતે પોતે જ નામોથી વાચ્ય બન્યો છે, તે દેખાતું નથી.

જે બ્રહ્મ છે તેની પુરુષોત્તમતાનું જો આપણને ભાન થાય તો આપણને ભક્તિ કેળવાય; અને નહિ તો, આપણને ભક્તિ ન કેળવાય. અને ભક્તિ કેળવાય તેનામાટે લીલાનું સ્વરૂપ સમજવું આવશ્યક છે.

**૧.લીલા ૨.નાટક અને ૩.ફિલ્મ એ ત્રણેયનું તાતરતમ્ય :**

૧.જેમ એક લીલા હોય છે, ૨.એક નાટક હોય છે; અને, ૩.એક સિનેમા હોય છે. તો લીલા, નાટક અને સિનેમાનો મૂળ તફાવત એ જ કે સિનેમામાં માણસ હાલતો-ચાલતો દેખાય, રંગબેરંગી દુનિયા દેખાય એમ બધું જ દેખાય પણ હોય કાંઈ નહિ એનું નામ સિનેમા. નાટક એવું નથી હોતું. સિનેમામાં અભિનય પૂરો હોય છે પણ અભિનેતા હાજર નથી હોતો. જ્યારે નાટકમાં એનાથી એક કદમ આગળની કક્ષા છે કે અભિનય ચાલી રહ્યો હોય તે વખતે અભિનેતા પણ ત્યાં જ મંચઉપર હાજર હોય છે. મંચઉપર



ઉપસ્થિત અભિનેતા પોતાના મેક-અપ, વેશ, વચનો, ચાલવાની ઢબ - એ બધાને એવી રીતે સ્વીકારે છે કે અભિનેતા આપણને અભિનેતા ન જણાઈને કોઈક પાત્રરૂપે જણાય છે. જેનો એ અભિનય કરતો હોય. રાજા બન્યો હોય તો રાજા જેવો લાગે અને ભિખારી બન્યો હોય તો ભિખારી જેવો લાગે. હવે એ જરૂરી નથી કે તે પોતે એ વખતે સાચે જ ભિખારી હોય. ભિખારીનો, પરન્તુ, અભિનય કરતો હોય ત્યારે આપણને એ કેટલો ગરીબ છે એમ લાગે. એ અભિનેતા ભિખારી નથી, પાત્ર ભિખારી છે. છાપામાં તમે વાંચ્યું હશે કે ટી.વી.માં જે રામાયણ સીરિયલ આવી તેમાં જે અભિનેત્રી સીતાજી બની હતી તે એક વખત સિગારેટ પીતી હતી તો બધા લોકો એની પાછળ પડી ગયા કે સીતાજી થઈને સિગારેટ કેમ ફૂંકો છો! અરે ભાઈ સીતાજી સિગારેટ ન્હોતા ફૂંકતા, એ અભિનેત્રી સિગારેટ ફૂંકતી હતી. પણ લોકો ન માને એટલે મોકાણ થઈ જાય. માટે આપણે અભિનયનો અને વાસ્તવિકતાનો વિવેક ન સમજી શક્યા. હવે નાટકમાં કોઈ વિલનનો અભિનય કરતો હોય ને આપણને ગુસ્સો આવી જાય અને ઓચિંતા આપણે સ્ટેજ પર જઈને પેલા અભિનેતાને બે-ચાર લાફા મારી દઈએ કે કેમ આટલું બધું સતાવે છે તો નાટક ઠપ થઈ જાય. એ ડાયરેક્ટર તમને પૂછે કે તમારું પાત્ર અહીંયાં ક્યાંથી આવી ગયું? તમે કેમ સ્ટેજ પર આવ્યા, તમારે દર્શકમાં બેસવાનું હતું.

અમારા કિશનગઢમાં એક સાધુ હતા. એમની સાથે મુંબઈમાં એક એવી ઘટના થઈ ગઈ. એ મુંબઈ આવીને રહ્યા. મોટી જટા, મોટા વાળ એમને હતા. ત્યાં કોઈ પૌરાણિક ફિલ્મના લગ્નનો સીન હતો તે બધાએ કહ્યું કે મંદિરોમાં શોધીને કોઈ મહારાજને લઈ આવો. તે એ સાધુ અમારા મંદિરના બગીચામાં બેઠા હતા. તે એમની લાંબી જટા, વાળ જોઈને પેલા ભાઈએ પૂછ્યું કે મહારાજ ફિલ્મમાં શાદી કરાવવી છે, ચાલશો? તો એમણે કહ્યું ચાલીશ.

ત્યાં સ્ટેજ પર વર-વધૂ બધું તૈયાર હતું, તે એમને કહ્યું કે બેસી જાવ. શુટીંગ શરૂ થયું. પછી અગ્નિકુંડમાં જે આહુતિ આપવાની તે ઘાસલેટની આપતા હતા. તે મહારાજને થયું કે આ લગ્ન તો સફળ નહીં થાય. તો એમણે ચાલુ શુટીંગમાં ઘોંઘાટ કર્યો "અનર્થ, અનર્થ, અનર્થ!" તો પેલા ડાયરેક્ટરે કહ્યું આ ડાયલૉગ કોણ બોલ્યું? કેમકે સ્ક્રીપ્ટમાં તો આવો ડાયલૉગ હતો જ નહિ. તમે કેમ આમ કરો છો? તો સાધુએ કહ્યું કે "ઘાસલેટની આહુતિ આપીએ તો વિવાહ સફળ જ નહિ થાય". તો ફિલ્મના ડાયરેકટરને વિવાહના સફલતાની નહિ બલ્કે દૃશ્યના સફલ અંકનની પડી હોવાથી કહ્યું "ગેટ આઉટ. તમે એકટીંગ બરાબર નથી કરી રહ્યા" પછી એ તો ગુસ્સે થઈને આવ્યા કે આ તો ઘાસલેટની આહુતિ આપે છે. પછી મેં એમને બધું સમજાવ્યું કે એ તો નાટક છે. એમાં કશું બોલવાનું જ નહિ. નાટકની હકીકત જુદી હોય છે, સિનેમાની હકીકત પણ જુદી હોય છે અને લીલાની હકીકત પાછી એના કરતાંય ત્રીજી છે.

લીલા માટે એક ઉદાહરણ કહ્યું કે એક બાળક હતો એની સાથે રમનાર બીજું કોઈ ન્હોતું એટલે તે એકલો આખી રમત રમતો. બોલને બારણા તરફ ફેંકે, થૂંક લગાડે, આમતેમ જોવે. એ લીલા છે. એને કોઈ બેટ્સમેન નથી તો પણ કોઈ વખત "આઉટ" એમ બૂમો પણ પાડે. એક જ પોતે રમનાર, કોઈ આઉટ થનાર જ નથી. તો પણ પૂરી રમત રમે છે. જેમ "બ્રહ્મ લટકા કરે બ્રહ્મ સામે!" એકજ હોવા છતાંય એ આઉટ પણ થાય અને દડાને પણ ફેંકે જ રાખે. બધી જ ક્રિયાઓ કરે છે "ક્રિયા સર્વાપિ સૈવાત્ર ક્રિકેટ એવ ન વિદ્યતે" એટલે ક્રિકેટની બધી જ ક્રિયાઓ હોય પણ ત્યાં ક્રિકેટ ન હોય. એનું નામ લીલા.

આ જે તેના ત્રણ પ્રભેદ છે તેને સમજો. લીલામાં લીલાકર્તા ગાયબ નથી થઈ જતો, છુપાઈ નથી જતો અને એ જે ક્રિકેટ



રમનાર છોકરો છે એને વેશપલટો પણ નથી કરવો પડતો; એને કોઈની ગરજ નથી પડતી. જેવો છે બસ તેવો જ મસ્તીમાં રમત શરૂ કરી દે છે, ક્રિકેટની અને ફટાફટ બોલિંગ શરૂ થઈ જાય. રૂપ બદલવાની કે મેકઅપ કરવાની એને જરૂર નહિ. એનું નામ લીલા. હૃદયમાં રહેલા આનંદને ઉત્સ્ફૂર્ત પ્રકટ કરવાની ક્રિયા. એમાં કોઈની દરકાર નહિ કે કોઈ જુવે છે કે નથી જોતો. તેનું નામ લીલા. જ્યારે કે નાટક કોઈક દર્શકની સામે ભજવવામાં આવતું હોય. એ દર્શકની સામે અભિનેતા જો પોતાના રૂપમાં આવે તો, જે પાત્રનો અભિનય કરવો છે તે પાત્રનો ભાવ દર્શકમાં જાગે જ નહિ, તેથી તે પાત્રના વેશ, વાણી, વ્યવહાર એ બધા સ્વીકારવા પડે. એ સ્વીકારીએ તો નાટક સરખી રીતે થાય. ધારો કે કોઈ શિવાજી બનીને આવ્યો હોય અને પછી શિવાજીની પાઘડીમાં કોઈ ખટમલ ઘુસી ગયો હોય અને એ માથું ખંજવાળે તો લાગે જ નહિ કે આ શિવાજી હશે। કેમ કે શિવાજી કે મહારાણા પ્રતાપ બાણ લઈને આવી રહ્યા હોય અને પોતાનું માથું ખંજવાળતા હોય તો એ સારૂં ન લાગે. ભલે ખંજવાળ આવતી હોય પણ જ્યારે અભિનેતા મહારાણા પ્રતાપ થઈને આવતો હોય ત્યારે એને શાંત થઈને ચાલવાનું હોય. એમાં ખંજવાળ આવતી હોય તો પણ કાબૂ મેળવવો પડે. નહિ તો દર્શકને એમ લાગશે નહિ કે આ મહારાણા પ્રતાપ છે. તો એમાં જુવો કે પાત્ર પ્રકટ થાય છે ને અભિનેતા પાત્રના પડદામાં સંતાઈ જતો હોય છે, જ્યારે લીલામાં અભિનેતા અને પાત્રનું શુધ્ધ-અદ્વૈત હોય છે. નાટકમાં અભિનેતા અને પાત્રનું દ્વૈત અને અદ્વૈત બન્ને હોય છે. ધારો કે એક કુશળ અભિનેતા બ્રહ્મચારીનો અભિનય કરી રહ્યો હોય અને એ હૉલમાં, દર્શકોમાંથી એનો પુત્ર "પપ્પા પપ્પા" એમ બૂમો પાડે અને કહે કે મને ગોદમાં તેડો તો એ બ્રહ્મચારી-અભિનેતા એને કેવી રીતે તેડે? એટલે પછી રસાભાસ થઈ જાય. નાટકમાં આવી કફોડી સ્થિતિ ક્યારેક આવી જતી હોય છે ત્યાં રસાભાસ થયા વિના રહે જ નહિ. એટલે લોકો નાટકને બદલે સિનેમા બનાવે કે જે થવું હોય

તે પડદા સાથે થાય, અભિનેતા સાથે ન થાય!

**"યો જગદ્ ભૂત્વા ક્રીડતિ" અને "યતો જગત્ ક્રીડતિ" સૃષ્ટિપ્રકારો :**

ભગવાન્‌ની સૃષ્ટિક્રીડામાં આ ત્રણેય ત્રણ પ્રકાર શ્રીમહાપ્રભુજીએ વર્ણવ્યા છે, નિબન્ધના મંગલાચરણમાં—

**નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્‌ભુતકર્મણે।**
**રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ॥**

અર્થાત્ એ ભગવાન્ પોતે પોતાના રૂપે કોઈક ક્રીડા કરે છે. એટલે જેમાં પાત્ર અને અભિનેતા ની વચ્ચે ભેદ નથી હોતો. બીજી એક એવી ક્રીડા જેમાં પાત્ર અને અભિનેતાનો કોઈક જાતનો ભેદ અને અભેદ બન્ને હોય તેવી પણ ક્રીડા કરે છે. એક વાત સમજો કે આ નિરૂપણના સંદર્ભમાં જે પાત્રનો અભિનય અભિનેતા રૂપી ભગવાન્ કરી રહ્યા છે એ તો અશ્વત્થ છે. અભિનયમાં ક્યારેક એવું પણ સંભવે કે હમણાં એક જ અભિનેતા સ્ટેજ ઉપર રામનો અભિનય કરતો હોય અને બીજા સીન (દૃશ્ય) માં એ રામના ઠેકાણે કુંભકર્ણનો પણ અભિનય કરતો થઈ જાય. એ તો મેકઅપમેનને અવનવા મેકઅપદ્વારા એક્ટરને સંતાડતા આવડવું જોઈએ. જે કંપનીઓમાં કામ કરનાર કલાકારો ઓછા હોય ત્યાં એવું જ થાય કે એક પાત્રનું અભિનય પુરું થતાં જ વેશ બદલીને અભિનેતા બીજા પાત્રનાં રૂપે આવી જાય!

જે અભિનેતા છે એ તો અવ્યય છે અને નાટકના જે પાત્રો છે તે બધા અશ્વત્થની ડાળીઓ કે પાંદડાઓ વગેરે જેવા છે. જે અભિનય કરી રહ્યો છે તે કલાકાર અવ્યય અપરિવર્તનશીલ અવિનાશી છે અને એ જે પાત્રોના ચરિત્ર ભજવી રહ્યો છે તે બધા અશ્વત્થ છે, પરિવર્તનશીલ વિનાશી વસ્તુઓ છે. એક નાટકમાં એ જ અભિનેતા



વિલનનું કામ કરતો હોય, બીજા નાટકમાં એ સંતનું કામ કરતો હોય, ત્રીજામાં રાજાનો, ચોથામાં ભિખારીનો એમ અલગ-અલગ અભિનય કરે. હવે તો સુવિધા થઈ ગઈ પણ આજથી ૬૦-૮૦ વર્ષ પહેલા સ્ત્રીઓ નાટક વગેરેમાં કામ ન્હોતી કરતી તો પુરુષો જ સ્ત્રીઓનું પાત્ર કરતા. અને તે એવું સુંદર કરતા કે કોઈક વખત નાટક પુરું થાય તો એ પુરુષને સ્ત્રી સમજીને ગુંડાઓ ઉપાડી જતા! એવાં-એવાં નાટક પણ થયાં છે. પછી પેલો કહે કે હું સ્ત્રી નથી પણ એ સાંભળે જ નહિ. એને તો નાટકમાં જ મઝા આવી ગઈ હોય ને! તો સમજવાની વાત એ છે કે એ નાટકમાં જે અભિનેતા છે તે અવ્યય છે પણ જે પાત્રોનો એ અભિનય કરી રહ્યો છે તે પાત્રો અશ્વત્થ છે; જે અભિનય આજે છે તે કાલે નથી હોતો. અમિતાભ બચ્ચનની દસ ફિલ્મો જુવો તો એકમાં એક પ્રકારનું કામ હશે, બીજી ફિલ્મમાં બીજા પ્રકારનું કામ હશે, ત્રીજામાં ત્રીજા પ્રકારનું કામ હશે, એ બધું અશ્વત્થ છે. અમિતાભ બચ્ચન એ અવ્યય છે. તો અવ્યય અને અશ્વત્થનો ભેદ આપણે સમજી લેવો જોઈએ. આ જ રીતે જગત્‌માં જે-જે લીલાઓ ચાલી રહી છે તે લીલાઓમાં કોઈક રીતે એ અવ્યય પરમાત્મા પણ બિરાજમાન છે, અને કોઈક-કોઈક નામ-રૂપ-કર્મોનાં અશ્વત્થો પણ છે. એ રીતે જો આપણે આ આખા બ્રહ્મવૃક્ષને સમજીશું તો આપણને ખબર પડશે કે એ એકથી અનેક વૃક્ષ થઈ શકે છે, બીજા વૃક્ષોમાં એ સામર્થ્ય નથી. નાળિયેર કે પીપળો એકમાંથી અનેક થાય; પણ જેમ, માતા-પિતામાંથી સંતતિ થાય તે રીતે એકમાંથી અનેક થાય છે. જેને બીજની જરૂર પડે છે. વડ એ એક જ એવું વૃક્ષ છે જે એક હોવા છતાં અનેકતાને પ્રકટ કરી શકે છે અને એ અનેકતામાં એની એકતા જળવાઈ રહેલી છે. વડનું જે ઉદાહરણ છે એ બ્રહ્મ કેવી રીતે આ જગદ્રૂપે લીલા કરી રહ્યો છે એ સમજવા માટે સર્વથી ઉચિત ઉદાહરણ છે. તેથી અહીંયાં વડને લેવું તાત્પર્યવિષયથી અભિપ્રેત અર્થ છે.

બ્રહ્મ જગદ્રૂપે જે લીલા કરે છે તેને શ્રીમહાપ્રભુજી કહે છે :—

(૧)યઃ ક્રીડતિ
(૨)યો જગદ્ ભૂત્વા ક્રીડતિ
(૩)યતો જગત્ ક્રીડતિ

અર્થાત્ (૧)જે પોતે પોતાના રૂપમાં ક્રીડા કરે છે, (૨)જે જગત્‌ના નામ-રૂપ કર્મ ધારણ કરીને ક્રીડા કરે છે; અને, (૩)જેને કારણે જગત્‌માં નામ-રૂપ-કર્મવાળી વસ્તુઓ ક્રીડા કરતી અનુભવાય છે.

આ ત્રીજો પ્રકાર એ સિનેમા જેવો છે "યતો જગત્ ક્રીડતિ" નો. સ્ક્રીન(પડદા) ઉપર જે કાંઈ બે ત્રણ મિનિટના ગીતમાં હીરો-હીરોઈનની કાશ્મીરથી કન્યાકુમારી સુધીની દોડાદોડ દેખાય, ખરેખર કોઈ વ્યક્તિની એવી તાકાત હોતી નથી. એ તો ઘણા બધા દિવસનું શૂટિંગ કર્યું હશે કાશ્મીર જઈને, કન્યાકુમારી જઈને; ત્યારે આપણને બે-ત્રણ મિનિટમાં એ કાશ્મીરથી કન્યાકુમારી પહોંચેલા દેખાય. તે શિવાય એ હીરો-હીરોઈન જ્યારે આપણને દોડતા દેખાય ત્યારે હકીકતમાં દોડતાય નથી હોતા. કોઈક વખત પહેલાં એ લોકો દોડતા હોય તેવા જુદા-જુદા સીનો કેમેરામાં ઝડપી લીધા હોય, તે જુદા-જુદા સીનો જોડીને આપણને દેખાડે તો કાશ્મીરથી કન્યાકુમારી સુધી દોડવાનું એક સળંગ દૃશ્ય ભાસે. આ પ્રકાર "યતો જગત્ ક્રીડતિ" નો છે. એમણે ત્રણ-ચાર મહિનાના શૂટિંગ દરમ્યાન જે દોડાદોડી કરી હશે તે આપણને બે-ત્રણ મિનિટમાં દેખાઈ જાય છે. મેં એક વખત છાપામાં વાંચ્યું હતું કે એક ફિલ્મમાં મીનાકુમારી પાણીમાં ડૂબી ગઈ ત્યારે જે કપડાં પહેર્યાં હતાં તે જ્યારે એને બહાર કાઢી ત્યારે તે બદલાઈ ગયાં હતાં, બીજાં કપડાં પહેરેલાં હતાં!



હવે પાણીમાં ડૂબી ગઈ એમાં કપડાં કેવી રીતે બદલાઈ જાય? ફિલ્મના બે જુદા-જુદા દૃશ્યોની શૂટિંગ જુદા-જુદા દિવસે થઈ હશે, તેમાં ભૂલાઈ ગયું હશે કે કેવા કપડા પહેરીને ડૂબવાનું દૃશ્ય લેવાયું હશે. એટલે બાહર કાઢતા બદલાયેલા વસ્ત્રોનો ચમત્કાર સર્જાઇ ગયો! આવી અસંગતિ આપણાં સંસારમાં ઘણી જોવાની મળે. આવા મિથ્યા અને અસંગત દૃશ્યોને 'સંસાર' કહેવામાં આવે છે. સંસારનાં દરેક ક્રિયા-કલાપો, નામ-રૂપો પરમાત્માને કારણે ચાલી રહ્યા છે પણ પરમાત્મા પોતે એમાં સંમિલિત થતો નથી. જેમ સ્ક્રીનમાં એક્ટર પોતે સંમિલિત થતો નથી.

નાટક જુદી વસ્તુ છે. નાટકમાં તો અભિનેતા પોતે સ્ટેજ ઉપર મોજુદ હોય છે. તો એ "યો જગદ્ ભૂત્વા ક્રીડતિ" નો પ્રકાર છે. અને "યઃ ક્રીડતિ" એ પેલા ક્રિકેટ રમતા છોકરાને સમજી લો કે એને કોઈ જોનારની પરવા હોતી નથી, કોઈ વેશપલટાની જરૂર નથી. એ પોતાની મસ્તીમાં જે કાંઈ નામ-રૂપે કર્મ પ્રકટ કરવું હોય તે કરતો રહે છે.

એકંદરે જે ક્રીડામાં, લીલામાં લીલાકર્તાને આપણે પિછાણી શકીએ તે લીલાને આપણે મૂલરૂપની લીલા કહીએ છીએ. જેમ રામ, કૃષ્ણ અવતારોમાં પ્રભુએ જે લીલા કરી એમાં પ્રભુએ પોતાના પુરુષોત્તમત્વને તિરોહિત નથી કર્યું. પુરુષોત્તમને અતિરોહિત રાખીને તેમણે લીલાઓ કરી છે. જે લીલામાં પુરુષોત્તમત્વને તિરોહિત નથી કર્યું તે લીલાઓ "યઃ ક્રીડતિ" લીલાઓ છે. જે લીલામાં પરમાત્મા પુરુષોત્તમત્વને તિરોહિત કરે; એટલે પેલો કલાકાર છુપાઈ જાય અને પાત્ર પ્રકટ થાય, તો પુરુષોત્તમત્વ જ્યાં તિરોહિત થઈ ગયું ત્યાં; એક હોવા છતાંય અનેક હોવાનું સામર્થ્ય પણ તિરોહિત થઈ જાય, તેવી બધી જ લીલાઓ પુરુષોત્તમલીલા નથી હોતી. આવી ઘણી બધી જાગતિક લીલાઓની હકીકત સાચી રીતે ઓળખી લેવી જોઈએ.

**"યઃ જગદ્ ભૂત્વા ક્રીડતિ"** કે જ્યાં વિવિધ અને વાસ્તવિક નામ-રૂપ-કર્મો છે ત્યાં કોઈકનું કાંઈક નામ પાડવામાં આવે તો તે એનું ઘણી વખતે સાર્થક નામ પણ હોતું નથી. જેમ મારું નામ 'શ્યામમનોહર' પડ્યું પણ નથી હું શ્યામ કે નથી હું મનોહર. નામ મૂકવા માટે મુકી દીધું. એમ ઘણા બધા નામો પાડવામાં આવે છે. ઘણા બધા કામ પણ આપણે કરી દઈએ પણ એ કામ કરવા જેવાં હોય છે કે નથી હોતાં એની આપણને કાંઈ ગતાગમ નથી પડતી. તો એવી જે લીલાઓ છે તે જાગતિક લીલાઓ છે, પુરુષોત્તમે જગત્નું રૂપ ધારણ કરીને કરેલી લીલાઓ.

**"યો જગદ્ ભૂત્વા ક્રીડતિ"** એટલે ભગવાન્ પોતે પોતાના મૂળ રૂપને છુપાવીને જે લીલાઓ કરતા હોય; અને, **"યઃ ક્રીડતિ"** એટલે ભગવાન્ પોતાના મૂળ રૂપને જ્યારે પ્રકટ કરતા હોય કે પ્રકટ કરવા માગતા હોય તેવી લીલા. એક સૂફી સંતના ચરિત્રમાં બહુ સુંદર પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે કે કોઇ જિજ્ઞાસુ સાધકે સૂફી સંત પાસે જઈને પૂછ્યું **"મારે પરમાત્માના દર્શન કરવા છે, હું કેવી રીતે કરું?"** સૂફી સંતે એને બહુ ગજબનો ઉત્તર આપ્યો કે **"કશું કરવાની જરૂર નથી. માત્ર આંખને ઊઘાડી રાખો."** તો એણે કહ્યું **"આંખ તો મારી ઊઘાડી જ છે અને બધું દેખાઈ પણ રહ્યું છે!"** તો સંતે કહ્યું **"હા, તમારી આંખ તો ઊઘાડી જ છે; પણ તેનાથી તમે જે જોવા માગો છો તે જ જોઈ રહ્યા છો, જે તમારી સામે છે તેને તમે કદાચ નથી જોઈ રહ્યા!"**

દેખાતી વસ્તુમાં એવું ઘણું બધું હોય છે કે જે સામે હોવા છતાંય આપણને દેખાતું નથી. કારણ કે દેખાતી વસ્તુમાં આપણે તે જ જોતા હોઈએ છીએ કે જે આપણે જોવા માગતા હોઈએ છીએ. જે રૂપને, જે પાસાને આપણે જોવું નથી હોતું તે આપણને



દેખાતું ય નથી.

સાંખ્યશાસ્ત્રમાં એનું બહુ સરસ ઉદાહરણ આપવામાં આવ્યું છે કે કોઇ સ્ત્રી કેટલીય સુંદર હોય તો પણ વિરક્ત સંતને એમાં માયા દેખાશે, કામુકને એમાં અપ્સરા દેખાશે અને વાઘ-વરૂને એમાં સ્વાદિષ્ટ ભોજન દેખાશે. એ સ્ત્રી તો એક જ છે પણ જોનારને એમાં જે જોવું છે તે દેખાતું હોય છે.

શરૂઆતમાં પાદરીઓ આફ્રિકામાં પ્રચાર કરવા ગયા હતા તે વખતે સભ્યતાનો ત્યાં બહુ વિકાસ ન્હોતો થયો. એટલે બધા લોકો નરભક્ષી હતા. પાદરીએ જઈને પૂછ્યું કે મારી પહેલાં અહીંયાં જે પાદરી હતા તે કેવા હતા? તો બધા જંગલીઓએ લાળ ટપકાવતાં કહ્યું કે બહુ મીઠા હતા. તે લોકો પાદરીને જ ખાઈ ગયા હતા! તો પાદરી તો પાદરી જ છે, પણ જોનાર એને એ રીતે નથી જોતા કે એ પાદરી છે. તે જે મિઠાઇ જોવા માગે તે જ જુવે છે. એટલે સ્ત્રી એકની એક હોય પણ એ જ સ્ત્રીને આપણે પુત્રી, પત્ની, માતા વગેરે જુદા-જુદા ભાવથી જોઈ શકીએ. એ સ્ત્રી નથી બદલાતી પણ જોનારને તે જ રૂપ એમાં દેખાય છે જે તે જોવા માગે છે. એમાં એ સ્ત્રી છે કે પુરુષ એવો ભાવ નથી હોતો. તેથી જ સૂફી સંતે કહ્યું કે તમારી આંખો ઊઘાડી છે એમાં બેમત નથી પણ તમે તે જ જોઈ રહ્યા છો જે તમે જોવા માગો છો. તમે એક કામ કરો કે પહેલા વસ્તુ જેવી રીતે તમે જોવા માગો છો તેવી રીતે જોવાનું બંધ કરો અને જેવી છે તેવી જોવાનો પ્રયત્ન કરો; તો તમને પરમાત્મા દરેક વસ્તુમાં દેખાશે. બહુ સુંદર વાત એમણે કહી:

**ચશ્મે જુઝ રંગે-ગુલો-લાલાઓ બીનદ્ વર્ના।**
**આં ચે દર પર્દ-એ-રંગસ્ત પદીદારતરસ્ત॥**

આ ફૂલોના જે જુદા-જુદા રંગો છે એ રંગોમાં આપણી આંખો અટવાઈ ગઈ છે જે આપણે જોવા માગીએ છીએ. તેથી રંગોમાં પ્રકટ થતી પરમાત્માની દિવ્યતા આપણને દેખાતી નથી. બાકી તો બહુ દૂર જવાની જરૂર જ નથી. એક ગુલાબનું ફૂલ સામે રાખો, ચંપાનું ફૂલ સામે રાખો, તો પરમાત્મા ત્યાં જ દેખાવા મંડશે.

એ અંગ્રેજો જડ હતા કે એમને પત્થર, પહાડ, નદીમાં જડ જ દેખાતું હતું; પેલા જેમ વરૂને કોઈ સુંદર સ્ત્રીમાં રસગુલ્લાં જ દેખાતાં હોય! કેમકે ખાવાની જ દૃષ્ટિ છે ને જોવાની દૃષ્ટિ નથી. અને જેની જોવાની દૃષ્ટિ છે તેને ખાવાનું નહિ દેખાય. એટલે અંગ્રેજોની જડદૃષ્ટિ હતી એટલે એમને બધું જડ દેખાતું હતું; અને આપણી દૃષ્ટિ એવી ન હતી. નદીમાં, પત્થરમાં, પહાડમાં... આપણે એમને પારમાત્મિક દૃષ્ટિથી જોતા હતા તેથી આપણને પરમાત્મા દેખાતો હતો. હમણાં જે સાધુઓ ગિરનારની પરિક્રમા કરી રહ્યા છે તો તેઓ પત્થરની પરિક્રમા કરી રહ્યા છે? ના, એમની દૃષ્ટિ ત્યાં બીજું કાંઈક જોઈ રહી છે. આપણે ગિરિરાજની પરિક્રમા કરીએ તો પહાડની પરિક્રમા નથી કરતા પણ જે જડ હોય એને એવું જ દેખાય કે આ પહાડની ચોમેર ભટકે છે. લે પત્યું ત્યારે. કેમકે પોતે જડબુદ્ધિ માણસ છે. આપણે પણ જો એમને ત્યાં એવું શોધવું હોય તો શોધી શકીએ કે એક લાકડાનો ઠૂંઠો આડો અને એક ઊભો છે અને તે એમનો ક્રાઈસ્ટ છે. તો આપણે એવું કહી શકીએ કે એ લાકડાના ઠૂંઠામાં ક્યાંથી ક્રાઈસ્ટ આવી ગયો? આપણે પણ એવી ગાળો ભાંડી શકીએ કે એ તો લાકડાના ઠૂંઠાને ભજે છે! પણ ભાઈ એવી રીતે તેઓ લાકડાના આડા-સીધા ઠૂંઠાને નથી ભજતા. વાતને સમજો કે એ ક્રોસમાં એમને ક્રાઈસ્ટના દર્શન થાય છે. તો એ દેખાતો હોય છે તો ક્રોસ જ પણ શ્રધ્ધાથી જોનારી આંખો એમાં ક્રાઈસ્ટને જુવે છે. તેવી રીતે દેખાતો હોય



પત્થર પણ એને જોનારી આંખો એમાં પરમાત્માને પણ જોઈ શકે છે. અને દેખાઈ રહ્યો હોય પરમાત્મા પણ અશ્રધ્ધાથી જોનારી આંખો એમાં પત્થરને જ જુએ છે. તો એ તો માણસ જે જોવા માગે છે તે જ જુએ છે.

પહેલા જેમની વાત કરી તે સંતે સરસ કહ્યું ''પહેલા તમે જે જોવા માગો છો તેને જોવાનું બંધ કરો. અને જે છે તેને જોવાનું શરૂ કરો. પછી તમને તમારી વાસનાને કારણે જેવી વસ્તુ દેખાતી હતી તેવી દેખાતી બંધ થઈ જશે. કેમકે એક તબક્કો એવો આવશે કે તમને એમ થશે કે આ વસ્તુને જેમ હું જોવા માગુ છું એવી નથી. જેમ મને દેખાઈ રહી છે તેવી નથી''. એમ એક-એક ઈન્દ્રિયોની વસનાને કેન્સલ કરતા જશો તો અન્તે તમને કાંઈ પણ નહીં મળે. કેમકે રૂપ હું આંખથી જોવા માગું છું તેથી દેખાય છે. રંગ પણ હું આંખથી જેવો જોવા માગું એવો દેખાઈ રહ્યો છે. સ્પર્શ હું હાથથી કરવા માગું છું એટલે થઈ રહ્યો છે. આ એક-એક વસ્તુને આપણે કેન્સલ કરતા જઈશું પછી ત્યાં અવ્યક્ત પ્રકટ થઈ જશે. પછી તો કાંઈ જોવા-કરવાનું રહી જ ન જાય. તેના પછી સૂફી સંતે ત્રીજા સ્ટૉપ (પગલા) પર એનાથી ઉત્તમ વાત કહી કે તે પછીથી તમને પરમાત્મામાં પ્રેમ પ્રકટ થશે. જ્યારે બધું દેખાતું બંધ થાય ત્યારે તમને ભૂખ લાગશે. હવે કાંઈ નથી દેખાતું ત્યારે કોને જોવું તેવો પ્રશ્ન થાય છે. અવ્યક્તના જ્ઞાન થયા પછી તમને અવ્યક્તમાં કાંઈક જોવાની ભૂખ કે તૃષા લાગશે, ત્યારે દિવ્ય આકાર દેખાશે.

આપણે પુષ્ટિમાર્ગની ભાષામાં કહેવું હોય તો આધિભૌતિક જે નામ-રૂપ-કર્મો છે, જેને આપણા આધિભૌતિક ચક્ષુઓથી આપણે જોવા માગીએ છીએ. એટલે એ જ દેખાય છે. એમાં આપણને આધ્યાત્મિકતા અનુભવાતી નથી.

એ તમે ખરેખર અનુભવ કરીને જુવો કે આપણે કોઈ ચર્ચમાં પહોંચી જઈએ તો આપણને આધ્યાત્મિકતા નહિ અનુભવાય. મંદિરમાં આવીશું તો આધ્યાત્મિકતા અનુભવાશે. આપણા મંદિરમાં કોઈ ઈસાઈ આવી જાય તો એને આધ્યાત્મિકતા નહિ અનુભવાય. મારી પાસે એક પાદરી ભણવા આવતો હતો. તે એક વખત 'જય હનુમાન' ફિલ્મ જોવા ગયો. મેં એને પૂછ્યું કે કેવું લાગ્યું? તેણે કહ્યું "બહુ કોમેડી પિક્ચર હતું. કોઈક વખત પહાડ ઊઠાવી લે, કોઈક વખત વૃક્ષ ઉપાડી લે અને એવું બધું કર્યા કરે." મને લાગ્યું કે આ મને કાંઈક ટકોર કરી રહ્યો છે. એટલે મેં કહ્યું કે "હા, ધાર્મિક ફિલ્મો આવી જ કોમેડી જેવી હોય છે. મેં એક વખત મોસેસનું પિક્ચર જોયું તેમાં દરિયો ફાટી જાય છે તે કેવું કોમિક જેવું હતું." ત્યારે એ પાદરીભાઈ બોલ્યા "ના ના, ચમત્કાર ન હોઈ શકે એમ નથી કહેતો." ત્યારે મેં પણ ખુલાસો કર્યો કે એવું નથી કહેવા માગતો કે ચમત્કાર નથી હોતા; પણ તમારે ત્યાં છે એ અમારે ત્યાં પણ છે. અમારા ચમત્કાર અમને આધ્યાત્મિક જેવા દેખાય છે અને તમારા ચમત્કાર અમને કોમિક જેવા દેખાય છે એ અમારી બુધ્ધિની ઊણપ છે. મેં એને એમ ન કહ્યું કે તમારી બુધ્ધિની પણ એવી જ ઊણપ છે. પછી એ સમજી ગયો. એવું જ છે. માણસની શ્રધ્ધા હોય તો ચમત્કારમાં આપણને આધ્યાત્મિકતા દેખાય અને શ્રધ્ધા ન હોય તો ચમત્કારમાં આપણને ફરેબ દેખાય, ઢોંગ દેખાય, ધતુરો દેખાય. કેમકે આપણને શ્રધ્ધા નથી. આપણી જોવાની પધ્ધતિ જ એ પ્રકારની છે.

તેથી આધ્યાત્મિકતાના સ્તર ઉપર કાંઈ પણ જોવાનું રહી જતું નથી, ફક્ત જાણવાનું જ રહી જાય છે; કે જે અશ્વત્થ છે, પ્રતિક્ષણ જેનાં નામ-રૂપ-કર્મો બદલાઈ રહ્યા છે, પણ આ બદલાતા નામ-રૂપ-કર્મોના પ્રવાહમાં કોઈ એક સ્થિર, અવ્યય તત્ત્વ છે જે અવ્યય તત્ત્વને આપણે જોઈ નથી શકતા. તે છતાંય જાણી



તો શકીએ છીએ. અને એ અવ્યય તત્ત્વને જાણીશું તો આપણું જ્ઞાન અશ્વત્થમાં રહેલ વિષયોની બાબતમાં ક્ષુદ્રજ્ઞાન મટીને અવ્યયના માહાત્મ્યનું જ્ઞાન બની જશે, અવિભક્તતાનું જ્ઞાન આપણને થશે. અને એ અવિભક્તતાનું જ્ઞાન, જેને આપણે 'સાત્ત્વિકબુદ્ધિ' કહી, એ અવિભક્તનું જ્યારે આપણને જ્ઞાન થાય તે પછી અવ્યભિચારિણી ભક્તિની માગ હૃદય કરશે. હવે આકાર વિના મારે ક્યાં જોવું તેવો પ્રશ્ન હૃદયમાં જાગશે. તે વખતે જે આધિદૈવિક આકાર પ્રકટ થશે તે આપણામાટે કૃષ્ણ જ છે—

**પ્રાકૃતાઃ સકલાઃ દેવાઃ ગણિતાનન્દકં બૃહત્।**
**પૂર્ણાનન્દો હરિસ્તસ્માત્ કૃષ્ણએવ ગતિર્મમ॥**

એ ગીતા આપણને સમજાવે છે. આખી કૃષ્ણલીલા જે છે તે પુરુષોત્તમની લીલા છે, "યઃ ક્રીડતિ"ની લીલા છે.

આ જગત્ પણ જોકે કૃષ્ણની લીલા છે અને આપણે જે લીલાઓ કરીએ છીએ, કે આ મારું, આ તારું, આ સારું આ નરસું, એ બધી સિનેમા જેવી શ્રીકૃષ્ણલીલા જ છે. કેમકે આ કૃષ્ણલીલામાં પોતે શ્રીકૃષ્ણ સમ્મિલિત નથી. એમાં કલાકાર ગાયબ થઈ ગયો છે અને આપણા મનનું કોઈ પ્રોજેક્શન (પ્રક્ષેપણ) ચાલી રહ્યું છે. એ "**યતો** જગત્ ક્રીડતિ"ના નામ-રૂપ-કર્મો છે. એમાં પરમાત્મા પોતે સમ્મિલિત નથી થતો પણ ભગવાને આપણામાં એવું સામર્થ્ય આપ્યું છે. આગળ જઈને ભગવાન્ એનો ખુલાસો કરશે કે "**મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ**". મારા કારણે તમને કોઈક વસ્તુ સ્મરણમાં આવે છે, મારા કારણે કોઈક વસ્તુ સમજમાં આવે છે અને મારા કારણે કોઈક વસ્તુ તમને સમજમાં આવતી બંધ પણ થઈ જાય છે. સિનેમામાં પણ એવું જ હોય છે કે જે પ્રોજેક્શનના કારણે, એક્ટિંગના કારણે, ફિલ્મની જે શૂટિંગ લીધી

હોય તેને કારણે, થિયેટરમાં અજ્ઞાનનો અંધકાર ન હોય તો પ્રોજેક્શન શરૂ થાય જ નહિ. બધા દીવા-બત્તી બુઝાવીને અંધારું કરો એ એની પહેલી શરત છે; પછી જ ફિલ્મ શરૂ થઈ શકે. એટલે જ્ઞાનના બધા સાધનો સ્તબ્ધ થઈ જાય—સ્વીચ ઓફ (બંધ) થઈ જાય—ત્યારે ફિલ્મ શરૂ થાય; અને સફેદ સ્ક્રીન ઉપર બધા જ રંગો આવી જાય! એ રીતે જે શુધ્ધ આધિભૌતિક વસ્તુ છે એનામાં જે કાંઈ સંસારના દ્રશ્યો આપણને દેખાય છે કે આ મારું છે, તારું છે, સારું છે, ખરાબ છે એ બધો સંસારનો આપણને અનુભવ થઈ રહ્યો છે. એમાં જગત્‌નો કર્તા પરમાત્મા એક્ટિંગ નથી કરી રહ્યો પણ એની અવિદ્યાની આવરણ-વિક્ષેપ શક્તિઓ આપણી ભીતર કામ કરતી હોય છે. તેને કારણે ફિલ્મમાં ભરાય તેમ વિક્ષેપશક્તિ આપણી બુધ્ધિમાં મુકવામાં આવી છે. તેથી કોઈક ક્રિયા-કલાપ શુધ્ધ સફેદ સ્ક્રીન ઉપર ચાલી રહ્યો છે. એ ત્યારે જ થાય છે જ્યારે જ્ઞાનનો પ્રકાશ ત્યાં નથી હોતો. એટલે અજ્ઞાનનું આવરણ હોય. થોડીક જ બત્તી જોડી દઈએ જ્યારે ફિલ્મ ચાલતી હોય તો એ પ્રોજેક્શન ઝાંખું પડી જાય. પછી એ દશ્યમાં એટલી સ્પષ્ટતા ન રહે.

તેવી જ રીતે જો શાસ્ત્રથી આપણે સમજવા મંડીએ કે આ સંસાર એ શું ચક્કર છે તો એ પણ ઝાંખું પડવા મંડે છે. અને જો અંદરના-બહારના બધા જ બલ્બો આપણે ચાલુ કરીએ તો સ્ક્રીન દેખાય પણ પ્રોજેક્શન એના ઉપર કામ કરતું બંધ થઈ જાય. એવી રીતે જો આપણે સમજી જઈએ તો સંસાર અનુભવાતો બંધ થઈ જાય. એ જે સિનેમાની લીલા છે તે **"યતો જગત્ ક્રીડતિ"** તે અજ્ઞાનના અંધકારને કારણે ચાલતી અને દેખાતી હોય છે. એવી જાતની વિવિધ લીલાઓ પૈકી આ શ્લોકમાં કઈ લીલા છે?



ભગવાન્ આપણને જે હકીકત સમજાવી રહ્યા છે તે **"યઃ ક્રીડતિ"**ની લીલાનું નહિ. પણ **"યો જગત્ ભૂત્વા ક્રીડતિ"** અને **"યતો જગત્ ક્રીડતિ"** એ બે લીલાઓનું નિરૂપણ ભગવાન્ અહીંયાં કરી રહ્યા છે. આ જે બ્રહ્મવૃક્ષ છે એનું ઋગ્વેદમાં બહુ સુંદર પ્રશ્નોત્તરમાં નિરૂપણ કરવામાં આવ્યું છે :—

**કિંસ્વિદ્ વનં ક ઉ સ વૃક્ષ આસીદ્**
**યતો ધ્યાવાપૃથિવી નિષ્ટતક્ષુ।**
**મનીષિણો મનસા પૃચ્છતેદુ**
**તદધ્યતિષ્ઠદ્ ભુવનાનિ ધારયન્॥**

અર્થાત્ તે વન કેવું હતું, વૃક્ષ કેવું હતું, જેમાંથી કંડારી કંડારીને આ પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ નો અને વિવિધ ચેતન પ્રાણીઓનો આ બધો સીન (દશ્ય) ઊભો કરવામાં આવ્યો છે? અને વેદ ત્યાં પૂછે છે કે આનો કોણ જવાબ આપી શકે છે? અને વેદ પોતે કહે છે કે હું તમને જવાબ આપું છું. **"બ્રહ્મ વનં બ્રહ્મ સ વૃક્ષ આસીદ્ યતો દ્યાવાપૃથિવી નિષ્ટતક્ષુ"**. અર્થાત્ એ વન બ્રહ્મ હતું, એ વૃક્ષ બ્રહ્મ હતું જેમાંથી આ બધું કંડારવામાં આવ્યું છે. તમે ધ્યાનથી સમજશો તો સમજી શકશો.

એના પહેલાં અશ્વત્થના ભીતર તમારે અવ્યયને ઓળખવો પડશે. એટલે આધિભૌતિકમાં તમારે અધ્યાત્મને ઓળખવો પડશે. અને અધ્યાત્મના માહાત્મ્યને જ્યારે તમે ઓળખશો ત્યારે તમે તેના ભીતર રહેલો અધિદેવ "યઃ ક્રીડતિ"વાળો ક્રીડા કરતો તમને દેખાશે. એટલે ભગવાન્ ક્રમશઃ વર્ણવી રહ્યા છે કે એ વૃક્ષ બ્રહ્મ છે, એની શાખાઓ નીચે છે અને ઉપર પણ છે. એ બ્રહ્મવૃક્ષની ડાળીઓ ફક્ત નીચે અને ઉપર છે એવું નહિ, બધે ઠેકાણે પ્રસરાયેલી છે.

અમુક ટીકાકારોને આવું વિચિત્ર વર્ણન જોઈને બીક લાગે છે કે ઉપર વૃક્ષના મૂળિયા છે અને નીચે વૃક્ષ છે અને એવા વૃક્ષનાં મૂળિયાને કે ડાળિયો ને કાપવી કેમ! આમાં બ્રહ્મ ક્યાં હોઈ શકે? એટલે આ વાતને સમજાવી કેમ? તો કહે છે કે એમ ધારો કે એક નદીના કાંઠા ઉપર ઉગેલો કોઈ વૃક્ષ પડી જાય તો એનાં મૂળિયા ઉપર થઈ જાય અને ડાળીઓ નીચે આવી જાય. હવે તે વૃક્ષની ડાળિઓને જો કાપીએ નહિ તો કાંઠા ઉપર ચઢી ન શકાય. આવી આવી કલ્પનાઓ કરી છે!

અરે! આવી બધી કલ્પનાઓની જરૂર જ નથી. શ્રીમહાપ્રભુજી કહે છે તે સમજો. એનુ ઊર્ધ્વત્વ આ અર્થમાં નથી કે વૃક્ષ પડી ગયું એટલે તેનાં મૂળ ઉપર અને ડાળીઓ નીચે થઈ ગઈ. સમજવાની વાત મૂળમાં આ છે કે એ પુરુષોત્તમના જગત્ સાથેના ઘણા બધા સંબંધો છે, જેને નિબન્ધમાં શ્રીમહાપ્રભુજી **"બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે"**; એમ ત્રણ શબ્દોથી વર્ણવે છે. આપણે ઉપદ્રષ્ટા અનુમંતા ભર્તા ભોક્તા મહેશ્વર પરમાત્મા એ રીતે ગીતાકારના શબ્દોમાં પરમાત્માના સંબંધો જોયા. એવી રીતે શ્રીમહાપ્રભુજીએ ભાગવતના આધારે બીજા પણ ત્રણ સંબંધો દેખાડ્યા છે કે તે પરમતત્ત્વ આપણો બ્રહ્મ છે. બ્રહ્મ છે એટલે ચોમેર છે. બ્રહ્મ એટલે જે આજુ-બાજુ, ઉપર-નીચે બધે ઠેકાણે હોય તે બ્રહ્મ. અને તે બ્રહ્મરૂપે ચોમેર છે એટલું જ નહિ, બલ્કે આપણી ભીતર પણ છે. એનો મતલબ કે એ પરમાત્મા છે. જેવી રીતે આપણો આત્મા આપણી ભીતર છે. તો પરમાત્મા આપણા આત્માના પણ ભીતર રહેલું કોઈક તત્ત્વ છે. અને ભીતરમાં ભીતરની એ હકીકત ચોમેર હોય પછી તો કાંઈ રહ્યું જ નહિ. તો શ્રીમહાપ્રભુજી કહે છે કે હજી એક વાત રહી ગઈ તે એ કે એ ભગવાન્ પણ છે. ભગવાન્ ચોમેર નથી હોતા તે તો ઉપર જ હોય છે, એ નીચે પણ નથી હોતા. ધારો કે સોનામાંથી જેમ ઘરેણું ઘડાય, તો સોનું એ



ઘરેણાની ઉપર નથી હોતું, ઘરેણાની ભીતર હોય છે. જો ભૂમિપર મકાન બંધાય તો મકાન ઉપર હોય છે અને ભૂમિ નીચે હોય છે. આ ઊર્ધ્વમૂલ એ અર્થમાં ઉર્ધ્વમૂલ છે કે જગતના જગદીશ કે ભગવાન્ અને આપણા સંસારી કે ભક્ત હોવાનો સંબંધ ઊર્ધ્વમૂલ-સંબંધ છે.

એ જ તત્ત્વને બ્રહ્મદષ્ટિથી જોવું હોય તો ઉપનિષદ્ જુદી રીતે વર્ણન કરે છે: **"તસ્માદ્ વા એતસ્માદ્ આત્મન: આકાશ સંભૂત: આકાશાદ્ વાયુઃ વાયોરગ્નિઃ અગ્નેરાપઃ અદ્ભ્યઃ પૃથિવી"**. તે પરમાત્મામાંથી આકાશ ઉત્પન્ન થયો, આકાશમાં વાયુ, વાયુમાં અગ્નિ, અગ્નિથી જલ અને જલથી પૃથ્વી ઉત્પન્ન થઈ. પૃથ્વીમાં ઔષધિ ઉત્પન્ન થઈ, ઔષધિથી અન્ન અને અન્નથી આ પુરુષ ઉત્પન્ન થઈ ગયો. હવે અહીંયા તો અન્તર્મૂલતા દેખાય છે, ઉર્ધ્વમૂલતા નથી દેખાતી. આ વર્ણનમાં એ ઊંચો નથી કે આપણે નીચા નથી. આજ તત્ત્વનું ભગવાન્ તરીકે વર્ણન કરવું હોય તો તે ઊંચો થઈ જશે. પરમાત્મા આપણી ભીતર પણ છે, પ્રત્યઙ્મુખ પણ છે, વિશ્વતોમુખ પણ છે. અને આ બે છે એટલું જ નહિ ભગવાન્ના રૂપે તે ઉપર પણ છે. એ ઉપર ત્યારે હોઈ શકે કે જ્યારે નીચે કોઈ ભક્ત હોય. તે તત્ત્વ ભક્તના સંબન્ધે ભગવાન્ બની જતો હોય છે. ભક્ત જ ન હોય તો ભગવાન્ પણ ન હોય. આમ આ બન્નેનો પરસ્પર સાપેક્ષ સંબંધ હોય છે. તેને કારણે જ્યારે ભગવદ્ભક્તના દૃષ્ટિકોણથી સૃષ્ટિનું નિરૂપણ કરવું હોય તો સૃષ્ટિના મૂળ ઉપર હોય છે. પરમાત્મનિષ્ઠના દૃષ્ટિકોણ મુજબ આ સૃષ્ટિનું નિરૂપણ કરવું હોય તો તેના મૂળ ભીતર હોય છ; તેમજ બ્રહ્મજ્ઞાનીના દૃષ્ટિકોણ મુજબ આ સૃષ્ટિનું નિરૂપણ કરવું હોય તો સૃષ્ટિના મૂળ ભીતર-બાહર ઉપર-નીચે ચોમેર સ્વીકારવા અને કહેવા જોઈએ.

તેથી તમે જોશો કે આગળ મેં જે ગુરુ નાનકની વાત કહી

કે તેઓ મસ્જિદ તરફ પગ કરીને સૂતા હતા અને એમને કહેવામાં આવ્યું પગ ખસેડી લો તો એમણે કહ્યું કે જે તરફ અલ્લાહ ન હોય તે તરફ મારા પગ ખસેડી નાખો. એવી કોઈ દિશા જ નથી કે જ્યાં અલ્લાહ ન હોય અને પગ ખસેડી શકાય. આ પ્રસંગે અલ્લાહની ધારણા ભગવાન્ કે પરમાત્મા કરતા આપણા બ્રહ્મની ધારણા સાથે વધારે સંગત થાય છે. તો એ વાત સાચી છે કે જ્યારે પુરુષોત્તમને અવ્યય બ્રહ્મ તરીકે જોવાનો હશે ત્યારે કોઈપણ એવી દિશા નથી કે જે તરફ પરબ્રહ્મ મોજુદ નહિ હોય. પણ પુરુષોત્તમને જ્યારે ભગવાન્‌ની દૃષ્ટિથી જોવા હોય તો ઉપર તાકવુ પડશે. આજે અમૃતસરમાં જ સુવર્ણ મંદિર છે, બીજે ઠેકાણે નથી? આજે શીખો અને હિન્દુઓ ઝઘડ્યા એટલે દુર્ગાદેવીના મંદિર ઉપર બોમ્બ ફોડી દીધો.

મારે એક સેમિનાર (પરિસંવાદ) માં જવાનું થયું. ત્યાં એક સરદારજી ચંદીગઢના પ્રોફેસર આવ્યા હતા. એમણે મને કહ્યું કે જમવા બેસો. મેં કહ્યું કે હું હોટલમાં નથી જમતો, સેમિનારમાં તો આવી ગયો છું. તો એમણે મારી ઠેકડી ઉડાડતાં મજેદાર વાત કહી કે અમે એક સેમિનારમાં જતાં હતા ત્યારે દિલ્હીના એક શર્માજી પ્લેનમાં હતા. એ બહુ પાકા બ્રાહ્મણ હતા. અને અમે અમેરિકાના 'ટી.ડબલ્યુ. એ.' પ્લેનમાં મુસાફરી કરી રહ્યા હતા તેમાં જમવાનું પિરસાતું હતું ત્યારે એ અમારી આગળની સીટ પર બેઠા હતા અને એક વાનગી ખાઇ રહ્યા હતા. એટલે મેં એમને કહ્યું કે "કેમ શર્માજી, આ જે તમે ખાઈ રહ્યા છો એ તો ગાયનુ માંસ છે." તો એ શર્માજીએ કહ્યું કે અમે તો હિન્દુસ્તાનની ગાયને માતા માનીએ છીએ, અમેરિકાની ગાયને ગાય નથી માનતા એટલે અમે એ ખાઈ શકીએ છીએ". એમની આ વાતથી હું સમજી ગયો કે એ મારી ઠેકડી ઉડાવતા હતા. એટલે મેં કહ્યું: "સરદારજી એવું છે ને કે અમૃતસરનું મંદિર એ જ ભગવાનનું મંદિર છે;



દુર્ગાનું મંદિર ક્યાં મંદિર છે, એને તો બોમ્બથી ઉડાવી શકાય ને!" એટલે એ કહેવા લાગ્યા "હા, હા, વાત તો સાચી છે." એટલે મેં કહ્યું "ભાઈ આપણી બધી એવી જ વાતો છે, એટલે આપણને એવું જ લાગે." એટલે નાનકે જે વાત કહી તેનાથી ફક્ત અમૃતસરમાં જ આવું ન થવું જોઈએ. એનો ઝઘડો એટલે જ ચાલી રહ્યો છે કે અમૃતસરના મંદિરમાં બિરાજેલા સર્વવ્યાપી પરમાત્માની બ્રહ્મતાને સરદારજી નથી જોતા, પણ ગુરુ ગ્રંથસાહેબની ભગવત્તાને જ સરદારજી જુવે છે. એમને ત્યાં પણ એ સિધ્ધાંત છે કે એક જ તત્ત્વ બ્રહ્મ હોઈ શકે છે, પરમાત્મા પણ હોઈ શકે છે અને ભગવાન્ પણ હોઈ શકે છે. તેથી જ્યારે આપણે એની સાથે ભગવાન્ તરીકે વર્તતા હોઈએ ત્યારે...

આપણું જ એક ઉદાહરણ લો ને કે જ્યારે આપણે જતિપુરામાં શ્રીનાથજીના મંદિરે દર્શન કરવા જવું હોય તો ગિરિરાજજી પર્વત છે, પુરુષોત્તમ નથી; અને ગિરિરાજજી તમારે ત્યાં સેવામાં બિરાજતા હોય ત્યારે તે ભગવાન્ હોય છે પર્વતની કોઇ નાનકડી શિલા નહિ. તેથી ત્યારે પગ લગાડી ન શકાય. તે વખતે ગિરિરાજજી ભગવાન્ થઈ જાય છે. તેવી જ રીતે સમજો કે આ પૃથ્વી તો, આપણે જેના આરાધક છીએ તે, વિષ્ણુનાં પત્ની છે, તે પૃથ્વી ભગવાન્‌ના સ્વામિનીજી છે; એમને પગ અડાવાય? પણ આપણે તેમના ઉપર ચાલીએ છીએ, ફરીએ છીએ, સારી-ખોટી બધી ક્રિયાઓ કરીએ છીએ. અને એ જ પૃથ્વીનું સ્વરૂપ મંદિરમાં પધરાવેલું હોય; આપણે ત્યાં ઉત્તર ભારતમાં આ પધ્ધતિ નથી, દક્ષિણ ભારતમાં આ પધ્ધતિ છે. જેમ આપણે ત્યાં શ્રીઠાકોરજીની પાસે બે સ્વામિનીજીઓ બિરાજે છે ને ત્યાં દક્ષિણ ભારતમાં ઠાકોરજીનાં બે સ્વામિનીજીમાં એક સ્વામિનીજી તરીકે પૃથ્વી નીલાદેવીના રૂપમાં બિરાજતી હોય છે. એ નીલાદેવીને પગ ન અડાડી શકાય, કેમકે ત્યાં એ શ્રીઠાકોરજીના સ્વામિનીજી તરીકે બિરાજ્યા છે, તેથી ત્યાં આપણી ભગવદ્દષ્ટિ

છે, બ્રહ્મદષ્ટિ નથી. એ જ નીલાદેવી આપણે જેના પર અત્યારે ઊભા-બેઠા પણ છીએ, પણ આપણે જો એના પર પગ ન મુકીએ તો ક્યાં જઈએ? એમ જ શ્રીયમુનાજીના ચિત્રજી પધરાવીને આપણે સેવા કરતા હોઈએ ત્યારે શ્રીયમુનાજીમાં આપણી ભગવદ્દષ્ટિ હોય, પણ શ્રીયમુનાજીના પાન કરવા જઈએ ત્યારે આપણા પગમાં શ્રીયમુનાજી લાગતા જ હોય છે. તે વખતે શ્રીયમુનાજીમાં ભગવદ્દષ્ટિ નથી હોતી પણ બ્રહ્મદષ્ટિ હોય છે. તમારે ત્યાં તો રિવાજ નથી પણ અમારે ગોસ્વામીઓમાં તો હજી એના કરતાં વધારે કઠોર રિવાજ છે કે જેટલા ગોસ્વામીઓ લીલામાં પધારે એમનાં અસ્થિવિસર્જન શ્રીયમુનાજીમાં જ થાય. હવે આવી મલીન વસ્તુને શ્રીયમુનાજીમાં વિસર્જિત ન કરાવાય, પણ અમારી બ્રહ્મદષ્ટિ છે કે અમે શ્રીયમુનાજીના જીવો છીએ તો અમારાં અસ્થિ શ્રીયમુનાજીમાં વિસર્જિત નહિ થાય તો ક્યાં થશે? તો શ્રીયમુનાજીમાં અમારાં અસ્થિ વિસર્જિત થવાં જ જોઈએ. જતિપુરાની રજમાં અમારાં અસ્થિ વિસર્જિત થવાં જ જોઈએ, કેમકે અમને એમ લાગે છે કે અમારું શરીર જતિપુરાની રજથી બનેલું છે, એવો અમારો ભાવ છે, તેથી ત્યાં વિસર્જિત થવાં જ જોઈએ એ એક ભાવ છે. હવે શ્રીયમુનાજીમાં, જતિપુરામાં અસ્થિ વિસર્જિત થવાં જોઈએ એટલે જ્યાં શ્રીયમુનાજીની સેવા બિરાજતી હોય ત્યાં અસ્થિ મુકાય? ન મુકાય. મુકીએ તો કૌભાંડ થઈ જાય.

થાનના શાહબુદ્દીન રાઠોડે એક મજેદાર ગમ્મતભરી વાત કહી છે. કોઈ કથાકાર કથા કહી રહ્યા હતા એમના મોઢામાંથી થૂંક નીકળી રહ્યું હતું. શ્રોતામાંથી કોઈકે એમને ટોક્યા ત્યારે એ બોલ્યા કે "અલ્યા ડોબા આમ ન કહેવાય; ભગવાનની કથા કહેતી વખતે જે કથાકારના મોંઢામાંથી થૂંક નીકળે એને તો ગંગાજી સમજવાનું. એમને ખબર નહિ કે આ ઉપદેશનો પરિણામ શું આવશે! તો પેલા ભાઈ તો આ સાંભળીને સીધા ઘેર ગયા, ત્યાંથી એમના પિતાના અસ્થિફૂલ લઈ આવ્યા અને કથાકારને કહ્યું કે "જરા મોઢું



તો ખોલો". તે મહારાજે મોઢું ખોલ્યું અને એ ભાઈએ એમાં હાડકાં ભરાવી દીધાં અને કહ્યું કે "હવે એ હાડકાં કાઢતા નહિ. કેમકે મારે તો ક્યારની એ પંચાત હતી કે ક્યારે ગંગાજી જાવું અને ક્યારે આ અસ્થિ વિસર્જીત કરવા? મને શું ખબર કે તમારા મોઢામાં જ ગંગાજી વહી રહ્યાં છે! એ મહારાજને તો એમ કે કોઈ પેંડા-બરફી ખવડાવવાના હશે એટલે એમણે મોંઢુ ખોલી દીધું. પૈસા ખર્ચીને હરદ્વાર જાવું એના કરતાં તો ટૂંકામાં પત્યું ને; "ભલું થયું ભાગી જંજાળ" છુટકારો થયો અને બાપ પ્રત્યેનું કતર્વ્ય પણ પૂર્ણ થયું!

આવી રીતે ન થાય. કાંઈક તો વિવેક રાખવો પડે કથાકારનુ થૂંક ગંગાજળ હોય કે ન હોય. પિતાના અવસાન પછી આમ તો પોતાના ઘરમાં જ માતા પણ 'ગંગાસ્વરૂપ' કહેવાતા હોય તેથી બાના મોઢામાં બાપુના હાડકા પધારવવાના ન હોય!

બ્રહ્મદષ્ટિ અલગ દષ્ટિ છે, પરમાત્મદષ્ટિ અલગ દષ્ટિ છે તેમજ ભગવદ્દષ્ટિ એ પણ પાછી અલગ દષ્ટિ છે. બ્રહ્મદષ્ટિનો વ્યવહાર ભગવદ્દષ્ટિનાં પ્રસંગે ન થાય અને ભગવદ્દષ્ટિનો વ્યવહાર બ્રહ્મદષ્ટિનાં પ્રસંગે ન થાય. જાળવી, જોકે, દરેક જાતની દષ્ટિને રાખવાની હોય છે. આંધળા કરતા કાણો સારો તેથી "આંધળા નહિ તો કાણા તો થાવ!" આવા હિતોપદેશનાં વચન, જેની બન્ને આંખો સલામત હોય તેને આપી ન શકાય.

તેથી "ઉર્ધ્વમૂલ..." વચનનો પ્રયોગ ભગવદ્દષ્ટિથી થયો છે નહિતો બ્રહ્મ તરીકે તો પુરુષોત્તમ સર્વત્ર બિરાજમાન છે જ. બ્રહ્મદષ્ટિથી જોવા જતાં આખું જગત્ બ્રહ્મ જ છે. તેથી લુચ્ચા-લફંગા જઘન્યકક્ષાના માનવીને પુરુષોત્તમ તરીકે કાંઈ માન્ય ન કરાવાય!

પુરુષોત્તમ કોણ?

શ્રીમહાપ્રભુજી કહે છે **"કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્."**

તે કૃષ્ણને માણવા કેવી રીતે?

શ્રીમહાપ્રભુજી ચોખ્ખા શબ્દોમાં વિધાન કરે છે **"આત્માનંદ-સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્."**

એટલે પૂ.પા.ગો.બા.ઓની હવેલીઓમાં પગારદાર ભાવહીન મુખિયા ભીતરિયા બાલભોગિયા દૂધઘરિયા પાનઘરિયા ફૂલઘરિયા જલઘરિયા કીર્તનિયા ઝાપટિયા અને અન્તમાં દર્શનાર્થીઓની પાકેટમાંથી પૈસા પડાવી લેનાર ભેટિયાઓ કે સમાધાનીઓથી શોચનીય રીતે ઘેરાયેલા શ્રીકૃષ્ણના સ્વરૂપની ભક્તિને શ્રીમહાપ્રભુજીએ આવશ્યક ગણી નથી.

તેવી ભક્તિમાટે હૃદયમાં ભાવના જાગતી હોય તો ભગવત્સ્વરૂપની સેવા ક્યાં કરવી?

શ્રીમહાપ્રભુજી કહે છે **"બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતો અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્."**

ઊપર બિરાજેલ ગોલોક કે વૈકુંઠ ના નાથની પોતના ઘરમાં સેવાભક્તિ કરવાનો આ ઉપદેશ ભગવદ્દૃષ્ટિપર અવલંબિત ઉપદેશ છે.

અવિભક્ત અવ્યયનાં કોઈ પણ એક અશ્વત્થવિભાગના કેદખાનામાં પોતાની દૃષ્ટિને કેદી બનાવીને ભક્તિ કરવી જોઇએ નહિ. ભક્તિની



સિફત જ એમાં છે કે જ્યારે બધી દૃષ્ટિઓનો યથોચિત સમાવેશ કરીને જે એક સમગ્રદૃષ્ટિ ઘડવામાં આવી હોય તેના ઉપર ભક્તિ અવલંબિત થતી હોય. એ ફક્ત વિદ્યાદૃષ્ટિ નથી, કે ફક્ત અવિદ્યાદૃષ્ટિ નથી, ફક્ત સ્નેહની દૃષ્ટિ નથી. ત્રણેય દૃષ્ટિઓનો સુમેળ જેમાં કેળવાતો હોય એને તમે 'સાચી ભગવદ્દૃષ્ટિ' કહો કે 'સાચી ભક્તિદૃષ્ટિ' કહો એક જ વાત છે. પોતાના ભજનીય ભગવાન્ કે ઇષ્ટદેવ ને જ્યારે કોઇ સાધક બ્રહ્મ રૂપે કે પરમાત્મા રૂપે નથી જોતો ત્યારે લોચો થઇ જાય છે. તેવો મૂઢ સાધક બીજા બધા જ સાધકોના ભજનીય ભગવદ્રૂપો કે ઇષ્ટદેવો પ્રત્યે પોતાના ભગવાન્ કે ઇષ્ટદેવ ને પણ ઈર્ષ્યાખોર માની લેતો હોય છે. ઇતર ભક્તોની સાથે અદેખાઇ કરવામાં પોતાનું ધાર્મિક કર્તવ્ય માનતો થઇ જાય છે. છેવટે ભક્તિનાં બાહ્ય અને આન્તરિક દિવ્ય લાભો કરતા ઈર્ષ્યા-દ્વેષ-સ્પર્ધા-કલહની મનોવિકૃતિથી તે ગ્રસ્ત થઇ જતો હોય છે!

**અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખાઃ... ન રૂપમસ્યેહ તથોપલભ્યતે... અસંગશસ્ત્રેણ દૃઢેન છિત્ત્વા:**

અહીંયાં આગળના શ્લોકમાં ભગવાન્ કહે છે કે **"અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખાઃ"** એટલે કે આ બ્રહ્મવૃક્ષની શાખાઓ ફક્ત નીચે જ આવી છે એવું નથી; ઉપરે પણ ગઈ છે. અને જે ડાળીઓ ઉપર ગઈ છે તે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ગણપતિ વગેરે અવતારો, જુદા-જુદા દેવરૂપો છે. તેથી જ મુસલમાન, ઈસાઈ બધા એમ જ કહે છે કે ભગવાન્-પરમાત્મા એ સ્વર્ગમાં છે, હેવનમાં છે. એ બધી પુરુષોત્તમની ઉર્ધ્વશાખાઓ છે તેમ જ અધઃશાખાઓ તરીકે વિષયોનો પ્રવાલો પણ છે. એક વાત જુઓ કે બ્રહ્મવૃક્ષમાં જેમ વેદોનાં પાંદડાઓ છે એવી જ રીતે વિષયનાં પ્રવાલો પણ છે. એટલે વિષયોનાં પ્રવાલથી પણ આપણે બ્રહ્મને ઓળખી શકીએ. જેમ સુફી સન્તે કહ્યું કે "શું જોવું છે એ પહેલા નક્કી કરો" તેમ આપણને વિષયો જોવા છે કે વેદો જોવા છે કે ઇષ્ટદેવતાઓના

દર્શન કરવા છે. આમાં વેદવચનો જોવો હશે તો તમે પુરુષોત્તમને ઓળખી જશો અને વિષયોને જોવા હશે તો તમે પુરુષોત્તમના સિનેમા જોતા થઈ જશો. વેદથી એને પિછાણવા જશો તો એ તમને નિત્યલીલાવિહારી "**ય: ક્રીડતિ**" માફક તમને લાગવા મંડશે. એ બન્ને જાતની, વિષય અને વેદની દૃષ્ટિ આમાં છે. વેદદૃષ્ટિથી પુરુષોત્તમ પ્રકટ થશે અને વિષયદૃષ્ટિથી સંસાર પ્રકટ થશે. અને જ્યારે સંસાર પ્રકટ થશે ત્યારે કર્માનુબંધી જે શાખાઓ છે જે મનુષ્યોમાં ફેલાયેલી છે તેનું વર્ણન ભગવાન્ અહીં ગીતામાં કરે છે; કેમકે એ વિષયરૂપી પ્રવાલ થી જોનારી દૃષ્ટિથી આપણે જે કર્મ કરતા હોઈએ છીએ તેની ડાળીઓ બધી નીચે આવી જાય છે. આવી જાતનું વિલક્ષણ આ એક બ્રહ્મવૃક્ષ છે.

અને હકીકતમાં જોશો તો આ વૃક્ષમાં રહેલું જે અવ્યક્ત અને દિવ્ય તત્ત્વ અને તેની ભીતર રહેલું, જેને 'આધિદૈવિક તત્ત્વ' કહેવામાં આવે છે, તે તો અહીંયાં વિષયદૃષ્ટિમાં ક્યાંય દેખાતું નથી. એટલે આ ક્યાંથી ઉત્પન્ન થયેલ છે કે ક્યાં સુપ્રતિષ્ઠિત છે કે ક્યાં લીન થવાનું છે તે આપણને સમજમાં આવતું નથી. તેથી આ જે અશ્વત્થ, પરિવર્તનશીલ પાંદડાઓ એનામાં પ્રકટ થયા છે, મનુષ્યલોકમાં, એમને તમારે અસંગતાની દૃષ્ટિથી કાપવા પડશે. અસંગતાની દૃષ્ટિથી કાપવા પડશે એટલે શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર ખુલાસો આપ્યો છે કે બ્રહ્મને જગત્રૂપે જાણી જાવ પણ જગત્‌ને બ્રહ્મ રૂપે માણો નહિ.

વાતમાં બહુ ફરક છે. જગત્‌ને બ્રહ્મરૂપે જાણવું જરૂરી છે પણ જગત્‌ને બ્રહ્મરૂપે માણવું જરૂરી નથી. તેમ જ બ્રહ્મને જગત્રૂપે જાણી લેવું જરૂરી છે પણ બ્રહ્મને જગત્રૂપે માણવું એ તો મહાગિલીન્ડરીનું કામ છે કે આપણે બ્રહ્મને પાછા જગદ્રૂપે જ માણીએ. પોતાના ભજનીય ભગવત્સ્વરૂપની, ભક્તિ કરવી છે તેથી નથી ગમતા, પરન્તુ



પોતાનું પેટીયું રળવાના સાધન તરીકે ગમી રહ્યા છે. પ્રસાદ તરીકે મઠડી-મોહનથાર નથી ગમતા પણ મઠડી-મોહનથારનો પ્રસાદ ગમે છે. આ જ શ્રીમહાપ્રભુજી સિધ્ધાન્તમુક્તાવલીમાં કહે છે કે "**લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા**". સર્વથા તમે ક્લેશ જ પામશો. બ્રહ્મને તમે જગદ્રૂપે જાણો અને જગત્‌ને તમે બ્રહ્મરૂપે જાણો પણ બ્રહ્મને તમે બ્રહ્મરૂપે માણો અને જગત્‌ને જગત્રૂપે માણવું હોય તો માણો, એ તમારી એક લાચારીની અવસ્થા છે, પણ ઓછામાં ઓછું જગત્‌ને બ્રહ્મરૂપે તો નહિ જ માણો. તેથી જગત્‌ને બ્રહ્મરૂપે જાણવું તે માહાત્મ્યજ્ઞાનને કારણે; અને, બ્રહ્મને માણવું તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણના માટે સુદૃઢસર્વતોધિક સ્નેહના કારણે સંભવે છે. તેથી શ્રીમહાપ્રભુજીએ અહીંયા પુષ્ટિભક્તિના કેવા ગર્ભિતાર્થ સંકેતો આ ખુલાસામાં આપી દીધા છે! જગત્‌ને બ્રહ્મરૂપે જાણીને બ્રહ્મને માણવાનો કોઈ ઉપક્રમ આપણે કરવો જોઈએ કે જેથી આપણે પરમાત્માને માણી શકીએ. પરમાત્માને માણતા આવડે તો ભગવદ્‌ભક્તિને અમલમાં મૂકવાનો અધિકાર આપણો સિદ્ધ થાય છે.

ભગવાન્ આજ્ઞા કરે છે કે આ અવ્યયને નથી કાપવાનો પણ અશ્વત્થને કાપવાનો છે, અસંગતાના શસ્ત્રથી. 'અસંગશસ્ત્ર' શબ્દનો એક આખો અર્થબોધ છે કે અસંગ એટલે વૃક્ષને નથી કાપવાનો પણ વૃક્ષના વિષયપ્રવાલોમાટે આપણી ભીતર જે વળગણ પેદા થઈ ગઈ છે તેને કાપવાનું છે. જેમ એક વાત સમજો કે આપણે સિનેમા જોતા હોઈએ અને એમાં કોઈ ભયંકર સીન (દૃશ્ય) આવે જેમાં આપણો સંગ એવો પ્રકટ થઈ જાય કે સિનેમાના પડદા ઉપર આપણે ભાટા-પત્થર ફેંકીએ. અથવા રામ-સીતાના સીનથી આપણને ઘણો આદરભાવ આવી જાય અને આપણે એ રામ-સીતાને હાર પહેરાવીએ તો એ માલા કે હાર એમના ગળા ઉપર જવાની જ નથી; એ તો પડદા ઉપર ટકવાની પણ નથી ને પડી જવાની

છે. એટલે પથરા ફેંકશો તો એમને વાગવાના નથી; ભલે પડદો ફાટી જાય અને એ ફિલ્મ દેખાવાનું બંધ થશે. એટલે સિનેમામાં તમને કોઈ સુખ-દુઃખ થતું હોય તો દૂર કરવાનો તમારો ઉપાય એક જ— અસંગતા. એટલે સમજી લેવાનું કે બધું દેખાઈ રહ્યું છે, કાંઈ પણ થઈ રહ્યું નથી. આવો અસંગભાવ કેળવશો તો નિરાકરણ થઈ જાય.

હું મારી નાની બેટીને ફિલ્મ દેખાડવા લઈ ગયો '૨૦૦૦૦ લીગ્સ અન્ડર ધ સી'. આ ફિલ્મમાં એવું હોય છે કે બધા વૈજ્ઞાનિકો પાણીમાં નીચે જાય છે. સમુદ્રની નીચેના બહુ સુંદર-સુંદર દ્રશ્યો હતા. તો એને બહુ મઝા પડી ગઈ. સમુદ્રના પેટાળમાં વૈજ્ઞાનિકોએ ખાવાનું ક્યાં? તો વૈજ્ઞાનિકો સમુદ્રના પેટાળમાં રહેલા કાચબાઓને ખાવા માટે પકડી રહ્યા હતા, એવો સીન દેખાડવામાં આવ્યો. તો મારી દીકરી નાની હતી તો એણે પુછ્યું "કાકા, આ કાચબાઓને કેમ પકડી રહ્યા છે?" મેં કહ્યું કે "ખાઈ જવા માટે". એને રડવું આવવા માંડ્યુ કે તો હવે મારે નથી જોવું. એવો સંગ થઈ ગયો! એને થયું હશે કે જો હમણાં એ વૈજ્ઞાનિકો કાચબાને ખાઈ જવા પકડી રહ્યા છે તે કાલે મને ખાઈ જવા કે પકડવા તો કદાચ આવી નહિ જાય ને! પછી તો એ ખૂબ રડવા મંડી. એટલે મારે ધરાર બહાર નીકળવું જ પડ્યું. એટલે સંગ થઈ જાય તો આવા ગોટાળા થઈ જાય. તો આ સીનના જે અંગો છે તેની સાથે આપણે અસંગ થઈ ગયા હોઈએ તો તેનું નિરાકરણ થઈ જાય અને સંગ થઈ જાય તો મહાપંચાત થઈ જાય.

મૂળ એ વાત સમજવી જોઈએ કે જે અશ્વત્થ વૃક્ષ છે તેને અસંગતાના શસ્ત્રથી કાપવું છે. અસંગતાના શસ્ત્રથી કેવી રીતે કાપવું એનો સિધ્ધાંત શ્રીમહાપ્રભુજીએ આપણને બહુ સુંદર બતાવ્યો છે કે **"બ્રહ્મરૂપં જગદ્ જ્ઞાતવ્યં બ્રહ્મ જગતો અતિરિચ્યત-ઈતિ**



**ન તત્ર આસક્તિ: કર્તવ્યા"** અર્થાત્ એમાં આસક્તિ ન કરો; આસક્તિ તો પરમાત્મામાં જ કરો. પરમાત્મામાં કરશો તો તમને ખ્યાલ આવશે કે કેવી રીતે આ બ્રહ્મમાંથી આ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક જગતની લીલા ચાલી રહી છે.

ઘણા લોકો એમ કહે છે કે અમે પ્રસાદ લેવાની ના પાડીએ છીએ. પણ અમે પ્રસાદ લેવાની ના નથી પાડતા. જો સમર્પિત હોય તો પ્રસાદ જ લેવો જોઈએ, અનપ્રસાદી લેવું જ ન જોઈએ. પણ દેવદ્રવ્યનો પ્રસાદ લેવો એ પ્રસાદ લેવો નથી, એ તો પ્રસ્વાદ લેવો છે. કેમકે એક વાત સરખી રીતે સમજો કે આપણી દીકરીનો કરિયાવર આપણે નથી લેતા એ કાંઈ દીકરી પ્રત્યેનો દ્વેષ નથી પણ દીકરીને દીકરી તરીકે સ્વીકારવાનો આપણો ભાવ છે. અને દેવને દેવ તરીકે આપણે સ્વીકારીએ છીએ એટલે આપણે દેવદ્રવ્ય ન લેવું જોઈએ. બાકી જો દેવદ્રવ્યથી રાંધેલ ન હોય અને આપણા દ્રવ્યથી આપણે પ્રભુને ભોગ ધર્યો હોય તો પ્રસાદ લેવો જ જોઈએ. પણ દેવદ્રવ્યથી ધરેલું હોય તેનો પ્રસાદ આપણાથી ન લેવાય. જેના માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **"સોનાકી કટોરી હતી સો દેવદ્રવ્ય હતો ઔર મેરો વ્હૈકે જો દેવદ્રવ્ય ખાયગો સો મહાપતિત વ્હે જાયગો, મેરો નાહિ કહાવેગો"**. તેથી દેવદ્રવ્યનો પ્રસાદ લેવાની ના પાડી છે, પ્રસાદ લેવાની ના નથી પાડતા. જાણી જોઈને વાતને રવાડે ચઢાવવામાં આવે છે કે પ્રસાદ લેવાની ના પાડે છે. **"દેવનું છે દ્રવ્ય તે પ્રસાદ નથી લેતા"**, દેવદ્રવ્ય નથી લેતા. અને જ્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે **"જો દેવદ્રવ્ય ખાયગો સો મહાપતિત વ્હે જાયગો, મેરો નાહિ કહાવેગો"**. ત્યારે તમે જો વલ્લભી સંપ્રદાયના થઈને દેવદ્રવ્ય ખાઓ તો તમે વૈષ્ણવો કેવા? સમજ જ નથી પડતી **"જેઓ લેતા હોય તે વૈષ્ણવો કેવા રે?! અમે એવા રે અમે એવા રે"**.

કડીવાળા રાજેશબાવાએ મને એક વાત સંભળાવી. તેઓ કોઈક વૈષ્ણવ ભાઈને બજારમાંથી જરૂરી વસ્તુઓ લાવવા પૈસા આપતા. તે ભાઈ ચાર રૂપિયાની વસ્તુ આઠ રૂપિયામાં લઈ આવતા. રાજેશબાવાને એક દિવસે તે વાત ખ્યાલમાં આવી ગઈ. એટલે એમણે એ વૈષ્ણવને બોલાવીને કહ્યું કે "ભાઈ, તમે અમારા દાદાજીના સેવક છો એટલે તમારા પર અમે વિશ્વાસ રાખ્યો અને તમે ચારના બદલે આઠ લઈ લો એ સારૂં ન કહેવાય". એ વૈષ્ણવે કહ્યું કે "ગામમાં તો બધું તામસી દ્રવ્ય છે અને દૈવીદ્રવ્ય તો માત્ર આપનું જ છે; તે આપનું ન ખાઈએ તો અમારી બુધ્ધિ જ ન સુધરે!" આ હવેલીવાદી લોકો પણ એમ જ કહે છે— ગામનું દ્રવ્ય તો માનવદ્રવ્ય છે; દેવનું દ્રવ્ય ખાઈએ તો અમારી બુધ્ધિ સુધરે! અમને એવું નથી લાગતું. શ્રીમહાપ્રભુજીના વચનમાં નિષ્ઠા રાખીને અમે એમ માનીએ છીએ, કે જે આપણું દ્રવ્ય હોય તે પ્રભુને સમર્પણ કરવું જોઈએ; જે શ્રીઠાકોરજીનું દ્રવ્ય હોય તે આપણા માટે શ્રીઠાકોરજીથી ધરાર સમર્પણના નામે પચાવી ન પાડવું જોઈએ. એ વાતનો ખ્યાલ રાખો. એ બે વાતની ગરબડ ન થવા દો.

અશ્વત્થવૃક્ષ અને અવ્યયવૃક્ષના સ્વરૂપને સમજવા માટે આપણે ત્રણ ઉદાહરણો લીધા હતા— એક લીલાનું, બીજું નાટકનું અને ત્રીજું સિનેમાનું. તે પૈકી લીલાના ઉદાહરણમાં આપણે એક વાત સમજી કે જ્યાં પાત્ર અને અભિનેતા જુદા નથી પડતા; જે અભિનેતા છે તે પોતે જ પાત્ર પણ છે અને જે પાત્ર છે તે જ પોતે અભિનેતા છે. દા.ત. કોઈક એવા નાટકની તમે કલ્પના કરો કે જેમાં કહાણી તે અભિનેતાની જ કહેવાની હોય કે જે અભિનેતા પોતે તેમાં કામ કરી રહ્યો છે. હવે તો એમાં મેકઅપની કોઈ જરૂર નહિ પડે. હવે તો બીજી કશી રીતે પોતાના વ્યક્તિત્વને સંતાડવાની પણ અભિનેતાને જરૂર નહિ પડે. ધારો કે 'શ્યામમનોહર' કોઈક નાટક થતું હોય તો પાત્ર શ્યામમનોહર અને હું પોતે જ



એમાં અભિનેતા બની જાઉં તો મારે કોઈ મેકઅપની જરૂર ન પડે. જે વેશ મારો હમણાં છે તે જ વેશ મારો એમાં પણ હોય. જે રીતે હું હમણાં બોલી રહ્યો છું તે જ રીતે ત્યાં પણ બોલવાનું હોય. જે કાંઈ કરી રહ્યો છું તે જ કરવાનું છે. એટલે જ્યાં અભિનેતા અને પાત્ર બન્નેમાં ભેદ નથી પડતા; અભિનેતા પોતાનો જ અભિનય કરી રહ્યો છે, બીજાનો અભિનય નથી કરી રહ્યો.

અભિનેતાને 'અભિનેતા' એટલા માટે કહેવામાં આવે છે કે એ તમને પોતાના અભિનય દ્વારા પાત્ર સુધી લઈ જાય છે. પાત્ર સ્ટેજ ઉપર હોતું નથી, પણ અભિનય એટલે દર્શકને પાત્ર સુધી લઈ જવું. એવી રીતે વહાવીને લઈ જવું કે તમે અભિનેતાને જોતા હો સાંભળતા હો, પણ તમને એવું લાગે નહિ કે તમે અસલ પાત્રને નથી જોઈ રહ્યા, અસલ પાત્રને સાંભળી રહ્યા છો. એટલે સીતાજીનો અભિનય કરે તો લોકોને એમ જ લાગે કે સાક્ષાત્ સીતાજી આવી ગયા. એટલે જ સીતાનો અભિનય કરનાર દીપિકા ચિખલીયાને પણ લોકો પગે પડતા થયા. એટલે એના અભિનયની એ શ્રેષ્ઠતા ગણાય. અરૂણ ગોવિલ એ કાંઈ રામ નથી, પણ એ આવે અને લોકોને **"જય શ્રીરામ"** કહેવાની ઈચ્છા થઈ જાય. એ એના અભિનયની શ્રેષ્ઠતા. કેમકે અરૂણ ગોવિલ આપણને રામ સુધી લઈ ગયો. એના અભિનયથી એ પાત્ર સુધી આપણને લઈ ગયો. તો એમાં પાત્ર અને અભિનેતા જુદા છે. અરૂણ એ અરૂણ ગોવિલ છે અને રામ એ રામ છે. તો જ્યાં અભિનેતા અને પાત્ર નોખા થયા ત્યાં નાટક.

અને જ્યાં અભિનેતા અને પાત્ર એક જ છે, પોતે જ પોતાનો અભિનય કરી રહ્યો છે, કાંઈ બદલાતું નથી; કોઈને દેખાડવું નથી, કાંઈ કરવું નથી, હૃદયનો આનંદ છલકી રહ્યો છે એટલે

બસ લીલા પ્રકટ થઈ ગઈ. એ જે લીલા છે એ લીલા એટલે પરમતત્ત્વ જે એક છે તે અનેક થવા માગે છે. અને એવું એનામાં સામર્થ્ય છે. એને આપણી પરિભાષામાં **"બહુભવનસામર્થ્ય"** કહેવાય. તો બહુભવનસામર્થ્ય જે ભગવાન્‌માં છે કે **"એકોઽહં બહુ સ્યામ્ પ્રજાયેય"**. અર્થાત્ એક હું અનેકરૂપે બનું. આપણે તો એ બનવા માગીએ તો ન બની શકીએ. આપણને આપણી સામે ઘણાબધા અરીસાઓ મુકવા પડે અને પછી આપણે આપણાં ઘણા બધા રૂપો ધારણ કરી લઈએ એવી રીતે તો આપણાં અનેક રૂપ પ્રકટ થઈ શકે પ્રતિબિંબમાં. એ બધા મિથ્યા હોય છે, પારમાર્થિક નથી હોતા. સૂરદાસજી તેથી જ કહે છે કે **"જૈસે શ્વાન કાચમંદિરમેં ભસી-ભસી જાય મર્યો"**. તો એવા અનેક રૂપ ધારણ કરીને હું મારી સાથે ઝઘડો કરવા મંડી જાઉં, કે અલ્યા તમે ક્યાંથી આવ્યા, તમે કોણ?! ને આવું બધું કરૂં તો લોકો મને ગાંડો કહે. તો આ રીતે તો હું અનેકતા પ્રકટ કરી જ શકું પણ તે પારમાર્થિક નહીં જ કહેવાય. જે વડની અનેકતા છે કે એક વડ અનેક વડ બની જાય અને એ છતાંય વડ પોતાનું વડપણું ખોતો નથી, તો તે લીલા.

જ્યાં એનું સામર્થ્ય સંતાઈ જતું હોય તે નાટક. અભિનેતાનું સામર્થ્ય, અભિનેતાનું સ્વરૂપ, અભિનેતાનું વ્યક્તિત્વ સંતાઈ જાય અને પાત્રનું વ્યક્તિત્વ-સ્વરૂપ-ભાષા વગેરે પ્રકટ થાય તેનું નામ નાટક. અને તેના પછી ત્રીજું સિનેમા, કે જેમાં ભાષા-વ્યવહાર-મેકઅપ બધું દેખાઈ રહ્યું છે પણ હોય છે ખાલી સફેદ સ્ક્રીન, એના સિવાય કશું હોતું નથી. નથી અભિનેતા કે નથી પાત્ર હોતું; ભલે બધું સંભળાઈ દેખાઈ રહ્યું છે.

પહેલા જેમની બાબતમાં વાત કરી તે સુફીસંતના ઉદાહરણથી કે આપણે જે જોઈ રહ્યા છીએ તેમાં બે વસ્તુઓ ભેગી થઈ



ગઈ છે— જે હકીકતમાં દેખાતી હોય તે અને આપણે એમાં જે જોવા માગીએ છીએ તે. તો જે આપણે જોવા માગીએ છીએ તેવા ચશ્મા પહેરીને આપણે દેખાતી વસ્તુને જોઈ રહ્યા છીએ. હરા ચશ્મા પહેરીને, દુનિયામાં જ્યાં હરિયાળી નથી, ત્યાં પણ હરિયાળી જોવામાં આંખને ઠંડક પહોંચે છે. તે ઠંડક આપણને દુનિયામાં જોવી ગમે. એ ઠંડક દુનિયામાં જોવી ગમે એટલે એ હરિયાળી દુનિયામાં નથી તો ભલે નથી પણ આપણે આંખ ઉપર હરિયાળી ચઢાવી લઈએ. પછી હરા ચશ્મા પહેરીને દુનિયાને જોઈએ પછી દુનિયા જેવી છે તેવી નથી દેખાતી પણ આંખ ઉપર હરા ચશ્મા હોવાને કારણે આપણને દુનિયા હરી દેખાય છે. તો જે જોવા માગીએ છીએ તેવી દેખાય. તો આધિભૌતિક જે જગત્ છે તેમાં પણ આવી જ કાંઈક બીના બની રહી છે. જે દેખાતી વસ્તુ દેખાઈ રહી છે તે એક અને બીજી તે જે આપણે ત્યાં જોઈ રહ્યા છીએ. એનું ઉદાહરણ આગળ આપ્યું કે કોઈ સુંદર સ્ત્રી હોય પણ એ વાઘ-વરૂની સામે આવે તો એમને એના સૌંદર્યની કશી કિંમત નથી પણ એમને માટે તો ખાવાનો સારો પદાર્થ માત્ર છે, તે નિર્વિકારભાવે જમી લેશે. અને કોઈ કામુક હશે એને પોતાની કામવાસનાને લીધે એનું સૌંદર્ય નહિ દેખાય પણ પોતાની કામવાસનાનું કોઈ સાધન છે એવું જ દેખાશે. શિવાજીની કથામાં આવે છે કે શિવાજીનાં સૈનિકોએ કોઈ એક મુસલમાન સ્ત્રીને પકડી લીધી. તે એટલી સુંદર દેખાવડી સ્ત્રી હતી કે શિવાજીના દરબારમાં જ્યારે એને હાજર કરવામાં આવી ત્યારે શિવાજી એકદમ છક થઈને જોવા મંડ્યા. ત્યારે પેલી સ્ત્રીએ એમ કહ્યું કે મેં તો એવું સાંભળ્યું હતું કે તમે બહુ જ સંયમ પ્રકૃતિના રાજા છો અને મને ખબર નહિ કે તમારી દૃષ્ટિ આવી ખરાબ હશે. ત્યારે શિવાજીએ કહ્યું કે **"હું તો એમ જોઈ રહ્યો છું કે જો હું તારો દીકરો હોત તો હું પણ તારા જેટલો દેખાવડો થાત."** હવે સ્ત્રીનું સૌંદર્ય તો જેવું છે તેવું છે પણ શિવાજી જેવાને એમાં આવો માતાનો

ભાવ સ્ફુરે.

જે દેખાય છે તે અને જે આપણે જોઈ રહ્યા છીએ, તે બન્નેનું ખીચડો રંધાય છે. જે શુધ્ધ દેખાઈ રહ્યું છે તેને આપણે શુધ્ધ રીતે જોઈ શકતા નથી અને જે આપણે જોવા માગીએ છીએ તેને પણ આપણે સાદા સ્ક્રીન ઉપર જોઈ શકીએ એટલું આપણું એકાગ્રતાનું સામર્થ્ય નથી. સુંદરમાતા કેવી હોય તે જોવામાટે કોઇ સુંદર સ્ત્રી તો અપેક્ષિત હોય જ છે. શૂન્યમાં સુંદરમાતાની કલ્પના કરવી ઘણી અઘરી વાત છે. એટલું આપણાં ચિંતનનું કે યોગનું સામર્થ્ય નથી. એટલે યોગની સાધનામાં એની ખાસ ટ્રેનિંગ આપવામાં આવે છે કે તમને જે જોવું છે તેને જોવા માટેનું તમે માનસી રૂપ ઘડો. એ માનસી રૂપ ઘડીને તમે ખુલ્લી આંખથી જોવાનો પ્રયાસ ન કરો પણ આંખો મીંચીને એને જોવાનો પ્રયાસ કરો. જેને 'ધ્યાન-ધારણા' કહેવાય. અયોગીની તો, એ ધ્યાન-ધારણા, તેની વાસનાઓથી નિયંત્રિત થતી હોય છે. એમ જોવા જતા દરેક માણસ યોગી જ છે, એવો કોઈ માણસ નથી કે જે યોગી નથી. ફરક એટલો કે આપણી ધ્યાન-ધારણા આપણી વાસનાઓથી નિયંત્રિત થતી હોય તો આપણે ભોગી, તે આપણે બધા. આપણી વાસના આપણી ધ્યાન-ધારણાના સામર્થ્યથી જો નિયંત્રિત થતી હોય તો આપણે સાચા યોગી. બસ આટલું જ અંતર છે. જે માનસી રૂપ આપણે હૃદયમાં ધારણ કર્યું અને એ ધારણ કર્યા પછી એ રૂપ આપણી આંખોમાં એટલું બધું ભરાઈ જવું જોઈએ કે પછી ઉઘાડી આંખમાં પણ આપણે માનસીરૂપને જોઈ શકીએ. એટલે જેમ શિવાજીએ ઉઘાડી આંખથી પેલી રૂપવતી સ્ત્રીને જોઈ તો એમાં માતા દેખાઈ. એમની રૂપવતી માતાની ધ્યાન-ધારણા કેવી પ્રબલ હશે! એટલા માટે જ યોગમાં એમ કહેવામાં આવે છે કે તમને જેવું ઈશ્વરનું રૂપ ધ્યાન-ધારણાથી મનમાં ઘડવું હોય તે ઘડો અને ઘડ્યા પછી એનું ચિંતન એટલું બધું પ્રબલ બનાવો



કે તમારી વાસના એને ફગાવી ન દે પણ તમારી વાસના ઉપર એનું સામ્રાજ્ય સિધ્ધ થઈ જાય. તમારી વાસના તમે જે હૃદયમાં રૂપ ધારણ કર્યું છે તેના નિયંત્રણમાં આવી જાય, પછી તમે આંખ ઉઘાડશો ને તો પણ ખુલ્લી આંખે તમને એ રૂપ જગત્‌માં દેખાશે. યોગની સાધનાનું રહસ્ય ધ્યાન-ધારણાનું કાંઈક આવું હોય છે. એટલે વાસનાથી નિયંત્રિત ધ્યાન-ધારણા અને ધ્યાન-ધારણાથી નિયંત્રિત વાસના એમાં ઘણો ફરક પડી જાય છે. જેમ આપણી શારીરિક વૃત્તિઓથી ઊભી થતી સમાધિ તે નિંદ્રા અને આપણા ધ્યાન-ધારણાના સામર્થ્યથી ઊભી થતી નિંદ્રા એનું નામ સમાધિ. જે નિર્વિકલ્પ સમાધિ છે એ એક જાતની નિંદ્રા છે. પણ એ નિંદ્રા આંખો મીંચીને થતી નિંદ્રા નથી. ઊઘાડેલી આંખથી, ઊઘાડેલા કાનથી, ઉઘાડેલી નાસિકાથી, ઊઘાડેલી ત્વચાથી એવી એક નિંદ્રામાં પહોંચી જવાનું સામર્થ્ય છે. બધું ઉઘાડું હોય પણ માણસ પોતાની નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત હોય એટલે બાહ્યના કોઈપણ વિષયો એનામાં સુખદુ:ખ ઉત્પન્ન ન કરી શકે, એને ઉદ્વિગ્ન ન કરી શકે.

સ્વામી દયાનંદ સરસ્વતીના એક કથાનકમાં મેં વાંચ્યું કે હરિદ્વારમાં ઠંડીના દિવસોમાં તેઓ ઉઘાડા બેઠા હતા. કોઈ અંગ્રેજે એમની પાસે જઈને પુછ્યું કે અરે! આટલી ઠંડી પડી રહી છે અને તમને ઠંડી નથી લાગતી? દયાનંદ સરસ્વતીએ બહુ મજેદાર વાત સામે પૂછી કે "આટલી ઠંડી લાગે છે તો તમને તમારા મોઢા ઉપર ઠંડી કેમ નથી લાગતી?" અંગ્રેજે કહ્યું કે "મોઢાને તો અભ્યાસ પડી ગયો છે ઠંડીને ઝીલવાનો". ત્યારે દયાનંદે કહ્યું કે "જે અભ્યાસ તમને મોઢા ઉપર પડી ગયો છે તે મને આખા શરીર ઉપર પડી ગયો છે". મૂલ વાત અભ્યાસની છે, ઠંડી તો જે પડી રહી છે તે પડી જ રહી છે. મને પણ કોઈક વખતે કોઈક-કોઈક અખતરા કરવાની મજા પડે એટલે એક વખત હું બરફ પડતો હતો ત્યારે ગુલમર્ગ કાશ્મીર ગયો. પહેલાં તો બહુ ગભરાટ

થઈ ગયો. બરફ પડતાં કોઈ દિવસ જોયો જ ન્હોતો. ગભરાટ પણ બહુ થયો અને ટાઢ પણ બહુ લાગી. પછી થોડીક વાર મેં સમજવાનો પ્રયાસ કર્યો કે આ છે શું? પછી ખરેખર, એટલી બધી ટાઢ ન્હોતી લાગી. પછી તો શાલ જે મેં ઓઢી હતી તે પણ કાઢી દીધી અને આમ જ ફરતો હતો. એટલામાં એક મિલીટરી ઓફીસર ત્યાં આવ્યા અને મને પુછ્યું કે "તમે કોઈ યોગી મહારાજ છો?" મેં કહ્યું કે "ના, હું તો ગૃહસ્થ છું." પછી એમણે પુછ્યું કે કાંઈ "બાટલી-વાટલી પીધી છે?" મેં કહ્યું કે "ના, એ પણ નથી પીધી". તો એમણે કહ્યું કે "આટલો બધો બરફ પડી રહ્યો છે અને તમે આમ ઉઘાડા કેમ ઊભા છો?" મેં કહ્યું કે "તમને કદાચ આ બે કલ્પો ખબર હશે કે કાં તો બાટલી ચઢાવીએ તો ટાઢ ન લાગે કાં તો યોગીને ટાઢ ન લાગે; પણ તમે પણ કપડાં ઉતારી દો તો તમને ય ટાઢ નહિ લાગે". કપડાં પહેરીએ ને એટલે જ ટાઢ લાગતી હોય છે. એક વખત ઉતારી દો તો તમને પણ ટાઢ નહિ લાગે. આ ઢોર જે કપડા નથી પહેરતા એમને ક્યાં ટાઢ લાગે છે? એમને નથી લાગતી. આપણે પહેરીએ છીએ એટલે લાગે. હવે સુતરાઉ પહેરીએ તો ઊની કપડા પહેરવા પડે, ઊનના પહેરતા હોઈએ તો ચામડાના પહેરવા પડે. જેમ-જેમ આપણે કાચા-પોચા થતા જઈએ તેમ-તેમ આપણને ટાઢ વધારે લાગતી જાય. એક વખત નક્કી કરો કે મારે તો આમ રહેવું છે; જેટલી ઠંડી લાગવી હોય તેટલી લાગે. પછી ટાઢ પણ તમારાથી બીતી થઈ જશે.

જેટલા પણ સુખદુ:ખના વિષયોના આપણી ઇન્દ્રિયો પર થતા આક્રમણો છે, એ આક્રમણોથી આપણે અંજાઈ જઈએ છીએ, આપણી વાસનાઓને કારણે. વાસનાઓને કારણે આપણે અંજાઈ જઈએ; એટલે એ આપણા માથા ઉપર વધારે ચઢે. એટલે શાંત ચિત્તથી વિચારશો તો વાસનાઓનું આક્રમણ બરાબર કૂતરા જેવું હોય છે.



કૂતરો ભસે અને તમે ભાગો તો તમને કરડ્યા વિના ન રહે. અને કૂતરો ભસતો હોય તો એને ભસવા દો. ભલે ને તમે ગભરાતા હો પણ જરા હિંમતથી પગ પછાડીને ચાલવા મંડો એટલે પછી કૂતરો તમારાથી બીતો થઈ જશે. એ વિચારશે કે આ બીતો નથી એટલે આનામાં કાંઈ હોવું જોઈએ. પછી એને બીક લાગવા મંડે. એટલે મોટા ભાગના બધા કૂતરા પહેલા ભસીને માણસને જાણી લેતા હોય છે કે માણસ બીવે છે કે નહિ. જો માણસ ગભરાયા વિના આગળ ચાલતો રહે તો એ ધીમે-ધીમે ભસતો બંધ થઈ જાય અને જતો રહે. બધા વિષયોની પ્રકૃતિ કૂતરા જેવી જ હોય છે. રૂપ આપણી આંખ ઉપર એટલું બધું ભસાભસ કરે કે આંખ બી જતી હોય છે કે લે ત્યારે સરેન્ડર; **"શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્"**. જે સુંદર ધ્વનિઓ હોય છે તે કાન ઉપર એટલું બધું ભસાભસ કરે કે કાન સરેન્ડર જ થઈ જાય. સુંદર સુગંધની સામે અર્જુનની માફક નાકને શરણાગત થવું પડે છે. એટલે પછી એ આંખને, કાનને, નાકને તેઓ કરડી જાય છે. જો આપણે એમને શરણાગત ન થઈએ તો, એના માટે કાંઈક સામર્થ્ય જોઈએ, એ સામર્થ્ય આપણને ત્યારે મળે છે જ્યારે એ વિષયોની બાબતમાં જેમ કૂતરાની બીક ન હોય, તેવી નિર્ભીકતા દાખવીએ. ભયની વાસના ન હોય તો કૂતરો કરડે નહિ. એ રીતે આપણને વિષયોની વાસના ન હોય તો પછી વિષય આપણને કરડી શકતો નથી. એવી સ્થિતિ છે.

એટલે વિષયોથી બીને તેમની શરણાગતિ સ્વીકારતા જે દેખાય તેને વિષયવાસનાથી જોતા થઈ જઈએ છીએ. એટલે વિષય પણ દેખાય છે અને સાથે-સાથે આપણી એ વિષય પ્રત્યેની વાસનાને કારણે જે રૂપ આપણે ઘડ્યું ને તે રૂપ પણ દેખાતું હોય છે. હવે તમે શિવાજીની માફક સદ્‌વાસનાનું રૂપ ઘડ્યું તો તમને પેલી સુંદર સ્ત્રી માતા જેવી દેખાય, સુંદર સ્ત્રીમાં તમે કામવાસનાનું

રૂપ ઘડ્યું તો એ તમને કાન્તા જેવી દેખાય, સુંદર સ્ત્રીમાં તમે વાત્સલ્યની વાસના ઘડી તો તમને દીકરી જેવી દેખાય. આમ કઈ જાતની તમે વાસના ઘડો છો એના ઉપર બધું નિર્ભર છે. બાકી સૌંદર્ય તો તમને દેખાશે જ. એવો કોઈક જ આંધળો હોય જેને સૌંદર્ય એ સૌંદર્ય ન દેખાતું હોય. બાકી ખુલ્લી આંખમાં જે સુંદર હોય તે સુંદર દેખાય અને જે સુંદર ન હોય તે અસુંદર દેખાય. કોઈ સુંદર સુંદર દેખાય કે અસુંદર અસુંદર દેખાય તેની સાથોસાથ આપણી વાસનાઓ મુજબ તે આપણને દીકરી જેવી લાગે, બહેન જેવી લાગે, માતા જેવી લાગે એ બધી દશ્યમાં ભેળસેળ છે. જોકે જેની જેવી મુખાકૃતિ છે તેવી દેખાવી અને તેનું સુંદર કે અસુંદર દેખાવું પણ આપણી સૌન્દર્યદૃષ્ટિ કે સૌન્દર્યબોધની વાસનાઓથી જ પાછું સંભવે છે. તે અંશમા, પરન્તુ, એ હદ સુધી આ દાખલાને તાણવાની હાલ તબ્બકે કોઈ આવશ્યકતા નથી.

જેમ આદત પડ્યા પછી આપણો ચશ્માનો ભાવ એટલો દૃઢ થઈ જતો હોય છે કે આપણને ચશ્મા નથી દેખાતા અને ચશ્મામાંથી વિષય જ દેખાતો હોય છે. તે જેમ મેં આગળ ઉદાહરણ આપ્યું કે શરૂમાં જો ચશ્મા તમે પહેરો તો વિષય પછી દેખાશે અને ચશ્મા પહેલા દેખાશે. તેમ આપણને કોઈ નવી વાસના ઉત્પન્ન થાય, પછી એ સદ્વાસના હોય કે અસદ્વાસના, તેના મુજબ જ આપણને બધું દેખાતું હોય છે, શુદ્ધ વિષય નથી દેખાતો. વિષયોની ધ્યાન-ધારણા નિરન્તર કરી લઈએ પછી એ વાસનાઓ આપણી આંખ ઉપર, કાન ઉપર, જીભ ઉપર એક ચશ્માનું કામ કરતી થઈ જાય છે. એટલે આધિભૌતિક જગત્માં જે દેખાઈ રહ્યું છે તે વિષય અને વાસના બન્ને દેખાય છે.

સદ્વાસના હોય કે અસદ્વાસના હોય પણ કોઈ જૂજ જ એવા મજનુ હોય છે જેને માત્ર વાસના જ દેખાતી હોય, વિષય



ન દેખાતો હોય. એટલા માટે કહેવાય છે કે શિરી હતી તો બહુ કાળી હતી પણ ફરહાદને એ કાળી બદસુરત ન્હોતી દેખાતી; એને એ પોતાની પ્રિયતમા જ દેખાતી હતી. કેમકે એના પ્રેમની વાસના શિરી માટે એટલી પ્રબળ હતી. તેથી જ મુસલમાનોમાં આ બાબતનું એક બહુ સુંદર ઉદાહરણ પ્રસિદ્ધ છે કે એક વખત એમના કોઈક ધર્મોપદેશક શેખ નમાઝ વાંચી રહ્યા હતા, ત્યારે જ લૈલાને શોધતો-શોધતો મજનુ પણ ત્યાંથી પસાર થયો. એને ખ્યાલ જ નહિ કે શેખ નમાઝ વાંચી રહ્યા હતા તેથી મજનુ આમ વચ્ચેથી પસાર થઈ ગયો. શેખને તો ગુસ્સો આવી ગયો "અરે! હું અલ્લાહની નમાઝ વાંચી રહ્યો છું અને તું મારા આગળથી પસાર થાય છે? તને ખ્યાલ નથી આવતો કે કોઇ નમાઝ પઢતો હોય ત્યારે પઢનારની આગળથી પસાર ન થવાય!" જેમ આપણે ત્યાં પણ દંડવત્ કરનાર અને ઠાકોરજી ની વચ્ચે સમજદાર માણસે ઊભું ન રહેવું જોઈએ. પણ મજનુ તો મજનુ જ ને! એને તો લૈલાની જ ફકત વાસના છે, ધાર્મિક કે સામાજિક શિસ્તની નહિ. એટલે શેખને ગુસ્સે થતા જોઈ એણે પુછ્યું કે "તમે નમાઝ વાંચીને કોને શોધી રહ્યા છો?" શેખે કહ્યું "હું અલ્લાહને શોધી રહ્યો છું." મજનુએ કહ્યું "માફ કરજો ભાઈ, હું પણ મારી લૈલાને શોધી રહ્યો છું. એટલે મને ખ્યાલ જ ન આવ્યો કે તમે અલ્લાહને શોધી રહ્યા છો. પણ તમને કેવી રીતે ખ્યાલ આવ્યો કે હું તમારી આગળથી પસાર થયો?" તો શુદ્ધ વાસનાની મસ્તી એવી હોય છે. જ્યારે આવી શોધવાની મસ્તીમાં હોઈએ ત્યારે કોણ આગળથી કે કોણ પાછળથી પસાર થયો એની પરવા રહી જતી નથી. શેખને ખ્યાલ આવ્યો કે લૈલાને શોધનાર મજનુ મારા આગળથી પસાર થઈ રહ્યો છે પણ મજનુને એવો ખ્યાલ ન્હોતો કે શેખ નમાઝ વાંચી રહ્યો છે અને હું એની આગળથી પસાર થઈ રહ્યો છું. આ પોતાની પ્રિયતમાને શોધવાની વસનાની શુદ્ધ મસ્તી છે. વ્યક્તિ કે વિષય વિના પોતાની કેવલ વાસનાથી જ પ્રેરિત થવું હોય તો પાકા

મજનુ થવું પડે, તો જ કામ ચાલે. એટલે એક જાતની સ્નેહની વ્યસનદશા કે માનસીદશા કે ઉન્માદદશા કહીએ એવી ઉત્તમ અવસ્થાનો, ગાઢ કોટિનો સ્નેહ જ્યાં સુધી સિદ્ધ ન હોય ત્યાં સુધી શુધ્ધ વાસનામાં તો કોઈ જૂજ જ જીવી શકે. જે સાધારણ માણસ જીવે છે તે વિષય અને વાસના બન્નેમાં એકી સાથે જીવે છે. સામાન્ય માણસ ફકત વિષયથી જીવી નથી શકતો કે ફક્ત વાસનાથી પણ જીવી શકતો નથી.

તેથી શ્રીમહાપ્રભુજી આપણને એક વાત સમજાવે છે કે આ જે આધિભૌતિક જગત્ છે તે બે રીતે ઘડાયેલું છે — એક જગત્ જેવું છે તેવું અને બીજું જગત્‌ને આપણે જેવી રીતે સમજી રહ્યા છીએ તેવું. જગત્ જેવું છે તેવું તે તો બ્રહ્માત્મક છે અને જગત્‌ને આપણે જેવી રીતે સમજી રહ્યા છીએ તે બ્રહ્માત્મક નથી પણ અહંતા-મમતાત્મક છે. હું મારા અહમ્‌ના ચશ્મા ચઢાવીને આખા જગત્‌ને જોઈ રહ્યો છું. હું મારી મમતાના ચશ્મા ચઢાવીને આખા જગત્‌ને જોઈ રહ્યો છું. એટલે મારી અહંતા અને મારી મમતાની વાસનાથી મને આ આખું જગત્ દેખાઇ રહ્યું છે. શુધ્ધ, અહંતા-મમતાની વાસના વિનાનું, જગત્ જોઇ શકવું બહુ અઘરૂં છે. શુધ્ધ અહંતા-મમતાની વાસનાને જ જોવી અને જગત્‌ને જોવું જ નહિ એ પણ પાછું એટલું જ અઘરૂં છે. એ કાંઈ સાધારણ કામ નથી. કોઈ જૂજ જ આસુરી વ્યકિત એમ જોઈ શકે. કેમકે આપણી અહંતા અને મમતા એટલી સમર્થ નથી.

અભિનવગુપ્તનું મેં આગળ ઉદાહરણ આપ્યું હતું તેમાં અભિનવ પણ આ વાતને બહુ સુંદર રીતે સમજાવે છે, દા.ત., મારી અહંતા છે કે હું શ્યામમનોહર છું. એ અહંતા શબલ અહંતા છે. મને એમ લાગે કે હું શ્યામમનોહર નહિ પણ બ્રહ્મ છું તો મારી અહંતા શુધ્ધ થઈ ગઈ. અને જો મને એમ લાગે કે હું બ્રહ્માત્મક શ્યામમનોહર



છું તો મારી મિશ્ર અહંતા છે. એમ ત્રણ ભેદ એમણે કર્યા છે. આપણે ત્યાં પણ એમને એમ જ સ્વીકાર્ય છે કે મારી શુધ્ધ શ્યામમનોહર હોવાની અહંતા એ સંસાર છે. મને એમ લાગે કે બ્રહ્મ જ શ્યામમનોહરરૂપે થયો છે તો એ સંસારાત્મક અને જગદાત્મક અહંતા છે. અને જ્યારે મને એમ લાગે કે શ્યામમનોહર છે જ નહિ, બ્રહ્મ જ બ્રહ્મ છે, તો એ એકદમ સ્વરૂપાત્મક અહંતા થઈ ગઈ. જે અહંતામાં શ્યામમનોહર ભાસતો બંધ થયો એ શુધ્ધ બ્રહ્માત્મક અહંતા થઈ ગઈ.

એમ મમતા પણ, જ્યારે મને એમ લાગે કે આ બધું જગત્ મારા માટે— પૈસો તે મારા માટે, ઘર મારા માટે, દીકરો, દીકરી, બૈરી બધું મારા માટે; એ સંસારાત્મક મમતા છે. અને જ્યારે મને એમ લાગે કે આ કશું જ મારા માટે નથી, બધું જ ભગવાન્ માટે છે, તો એ મમતા શુધ્ધ થઈ ગઈ. એ સંસારાત્મક મમતા ન રહી ગઈ. આ બધું ભગવાન્‌નું છે અને ભગવાને પોતાની લીલામાટે પ્રકટ કર્યું છે. જ્યારે મને એમ લાગે કે હું ભગવાન્‌નો છું તેથી મારૂં બધું ભગવાન્ માટે, એમાં મારી મમતા મને મારામાટે પણ જણાય છે અને ભગવાન્‌માટે પણ જણાય છે. એ ભાવને શ્રીમહાપ્રભુજી સમર્પણનો ભાવ કહે છે, ભક્તિનો ભાવ કહે છે. મારૂં બધું મારા પ્રભુના માટે. એમાં પેલી મમતા તો બોલી રહી છે ને? "મારૂં બધું મારા પ્રભુના માટે" એમાં પણ મમતા બોલી રહી છે, પણ આ મમતા એ સંસારાત્મિકા મમતા નથી, અવિદ્યાત્મિકા મમતા નથી. અને મારા માટે કશું જ નથી, બધું ભગવાનનું જ છે, ભગવાન્ માટે જ છે —એમ જ્યારે ભાન થાય ત્યારે વિદ્યાત્મિકા મમતા થઈ. પણ જ્યારે "મારું બધું મારા ભજનીય પ્રભુ માટે છે" તો એ ભક્તિમયી મમતા છે.

એટલે જ વ્રજની લીલામાં પૂતના આવી હતી તેના પ્રસંગમાં

શ્રીમહાપ્રભુજીએ અતિ સુંદર વિવેચન કર્યું છે. એ વિવેચનમાં કહે છે કે પૂતનાને ભગવાને મારી નાખી એ પૂતના આપણું અજ્ઞાન છે. આપણું અજ્ઞાન પૂતના બનીને આવે છે. એ અજ્ઞાનને, અવિદ્યાને પ્રભુએ મારી નાખી. પૂતનાને મારી નાખ્યા પછી નંદરાયજી આવ્યા અને વ્રજભક્તોએ મળીને પૂતનાને બાળી નાખી હતી અને ચોમેર એની સુગંધ આવી રહી હતી. હવે આં એક બહુ સમજવા જેવી વાત છે કે પૂતના તે અસુર હતી અને એવી દુષ્ટ હતી કે ભગવાન્‌ને મારવા આવી તેથી ભગવાને તેને મારી. ભગવાને એને મારીને એમ જ ના મારી પણ મુક્તિ આપવા માટે મારી. લીલામાં એક ખાસ તારતમ્ય તમે સમજો—"**અવિદ્યા પૂતના નષ્ટા ગન્ધમાત્રાવ-શેષિતા**" અર્થાત્ અવિદ્યાની પૂતના નાશ પામી છે છતાંય વ્રજમાં એની થોડી સુગંધ રહી ગઈ છે. અવિદ્યા ખતમ થઈ ગઈ પણ એની સુગંધ રહી. એટલે જેમ આપણે હાથમાં અત્તર લગાડીએ તો હાથ ચીકણા થઈ જાય, પછી હાથને ધોઈ-લૂછી નાખો પછી ચીકણાહટ દૂર થઈ જાય પણ સુગંધ તો થોડીક રહી જાય. જેમ કોઈ સેન્ટ લગાવીને આપણી પાસેથી પસાર થાય તો એના ગયા પછી પણ થોડીક વાર સુધી સુગંધ રહી જાય છે. એ સેન્ટ કાંઈ ત્યાં લાગેલું નથી. અહીંયા ગીતામાં ભગવાન્ કહે છે— "**વાયોઃ ગન્ધાન્ ઇવ આશયાત્**" વાયુમાં એ સિફત હોય છે કે તે જે પુષ્પમાંથી એ પસાર થાય એ પુષ્પની ગંધ તે લઈને ચાલે. વાયુ પુષ્પને લઈને નથી આવતો પણ પુષ્પની સુગંધને લઈને આવે છે. તેથી ભગવાને મારેલી પૂતનાને બાળી નાખવામાં આવી છતાંય તેની સુગંધ ચોમેર વ્યાપી રહી હતી. આમ અવિદ્યાની કે અજ્ઞાનની પણ સુગંધ હોઈ શકે છે. શૃંગી ઋષીને સ્ત્રી-પુરુષના ભેદનું જ્ઞાન ન્હોતું તે અજ્ઞાન એમના ઋષિજીવનની સુગન્ધ હતી.

તેવીજ રીતે જ્ઞાનની દુર્ગંધ પણ હોઈ શકે. એ જ્ઞાનની દુર્ગંધનું વર્ણન ભાગવતકાર એમ કરે છે કે જે વખતે તમને બ્રહ્મજ્ઞાન



પ્રાપ્ત થયું કે "હું અને બ્રહ્મ એક જ" એવું બ્રહ્મજ્ઞાન જો તમને ભક્તિમાં સહાયક નથી થતું તો એવા જ્ઞાનમાં કોઈક જાતની દુર્ગંધ આવી રહી છે તમારા અહંકારની. જો કે તમારો અહંકાર બ્રહ્મજ્ઞાનને કારણે ઓગળી ગયો, કેમકે બ્રહ્માગ્નિ એ એવો અગ્નિ છે જેમાં તમારો અહંકાર ઓગળી જાય છે. તેથી જ ઉપનિષદ્ એમ કહે છે કે **યોહમસ્મિ બ્રહ્માહમસ્મિ અહમેવાહં માં જુહોમિ સ્વાહા**" અર્થાત્ હું જે કાંઈ છું તે બ્રહ્મ છું અને હું મારા અહંકારને બ્રહ્મરૂપી અગ્નિમાં હોમી રહ્યો છું. તો આપણે આપણા અહંકારને હોમી દઈએ છીએ. તે હોમી દીધા પછી પણ જેમ પૂતનાનો અગ્નિસંસ્કાર થઈ ગયો તેમ બ્રહ્માગ્નિમાં પણ આપણા અહંકારનો અગ્નિસંસ્કાર થઈ જતો હોય તો પણ કોઈક વખતે તેની દુર્ગંધ બાકી રહી જતી હોય છે. તે દુર્ગંધ એ કે "હું પોતે બ્રહ્મ છું પછી મારે ભગવાન્‌ની સેવા કરવાની શી જરૂર? એટલે ભાગવત કહે છે—

**યેઽન્યેઽરવિન્દાક્ષ વિમુક્તમાનિનઃ**<br>
**ત્વય્યસ્તભાવાદ્ અવિશુધ્ધબુધ્ધયઃ।**<br>
**આરુહ્ય કૃચ્છ્રેણ પરં પદં તતો**<br>
**પતન્ત્યધોઽનાદ્દત યુષ્મદંઘ્રયઃ॥**<br>
**તથા ન તે માધવ તાવકાઃ ક્વચિત્**<br>
**ભ્રશ્યંતિ માર્ગાત્ ત્વયિ બધ્ધસૌહૃદાઃ।**<br>
**ત્વયાભિગુપ્તા વિચરન્તિ નિર્ભયાઃ**<br>
**વિનાયકાનીકપમૂર્ધસુ પ્રભો॥**

એટલે એ લોકોએ "**અહં બ્રહ્માસ્મિ**" એ જ્ઞાન મેળવીને અહંકારની આહુતિ બ્રહ્માગ્નિમાં આપી, અહંકારના અગ્નિસંસ્કાર કર્યા પછી પણ જ્યારે "હું બ્રહ્મ છું ત્યારે મારે ભગવદ્‌ભજન કરવાની કોઈ જરૂર નથી" એવી મનોવૃત્તિ રાખે છે તેમાં અહંકારની એક

દુર્ગંધ રહી ગયેલી જણાય છે.

તેવી જ રીતે ભગવન્માહાત્મ્યજ્ઞાનની અગ્નિમાં આપણી અવિદ્યાનો અગ્નિસંસ્કાર કર્યા પછી પણ એની દુર્ગન્ધ રહી જઈ શકે છે. બ્રહ્મને મારી સેવાભક્તિની કાંઈ જરૂરત નથી. બ્રહ્મને દૂધ પીવાની જરૂર ન હોય? બ્રહ્મ કોઈ નાના બાળક જેવો છે કે દૂધ પીવે અને દૂધની લાલચમાં આપણે એને વિષ પીવડાવી દઈએ? એને દૂધની ગરજ જ નથી. **"યોઽસૌ વિશ્વંભરો દેવઃ"** એ તો વિશ્વંભર દેવ છે, એને કાંઈ આપણે દૂધ ભોગ ધરાવીએ એની ગરજ ન હોય. છતાંય અવિદ્યારૂપી પૂતનાને કારણે આપણને એમ લાગતું હોય છે કે ભગવાન્‌નો દૂધનો નેગ જેટલો છે તે આપણે પૂરો પાડવો જ પડશે. પોતાની પાસે નહિ હોય તો ગામમાં ભિખારીવેડા કરીને પણ ભોગ ધરો પણ નેગ-ભોગનો પ્રમાણ પાળો, નહિ તો ભગવાન્ આપણને ખાઈ જશે. આપણા પ્રભુ એવા કાંઈ રાક્ષસ, ભૂત, પિશાચ જેવા નથી. એ તો લીલાર્થ બાલભાવથી પ્રગટ થયા છે. એટલે એ આવી અવિદ્યાની વૃત્તિથી ધરેલા ભોગ નથી આરોગતા, પણ કોઈક અવિદ્યા બળી ગયા પછી જે સુગન્ધ હોય છે એનાથી અરોગે છે. હવે બ્રહ્મને કશાયની ગરજ નથી છતાંય —

**પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ।**
**તદહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ॥**

અરે! આત્માને ભૂખ કે તરસ નથી લાગતી. સંથારા કરનારા કેટલાય સિધ્ધ જૈન સાધુઓ, દેહધારી હોવા છતાંય, ભૂખ-તરસ ઉપર કાબૂ મેળવી લેતા હોય છે. એમ તમે પણ જો અભ્યાસ કરો તો ભૂખ-તરસ ઉપર કાબૂ કેમ ન મેળવી શકો? એ તો આપણે પ્રયત્ન નથી કરતા એટલે કાબૂ નથી હોતો. તો જો આ દેહધારીઓને એ સામર્થ્ય છે તો પરમેશ્વરને કાંઈ ભૂખ-તરસ લાગતી



હોય? ન જ લાગતી હોય. ન જ લાગતી હોય. ભૂખ-તરસ ન લાગે તો ન લાગે પરંતુ મારી ભક્તિ મને એમ કહેતી હોય કે મારે ઘરે બિરાજે છે તો જે કોઈ વસ્તુનો ઉપભોગ હું કરૂં એ તને સમર્પણ કર્યા વગર હું કેવી રીતે લઉં? એવી થોડીક અવિદ્યાની સુગંધ, **અવિદ્યા પૂતના નષ્ટા ગંધમાત્રાવશેષિતા"** જાળવીને રાખો તો પછી ભગવાન્ પણ એમ કહેશે કે "અચ્છા, આવી જો ભક્તિની સુગંધથી ભરપૂર દૂધ તમે મને ભોગ ધરો તે આરોગવું મને ગમશે. દૂધ જ નહિ જે કાંઈ વસ્તુ ભોગ ધરશો તે મને આરોગવી ગમશે, પણ જો તમે કોઈ અવિદ્યાથી ધરશો તો મને જમવાનું નહિ ગમે". આમાં અવિદ્યા નથી પણ અવિદ્યાની પ્રસરેલી એક ઝાંખી સુગંધ છે કે પ્રભુને કાંઈ જ નથી જોઈતું છતાં હું ભક્તિથી ધરીશ. તો ભગવાન્ કહે છે કે વારુ, તો હું લઈ લઈશ. જમવું નથી જ તે છતાંય ભક્તિથી તું જે કાંઈ ધરીશ તે હું જમી લઈશ. હું તરસ્યો નથી છતાંય ભક્તિથી તું મારી સામે ઝારી ધરશે તો હું પી જઈશ. મને ઊંઘ નથી આવતી પણ ભક્તિથી શૈયા પાથરીને તું મને કહીશ કે ગૈયા ચરાવીને આપ થાકી ગયા હશો માટે પ્રભુ પોઢો, તો હું પોઢી જઈશ.

આ બધું ભક્તિ હશે તો સંભવ છે; અને ભક્તિ એ બહુ નાજુક પ્રકારનો ભાવ છે. એ નથી શુધ્ધ અજ્ઞાન કે નથી શુધ્ધ જ્ઞાન, એ બન્ને વચ્ચેનું એક સંધિસ્થળ છે. એવો ભાવ કે જેમાં અજ્ઞાન અને જ્ઞાન ના બન્ને વિભાગો સમાહૃત થઈ જાય છે; જેમ પુરુષોત્તમમાં અવ્યય અને અશ્વત્થ ના બન્ને વિભાગો સમાહૃત છે. આત્માને જ્યારે કોઈ વસ્તુના ભોગની જરૂર નથી તો પરમાત્માને કે બ્રહ્મને કોઈ વસ્તુની જરૂર કેવી રીતે હોય? તો આ ગંધમાત્રાવશિષ્ટ જીવાત્માની પરમાત્મા પ્રત્યે ની મમતા છે. આ ગંધમાત્રાવશિષ્ટ અવિદ્યા છે. ભક્તિમાં એ અવિદ્યાની ગંધ અને જ્ઞાનની ગંધ બન્ને હોવી જોઈએ. આમ બન્ને એમાં સમાવિષ્ટ થાય તો ભક્તિ થઈ શકે.

તેથી જ રવીન્દ્રનાથ ટાગોરે એક બહુ જ સુંદર વાત કહી છે કે—

**તોમાય આમાર પ્રભુ કરે રાખી!**
**આમાર આમાર આમિ સેઈ ટુકુ થાકવોકિ॥**
**તોમાય આમી કોથાઓ નાંહિ ઢાકી।**
**આમાર આમાર આમિ સેઈ ટુકુ થાકવોકિ॥**
**તોમાર લીલા હોવે એ પ્રાણ ભરે।**
**એ સંસારે રેખે છે તાઈ ધરે॥**
**રહિવો બાંધા તોમાર બાહુ ડોરે।**
**બંધન આમાર સેઈ ટુકુ થાકવોકિ॥**

અર્થાત્ હે પ્રભો! જ્ઞાન તો મળ્યું પણ મારા આ જ્ઞાનને કારણે એવી મારી દુર્ગતિ કોઇ દિવસ ન થાય કે આ જ્ઞાનને કારણે હું એ ભાન ભૂલી જઉં કે તું મારો પ્રભુ છે. તને સર્વદા હું મારો પ્રભુ માનતો રહું. મારી આટલી મમતા તો રહેવી જ જોઇએ. બાકી જે મમતા નિવૃત્ત કરવી હોય તે ફટાફટ કરી દે પણ મારા ભીતરથી તું જો સાવ મમતા મટાડી દેશે તો પછી હું તને મારો પ્રભુ નહિં માની શકું. એટલે થોડીક મમતાની ગંધ મારામાં રહેવા દે. બાકી બધી મમતા ખોટી, પણ હું તને મારો પ્રભુ માનું છું એટલી મમતા સાચી. મારી અહંતા અને મારી મમતા આટલી તો મારા હૃદયમાં રહેવી જ જોઇએ. હું તને ક્યાંય પણ ઢાંકી નહિ દઉં, નહિ તો મારી ભીતર બહુ જ્ઞાન વધે તો હું મારી અહંતાથી જ તુ કદાચ ઢંકાઇ જશે. મારી ભીતર બહુ વિષયની વાસના વધે તો મારી મમતાથી તુ ઢંકાઇ જશે.

મને એમ લાગે કે વૃત્ત્યર્થ સેવા કરવી એ કાંઇ વાંધાજનક નથી તો એ મારી મમતાથી મારા પ્રભુને મેં ઢાંકી દીધો. વૃત્ત્યર્થ



સેવા કરી શકાય છે, **"નહિ કલ્યાણકૃત્ કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ"** આપણને ધનલાભ થાય, આપણી પૂજનીયતા વધે, એ માટે આપણા પ્રભુની આપણે સેવા કરીએ. તો આપણી મમતાથી આપણે આપણાં પ્રભુને ઢાંકી રહ્યા છીએ. રવીન્દ્રબાબુ પુષ્ટિમાર્ગીય નથી તો પણ પુષ્ટિની કેટલી ઊંચી ભાવના ગાઇ રહ્યા છે! એ કહે છે કે "હું તને ક્યારેય પણ ઢાંકું નહિ. આટલી મારી અહંતા અને મમતા દરેક વખતે મારી જાળવાવી જ જોઇએ **તોમાર લીલા હોવે એ પ્રાણભરે એ સંસારે રેખે છે તાઇ ધરે"** જે દિશામાં હું વળું એ દિશામાં તને શોધવા માટે હું વળું. મારા હૃદયમાં આટલી તો અહંતા-મમતા રહેવી જ જોઇએ કે હું પૂર્વમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં, આકાશમાં કે પાતાળમાં ક્યાંય પણ જાઉં ત્યાં તારી લીલાને જ શોધવા જાઉં. **રહિવો બાંધા તોમાર બાહુ ડોરે, બંધન આમાર સેઇ ટુકુ થાકવોકિ"** તારા બાહુના ડોરથી હું બંધાઇને રહું, ક્યાંય છટકી ન જાઉં એટલી અહંતા-મમતા મારામાં કાયમ રાખ. આ પ્રભુના માટે જાળવવામાં આવતી અવિદ્યાજન્ય અહંતા-મમતા એ સુગંધ સમી છે, ભક્તિની સુગંધ છે. આ બહુ ઉચ્ચ કક્ષાની વાત છે હોં! કવિતામાં બોલી જતા અને સાંભળતા તો બહુ સરળ લાગે છે પણ ખરેખર જીવનમાં આવું અમલમાં આવવું બહુ અઘરી વાત છે, પ્રભુ કૃપા કરે તો જ આવી શકે.

પ્રભુની બાબતમાં આવી મજનુની રીતો બહુ ઉચ્ચ કક્ષાની વાત છે કે આપણી વાસના જ આવી પ્રભુમય થઇ જાય. જ્યાં જઇએ ત્યાં પ્રભુને જ શોધતા હોઇએ. લાભ અને પૂજાને આપણે ન શોધીએ અને કેવળ પ્રભુને જ શોધીએ. આવું પ્રભુ આપણા પર જો બહુ અનુગ્રહ કરે તો જ મળે. પણ તે છતાંય એક વાત સમજવી કે જગત્ને જ્યારે આપણે જોઇ રહ્યા છીએ તે જગત્ને જોવામાં આપણી વાસના અને વિષય બન્ને અનુભવાય છે. એ આપણી અહંતા-મમતાભરેલી વાસનાને જ્યારે ભગવદ્વાસનાવાળી

બનાવીએ ત્યારે એ અજ્ઞાન અને એ અહંકાર આપણો ઉપાય તરીકે સાધક થઇ જતો હોય છે; અને નહિ તો આ વાસના આપણા ભગવન્માર્ગમાં બાધક થતી હોય છે.

**અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમ્ અસંગશસ્ત્રેણ દૃઢેન છિત્ત્વા :**

તેથી જ ગીતાકાર અહીંયાં કહે છે **"અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમ્ અસંગશસ્ત્રેણ દૃઢેન છિત્ત્વા"** વિષયો પ્રત્યે રહેલી આપણી વાસનાને આપણે કેવી રીતે છેદી શકીશું? તો ભગવાન્ કહે છે કે વિષયોમાં તમને અસંગ થવું જોઇએ. એટલે વિષયનો સંગ ન કરો, આ તમારી અહંતા-મમતાથી ભગવત્સંગ કરશો તો એ ભગવત્સંગને કારણે વાસનાના વિષયોમાં અસંગતાનો ભાવ જાગશે. આગળ પણ હું શ્રીમહાપ્રભુજીનાં વચનો ટાંકી ગયો તે મુજબ **"બ્રહ્મરૂપં જગદ્ જ્ઞાતવ્યં, બ્રહ્મ જગતો અતિરિચ્યતઈતિ ન તત્ર આસક્તિઃ કર્તવ્યા"** અર્થાત્ બ્રહ્મરૂપે જગત્‌ને જાણવું જોઇએ પણ બ્રહ્મરૂપે માણવું જોઇએ નહિ. કોઇ પણ તાર્કિકને કે ગણિતજ્ઞને જો પૂછશો કે જો જગત્ બ્રહ્મરૂપ છે તો જગત્‌ને શા માટે બ્રહ્મ તરીકે માણી શકાતું નથી? જો ગણિતના સમીકરણના આધારે શોધશો તો વાત ખોટી લાગશે. ગણિતનું સમીકરણ એમ જ કહેશે કે જો જગત્ = બ્રહ્મ; અને, બ્રહ્મ = 'માણી શકાય એવું તત્ત્વ' તો જગત્ = 'માણી શકાય તેવું' સિદ્ધ થાય જ. "ક = ખ, ખ = ગ, તો ક = ગ" આમ થવું જોઇએ. પણ આમાં થોડી ગરબડ છે. કેમકે અવ્યય બ્રહ્મ પોતે અશ્વત્થ બન્યો છે; અને પોતાની અવ્યયરૂપતા છોડીને નહિ બલ્કે જાળવીને. તેથી અશ્વત્થરૂપની તાત્ત્વિક અવ્યયતા જાણી લેવી જોઇએ કે એ અવ્યય જ અશ્વત્થ થયો છે. પણ અવ્યયની અશ્વત્થતા માણવી જોઇએ નહિ પણ અશ્વત્થમાં છોપાયેલી અવ્યયતાને જ માણવી જોઇએ. કેમકે અશ્વત્થને જ્યારે આપણે માણવા બેસીશું ત્યારે રડવા સિવાય છુટકો જ રહતો નથી.

મારા એક ઓળખીતા છે એમણે મને ઘણી વખત કહ્યું



કે મને સ્વરૂપ પધરાવી આપો. મેં એમને સ્વરૂપ પધરાવી આપ્યું નહિ. એટલે એક વખત એમના ઘરની ઉપર ઢેલે ઈંડા મૂક્યા. એટલે એમાંથી મોર અને ઢેલ જન્મ્યા. એમણે બન્નેને ભગવત્સ્વરૂપ તરીકે સેવામાં પધરાવી લીધા અને મને ચિઠ્ઠી મોકલાવી કે "આપે તો ઠાકોરજી ન પધરાવી આપ્યા પણ મારા તો ઘરના જ છાપરા ઉપર રાધા અને શ્યામ બન્ને પ્રગટ થઇ ગયા! તેથી મેં તો સેવા શરૂ કરી દીધી". હવે તેઓ કોઇ કારણસર છાપરા પરથી નીચે પડી ગયા અને પક્ષીઓમાં એવું હોય છે કે જે પડી ગયો તે પડી ગયો. આપણા પુષ્ટિમાર્ગીઓ પડી ગયેલાનો પણ સંગ્રહ કરતા હોય છે. આપણા શ્રીમહાપ્રભુજી કહે છે **"મહાપતિત વ્હે જાયગો મેરો નાહિ કહાવેગો"** પણ આપણે આવા પડી ગયેલા પુરુષોત્તમોનો પણ સંગ્રહ કરતા હોઇએ છીએ. પક્ષીઓમાં તો પડ્યો એટલે પડ્યો; **સો મેરો નાહિ કહાવેગો"** તો એ તો પાછા આવે નહિ. એટલે પંદર દિવસમાં રાધા-કૃષ્ણ (મોર-ઢેલ) લીલામાં પધારી ગયાં! એટલે ફરી મને ચિઠ્ઠી લખી કે હવે હું શું કરું? એટલે મેં કહ્યું "તમારે પુછ્યા વિના સેવામાં પધરાવવા જોઈતા જ ન હતા. એમ તમે મોર ઢેલ જે કાંઇ પણ આવે એને સેવામાં પધરાવી દો તો એમ કામ ન ચાલે."

આપણે જ્યારે અશ્વત્થને પકડીશું ત્યારે કાંઇકને કાંઇક એવા લોચા થાય જ છે. એટલે અશ્વત્થને અવ્યય તરીકે પિછાણવાનો છે કે આ અશ્વત્થરૂપે અવ્યય અભિનય કરી રહ્યો છે. અશ્વત્થ એ અવ્યયની લીલા છે; અવ્યયમાં પ્રગટ થતી લીલા છે. તેથી જાણવું જોઇએ અશ્વત્થને અવ્યય તરીકે, પણ માણવું અશ્વત્થને ન જોઇએ; માણવું જોઇએ અવ્યયને. તેથી ભગવાન્ કહે છે હું અશ્વત્થ અને અવ્યય બન્ને જાતનું વૃક્ષ છું. પાંદડા તો કેટલા બધા ખરી જતા હોય છે! દરેક ઋતુના અનુસાર પાંદડા તો ખરતા જ હોય છે પણ વૃક્ષ સ્થિર હોય છે. વૃક્ષ અવ્યય હોય છે

અને પાંદડા અશ્વત્થ છે. તો વિષય પ્રવાલો બધા ખરી જનારા અશ્વત્થ છે અને વૃક્ષ અવ્યય હોય છે.

એટલે ભગવાન્ કેટલી કાળજીથી કહી રહ્યા છે કે તમે એવી ભ્રમણામાં ના રહેશો કે આ અશ્વત્થને તમે કાપી શકશો. આ તો સુવિરૂઢમૂલ છે. આના મૂળિયાઓ મારામાં રોપાયેલા છે :

**દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા।**
**મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે॥**

આ તો મારી માયા છે કે હું અવ્યય હોવા છતાં અશ્વત્થરૂપે તમારી સામે આવી રહ્યો છું.

હવે શાહમૃગની માફક ખોટી ભ્રમણામાં ન જીવશો. શાહમૃગની પાછળ શિકારી પડે એટલે જ્યાં સુધી ભાગી શકે ત્યાં સુધી ભાગે; ભાગી ન શકે ત્યારે રણમાં ડોકું નાખી દે અને શિકારી દેખાતો બંધ થાય ત્યારે એને એમ લાગે કે શિકારી ગાયબ થઈ ગયો હશે! પણ આવું થતું નથી શિકારી તો રહે છે જ અને તે શાહમૃગ પકડાઈ જતો હોય છે. એટલે આંખ મીંચિવાથી દુનિયા ગાયબ થતી નથી. દુનિયાને ગાયબ કરવું આટલું સરળ નથી કે આપણે આંખ મીંચી દઈએ, કેમકે આપણી આંખ ઉઘાડવાથી દુનિયા ઉત્પન્ન થઈ નથી. થઈ હોત તો આપણી આંખ મીંચવાથી દુનિયા ગાયબ થઈ જાત! દુનિયામાં આપણી આંખ ઉઘડતી હોય છે, આંખ ઉઘડવાથી દુનિયા ઊભી થતી નથી.

જુના જમાનામાં તો નવજાત શિશુ એક મહિના સુધી આંખો ન્હોતા ખોલતા. હવે થોડાક બાળકોય ગિલીંડર થયા છે, બીજે ત્રીજે દિવસે તો આંખ ઉઘાડી જ દે છે. બધા જ્ઞાનીઓ પેદા



થઈ ગયા ને! પહેલાના જમાનાના બાળકોને ગર્ભમાં રહીને દુનિયાની ચકચકાહટ જોવા માટે આંખ જ ન્હોતી. હવે જાણે કેમ ભીતરથી આવા પાકા નીકળે છે કે જન્મીને બીજે ત્રીજે દિવસે આંખો ખોલી ચોમેર જોવા મંડે છે! એટલે જ નંબર વહેલા આવી જાય છે, કેમકે વહેલી આંખ ઉઘડે એટલે નંબર પણ વહેલા આવે. હવે બહુ ફાસ્ટ થઈ ગયું છે. બધું ફટાફટ થઈ જાય. એમાં ભક્તિ પણ આપણે ફટાફટ કરી દેવા માંગીએ છીએ. પોતાના ઘરમાં પધરાવવાની ખોટી લમણાઝીંક કરવી જ નહિ; હવેલીમાં પૈસા આપ્યા, પ્રસાદ લીધો ને બસ ભક્તિ પૂરી થઈ. બીજી ભાંજગડ જોઈએ જ નહિ. એનાથી આપણી ભક્તિની આંખમાં નંબર પણ વહેલા આવી જતા હોય છે.

<u>તતઃ પદં તત્ પરિમાર્ગિતવ્યં ...યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી</u> :

ભગવાન્ એમ કહે છે કે આ બહુ સુવિરૂઢમૂલ છે, એને તમે તમારા પ્રયત્ન વડે કાપી નથી જ શકવાના. એ તો હું જ્યારે માયાનું ઉપસંહરણ કરું તો જ આ માયા ઉપસંહૃત થઈ શકે છે. તે છતાંય ભગવાને એક સ્વતંત્રતા તમને આપી કે આ જગત્માં તમને અશ્વત્થનો સંગ કરવો હોય તો વિષયોનો સંગ કરો; અને અવ્યયનો સંગ કરવો હોય તો ભગવત્સંગ કરો. એના માટે તમને થોડું સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું છે. તમારા ભાણામાં પીરસનારે તો બન્ને વાનગી પીરસી દીધી છે; અશ્વત્થની વાનગી પણ પીરસી છે અને અવ્યયની વાનગી પણ પીરસી છે. જગત્ પણ છે અને સંસાર પણ છે તમારા ભાણામાં. હવે તમારે શું માણવું છે એ તમારા ઉપર નિર્ભર કરે છે. તમને સંસારને માણવો છે તો નિશ્ચિત સમજો કે તમારે અશ્વત્થને જ માણવો છે, અવ્યય જગત્ને માણવા નથી માગતા. જો તમને અવ્યયને માણવો હોય તો જગત્ને માણી શકો છો અને અવ્યયને માણવા, જગત્માં, તમારી વાસના કામ નહિ આવે. સાંસારિક વાસનાની દૃષ્ટિને કારણે જો તમે જોવા માંગો

છો એ રીતે નહિ પણ જેવું જગત્ છે તેવી રીતે જગત્‌ને જોવાનો પ્રયત્ન કરશો તો તમારી વાસનાઓથી છૂટા થઇ શકશો. આ સંસાર અને જગત્ પૈકી પહેલાં સંસારનું તમારે છેદન કરવું પડશે. એટલે જેવું દેખાઇ રહ્યું છે તે વસ્તુ અને જેવી રીતે તમે તેને જોવા ટેવાયેલા છો તે બન્નેને છૂટા પાડવા પડશે. સંસાર અને જગત્ ની જે ખીચડીની માફક એકબીજામાં ભેળસેળ થઇ છે, એમાંથી વાસનાને થોડીક છૂટી કરીને શુધ્ધ વિષયને જોવા મંડો. શ્રીમહાપ્રભુજી, તેથીજ, આજ્ઞા કરે છે **"વિષયો ભગવાન્ વિષયતા માયાજન્યા. વિષયે વિષયતા કાચિત્ સ્વીકર્તવ્યા યયા દષ્ટિઃ સવિષયા સ્યાત્"** વિષયતા જે છે તે વિષયની બાબતમાં આપણી વાસનાને કારણે દેખાતું તેનું રૂપ છે. જોકે વિષય રૂપે તો પોતે ભગવાન્ જ પ્રકટ્યા છે. વિષય જે છે તે અવ્યય છે અને વિષયતા જે છે તે અશ્વત્થ છે તે રીતે એને સમજો. તેને જો આપણે છૂટા કરીશું તો આપણને **અસંગશસ્ત્રેણ દઢેન છિત્વા તતઃ પદં તત્ પરિમાર્ગિતવ્યમ્"** તે પરમપદ સમજમાં આવશે.

**ગુલશન હો નિગાહોંમેં તો જન્નત ન સમજના।**
**દેખે તુઝે જો કોઇ હસરતકી નજરસે।**
**થોડીસી ઇનાયતકો મુહબ્બત ન સમજના॥**

આમ કોઇ શાયરે કહ્યું છે કે થોડુંક તમને ઉપવન કે બગીચો દેખાય તો એમ જ કૂદકો નહિ મારી લેતા કે જાણે સ્વર્ગ મળી ગયું. **દેખે તુઝે જો કોઇ હસરતકી નજરસે, થોડીસી ઇનાયતકો મુહબ્બત ન સમજના"** દરેક વ્યકિત કોઇકને ક્યારેક હસરતની નજરથી જોતી હોય છે તેથી આપણને એવી ભ્રમણા થઇ જતી હોય છે કે કોઇક થોડુંક આપણને હસરતની નજરથી જુએ એટલે આપણને એમ લાગે કે એને મારામાટે મુહબ્બત થઇ ગઇ. એમાં ઘણી વખત આપણે જૂતા ખાવા પડતા હોય છે. તો આ તો બહુ થોડીસી



ઇનાયત પ્રભુએ આપણા ઉપર કરી કે જે ઇનાયતને કારણે આપણે બસ એટલું સમજી શકીએ છીએ કે વિષય જુદો છે અને વિષયમાં રહેલી આપણી વાસના એ જુદી છે. એ જુદા કર્યા પછી એક બીજો અધ્યાય શરૂ થાય છે...

તેથી જ શ્રીમહાપ્રભુજી બહુ સુંદર વાત કહે છે કે—

**શુધ્ધાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહ્મવિદ્યાવિશારદાઃ।**
**ભગવત્સેવને યોગ્યા નાન્યે.............॥**

કેટલી સુંદર વાત કહી છે કે ભગવત્સેવા કોણ કરી શકે? ભગવત્સેવા કરવાનો અધિકારી કોણ? તેની શ્રીમહાપ્રભુજી શરત બતાવે છે કે **શુધ્ધાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહ્મવિદ્યાવિશારદાઃ"** સાંભળતા તો બહુ મોટી વાત લાગે છે અને ખરેખર વાત બહુ મોટી પણ છે જ. અમલમાં લાવવી હોય તો પાછી એટલી જ સરળ પણ છે. શુધ્ધિ એ જાતની કે વિષય અને વાસના ની ભેળસેળ ન હોવી જોઇએ. વિષય અને વાસના ની ભેળસેળ દૂર કરો. એવી શુધ્ધિ જો હશે આપણી ભીતર તો આપણને સુખ મળશે. કેમકે જે કાંઇ વિષયો આપણને દુઃખ આપી રહ્યા છે તે આપણી વાસનાને કારણે આપી રહ્યા છે. જ્યારે મને વાસના નથી ત્યારે કોઇ વિષય મને દુઃખ આપી શકતો નથી. જ્યારે મને કોઇ વિષયના રૂપમાટે વાસના નથી ત્યારે કોઇ વિષય મને સુખ આપી શકતો નથી. વિષય પોતે સુખ કે દુઃખ નથી આપતો, મારી વાસનાઓ મને સુખ કે દુઃખ આપે છે. નહિ તો એ જ દીકરો બહુ આજ્ઞાકારી બનીને રહેતો હોય તો સુખ આપતો લાગે અને એ જ દીકરો આજ્ઞાનો ભંગ કરે તો દુઃખ આપતો લાગે. તો એ દીકરાની બાબતમાં આપણી વાસનાઓ આપણને તકલીફ આપી રહી છે. વિષય નથી સુખ આપતો કે નથી દુઃખ આપતો, વિષય તો તેનો તે જ છે.

રોજ-રોજ પાવડર, લિપસ્ટીક સાડી કે ઘરેણા લાવી આપતો હોય તો પતિ પરમેશ્વર લાગે. એકાદ દિવસ ના પાડી દે તો ભાવ દૂષિત થઇ ગયો કે ધંધામાં જ રચ્યા-પચ્યા રહે છે, મારી ભાવનાનો તો કાંઇ વિચાર જ કરતા નથી! લો ત્યારે, પતિ પરમેશ્વરના ઠેકાણે પરમ શેતાન થઇ ગયો! તો પતિ કે પત્ની સુખ કે દુઃખ નથી આપતા પરંતુ પતિ-પત્નીમાં રહેલી વાસનાઓ જ સુખ કે દુઃખ આપે છે. જ્યારે આપણે વાસનાથી વિષયને છૂટો પાડીશું ત્યારે પછી કોઇ આપણને સુખ-દુઃખ આપી શકતું નથી. ત્યારે દરેક વસ્તુમાંથી આપણને આત્મસુખ મળે છે.

આપણે જ્યારે વિષયથી સુખ લેવા નથી માગતા ત્યારે આત્મામાં રહેલું સુખ આપણને પ્રગટ થવા મંડે છે. તેથી જ જેમ દૂધમાં સાકર મિલાવ્યા વિના પંદર દિવસ દૂધ પીઓ તો શરૂઆતમાં તમને ફિક્કું લાગશે પણ પછીથી દૂધમાં રહેલી મીઠાશ તમને અનુભવાશે. એમ તમારા આત્મામાં એક સુખ ભરાયેલું છે એ સુખ તમને મળતું નથી. કેમ? કેમકે દર વખતે તમારા આત્મામાં તમે વિષયવાસનાની સાકર ભેળવવા માગો છો, દરેક વખતે આત્માની અનુભૂતિની અહંતામાં વિષયવાસનાની મમતાની સાકર ભેળવી-ભેળવીને જ તમે એનો સ્વાદ માણવા માગો છો. વિષયવાસનાની મમતાની સાકર ભેળવવાની બંધ કરો તો પછી હળવેથી એમાં આત્મસુખ મળવાનું શરૂ થશે.

એક વાત સમજો કે અહીંયાં થોભી ગયા તો જ્ઞાની કે કર્મી; ભક્ત માટે તો હજી ઘણી લાંબી યાત્રા કરવાની બાકી છે—

**સિતારોંસે આગે જહાં ઔર ભી હૈં।**
**અભી ઈશ્કકે ઇમ્તહાં ઔર ભી હૈં॥**

એથી હજી એક પરીક્ષા આપવાની બાકી છે— બ્રહ્મને જાણવાની,



ઓળખવાની. બ્રહ્મને તમે પિછાણો, આ પુરુષોત્તમને પિછાણો; અવ્યય અને અશ્વત્થ બન્ને જેમાં સમાહૃત છે, બન્ને જેનામાં એકગત ભાવ થઇને રહી જાય છે. એ બ્રહ્મવિદ્યામાં તમે વિશારદ થશો પછી તમે ભગવત્સેવા માટે યોગ્ય છો. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે આ પુરુષોત્તમના અનુભવની ઊંચાઇ તમને મળશે પછી આ વિષયસુખના કાદવનાં ખાડામાં પડવાની તમને જરૂર જ નહીં રહે. તેથી જ કહે છે કે—

**મેરો મન અનત કહા સુખ પાવે।**
**જૈસે ઉડિ જહાજકો પંછી પુનિ જહાજપે આવે॥**
**'સૂરદાસ'પ્રભુ કામધેનુ તજી છેરી કોન દુહાવે॥**

એટલે પુરુષોત્તમની અનુભૂતિ તમને એક વખત મળશે તો તમને ખબર પડશે કે આ વિષયના સુખ, એટલે અશ્વત્થના સુખ અને અવ્યયના સુખ બન્ને એ પુરુષોત્તમના સુખમાં તો એક અંશ બનીને રહે છે.

તો તમને સમજમાં આવશે કે આ અશ્વત્થ અને અવ્યય ની લીલા જે પુરુષોત્તમ થકી પ્રગટ થઇ છે તેને તમારે શરણાગત થવાની જરૂરત છે. તે પુરુષોત્તમના તમે શરણાગત થશો તો પછી આ અશ્વત્થ અને અવ્યયના દ્વંદ્વો તમને પરેશાન કરતા બંધ થઇ જશે. તમારી દ્રષ્ટિમાં એક એવી ભક્તિની ઉજ્જ્વલતા લાવો કે જેને કારણે પુરુષોત્તમની અનુભૂતિમાં તમને અશ્વત્થ અને અવ્યય બંને દેખાશે. એના વિરોધાભાસી દ્વંદ્વો ખતમ થઇ જશે. તો જે સ્થિતિ પર, જે ઊંચાઇ પર પહોંચીને અવ્યય અને અશ્વત્થના દ્વંદ્વ ખતમ થઇ જાય તે પછી અશ્વત્થ વિષયના સુખ દુઃખ આપનારા જે દ્વંદ્વો છે એ તો કોઇ દિવસ તમને તકલીફ આપી શકતા નથી. જેમ નાટકના સુખ-દુઃખમાં મોહ પામ્યા વિના રસિક દર્શક નાટકના

કથાનકની રસાનુભૂતિનો લ્હાવો લઇ શકે છે.

**નિર્માનમોહા...પદમવ્યયં તત્:**

તેથી ભગવાન્ બહુ સુંદર કહે છે કે **"નિર્માનમોહા"** કેટલો સુંદર શબ્દ પ્રયોગ કર્યો છે. માન અને મોહ. ધ્યાનથી જુઓ— માન માણસને ક્યારે થાય જ્યારે અહંકાર વધે અને મોહ ત્યારે થાય જ્યારે મમતા વધે. એટલે આપણી ભીતર રહેલો અહંકાર આપણને માન મેળવવા પ્રેરિત કરતો હોય છે. આપણી ભીતર રહેલી મમતા આપણી ભીતર મોહ જગાડતી હોય છે. **'નિર્માનમોહા'** એટલે જેને માન અને મોહ નથી તે, જે અહંતા-મમતાની મનોવિકૃતિથી રહિત છે તે. ફરીથી ધ્યાન આપજો કે આ અહંતા-મમતાથી એ રીતે રહિત નથી થવું કે બ્રહ્મની પુરુષોત્તમની અનુભૂતિમાં આ રહિતતા આડે આવી જાય. નિર્માનમોહા એ અર્થમાં કે આ માન-મોહની વાસનાથી વિષયોનો જે સંગ આપણે કરીએ છીએ તેના ઉપર કાબૂ મેળવવો છે. વિષયનો સંગ કરવો છે પણ માન મેડવવાની વાસનાથી કે વિષય પ્રત્યેના મોહની વાસનાથી નહિ. વિષયોમાટે વાસના નથી જાળવવી પણ ભગવાન્માટે જાળવવી છે. આ થાય તો સંગદોષને જીત્યો કહેવાય. કેમકે બન્ને તમારી નજીક છે: વિષય તમારી ચોમેર ફેલાયેલો છે અને વાસના તમારી ભીતર ઠોંસીઠોંસીને ભરવામાં આવી છે. એટલે સંન્યાસ લઇ લો ને તો પણ ક્યાંક ને ક્યાંક વાસના ફૂટી પડે. વાસનાનો આપણી ભીતર અખૂટ ખજાનો છે. માણસ ઘરડો થાય તો પણ વાસનાનો ખજાનો ખૂટતો નથી.

એમ કહેવાય છે કે કોઇ જ્યોતિષીએ એક શેઠની જન્મકુંડલી જોઇને કહ્યું કે આપના ભાગ્યમાં સાત પેઢી વાપરો તોય ખૂટે નહિ એટલી સંપત્તિ છે. આ સાંભળીને શેઠ તો રડવા લાગ્યા કે તો મારી આઠમી પેઢીનું શું થશે?! લો ત્યારે. એટલો મોહ માણસમાં હોઇ શકે છે.



એક સંતની કથામાં હતું કે એમનો પુત્ર મરી ગયો એટલે પુત્રની માતા અને પરિવારના બીજા ઘણા રડતા હતા ત્યારે સંત રડતા ન્હોતા. એટલે કોઇકે આવીને ખરખરો કરતાં કહ્યું કે આવી દુ:ખદ ઘટના ઘટી અને તમે રડતા નથી. આવું કઠણ હૃદય તમારું કેમ બન્યું હશે? તે સંતે કહ્યું– "ના એવું નથી, મને સમજ નથી પડતી કે કેવી રીતે રડું. કાલે મેં એક સ્વપ્ન જોયું કે મારી પત્નીએ આઠ દીકરાઓને જનમ આપ્યો અને આઠે-આઠ દીકરા મરી ગયા. તેથી મુંઝવણમાં પડી ગયો છું કે સ્વપ્નમાં તો આઠ હતા અને તે આઠે-આઠ મરી ગયા. તો એક દીકરાને રડવું કે આઠ દીકરાને રડવું એ સમજ નથી પડતી". પેલા ખરખરા કરવા આવનાર ભાઇએ કહ્યું કે "સાચાને જ રડવું જોઇએ, સ્વપ્ન તો સ્વપ્ન છે એના માટે શું રડવાનું હોય?". તે સંતે કહ્યું કે "તો હવે તો આ સાચો દીકરો પણ સ્વપ્ન થઇ ગયો, સ્વપ્નની માફક એ કથા જ ખતમ થઇ ગઇ. એટલે જો હવે આ એક સાચા દીકરાને માટે રડવું જરૂરી હોય તો પહેલા સ્વપ્નમાં આઠ મરેલા પુત્રને રડવું જોઇએ ને!" તો આ સંતના હૃદયની કઠોરતાની વાત નથી પણ અસંગતાની વાત છે—

**આયાતમ્ આયાન્તમ્ અપેક્ષણીયં ગતં ચ ગચ્છન્તમ્ ઉપેક્ષણીયમ્।**
**અલં વૃથા ખેદનમોદનાભ્યાં યદ્ અસ્મદીયં ન હિ તત્ પરેષામ્॥**

એટલે કે આવેલ કે આવનાર ને આવકાર આપો, ગયેલ કે જનાર ને વિદાય આપો. વધૂ પડતું રડવા કે ખુશ થવાથી કોઇ લાભ થવાનો નથી. કેમકે જે તમારું છે, તે તમને મળી રહેવાનું જ છે અને જે તમારું નથી તે મળવાનું નથી જ. એટલે જે મળવાનું છે તેને કોઇ ઝૂંટવી શકવાનું નથી અને જે તમારી પાસેથી ઝૂંટાઇ રહ્યું છે તેના માટે રડવાથી કશો જ ફાયદો થવાનો નથી.

અસંગતાની વૃત્તિ આવી હોય. જે મને પ્રભુએ આપ્યું છે એને હું પ્રભુ સાથે ભોગવીશ. જે મારી પાસેથી પ્રભુએ ઝૂંટવી લીધું તેની બાબતમાં પ્રભુની ઈચ્છા માની લઈશ. પ્રભુની ઈચ્છા એ ઝૂંટવેલા વિષયને મારી સાથે ભોગવવાની નહિ હોય કે હું તેમની સેવામાં વાપરું. તેથી ચોરાસી વૈષ્ણવની એક વાર્તામાં આવે છે કે એક સ્ત્રી વૈષ્ણવના બે બાળક ચાલ્યા ગયા અને એ રડતી હતી. એ ચાલ્યા ગયા એના માટે નહિ પણ એના શ્રીઠાકોરજી સાથે હવે કોણ રમશે એવી ચિંતાથી રડી રહી હતી. એ પુત્ર પ્રત્યેની ડોશીમાંની મમતા પુત્રવાસનાથી ગ્રસ્ત નથી પણ ભગવદ્‌વાસનાથી મંડિત હતી. પુત્રની બાબતમાં પુત્રવાસનાનો સંગ અને પુત્રરૂપી વિષય બાબતમાં ભગવદ્‌વાસના રાખવી તેનું આ વાર્તાકારે આપણને આમ સોદાહરણ પ્રમાણ આપ્યું છે. તેવી રીતે **'નિર્માનમોહાઃ'** કહ્યું તેથી અહંતા કે મમતા થી સર્વથા રહિત નથી થઈ જવું, ભગવાન્‌ને પણ **'દાસોહં'** કહી-માની ન શકીએ એટલો અહમ્ પણ ન રહે અથવા તો શ્રીકૃષ્ણ માટે **"શ્રીકૃષ્ણઃ શરણં મમ"**માં પ્રકટ થતી **'મમતા'** પણ ન રહી જાય, એટલા નિર્માનમોહ નથી થવું. ફક્ત અહં-મમની વાસનાથી વિષયોના સંગ કરવાની વૃત્તિઓને કાબૂમાં લાવાની છે. એનો ઉપાય કહે છે કે **'અધ્યાત્મનિત્યાઃ'**. 'અધ્યાત્મ' એટલે આત્મસંબંધી જે ભાવો કે વૃત્તિઓ, એમાં નિત્ય રચીપચીને રહેવું તે ક્યારે સંભવે? જ્યારે અહંતાત્મિકા મમતાત્મિકા વાસનાઓ વિષયસંગ છોડીને આત્મગામી બની જાય. વિષયકામનાઓ નિવૃત્ત થઈ જાય ભગવત્કામનાને કારણે. વિષય વિષય માટે નથી જોઈતો, ભગવદ્‌ભક્તિ માટે જોઈએ છે. જો એ ભાવ કેળવાય તો વિષયવાસનાને કારણે થતા સુખદુઃખના દ્વંદ્વોથી મુક્ત થઈ જવાય. એવી અમૂઢ વ્યક્તિને તે દિવ્ય પદ પ્રાપ્ત થાય છે.

**ન તદ્ ભાસયતે...તદ્ધામ પરમં મમ:**

તે પદ કેવું તે બતાવવા ગીતાકાર કહે છે: મારા પરમાનંદનું



એક ધામ છે. પરમાનંદનું આ પરમધામ કે જેમાં જઈને કોઈને સંસારમાં પાછા આવવાની જરૂરત રહી જતી નથી. કેમકે **"અબ ન સુહાય વિષયરસ છિલ્લર વા સમુદ્રકી આસ"** એ સમુદ્ર તમને મળી ગયો કે જેના પછી વિષયરસ છિલ્લર તમને ગમતો બંધ થઈ જશે. તે ધામમાં પહોંચેલાને કોઈ પાછા આવવાનું કહે તો તેને ગમશે નહિ. તે ધામમાં પહોંચ્યા પછી તમે ક્યાંય પણ જાવ, એ ધામ તમારા હૃદયમાં સાથે જ આવતું હોય છે. તે ધામમાં જતાં જ એ ધામ તમારા હૃદયમાં આવી જતું હોય છે. તેથી જ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે વ્યાપિવૈકુંઠ તો તમારા હૃદયમાં પણ છે જો તમે માનસી ભક્તિ કરી શકતા હોવ તો. વ્યાપિવૈકુંઠ તો તમારા ઘરના ખૂણામાં છે જો ત્યાં તમે પ્રભુની સેવા કરતા હોવ તો. આ પુરુષોત્તમના એ ધામને પ્રકાશન કરવા માટે વીજળીનો ફ્યુઝ ક્યારેય ઊડી જતો નથી, કોઈ બંધ તૂટી જાય તો એ જનરેટર ફેઈલ (નિષ્ફળ) થઈ શકતું નથી. કેમકે એ ધામને પ્રકાશન કરવા મોટા સૂર્યની ગરજ નથી, એ ધામમાં શીતલતા મેળવવા માટે ચંદ્રની ગરજ નથી, એ ધામમાં સ્નેહની ઉષ્મા જાળવવા માટે લૌકિક અગ્નિ કે પાવક ની અપેક્ષા નથી. તેથી જ એક કવિએ કહ્યું છે—

**તૂ અપને દિલસે નિકાલ એક શમ્માએ ગૈરફાની।**
**ચિરાગે-દેરોહરમ તો અય દિલ જલા કરેંગે બુઝા કરેંગે॥**

આ દિલમાં, હૃદયરૂપી વ્યાપિવૈકુંઠમાં, એ ધામ પ્રગટ થવું જોઈએ કે જેમાં પુરુષોત્તમનો અનુભવ થાય. આ જગત્‌માં એ પુરુષોત્તમના અનુભવમાટે એ ધામ પ્રગટ થવું જોઈએ. આ મંદિર અને મસ્જિદના દીવાઓ તો જલશે પણ ખરા અને બુઝશે પણ ખરા. ભક્તિદીપ, પરન્તુ, તમારા હૃદયમાં પ્રજ્વલિત થાય તો એ પરમધામનું પ્રકાશન નિરન્તર થતું રહેશે. આ આપણે પણ અનુભવી શકીએ છીએ; બશર્તે, ભક્તિને પુરુષોત્તમ માટે વાપરીએ અને પુરુષોત્તમને ભક્તિ

માટે સમજીએ તો.

અત્યાર સુધી પુરુષોત્તમવિવેચનાની અંતર્ગત તદાદેશરૂપે એટલે કે તેને પરોક્ષ રીતે વર્ણવવાની શૈલીમાં જે રીતે પુરુષોત્તમને વર્ણવી શકાય તે રીતે પુરુષોત્તમ વર્ણવાયો. આ શૈલીના ઉપસંહારરૂપ શ્લોક ભગવાને **"ન તદ્ ભાસયતે સૂર્યો ન શશાઙ્કો ન પાવકઃ યદ્ ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ"** કહ્યો. હવે એક વાત ખાસ સમજવાની કે પુરુષોત્તમને પરબ્રહ્મ કે પરમાત્મા ના રૂપે જોતાં તો તે બાહ્યાભ્યન્તર સકલ જડ-ચેતન પદાર્થોમાં વ્યાપી જ રહ્યો છે. તેથી પરબ્રહ્મમાં જેમ દરેક જડ વસ્તુ અને દરેક ચેતન પ્રાણી અવસ્થિત છે તેમ પરમાત્મા રૂપે તે પણ સર્વત્ર મોજૂદ છે. તેથી તેનું ધામ ક્યાં નથી! પ્રત્યેક કણ તે પરમાત્માનું ધામ જ છે. તો પછી તેથી નોખું-જુદું પરમાત્માનું બીજું ધામ કયું? એટલે ઉપરછલ્લે વિચાર કરવાથી આપણને એમ લાગે કે મોટા-મોટા શેઠિયાઓના ત્રણ ચાર બંગલા હોય—એક મૂલ વતન ગામમાં, બીજો શહેરમાં જ્યાં વ્યાપાર-ધંધો ચાલતો હોય, ત્રીજો કોઇ હિલ સ્ટેશનમાં કે દરિયાકાંઠે નાનકડો કૉટેજ, જ્યાં રજા માણવા અવારનવાર જતા હોય, ચોથો તીર્થક્ષેત્રમાં ગેસ્ટહાઉસ જેવો વગેરે-વગેરે. એવા ઘણાબધા ધામ હોય તેમ જ પુરુષોત્તમનું ક્યાંક કોઇ ધામ પરમધામ હોવું જોઇએ.

શ્રીમહાપ્રભુજીએ બહુ સુંદર એનું સ્પષ્ટીકરણ અણુભાષ્યમાં આપ્યું છે કે 'પરમ' એટલે શું? તો સામાન્ય રીતે પરમ એટલે ઊંચામાં-ઊંચો, સારામાં-સારો એને આપણે 'પરમ' કહીએ. આગળ પણ આપણે જોયું કે ઘણા બધા શબ્દો રૂઢિથી પ્રચલિત હોય છે અને કોઇ વખતે શાસ્ત્રમાં અને આપણી બોલચાલમાં પણ રૂઢિ કરતાં યૌગિક શબ્દોનો પણ આપણે પ્રયોગ કરતા હોઇએ છીએ. જેમ મારું નામ ગોસ્વામી શ્યામમનોહર હોય એમાંનાં એક-એક અક્ષર હું લઉં તો



'ગો.શ્યા.મ.' તો મોટા શબ્દોમાંથી પ્રથમ અક્ષર લઇને એનો એક નાનો શબ્દ બનાવી શકાય. જેમ કે વેદમાં જ **"તજ્જલાનિતિ શાન્ત ઉપાસીત"** વચનમાં **"તસ્મિન્ જાયતે, તસ્મિન્ લિયતે ઇતિ 'તજ્જલાન્'"** એવા નાના શબ્દો બનાવેલા મળે છે. તે રીતે યૌગિક શબ્દ પણ બનાવાય. દા.ત. ભેંસને 'ભેંસ' કેમ કહીએ છીએ? "ભેં+સ" = 'ભેંસ'. પણ 'ભેં' અને 'સ' નો કાંઇ અર્થ નથી તેથી એ યૌગિક શબ્દ નથી પણ રૂઢ શબ્દ છે. રૂઢિથી ભેંસને 'ભેંસ' કહેવાય. પણ 'પંકજ' એટલે પંક=કાદવ તેમાં જે જનમતું હોય ખીલતું હોય તે પુષ્પને 'પંકજ' કહેવાય. આ રૂઢ નથી યૌગિક શબ્દ છે. કેમકે "પંક+જ" = 'પંકજ'. એ જ રીતે 'અશ્વત્થ'ના યૌગિક બે અર્થ પણ આપણે આગળ જોયા. તેવી રીતે અહીંયા **'પરમ'**નો અર્થ ભાષ્યકારે યૌગિક દેખાડ્યો છે કે **"પરો મીયતે અસ્મિન્ ઇતિ પરમઃ"** એટલે તે પરતત્ત્વને જ્યાં જાણી શકાય તેને **'પરમ'** કહેવાય. એ પરતત્ત્વ પરમાત્માને કયાં-કયાં જાણી શકાય? જવાબરૂપે પૂછવાનું જ રહ્યું કે પરતત્ત્વને ક્યાં નથી જાણી શકાતું? તેને તો બધે જ જાણી શકાય. જે સર્વવ્યાપી છે એને સર્વત્ર જાણી શકાય.

તેથી સમસ્યા એની નથી કે એને ક્યાં જાણી શકાય પણ સમસ્યા આપણી છે કે આપણે એને ક્યાં જાણી શકીએ. જ્યાં આપણે એને જાણી શકીએ, તે આપણાં માટે તેનું પરમધામ બની જશે. તમને જ્યાં નથી સમજાતું કે એ અહીંયાં પણ હોઇ શકે તે એનું તમારામાટે પરમધામ નહિ. સામાન્ય ધામ. એ તો બિચારો સર્વવ્યાપી હોવાને કારણે બધે બિરાજે જ છે. પણ તમારી એવી કોઇ સીમાઓ છે, મુશ્કેલીઓ છે, જેને કારણે તમે એને ત્યાં જાણી નથી શકતા. તેથી જ ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે કે **"શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ** કૂતરા, ચાંડાલ, બ્રાહ્મણ કે જે કોઇ હોય, બ્રહ્મજ્ઞાની બધે ઠેકાણે બ્રહ્મને જોતો

હોય છે. કેમકે જ્ઞાનચક્ષુથી એને અવ્યક્ત અવ્યય પરબ્રહ્મ પરમાત્માના સર્વત્ર દર્શન થતાં હોય છે.

ભક્તની કાંઈક મુશ્કેલી છે કેમકે તે પરમેશ્વરને સર્વત્ર વિદ્યમાનતયા સ્વીકારીને જ્ઞાની માફક શાન્ત નથી થઈ જતો. ભક્તને તો ભગવાન્‌ને ભીતર પણ અને બહાર પણ ભજવાની મધુર ઉદ્વિગ્નતા પેદા થઈ જતી હોય છે. મુશ્કેલી આ કે સર્વત્ર તેને જાણી શકાય પરન્તુ સર્વત્ર ભજવું શક્ય નથી. તેથી તે કેવી મુશ્કેલીઓ છે તે ગીતામાંથી પણ આપણે સમજીએ. ભગવાને વિભૂતિયોગમાં અર્જુનને બધી જ વિભૂતિઓનું વર્ણન કરતા કહ્યું કે હું કયાં-કયાં અને કઈ-કઈ રીતે બિરાજમાન છું. જેમ કે **"અશ્વત્થઃ સર્વવૃક્ષાણામ્, ઐરાવતો ગજેન્દ્રાનામ્, નરાણાં ચ નરાધિપો વૃષ્ણીનાં વાસુદેવઃ, પાણ્ડવાનાં ધનઞ્જયઃ"** વગેરે તો કેટલા બધાં ભગવાન્‌નાં ઠેકાણાં છે. અહીં નોંધવા જેવી વાત આ કે પાંડવોમાં અર્જુન તેમજ વૃષ્ણિઓમાં પોતે વાસુદેવ રૂપે બિરાજમાન છે તે જાણવા છતાંય અર્જુને પોતાની શરણાગતિ ન લઈ, વાસુદેવની શરણાગતિ લીધી છે. તેથી જે એને જ્યાં જોઈ શકતો હોય ત્યાં ભજી શકે છે, સર્વત્ર નહિ. જેમ **"હરિ તારા નામ તો હજાર, કિયા ગામે લખવી કંકોત્રી?"** તો કયા ગામે મોકલવી? ખરી વસ્તુ છે. એ ગામનું નામ મળવું મુશ્કેલ છે જ્યાં સુધી આપણે પાકો નિર્ધાર ન કરીએ કે કયા ગામમાં તમને એને શોધવો છે. નક્કી કરો કે આ ગામમાં મારે એને શોધવો છે, અને તે ગામનું સરનામું લખો; ત્યાં એને કંકોત્રી મળી જશે. એટલે બહાર, અંદર, ઉપર, નીચે, ઘરમાં, મંદિરમાં, પર્વતમાં, નદીમાં બધે એ વ્યાપ્ત છે, જે ગામમાં તમારે એને કંકોત્રી લખીને મોકલવી હોય ત્યાં મોકલવાનો પાકો નિર્ધાર હોવો જોઈએ. પછી જે ગામમાં તમે એને કંકોત્રી લખી મોકલશો ત્યાં એને કંકોત્રી મળી જશે. એ ચોક્કસ આવશે પણ. કેમકે ભગવાન્ પોતે કહે છે કે **"યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્"** જે જેવી



રીતે મારી સામે પ્રપન્ન થાય છે તેની સામે હું તેવી રીતે આવી પહોંચું છું.

તેથી જ શાસ્ત્રોમાં એની એક સુપરિભાષિત વ્યવસ્થા દેખાડવામાં આવી કે—

**અગ્નૌ ક્રિયાવતાં દેવો દિવિ દેવો મનસ્વિનામ્।**
**પ્રતિમાસ્વલ્પબુધ્ધીનાં યોગિનાં હૃદયે હરિઃ॥**

જે લોકોને યજ્ઞ-યાગાદિ કર્મકાંડ કરવા છે, તેમના માટે દેવ અગ્નિમાં વસે છે. કોઈ મનસ્વીને એમ લાગે કે મારું મન અગ્નિમાં નથી માનતું, કે જેમ કર્મશાસ્ત્રોએ વિધાન કર્યું છે, તો અગ્નિકુંડમાં તું કંકોત્રી ને સ્વાહા નહિ કરતો, તે એને મળશે નહિ. એવા મનસ્વીને શાસ્ત્ર કહે છે તારેમાટે તો દેવી-દેવતાઓ બધા ઉપર વસે છે. તેથી તારી આમંત્રણપત્રિકા તું ઉપર મોકલજે. ભૂ ભુવ સ્વઃ મહ જન તપ સત્ય કૈલાશ કે વૈકુંઠ, વગેરે જે આપણે વિચારી શકતા હોઈએ અહીં વિચારી લેવા. બહુ ખોજખપ્પડ નથી કરવી કે ક્યાં કંકોત્રી મોકલવી છે, તો એની એક પ્રતિમા ઘડો અને ભજન શરૂ કરી શકો છો. હવે અવ્યયની પ્રતિમા ઘડવી તો શક્ય નથી **"ન તસ્ય પ્રતિમા વિદ્યતે"** એમ લાગતું હોય તો ભગવાન્ કહે છે અવ્યક્તની પ્રતિમા ન ઘડી શકાય તે વાત સાચી પરન્તુ તે અવ્યક્ત પરમાત્મા તમારા હૃદયમાં ભાવરૂપે વ્યક્ત થવા માગતો હોય ત્યારે તેની અવ્યક્તતા એને આડે નથી આવતી. એ ભાવરૂપે જ્યારે હૃદયમાં વ્યક્ત થાય, પછી તે ભાવરૂપે વ્યક્ત પરમાત્મા કેવો છે, એ તમારૂં હૃદય તમને સમજાવી દેશે. ભાવરૂપ પરમાત્માના સ્વરૂપને અનુરૂપ તમે તેની પ્રતિમા ઘડી શકો છો. તેથી જ આપણે ત્યાં કહે છે કે **"જાકી રહી ભાવના જૈસી પ્રભુમૂરત તિન દેખી તૈસી"** તો જેવી તમારી ભાવના હોય તેનાથી તમે એને ઘડી

શકો છો. નિખાલસ ભાવના હોવી જોઈએ, એ વાત સાચી. છેતરપિંડીની ભાવના નહિ ચાલે કે આ કંડારી દઉં પછી ધંધો ચાલુ કરું કે ગામમાં પ.ભ. તરીકે ખપવા મંડું. એવું ન જોઈએ. જો તમારી નિખાલસ ભાવના હોય કે આ રીતે મારે એને ભજવો છે, તો એવી નિખાલસ ભાવનાથી કંડારશો તો અવ્યક્તને પણ તમે તમારી ભાવનાની કોતરણીથી ઘડીને તમે વ્યકત કરી શકો છો.

ભાગવતે આપણામાટે સ્વીકારી રાખ્યું છે :—

**ત્વં ભાવયોગપરિભાવિતહૃત્સરોજ**
**આસ્સે શ્રુતેક્ષિતપથો નનુ નાથ પુંસામ્।**
**યદ્-યદ્ધિયા ત ઉરુગાય વિભાવયન્તિ**
**તદ્-તદ્ વપુઃ પ્રણયસે સદનુગ્રહાય।**

તમારા હૃદયમાં રહેલ ભાવયોગથી અને તમારી સાત્વિકબુધ્ધિથી જ્યારે તમે એની જેવી વિભાવના કરો છો ત્યારે તેવું પારમાર્થિક સ્વરૂપ ધારણ કરીને એ તમારી સામે પ્રગટ થાય છે.

એનું પૂરતું પ્રમાણ શ્રીકૃષ્ણે આપણને આપ્યું છે. જ્યારે શ્રીકૃષ્ણ મથુરા પધાર્યા ત્યારે —

**મલ્લાનામ્ અશનિઃ નૃણાં નરવરઃ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્**
**ગોપાનાં સ્વજનોઽસતાં ક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ।**
**મૃત્યુર્ભોજપતેઃ વિરાડવિદુષાં તત્ત્વં પરં યોગિનાં**
**વૃષ્ણીનાં પરદેવતેતિ વિદિતો રંગં ગતઃ સાગ્રજઃ॥**

જે પહેલવાનો હતા એમની ભાવનાને અનુરૂપ એ નાનકડું બાળક પહેલવાન જેવું દેખાયું, સામાન્ય માણસોને કોઈક શ્રેષ્ઠ નર



જેવા ભગવાન્ દેખાયા, સ્ત્રિઓને કામણગારા સાક્ષાત્ કામદેવ જેવા લાગ્યા, કંસને મૃત્યુ આવતું દેખાયું, વસુદેવ-દેવકીને અત્યંત કોમળ બાલક દેખાયું, યોગીઓને પોતાનાં હૃદયમાં બિરાજતા પરમેશ્વર દેખાયા, વૃષ્ણિઓને પરદેવતા દેખાયા. તેથી ભાગવતકાર ઘણીરીતે વર્ણવે છે.

અનેક ભાવનાઓને અનુરૂપ ભગવાન્ પોતાની મૂર્તિ એકકાલાવચ્છિન્ન ઘડીને તમારી સામે પ્રગટ થઈ શકે છે. એ ભાવયોગથી એ સ્વરૂપને તમે પોતે ઘડી શકો છો. તો અવ્યક્તનું રૂપ પણ તમે વ્યક્ત કરી શકો છો, એવું સામર્થ્ય પ્રભુએ તમને આપ્યું છે, તેથી તમે ભોગવો છો.

જેમ લોકતાંત્રિક સરકારમાં સરકાર એ જ કે જેને આપણે ચૂંટીએ. ચૂંટાયા પછી તે આપણું શાસન કરતી હોય, પણ હકીકતમાં તો શાસન કોણ કરે એ ચૂંટવાનો અધિકાર આપણો છે. એમ પરમાત્માએ આપણને અધિકાર આપ્યો છે કે તું તારા ઈષ્ટદેવની ચૂંટણી કર અને તું જે રૂપે એની ચૂંટણી કરશે તે રૂપે હું તારી સરકાર બની જઈશ. નિખાલસ વોટ તમે આપતા રહો, ધોખાધડીનો વોટ નહિ. અને વોટમાં પણ તમને ખબર જ હશે કે કમળપર, દીવડાપર, ઝાડપર, સાયકલપર એમ બધા જ નિશાનો પર તમે ઠપ્પો લગાડી દો તો એ વોટ ઈનવેલિડ = રદબાતલ થઈ જાય. એટલે —

**અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્॥**

એટલે બધા નિશાનોઉપર ઠપ્પો નહિ મારી દેતા. ચૂંટણીની પ્રક્રિયા હજુ ઘણા બધા સમજતા નથી, એટલે બહુ લોચા થઈ જાય છે. બધા જ નિશાનો ઉપર આપણે ઠપ્પો લગાડી દઈએ તો એ તમારો 'નિત્યાભિયોગ' ન કહેવાય. તેથી તમારે થોડીક સરખી

રીતે એ ચૂંટણીની પ્રક્રિયા સમજાવી પડશે કે તમારો જે વોટ છે એ બધાને ન આપો. બ્રહ્મ રૂપી બેલેટ પેપર પર તો બધા જ ભજનીય દેવોનાં રૂપો કે નિશાનો મોજૂદ છે, પણ તમારી સરકાર તે જ થશે કે જેના ઉપર તમે ધ્યાનભક્તિનો ઠપ્પો લગાડ્યો હશે. તે જ તમારામાટે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ બની જશે.

**યો યો યાં યાં તનું ભક્તઃ શ્રધ્ધયાઽર્ચિતુમિચ્છતિ।**
**તસ્ય તસ્યાચલાં શ્રધ્ધાં તામેવ વિદધામ્યહમ્॥**
**સ તયા શ્રધ્ધયા યુક્તો તસ્યારાધનમીહતે।**
**લભતે ચ તતઃ કામાન્ મયૈવ વિહિતાન્ હિ તાન્॥**

એટલે ચૂંટવાની પ્રક્રિયા સૌથી પહેલા પ્રભુએ આપણને સમજાવી છે. એમાં છેતરપિંડી કે મૂર્ખાઇ કરીએ તો ચૂંટણીની પ્રક્રિયામાં જ ગરબડ થઇ ગઇ એટલે ચૂંટાય જ કેવી રીતે?

એટલે મૂળમાં તો સમજવાનું એટલું જ કે તમારી અનન્ય અવ્યભિચારિણી ભક્તિથી એને ચૂંટો. જે રૂપે તમે એને ચૂંટશો તે રૂપે એ તમારો પુરુષોત્તમ થઇ જશે. વાત સમજવાની એ કે એ અવ્યક્તનો પણ આપણે વ્યક્ત આકાર ઘડી શકીએ છીએ. અને તેનું જ પ્રમાણ એક ડોકરીની વાર્તા છે કે એણે કોઇ દિવસે બાલકૃષ્ણલાલજીના દર્શન ન્હોતા કર્યા. એના ઓળખીતા વૈષ્ણવ એને ત્યાં સેવા પધરાવીને બહારગામ ગયા. તો ડોકરીએ ઝાંપી ખોલી અને બાલકૃષ્ણલાલ પધરાવ્યા ત્યારે એને એમ લાગ્યું કે આ તો ઠંડી લાગતી હશે એટલે ઠાકોરજી આમ વળીને બિરાજ્યા છે! એટલે એ તો તેલ-માલિશ કરવા મંડી પડી. પહેલા ટાઢને તો દૂર કરું. પછી બીજી સેવા. માલિશ કર્યે રાખી એટલે અંતે ઠાકોરજીને પણ, **"ત્વં ભાવયોગપરિભાવિત..."** વચન પ્રમાણે બાલકૃષ્ણલાલજીનું રૂપ છોડીને મદનમોહનજીનું રૂપ ધારણ કરવું પડ્યું. તેથી ભાવયોગથી



પરમાત્માના રૂપને બદલી શકાય છે, ભક્તિ અવ્યભિચારિણી હોવી જોઈએ. નિખાલસ-ભોળી ભક્તિ; એમાં છેતરપિંડીની કોઇ વાત નથી. કોઇને દર્શન ન્હોતા કરાવવા કે બાલકૃષ્ણલાલના દર્શન કરતા ઓછી ભેટ આવે, ઓછા મનોરથી આવે, તેથી મદનમોહનજી બનાવી દેવા છે!

એક ગામમાંથી વૈષ્ણવો ફરિયાદ લઇને મારી પાસે આવ્યા કે ત્યાં પુષ્ટિમાર્ગનું એક મંદિર છે જે બહુ જૂનું થઇ ગયું છે અને એનો પુનરુધ્ધાર કરાવવો છે તો કેવી રીતે કરવું? તો મેં કહ્યું પુનરુધ્ધારની શી જરૂર છે? એ ઠાકોરજી જેના હોય એને પધરાવી દો; એને કહો કે તમારા ઘરમાં ઠાકોરજીને પધરાવીને સેવા કરો. તો એણે કહ્યું કે બે-ત્રણ પેઢી પહેલાં કોઇ આ સ્વરૂપની સેવા કરતું હતું. હવે તો એમના વંશજો સેવા કરવા ઇચ્છતા જ નથી. એટલે આ જાહેર મંદિર થઇ ગયું છે. અને હવે એનો કોઈ પુનરુધ્ધાર નથી કરતું, હવેલી બહુ જૂની થઇ ગઇ તો શું કરવું? મેં કહ્યું "એમાં હું કાંઇ કરી શકું નહિ, તમને જેમ સમજમાં આવે એમ કરો. જૂનું ઘર પડી જવાનું હોય તો માણસ બેંકમાંથી પણ પૈસા ઉછીના લઇને પોતે પુનરુધ્ધાર કરાવી દે. ગામની હવેલીનો કોણ પુનરુધ્ધાર કરાવે? ખપતા બધા નાણાં ખરચવાની તો ઇચ્છા કોઇને થાય જ નહિ ને! એટલે લક્ષ્મીના નાથના નામે ભીખ માગ્યા સિવાય છૂટકો જ નહિ. એટલે એ તો ગામમાં ભીખ માગવા મંડ્યા. પછી તો એમણે દેવીના ભક્ત પાસેથી, ઈતર દેવોના ભક્તોથી, સાંઈબાબાના ભક્તોથી; એટલે હિન્દુ-મુસ્લિમ-શીખ-ઈસાઈ સબકો મેરા સલામ કરીને બધા પાસેથી ભીખ માગીને મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો. મંદિરનો જીર્ણોધ્ધાર તો સરખો થઇ ગયો પણ પછી મોટી પંચાત ઊભી થઇ કે જીર્ણોધ્ધારમાં જે લોકોએ મોટો ફાળો આપ્યો હતો એમણે કહ્યું કે એટલા બધા પૈસા તમે લઇ ગયા છો તો વહીવટમાં પછી ગોટાળો ન થાય એટલે વહીવટકમિટીમાં

અમને પણ મૂકો. એટલે મોટો ફાળો જોઈતો હોય ને તો પછી એમની આગળ કશું જ ન ચાલે. એમનું વહીવટકમિટીમાં નામ મૂકાયું પછી એ હિન્દુ-મુસ્લિમ-શીખ-ઇસાઇ બધા પાછા સમભાવી એટલે એમણે કહ્યું કે આ તો બહુ નાના ઠાકોરજી છે, એમના તો દર્શન પણ બરાબર થતા નથી, એટલે મંદિરનો જીર્ણોધ્ધાર તો ફંડ-ફાળાથી ઘણો સારો થઇ ગયો છે અને આવી નવી હવેલીમાં આવા નાના ઠાકોરજીથી અમને મઝા નથી આવતી એટલે મોટા ઠાકોરજી પધરાવો! એટલે એમને જુલાબ લાગ્યો કે જો મોટા ઠાકોરજી પધરાવીએ તો આ નાના ઠાકોરજીની હવેલીની પૂજાવિધિ બધી બદલાઇ જાય. તો એમણે વિચાર્યું કે કયા ઠાકોરજી પધરાવવા? તો દરેક વ્યક્તિએ પોત-પોતાના આરાધ્યનું નામ સૂચવ્યું અને બધા જુદા-જુદા હોવાથી બધા લડવા મંડ્યા. હનુમાનના ભક્તે કહ્યું કે મોટા હનુમાનજી પધરાવો, મહારાષ્ટ્રી લોકોએ કહ્યું કે પાંડુરંગ વિઠ્ઠલનાથજી પધરાવો, તો સાંઈબાબાના સેવકોએ કહ્યું કે સાંઇબાબાની મોટી મૂર્તિ પધરાવો. તે બધા ફરી મારી પાસે આવ્યા કે "આપ એ ગામમાં પ્રવચન કરો કે પુષ્ટિમાર્ગમાં અન્યાશ્રય ન થાય, બાંધેલી હવેલીમાં નાનકડા બાલકૃષ્ણલાલની જ સેવા થાય". મેં કહ્યું કે "મેં તમને પહેલા જ કહ્યું હતું કે એ જેના ઠાકોરજી હોય એના ઘરમાં પધરાવી દો. તો તમે પધરાવ્યા નહિ. ગામ પાસેથી ફંડ-ફાળો કર્યો એટલે એ લોકો વહીવટમાં આવ્યા". નાનકડા બાલકૃષ્ણલાલથી એમનો ભાવ પોસાય નહિ કારણકે બાલકૃષ્ણલાલ એમના દેવ નથી. કોઈના દેવ હનુમાનજી હોય, કોઈના સાંઈબાબા હોય, બધા પોતપોતાના દેવોને લાવવાની તૈયારી કરે. એટલે પછી જુલાબ લાગ્યો કે બધાના દેવો જો અહીં આવી જશે તો આ પુષ્ટિમાર્ગીય હવેલી નહિ રહે!

હવેલી એ તો ઘર જ હોય છે સાર્વજનિક મંદિર નહિ. પરન્તુ ઠોઠેશભાઈ ટબુકડાની સમજ ઉલટી કે હવેલી એટલે મંદિર. હકીકતમાં હવેલી એટલે ઘર. એટલે ઘરમાં સેવા કરવાની હોય.



અને જેને ઘરમાં સેવા નથી કરવી અને જાહેર મંદિરમાં જ કરવી છે, તો જાહેરમાં તો બધા આવી જ શકે. એમાં તમે સાંઈબાબાના ભક્તોને રોકી ન શકો; જેણે ફંડ-ફાળો આપ્યો હશે તે તો આવશે જ. એને તમે ના નથી પાડી શકતા. જેને-જેને તમે દર્શન કરવા દેશો તે-તે બધા પોતાના ઇષ્ટદેવોની માગણી કરશે જ.

એક હવેલીનું ટ્રસ્ટ થયું. એના ટ્રસ્ટીઓએ એમાં તખ્તી લગાવી કે હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ બધાને પુષ્ટિમાર્ગમાં સેવા કરવાનો અધિકાર છે. અમારો પુષ્ટિમાર્ગનો ઇતિહાસ જોઇ લો કે તાજબીબી અને અલીખાન પણ સેવક હતા. અલ્યા ભાઇ! તાજબીબી અને અલીખાન એ મુસલમાન ન્હોતા, એ કંઠીબંધ વૈષ્ણવ હતા. કોણે કહ્યું કે હિન્દુ, મુસલમાન, શીખ, ઇસાઇ બધાને સેવાનો અધિકાર છે? આપણે ત્યાં અસ્વમાર્ગીય બ્રાહ્મણોને પણ અધિકાર ન્હોતો અને સ્વમાર્ગીય મોગલ-પઠાણોને પણ સેવાનો અધિકાર છે. મોગલ-પઠાન બધા મુસલ્માન ન હોય, આ તો જાતિના નામો છે ધર્મના નામો નહિ. તેથી કોઇ પણ જાતિના માણસ જેમને બ્રહ્મસંબંધ હોય તેમને અધિકાર છે, જેને બ્રહ્મસંબંધ નથી તેને તો અધિકાર જ નથી. તે છતાંય તેમણે ટ્રસ્ટની સ્કીમમાં એવું લખાવી દીધું અને સરવાળે પંચાત એવી થઇ કે એ શ્રીઠાકોરજી જે ગોસ્વામી બાલકના માથે બિરાજતા હતા એ બાલકોની જ ત્યાંથી હકાલપટ્ટી થઇ ગઇ! ટ્રસ્ટીઓએ કહ્યું કે અમારે ગોસ્વામી બાલક નથી જોઇતા, અમે હવેલી ચલાવી લઇશું. ઠોઠેશભાઇ ટબુકડાની બુદ્ધિના આધારે આપણે પુષ્ટિમાર્ગને સમજવા માગીએ છીએ. અરે! આનું નામ પુષ્ટિમાર્ગ નથી યાર! ઘરમાં સેવા કરો. પોતાના તનથી અને પોતાના ધનથી અને પોતાના ઘરમાં કૃષ્ણસેવા કરો તો આવા બધા ઉધમ થાય જ નહિ. ગામથી પૈસો ભેગો કરવો હોય તો ગામને રોકી નહિ શકો. હકીકત છે કે જેણે પૈસા આપ્યા હશે એ તો પોતાનો હક્ક માગશે જ. તમે પૈસા લઇ લો અને હક ન આપો એ

તો બેઇમાની કહેવાય. તો કોઇકને હક આપવો હોય તો જ એનાથી પૈસા લેવા જોઇએ. હક નથી આપવો તો એમની પાસેથી પૈસા પણ ન લેવા જોઇએ. જો આપણે ગામનો હક સ્વીકારવો હોય તો ગામને દર્શન કરાવવા જોઇએ. ત્યારે એને 'હવેલી' ન કહો; એને 'ગામનું મંદિર' કહો. એમ ક્યારેય ન કહેવું કે " આ મારું ઘર છે", પછી ગામનું ધર્માદા મંદિર છે. જો પોતાનું ઘર કહેવું હોય તો પોતાના ઘર માટે ગામના પૈસા લેવા જોઇએ નહિ.

મુદ્દાની વાત એ છે કે પોતાના ભાવથી આપણે ક્યાંય પણ શોધીએ તો એને રૂપ આપી શકીએ છીએ. એમાં ઘર, હવેલી કે મૂર્તિ એ બધું હેતુ નથી. તેથી એમ કહેવાયું કે **"યોગિનાં હૃદયે હરિ:**

યોગીજનોને હવેલી, પર્વત, મંદિર, નદી કે ઘર કશાયની જરૂર નથી. યોગી એકાન્તમાં કોઇક વૃક્ષની નીચે બેઠો હોય, એના તો હૃદયમાં હરિ છે. તેથી તમને એના દર્શન જ્યાં કરવાં હોય ત્યાં તેનું પરમ ધામ છે. તમને ક્યાં દર્શન કરવા છે, પહેલાં તે સ્થાન નક્કી કરો. ભટકા-ભટકી કરીને, બધાને વોટ આપવાની પધ્ધતિથી, બધાના પૈસા ખાઇ જવાની પધ્ધતિથી ભગવાન્ તમને કોઈ દિવસ દર્શન નહિ આપે. શ્રીમહાપ્રભુજી કહે છે કે ભાગવત આપણું સર્વસંદેહવારક શાસ્ત્ર છે. તે ભાગવત એમ કહે છે કે—

**યો માં સર્વેષુ ભૂતેષુ સન્તમાત્માનમીશ્વરમ્।**
**હિત્વાર્ચાં ભજતે મૌઢ્યાદ્ ભસ્મન્યેવ જુહોતિ સઃ॥.**

જે પરમાત્મા પ્રાણીમાત્રમાં બિરાજેલો છે તેને એની ધાતુ-શિલાની મૂર્તિમાં ભજન કરવું એ તો ઓલવાઇ ગયેલી આગમાં આહુતિ આપવા જેવી બાલિશતા છે.



હવે કાં તો ભાગવતને આપણે અપ્રમાણ માનવું જોઇએ, કેમકે અગ્નિકુંડમાં આગ જ્યારે ઓલવાઇ જાય પછી યજ્ઞના નિયમ પ્રમાણે એમાં આહુતિ નથી આપી શકાતી. જ્યારે જ્વાલા નિકળતી હોય ત્યારે જ આહુતિ આપવામાં આવે. અને ભાગવતમાં ચોખ્ખું વર્ણન આવેલું છે કે પ્રાણીમાત્રમાં બિરાજમાન પરમાત્માનું ફકત મૂર્તિમાં ભજન કરનાર ઓલવાઇ ગયેલી અગ્નિમાં આહુતિ આપનાર છે. એટલે કાં તો ભાગવતને અપ્રમાણ માનો કાં તો મૂર્તિપૂજાને અપ્રમાણ માનો.

શ્રીમહાપ્રભુજીએ આપણને બહુ ગજબની વાત સમજાવી છે તે સમજો. શ્રીમહાપ્રભુજી કહે છે કે આ વાત એના માટે કરવામાં આવી રહી છે કે જેને પરમાત્માને મૂર્તિમાં જ દર્શન કરવા છે. વસ્તુમાત્ર કે પ્રાણીમાત્ર માં જે પરમાત્મા બિરાજે છે એ શું મૂર્તિમાં નથી બિરાજતો? આ વાત સરખી રીતે ધ્યાનથી સમજો.

જો મૂર્તિમાં ન બિરાજે તો બ્રહ્મની વ્યાપકતા ખંડિત થઇ ગઇ. એટલે જ એક સૂફી સંતે આ વાતને બહુ સુંદર રીતે સમજાવી છે કે—

**મુસલમાં ગર બેદાનિશ્તી કે બુત ચીસ્ત।**
**બેદાનિશ્તી કિ દીં દર બુતપરસ્તીસ્ત॥**
**ચું અશયા હસ્ત હસ્તીરા મજાહિર।**
**બુવદ્ જુમ્લા યકે બુત બાશદ્ આખિર॥**

એટલે મુસલમાનોને ખબર નથી પડતી કે સાચું દીન-ઇમાન શેમાં છે, તેથી એ લોકોનો હિન્દુઓ સાથે ઝઘડો થઇ જાય છે કે કેમ હિન્દુઓ પત્થરની મૂર્તિને ભગવાન્ સમજીને પૂજે છે. એટલે હિન્દુઓ બધા કાફીર છે. પણ મુસલમાનોને સાચા દીન-ઇમાનની

ખબર પડે તો એમને આ વાત સ્વીકારવી પડશે કે અલ્લાહનો નૂર તો એક-એક ધૂલીના કણમાં જાહેર થઇ રહ્યો છે, તો જો એક-એક રજકણમાં પરમાત્મા પોતાનું નૂર જાહેર કરતો હોય તો એ શું મૂર્તિને છોડીને (બાકી રાખીને) નૂર જાહેર કરી રહ્યો હશે? એ શું મૂર્તિના કણને છોડીને એક-એક કણમાં વિદ્યમાન છે? આ હકીકત જો મુસલમાનોને સમજમાં આવે પછી એમને ઝઘડવાનો હેતુ રહી જતો નથી કે બુતમાં અલ્લાહ નથી. અરે યાર બુતમાં પણ અલ્લાહ હોઇ શકે છે અને મસ્જિદમાં પણ અલ્લાહ હોઇ શકે છે. સર્વવ્યાપી અલ્લાહ જો મસ્જિદમાં હોય તો બુતમાં-મૂર્તિમાં પણ હોય જ, અને જો મૂર્તિમાં ન હોય તો એ મસ્જિદમાં પણ કેમ હોય શકે? આટલો મોટો પરમાત્મા નાનકડી કે મોટી જુમ્મા મસ્જિદમાં ભરાઇને કેવી રીતે રહી શકે? પણ જો એ નાનકડી મસ્જિદમાં કે જુમ્મા મસ્જિદમાં રહી શકતો હોય તો મૂર્તિમાં શા માટે ન રહી શકે? જે સર્વવ્યાપી છે તે સર્વત્ર તમારી પ્રાર્થનાને સાંભળી શકે છે, સ્વીકારી શકે છે.

પ્રશ્ન એ નથી કે એ ક્યાં છે અને ક્યાં નથી. પ્રશ્ન એ છે કે તમે એને ક્યાં શોધવા માગો છો, ક્યાં ભજવા માગો છો, ક્યાં માણવા માગો છો. જ્યાં તમે એને શોધવા, ભજવા, માણવા માગતા હો તે ઠેકાણે પરમાત્મા છે. તમે તમારું પહેલાં નક્કી કરો:

**પહલે તો અપને દિલકી રઝા જાન જાઇએ।**
**ફિર જો નિગાહેયાર કહે માન જાઇએ॥**

પહેલાં તમારું હૃદય તમને શું ગવાહી આપી રહ્યું છે કે તમારે પરમાત્માને ક્યાં શોધવો છે એને પહેલાં સરખી રીતે સમજી જાવ. પછી તમારા પ્રિયતમની દ્રષ્ટિ તમને સમજાવી દેશે કે હું



ક્યાં છું. તમે એને જ્યાં શોધી રહ્યા છો ત્યાં એ છે. મૂર્તિમાં શોધતા હો તો ત્યાં છે, મસ્જિદમાં શોધતા હો તો ત્યાં છે, હૃદયમાં શોધતા હો તો હૃદયમાં છે, વૈકુંઠમાં શોધતા હો તો વૈકુંઠમાં છે. શિવમાં શોધતા હો તો શિવમાં પણ તમને મળશે અને વિષ્ણુમાં શોધતા હશો તો વિષ્ણુમાં પણ મળશે. પહેલાં તમારું હૃદય તમને શું છૂટ આપી રહ્યું છે તે તો નક્કી કરો. કયા રૂપે તમારે પરમાત્માને માણવો છે એ રૂપમાટે, દિલની રઝાને તો પહેલા જાણો. પહેલા તમારો સભ્ય કોણ છે, તેનું નિશાન કમળ, ઊંટ કે હાથ તે જાણી લો, નક્કી કરી લો અને પછી તેના પર ધ્યાનભક્તિનો ઠપ્પો લગાવો. એ ચૂંટાઇને તમારી પાસે આવી જશે.

પણ તમને ખબર જ નથી એટલે કાં તો તમે જે કોઇ નિશાન સામે આવે તેના ઉપર ઠપ્પો મારી દેશો કાં તો બધા જ ઉપર મારી દેશો. ગઇ વખતે ચુંટણીમાં ભીંત-ભીંત પર લખાવાયું "જાત પર ન પાંત પર મુહર લગાવો હાથ પર" એટલે ગામડિયા લોકો પોતાના હાથનાં પંજા ઉપર મુહર લગાવીને ચાલતા થયા! પંજા (હાથ) પર, એટલે પોતાના જ હાથ પર **"અહં બ્રહ્માસ્મિ" નો ઠપ્પો લગાવી દીધો. પેલો ઉમેદવાર બિચારો હારી જાય. આપણને એમ** લાગે છે કે **'અહં બ્રહ્માસ્મિ'** હું પોતે જ બ્રહ્મ છું. લો ત્યારે છુટ્ટી. બધા જ દેવતાઓ કેન્સલ થઇ જાય. તો એ બધી કાળજી આપણે રાખવી જોઇએ. એ રીત આપણે જાણવી જોઇએ કે કઇ રીતે આપણે એને ચૂંટવો છે. તેથી શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીમાં ખુલાસો કર્યો છે કે સર્વ પ્રાણીઓમાં જેને પરમાત્માનું ભજન કરવું છે તેના માટે આ વચન છે કે મૂર્તિમાં જે ભજવા માગે છે તે ઓલવાયેલી અગ્નિમાં આહુતિ આપવા માગી રહ્યો છે. જેના મને સર્વ વસ્તુમાં, કણકણમાં, પરમાત્મા મોજુદ હોય તેનામાટે મૂર્તિમાં પરમાત્મા ઓલવાયેલો નથી પણ પ્રજ્વલિત પરમાત્મા છે. એ વાત સમજી લેવી જોઇએ.

તેથી શાસ્ત્રમાં એમ કહેવામાં આવે છે "**શિલાબુધ્ધિર્ન કાર્યા ચ તત્ર નારદ કર્હિચિત્ જ્ઞાનાનંદાત્મકો વિષ્ણુર્યત્ર તિષ્ઠત્યચિન્ત્યકૃત્**" અર્થાત્ પોતાની ભજનીય ભગવન્મૂર્તિમાં કોઇ દિવસ પત્થરની બુધ્ધિ ન જ કરવી જોઇએ. કેમકે જ્ઞાનાનન્દાત્મક પરમાત્મા ત્યાં મોજૂદ જ છે. અને જો તે જ્ઞાનાનન્દાત્મક પરમાત્મા શિલા કે ધાતુ ની મૂર્તિમાં ન હોય તો પ્રાણીઓમાં પણ ન હોઇ શકે. કેમકે પ્રાણી પણ ગાય, ભેંસ, ઢોર છે; તો એમાં પરમાત્મા કેવી રીતે હોઇ શકે? અને જો ભેંસ, ઢોર, ડુક્કર, ચોર, ગિલીન્ડરો, ગુંડાઓમાં આ બધામાં જો પરમાત્મા હોય તો મૂર્તિમાં કેમ ન હોઇ શકે? મૂર્તિ કમ સે કમ કોઇની ડકૈતી, છિનાળી કે કોઇનું પાકીટ તો નથી મારતી! ઠોઠેશભાઈ ટબુકડા મૂર્તિના નામે પાકીટ મારી લે એ વસ્તુ જુદી છે, પણ મૂર્તિ કોઇના પાકીટ મારવા તો નથી જતી. મૂર્તિ તો બહુ સંત સ્વભાવની છે. જેને શાસ્ત્રમાં સ્થિતપ્રજ્ઞ કહેવામાં આવે છે તેવા સ્વભાવની મૂર્તિ હોય છે. મૂર્તિ કોઇ દિવસ કોઇને પરેશાન નથી કરતી, કોઇને ક્યારેય તકલીફ નથી આપતી; એટલા શાંત સ્વભાવની મૂર્તિ છે. તો એક વાત સમજો કે જ્ઞાનાનન્દાત્મક વિષ્ણુ ત્યાં બિરાજમાન જ છે. પણ એના માટે તમારી દ્રષ્ટિ અવ્યભિચારિણી ભક્તિની હોય તો એ ત્યાં બિરાજમાન છે. અવ્યભિચારિણી ભક્તિ તમારામાં નહિ હોય તો તે પ્રાણીઓમાં પણ નથી.

સાક્ષાત્ કૃષ્ણ ભૂતલ ઉપર અવતર્યા ને, તો એ વખતે પણ ઘણા લોકોની કૃષ્ણમાં ભગવદ્બુધ્ધિ ન્હોતી. એ લોકો એને કાંઇક બીજું જ સમજતા હતા. શિશુપાલે તો ગાળો જ આપી છે. અને એમાંની ઘણીબધી ગાળોમાં એણે એમ પણ કહ્યું છે કે તમે પૂતના મારી તો શું થયું? એ તો કોઇ પણ માણસ મારી દે. કદાચ ન પણ મારી હોય અને અફવા પણ ફેલાવી દે કે પૂતનાને મારી તો કોણ જોવા ગયું છે કે મારી કે ન મારી! આવી બધી ગાળો આપી છે. તમે કહો કે ગિરિરાજ ઉપાડ્યો.



અરે! કોઇ નાનો ભાટો ઉપાડ્યો હશે અને લોકોએ વાતના વડાં કરી દીધા કે મોટો ગિરિરાજ ઉપાડ્યો. શિશુપાલે આવી ગાળો કૃષ્ણના સામે એના મુખારવિંદ ઉપર આપી છે. તો એક વાત સમજો કે જેને નથી દેખાતું એને તો સાક્ષાત્ કૃષ્ણ પ્રકટ થઇ જાય તો પણ નહિ દેખાય. મૂર્તિ કે પ્રાણી ની વાત તો બાજુ પર રહી. જેને દેખાય છે એને તો ક્યાં નથી દેખાતું? એને તો બધે જ ઠેકાણે દેખાશે. આપણે ત્યાં એથી જ એમ કહેવાય છે કે વસ્ત્રની પણ સેવા થાય, મોજાજી પધરાવો તો એની, ઠાકોરજીના અંગરાગ પધરાવો તો અંગરાગની પણ સેવા થઇ શકે છે. તેથી જ શ્રીમહાપ્રભુજી "**તવ પરિ યે ચરન્તિ**" ની સુબોધિનીમાં આજ્ઞા કરે છે કે "**ત્વત્સંબંન્ધિનં યં કંચન પદાર્થમ્ અનુચરન્તિ**" અર્થાત્ હે ભગવાન્! તારી સાથે જોડાયેલી કોઇ પણ વસ્તુ અમારા માટે સેવનીય છે, તું જ સેવનીય છે એવું નહિ. એટલે લૈલાની ગલીનો કૂતરો પણ મજનુમાટે આદરણીય છે કે કૂતરો છે તો શું થયુ પણ છે તો મારી લૈલાની ગલીનો ને! એમ શ્રીઠાકોરજીના પ્રસાદી વસ્ત્રની આપણે સેવા કરી શકીએ, પ્રસાદી વેણુની, પ્રસાદી મોજાજીની સેવા કરી શકીએ. બસ શ્રીઠાકોરજીના સંબંધમાં આવવી જોઇએ. જ્યાં શ્રીઠાકોરજીનો સંબંધ આવ્યો ત્યાં આપણે સેવા કરી શકીએ છીએ.

એટલે જ એક વાત સમજો. આજે તો ઠોઠેશભાઇ ટબુકડાને એમ લાગતું હશે કે ગોસ્વામીઓ બધા પુરુષોત્તમ છે, પણ પ્રાચીન શાસ્ત્રનો સિધ્ધાન્ત એમ ન્હોતો કે ઠોઠેશભાઇ ટબુકડા પુરુષોત્તમ હોય છે. શાસ્ત્રનો સિધ્ધાન્ત એ હતો કે ગુરુ તમને પરમાત્માથી સંબંધિત દેખાય છે તો જેમ પરમાત્મસંબંધી વસ્ત્ર તમારા માટે પૂજનીય હોય તેમ પરમાત્માથી સંબંધ બંધાવનારા ગુરુની પણ આપણે પરમાત્મબુધ્ધિથી સેવા કરતા હતા. તેથી ઉપનિષદ્માં એમ કહેવામાં આવે છે કે "**આચાર્યદેવો ભવ, અતિથિદેવો ભવ, માતૃદેવો ભવ,**

પિતૃદેવો ભવ" પણ ઠોઠેશભાઇ ટબુકડાને ખબર જ ન પડે કે એનો અર્થ શું છે, એ પાછું ઠોઠેશભાઇનું માહાત્મ્ય છે. શાસ્ત્ર એમ નથી કહેતું કે આચાર્ય-માતા-પિતા દેવો છે, અતિથિ દેવ છે. કેમકે જો અતિથિ દેવ હોય અને તે એક દિવસે આવે તે પછી એ ઘરમાંથી નિકળે જ નહિ, કે આવ્યા તે આવ્યા; માથે પડ્યા મફતલાલ. પછી એને કાઢવો કેમ? આપણે કહીએ કે તમારા ઘેર જાવ તો એ કહે કે ના ના આ મારુ જ ઘર છે. શાસ્ત્રમાં એક કહેવત છે કે **"માતૃવત્ પરદારેષુ"** અર્થાત્ બીજાની પત્નીને માતા સમાન માનવી. તો પેલા ઠોઠેશભાઇ ટબુકડા કહે કે "હા, મારા દીકરાની માતા સમાન બધી રૂપાળી સ્ત્રીઓને હું માનું છું!" હું ક્યાં માતા સમાન નથી માનતો. શાસ્ત્ર બીજી આજ્ઞા કરે છે કે **"પરદ્રવ્યેષુ લોષ્ઠવત્ આત્મવત્ સર્વભૂતેષુ"** તો એને લાગે કે અરે! પારકું દ્રવ્ય એટલે માટી જેવું. એની કોઇ કીમત નહિ, પુષ્કળ ખર્ચો અને પારકે પૈસે મોજ મારો, કેમકે એ તો માટીવત્ છે. તમારા ઘરમાં આવી ને ભરાઇ જાય, કહે કે "કોણે કહ્યું કે તમારું ઘર મારું નથી, તમારું ઘર એ મારું જ ઘર છે" હવે એવા અતિથિને દેવ ન મનાય હોં! એવાને તો ગરદન પર હાથ મારીને હકાલપટ્ટી કરી દેવાની હોય.

શાસ્ત્રમાં કહ્યું છે કે અતિથિની તમે દેવ જેવી સેવા કરો. અતિથિ એ દેવ નથી, પણ દેવના માટે તમારા હૃદયમાં જે આદર હોય તેવો આદર એને દાખવો. એ જ રીતે આચાર્ય માટે જેને દેવબુધ્ધિ હોય એવો તું થા. શ્રુતિ એમ નથી કહેતી કે આચાર્ય પોતે દેવ છે. આચાર્ય માટે જેનામાં દેવતા જેવો આદર હોય તેવો તું થા. 'આચાર્યદેવો' બહુવ્રીહિ સમાસ છે **"આચાર્યો દેવો યસ્ય સઃ આચાર્યદેવઃ"** એ કાંઇ કર્મધારય નથી 'નીલકમળ' કે 'વૈયાકરણખસૂચી' ની માફક. વિશેષણ-વિશેષ્યના સમાસને 'કર્મધારય' કહેવાય. 'નીલ' કે 'ખસૂચી' તે વિશેષણ અને 'કમલ' કે 'વૈયાકરણ' તે વિશેષ્ય.



એવો કર્મધારય સમાસ અહીંયાં નથી. તેથી 'આચાર્યદેવ' એટલે જેને દેવતા માટે જેવો આદર હોય એવો જ આદર ગુરૂમાટે પણ હોય. શ્રુતિ કહે છે કે માતા-પિતા-આચાર્ય અતિથિ માટે પરમાત્મા જેવો આદરભાવ રાખવો જોઇએ. પણ માતા-પિતા હિરણ્યકશિપુ જેવા હોય તો એમને દેવ માનીને ન પૂજાય. દેવ તો માનીને નરસિંહજીને જ પૂજવાના હોય, હિરણ્યકશિપુને નહિ. હિરણ્યકશિપુ એટલે જે બધું જ સોનું પોતાના માથા નીચે રાખીને સૂતો હોય તે. 'કશિપુ' એટલે ઓશિકું અને 'હિરણ્ય' એટલે સોનું. એટલે સોનાની બાબતમાં પોતાની પત્ની પર પણ વિશ્વાસ ન રાખે, અને પોતાના માથા નીચે રહેલા સોનાને જો કોઇ હાથ પણ લગાડે તો એની ઊંઘ ઉડી જાય, એ હિરણ્યકશિપુ. એવા પિતાને દેવ માનવાનો ન હોય, નહિ તો સમાજનો દાટ વળી જાય. હિરણ્યકશિપુ ભક્ત છે કે સંત છે કે શેતાન છે તેનો વિવેક તો રાખવો જ પડે. તેની દરેક હા માં આપણી હા ન મેળવવાની હોય. એટલે સમજો કે દેવનું જે નિરૂપણ કરવામાં આવ્યું તે ભગવત્સંબંધથી દેવત્વનું અહીંયાં નિરૂપણ થયું. કેમકે માતા-પિતાએ આપણને માનવજન્મ આપ્યો કે જેથી પરમાત્માની દિશામાં આગળ વધી શકીએ, તેથી **"માતૃ-પિતૃદેવો ભવ"**. આચાર્ય પણ આપણને ભગવાન્ તરફ વાળે છે તેથી શ્રુતિ કહે છે **"આચાર્યદેવો ભવ."** અને આ રીતે આપણે આચાર્યને દેવ માનીએ તો જ આપણે પરમાત્મા તરફ આગળ વધી શકીએ, નહિ તો પ્રભુ તરફ આપણે આગળ વધી શકીએ નહિ.

તેથી પ્રભુથી સંબંધિત જે કાંઇ પદાર્થ હોય તે દરેકની સેવા થઇ શકે છે. મૂળ મુદ્દાની વાત સમજો કે જ્યારે આપણે પ્રભુની સેવા કરતા હોઇએ તે પહેલાં આપણે નિર્ધારિત કરવું પડશે કે આપણે પ્રભુના દર્શન ક્યાં કરવા છે **"તદ્ ધામ પરમં મમ"** કહ્યા મુજબ તે તમારામાટે પરમ ધામ થઈ જશે. શ્રીમહાપ્રભુજી કહે છે કે પરનું જ્યાં આપણને માન થતું હોય, 'માન' એટલે

ભાન થતું હોય, તે તેનું પરમ ધામ છે. અને જ્યાં તમને પરત્વ ન અનુભવાતું હોય, જ્યાં તમે એને પરમાત્મા તરીકે ભજી ન શકતા હો તે બધા તેના ધામ છે પણ તેના પરમધામ નથી. એટલે જે ક્રિયાવાન છે તેનું પરમધામ અગ્નિ છે, જે મનસ્વી છે એનું પરમધામ દિવ્યલોક છે અને જે બહુ વધારે બુધ્ધિથી નિરર્થક ખોજખપ્પડ કર્યા વિના તરત જ પરમાત્માને શોધવા માગે છે તો તેનું પરમધામ આકાર એટલે પ્રતિમારૂપી જે આકાર છે તેમાં છે. એટલે એકલવ્યની વાત સમજો કે એકલવ્ય ધનુર્વિદ્યા શીખવા દ્રોણાચાર્ય પાસે ગયો અને દ્રોણાચાર્યે ના પાડી દીધી ત્યારે એકલવ્યે દ્રોણાચાર્યની મૂર્તિ ઘડી અને ધનુષ્યસંધાન શરૂ કર્યું અને એને અર્જુન કરતા વધારે સુંદર તીર ચલાવતા આવડ્યું. કેમકે એનું લક્ષ્ય એક હતું એને તે આ કે મારે દ્રોણાચાર્ય પાસે તીર મારવાનું શીખવું જ છે.

તેથી જ આચાર્યચરણ પણ આજ્ઞા કરે છે—

**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્।**
**શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્॥**
**તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્।**
**પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્॥**

એટલે કે જે કૃષ્ણસેવામાં તત્પર હોય, જે પોતાની કૃષ્ણસેવા દંભ વગેરે હેતુથી; એટલે પોતાનો પૂજાપો વધારવા માટે કે પોતાનું પેટિયું રળવા માટે, કૃષ્ણસેવા ન કરતો હોય અને જે શ્રીમદ્‌ભાગવતના સાચા સિધ્ધાન્તો તમને સમજાવી શકતો હોય, તેવી વ્યક્તિને ગુરુ માનીને એની પાસેથી કૃષ્ણસેવાનો ઉપદેશ ગ્રહણ કરો અને એનું અનુસરણ કરો. પણ **તદભાવે** એટલે જે કૃષ્ણસેવા કરતો ન હોય, કૃષ્ણસેવા કરતો હોય પણ દંભથી કરતો હોય, તમને કૃષ્ણસેવાના



સાચા સિધ્ધાન્તો સમજાવી જ ન શકતો હોય તો, એકલવ્યની જેમ **''તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્''** પ્રભુની મૂર્તિ તમારા ઘરમાં પધરાવો અને સેવા કરો. **''પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્''**. તમે પોતે જ એની સેવા કરવાની શરૂ કરી દો. જો તમે જાતે સેવા શરૂ કરી દેશો તો પરમાત્મા ત્યાં સ્થિત છે જ. જરાય શંકા તમે તમારા હૃદયમાં ન કરો, કેમકે સર્વવ્યાપિ પરમાત્મા તમારા ભાવની પ્રતીક્ષા કરી રહ્યો છે. કોઈકના પેલા નાણાકીય ભાવની પ્રતીક્ષા નથી કરતો પણ તમારા ભક્તિભાવની પ્રતીક્ષા કરી રહ્યો છે —એ વાત આપણે હૃદયમાં સ્પષ્ટ સમજી લેવી જોઈએ. એકલવ્ય હોવ તો તમને, અર્જુન જે ગુરુ દ્રોણાચાર્ય પાસે સીખ્યો તેના કરતા, પણ વધારે સારા તીર ચલાવતા સ્વતઃ આવડી શકે છે. તેથી જ એ વાત શ્રીમહાપ્રભુજીએ પણ આપણને નિબંધમાં સમજાવી છે **''તદભાવે સ્વયં વાપિ''**.

## ॥ ૨.પુરુષોત્તમનાં મુખારવિંદે પુરુષોત્તમયોગ ॥

### સ્વમુખારવિન્દે અહંકારાદેશ શૈલીમાં પુરુષોત્તમનું નિરૂપણ :

**મમૈવાંશો જીવલોકે જીવભૂત: સનાતન: ॥**
**મન:ષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ॥૭॥**
**શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વર: ॥**
**ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ॥૮॥**
**શ્રોત્રં ચક્ષુ: સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ ॥**
**અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાનુપસેવતે ॥૯॥**
**ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુંજાનં વા ગુણાન્વિતમ્ ॥**
**વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષ: ॥૧૦॥**
**યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ ॥**
**યતન્તોઽપ્યકૃતાત્મનો નૈનં પશ્યન્ત્યચેતસ: ॥૧૧॥**

**જીવલોકે** = આ જીવલોકમાં, **જીવભૂત:** = જીવાત્મા, **મમ** = મારો, **એવ** = જ, **સનાતન:** = સનાતન, **અંશ:** = અંશ છે (અને તે જ આ), **પ્રકૃતિસ્થાનિ** = ત્રિગુણવાળી માયામાં સ્થિત થયેલી, **મન:ષષ્ઠાનિ** = મન અને બીજી પાંચ એમ કુલ છઓ, **ઈન્દ્રિયાણિ** = ઈન્દ્રિયોનું, **કર્ષતિ** = આકર્ષણ કરે છે **વાયુ:** = વાયુ, **આશયાત્** = ગન્ધના સ્થાનથી, **ગન્ધાન્** = ગન્ધને, **ઈવ** = જેવી રીતે (ગ્રહણ કરીને લઈ જાય છે તેવી રીતે જ), **ઈશ્વર:** = દેહ વિગેરેના સ્વામી જીવાત્મા, **અપિ** = પણ, **યત્ શરીરમ્** = જે પહેલા શરીરને, **ઉત્ક્રામતિ** = ત્યાગે છે, **તસ્માત્** = તેનાથી, **એતાનિ** = આ મન સાથે ઈન્દ્રિયોને, **ગૃહીત્વા** = ગ્રહણ કરીને, **ચ** = પછી, **યત્** = જે, **શરીરમ્** = શરીરને, **અવાપ્નોતિ** = પામે છે, **(તસ્મિન્)** = તેમાં, **સંયાતિ** = જાય છે **અયમ્** = આ જીવાત્મા, **શ્રોત્રમ્** = કાન, **ચક્ષુ:** = આંખ, **ચ** = અને, **સ્પર્શનમ્** = સ્પર્શેન્દ્રિય,



**ચ** = તથા, **રસનમ્** = જીભ, **ઘ્રાણમ્** = નાક, **ચ** = અને, **મન:** = મનને, **અધિષ્ઠાય** = આશ્રય કરીને; એટલે બધાની સહાયથી, **એવ** = જ, **વિષયાન્** = વિષયોનું, **ઉપસેવતે** = સેવન કરે છે. **ઉત્ક્રામન્તમ્** = શરીર છોડીને જવાવાળાને, **વા** = અથવા, **સ્થિતમ્** = શરીરમાં રહેનારને (અને), **ભુંજાનમ્** = વિષયોને ભોગનારને, **વા** = અથવા, **ગુણાન્વિતમ્** = ત્રણે ગુણોવાળાને, **અપિ** = પણ, **વિમૂઢા:** = અજ્ઞાનીઓ, **ન અનુપશ્યન્તિ** = જાણી શકતા નથી, (ફક્ત) **જ્ઞાનચક્ષુષ:** = જ્ઞાનરૂપી ચક્ષુવાળા (જ્ઞાનીજનો જ), **પશ્યન્તિ** = તત્ત્વથી જાણે છે **યોગિન:** = યોગીઓ (પણ), **આત્મનિ** = પોતાના હૃદયમાં, **અવસ્થિતમ્** = રહેલા, **એનમ્** = આ આત્માને, **યતન્ત:** = યત્ન કરતાં કરતાં જ, **પશ્યન્તિ** = તત્ત્વથી જાણી શકે છે. **અચેતસ: અકૃતાત્મન:** = જેઓએ પોતાના અન્ત:કરણને શુધ્ધ નથી કર્યું (એવા) નક્કામા, **યતન્ત:** = યત્ન કરતાં કરતાં, **અપિ** = પણ, **એનમ્** = આ આત્માને, **ન પશ્યન્તિ** = જાણી શકતા નથીતા ॥૭-૧૧॥

### ''યો જગદ્ ભૂત્વા ક્રીડતિ'' નો અહંકારાદેશની શૈલીમાં નિરૂપણ :

પોતાનાં અનેકાનેક પરમધામો પૈકી એક ઓર પરમધામનું હવે ભગવાન્ નિરૂપણ કરવા માગે છે. એક વાત સમજો કે તમારી પાસે દસ તોલા સોનું છે. એમાંના બે તોલા સોનાથી તમે કંઠી બનાવી. તો એ બે તોલાની કંઠીમાં સોનું છે કે નહિ? સોનું તો છે જ ને! દસ તોલા સોનાનો એ બે તોલા સોનું અંશ છે. એ અંશ છે તેથી સોનું નથી એવું નથી. સોનાનું એક બીજું નામ અને એક બીજું રૂપ આપણે ઘડી કાઢ્યું. તેથી તે હવે સોનાની લગડી ન રહીને સોનાની કંઠી બની ગઈ પણ સોનું તો એનું એ જ રહ્યું—**''ઘાટ ઘડ્યા પછી નામ રૂપ જૂજવા અંતે તો હેમનું હેમ ભાસે''** તેથી કંઠી પણ અન્તે તો સોનું જ છે. તેમ જ આ જીવલોકમાં જીવભૂત જે તત્ત્વ છે એ ભગવાન્નો જ અંશ હોવાથી એમાં પણ ભગવાન્ને શોધવા હોય તો તે જીવાત્મા

પણ પરમાત્માનું પરમધામ બને છે. એટલે દરેક જીવાત્મામાં પણ પરમાત્મા બિરાજમાન છે જ, એ વાત સમજી લેવી જોઇએ. તેથી પરમાત્માનું આ વર્ણન, તદાદેશની શૈલીમાં ન હોઇ જીવાત્માના આત્મસ્વરૂપનું પ્રબોધન, એટલે અહંકારના આધારે તેને સમજાવવામાં આવી રહ્યું છે. આને 'અહંકારાદેશ' કહેવાય. ભગવાન્ તમને સમજાવવા માગે છે કે તમને ''હું પરમાત્મા છું'' એવી ભાષામાં પરમાત્માને સમજવું હોય તો કેવી સમજ સાચી સમજ કહેવાય? તદાદેશની શૈળીમાં તો આગળ સમજાવી દીધું કે ''તે અવ્યય પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ આ અશ્વત્થ વૃક્ષનું મૂળ છે''. પુરુષોત્તમને સમજાવવા પહેલા શ્લોકથી માંડીને છઠા શ્લોક સુધી પરોક્ષનિરૂપણની ભાષા વાપરી. હવે અપરોક્ષ 'હું' ની ભાષા, એટલે અહંકારાદેશની ભાષા, વાપરીને ગીતાકાર આપણને સમજાવા માગે છે. પરમાત્માને સમજવા માટે અહંકારની ભાષા કેવી હોવી જોઇએ? એવી ભાષા ન હોવી જોઇએ કે ''સમગ્ર જગત્ મેં બનાવ્યું છે, જગત્ મારામાં સ્થિત છે, મારામાં લીન થવાનું છે'' આ રીતે ન સમજો પણ એ રીતે સમજો કે અંતે હું કોણ છું? તે જ પરમાત્માનો અંશ છું, એટલે મારામાં ને એનામાં કોઇ ભેદ નથી. તો તમને તમારી હસ્તીમાં જ પરમાત્માની ઉપસ્થિતિ અનુભવાઇ જશે. તેથી જ વેદ બહુ સુંદર કહે છે કે—

**[1]હિરણ્યગર્ભઃ સમવર્તતાગ્રે**
**ભૂતસ્ય જાતઃ પતિરેક આસીત્।**
**યો દેવેષ્વધિદેવ એક આસીત્**
**પ્રજાપતે! ન ત્વદેતાન્યાન્યો**
**વિશ્વા જાતાનિ પરિ તા બભૂવ॥**
**[2]અસન્નેવ સ ભવતિ**
**અસદ્ બ્રહ્મેતિ વેદ ચેત્।**
**અસ્તિ બ્રહ્મેતિ ચેદ્ વેદ**



**સન્તમેનં તતો વિદુરિતિ॥**

[1]વસ્તુમાત્રનો પતિ એવો તું હિરણ્યગર્ભ પહેલા ખરેખર હતો જ; અને તું સાવ એકાકી દેવાધિદેવ હતો. હે પ્રજાપતિ! તારા સિવાય બીજું કાંઇ પણ ન્હોતું, આ બધું તો પાછળથી તારી ચોમેર બનેલું છે. [2]એ માણસ પોતાના અસ્તિત્વને ઈન્કારી રહ્યો છે, જે બ્રહ્મને ઈન્કારી રહ્યો હોય. જે એની સત્તાને સ્વીકારે છે તે પોતે પણ છે જ.

કેમકે પરબ્રહ્મ સકલ નામ-રૂપ-કર્માત્મક જગત્‌ની સમષ્ટિ છે. બધી જ વ્યષ્ટિ જીવાત્માઓની સમષ્ટિ તે પરમાત્મા છે. બધા જ વ્યષ્ટિ દેવોની સમષ્ટિ દેવાધિદેવ તે પુરુષોત્તમ છે. અને તે બધાની ફક્ત સમષ્ટિ જ નથી પરન્તુ કાંઇક વધુ પણ છે. વેદમાં કહેવામાં આવ્યું છે કે **''સ ભૂમિં વિશ્વતો વૃત્ત્વા અત્યતિષ્ટદ્ દશાંગુલમ્''** પોતે સર્વને વ્યાપીને રહ્યો એટલું જ નહિ પણ દશ આંગળાં કે એક વેંત વધારે જ છે. અહીં વેંતના બાર કે દશ આંગળાઓનો મુદ્દો મુખ્ય નથી પણ સર્વવ્યાપિતા અને અસીમતા જ મુખ્ય મુદ્દો છે. જેમ જૂનાગઢમાં જેટલા મકાનો છે તેને વ્યાપીને જૂનાગઢ રહે છે અને તેથી વધારે પણ છે જ. નિર્મિત મકાનોની ચોમેર જે ખાલી જમીન હોય તે પણ જૂનાગઢના નગરપરિસરમાં આવતી હોય છે. તેથી જો તમે જૂનાગઢના અસ્તિત્વને ઈન્કારી રહ્યા હો તો જૂનાગઢની હવેલીને પણ અર્થાત્ ઈન્કારી જ રહ્યા છો, કેમકે જૂનાગઢ જ ન હોય તો જૂનાગઢની હવેલી ક્યાંથી હોઇ શકે? જૂનાગઢની હવેલી જૂનાગઢનો જ એક અંશ છે. તો એ તો સંભવી જ ન શકે ને! જે અંશ સમગ્રના અસ્તિત્વને ઈન્કારે છે તે પોતાના અસ્તિત્વને ઈન્કારી રહ્યો છે. અને જે એમ કહે કે હા જૂનાગઢ છે, તો એમાં ક્યાંક ને ક્યાંક જૂનાગઢની હવેલી પણ છે જ ને. જે એમ કહેતો હોય કે ના જૂનાગઢ તો નથી પણ જૂનાગઢની

હવેલી છે, તો આપણે સમજી જવાનું કે એનો ઉપરનો માળ ખાલી છે. એવાને ઠોઠેશભાઇ ટબુકડા સમજવાના.

વેદ આગળ જઈને એમ કહે છે કે **"સન્તમ્ એનં તતો વિદુઃ"** બ્રહ્મની સત્તાને સ્વીકારનાર પોતે પણ છે એમ માનો. એથી કહેવાનો મતલબ એ છે કે ભગવાન્ અહંકારાદેશની શૈલીમાં વર્ણન કરતાં એક બહુ મુદ્દાની વાત સમજાવે છે કે જો તમને અહંકારાદેશથી, અહંની ભાષાથી પરમાત્માનું સ્વરૂપ સમજવું હોય તો તમે આ રહસ્યને સમજો કે કોઈપણ જીવાત્મા પરમાત્માનો અંશ છે અને અંશાંશીમાં તાત્ત્વિક ભેદ સંભવતો નથી ફક્ત રૂપભેદ જ હોઈ શકે. કેટલાક વ્યાખ્યાકારો એવી રજુઆત કરે છે કે ભગવાન્ જ્યારે **"મમૈવ અંશ"** કહે છે તેનો અર્થ "મારો જ અંશ" એમ ન કરીને "મારી તુલનામાં જીવ, અંશ જેવડો હોય છે", એવો અર્થ કરવો જોઈએ. જેમ એક કીલો સોનાની સરખાણીમાં પા કીલો તાંબો એના અંશ જેવડો માની લેવાય તે મુજબ. આ વ્યાખ્યારીતિમાં **'મમ-એવ'**માં વપરાયેલ એવકાર નિરર્થક પ્રયોગ બની જશે. કેમકે 'મારું જ' કહેતા મારા સિવાય બીજા કોઈનો નહિ એ ધ્વનિતાર્થનો અસ્વીકાર સંભવ નથી. સાથોસાથ અંશી કરતા અંશ નાનો હોય જ તે મુજબ સર્વવ્યાપી પરમાત્માની સરખામણીમાં શરીરની પણ બહાર ક્યાંય ન અનુભવાતો જીવાત્મા સર્વવ્યાપી કેમ હોઈ શકે?

હવે જીવાત્મા પરમાત્માનો અંશ છે, એ હકીકતને સમજવા માટેના આપણી પાસે સાધનો કયા? તો કહે છે કે જીવાત્માની સાથે આ જ્ઞાનેન્દ્રિયો, આ કર્મેન્દ્રિયો, આ મન બુધ્ધિ અહંકાર અને ચિત્ત જે જોડાયા છે તે હકીકતનો ગંભીર વિચાર કરતાં જીવાત્મા પરમાત્માનો અંશરૂપ છે તે વાત સરખી સમજી શકાય છે. કેમકે આ બધું એને ક્યાંથી મળે છે? તો કહે છે કે આ જડ પ્રકૃત્તિમાં ઇન્દ્રિયો મન-બુધ્ધિ-અહંકાર વગેરેનું નિર્માણ પોતે જીવાત્માએ નથી



કર્યું. કેમકે બાહ્યેન્દ્રિયો અને અન્તઃકરણ ન જોડાય તો પોતાની મેળે, આનન્દાંશના તિરોધાનના કારણે, શુદ્ધ ચેતનામાં નિરુપાધિક કર્તૃત્વ ભોક્તૃત્વ કે દ્રષ્ટૃત્વ સંભવતું નથી. તેથી અન્તઃકરણ અને બાહ્યેન્દ્રિયો વિના જીવાત્મા કાંઇ પણ કરવા સમર્થ જ નથી હોતો. તો પોતે જીવાત્માનું કર્તૃત્વ જે ઇન્દ્રિય અન્તઃકરણ વગેરેથી ઘડાયેલું હોય તેવો પોતે તેનો ઘડવૈયા કેમ હોઇ શકે? ચક્ષુ કર્ણ નાસિકા રસના ત્વચા મન બુદ્ધિ અહંકાર અને ચિત્ત નો ઘડવૈયા જીવાત્મા કરતા કાંઇ નોખું કે કોઇક નોખો છે. જો જડ પ્રકૃતિને જ જડ-ચેતના બન્નેનું ઉપાદન અને કર્તા તરીકે સ્વીકારીએ તો જડ પ્રકૃતિમાં જડતા અને ચેતના બનવાના બે અવ્યક્ત ગુણધર્મો એકી સાથે સ્વીકારવા પડશે. આમ કરતા 'પ્રકૃતિ' પરમાત્માનું એક નામાન્તર સિદ્ધ થશે. કેમકે પ્રકૃતિ પોતે જો જડપદાર્થો અને જીવચેતના બન્નેને પ્રકટ કરનારી હોય તો પ્રકૃતિને 'જડપ્રકૃતિ' કહેવું અયોગ્ય પુરવાર થશે. સચ્ચિદાનન્દ બ્રહ્મના સદંશમાં ચેતનાના તિરોધાનથી અવ્યક્ત જડ પ્રકૃતિ પ્રકટ થાય છે તે ગીતાકાર આપણને સમજાવે છે. તેમજ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ પુરુષોત્તમની ભીતર જડ-ચેતન બન્ને ગુણધર્મોનાં મૂળિયાં રહેલા છે, ખુલાસો પણ કરે છે:—

**ભૂમિરાપોનલોવાયુઃ ખં મનો બુધ્ધિરેવ ચ।**
**અહંકાર ઇતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા॥**
**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્।**
**જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગદ્॥**

અર્થાત્ મારી અષ્ટધા પ્રકૃતિમાં મેં એ બધા તત્ત્વો ઉપલબ્ધ કરી રાખ્યા છે. આ જડ ઉપકરણો અને જીવાત્માઓ એ બેઉની વચ્ચે એવું પારસ્પરિક આકર્ષણ પણ મેં ઊભું કર્યું છે કે તેઓ પોતાની મેળે એક-બીજાને શોધી કાઢતાં હોય છે. તેથી આંખ અને આત્મા ને છુટા કરો તો ન આંખ જોઇ શકે કે ન આત્મા.

આત્મા પોતે જોઇ શકતો નથી, એને જોવામાટે ચક્ષુ ઇન્દ્રિય જોઇએ. ચક્ષુ ઇન્દ્રિય જો પોતે જોઇ શકતી હોત તો નિર્જીવ આંખો પણ જોઇ શકતી હોત. તેથી આત્મા અને આંખ બન્નેને એક-બીજાની ગરજ હોય જ છે. જ્યાં પરસ્પર ગરજ હોય ત્યાં પરસ્પર આકર્ષણ સહજતયા રહેવાનું જ છે, લોહ અને ચુંબક ની વચ્ચે હોય તેવું. આવા ઇતરેતરાશ્રિત બાહ્યાભ્યન્તર કરણો અને શુદ્ધ ચેતના નું એક-બીજાની સાથે મિલન કરાવનાર પરમેશ્વર હોય છે. આંખના દાખલાના વિચારે જે વિચાર્યું તે બીજી બધી ઇન્દ્રિયોમાટે પણ એટલું જ સાચું છે. કેમકે કાન પણ પોતે નથી સાંભળી શકતો, આ જે સૂપડા જેવા ઘાટ છે એ તો મડદાને પણ હોય છે. આત્મા એમાંથી નીકળી જાય તો એ કાન સાંભળી શકતો નથી. અને તેવી જ રીતે એ આત્મામાંથી સાંભળવાની સૂક્ષ્મ શક્તિ જ્યારે પરમાત્મા પાછી ખેંચી લે તો, આત્મા પણ સાંભળી શકતો નથી. તો કાનની સૂક્ષ્મ શક્તિ અને આત્મા બન્ને એકબીજાના સહયોગથી સાંભળે છે. બન્ને એકબીજા પર નિર્ભર હોય છે. બન્નેને એકબીજાનું આકર્ષણ છે. આત્માને અંત:કરણ-બહિઃકરણનું અને અંત:કરણ-બહિઃકરણને આત્માનું.

આ શરીરને આત્મા જ્યારે પ્રાપ્ત કરે છે તેના પહેલા આ શરીરને જોવાની, સાંભળવાની શક્તિ નથી હોતી. આત્મા શરીરમાંથી નિકળે છે ત્યારે પણ એ સ્થૂલ રૂપ લઇને નથી નિકળતો. એટલે કોઇ આત્મા આ શરીરને છોડીને જાય છે ત્યારે આંખના ડોળાને લઇને જતો નથી, કે કાનના સૂપડાને લઇને જતો નથી; પણ જોવાની, સાંભળવાની, સૂંઘવાની, વિચારવાની શક્તિ એ બધી શક્તિઓને લઇને જાય છે. આટલા બધા જીવાત્મા મરે છે; કોઇ આ ખોપડીને લઇને મરે છે? ના, ખોપડીને તો મૂકીને જ જાય છે. એટલે એ સાંભળવાની, વિચારવાની શક્તિ લઇને દેહને છોડે છે અને એ શક્તિઓને લઇને દેહમાં પ્રવિષ્ટ થાય છે. તેવું ઐશ્વર્ય આત્માને આપવામાં આવ્યું છે. એ ઐશ્વર્ય જીવાત્માને કોણે આપ્યું? જેમ



કે આ વીજળીને માઇક સાથે અને લાઉડસ્પીકર સાથે કનેક્ટ કોણે કરી? વીજળી પોતાની મેળે કનેક્ટ થાય છે? જો એવું થાય તો તો ઘણી મુશ્કેલી થાય. આ તો લાઇટફિટીંગવાળા ભાઇ સાથે હોય તો જ થાય અને તો જ આપણને પણ વિશ્વાસ થાય. જો બધું પોતાની મેળે જ ચાલવા મંડે તો ઘણું ભયંકર દ્રશ્ય ઊભું થઇ જાય, ભૂતલપર રહેવા જેવું જ ન રહે. કલ્પના કરો કે આવો બધો ઉધમ પોતાની મેળે ક્યાંક શરૂ થવા મંડે તો તો માણસના બાર વાગી જાય! દરિયામાં જ પડવું પડે. જીવવાની ઇચ્છા નષ્ટ થઇ જાય. એટલે આ બધું પોતાની મેળે નથી થતું, કોઇક એનો ઈશ્વર છે. વીજળીને તાર સાથે, માઇક સાથે, લાઉડસ્પીકર સાથે જોડનારો કોઇ એક ઈશ્વર છે. એ ઈશ્વર ક્યાં છે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે, કેમકે ઈશ્વર દેખાતો નથી. તો ભગવાન્ કહે છે કે આ જે આત્મા છે તે હું પરમેશ્વર છું. તેથી આ આત્મા ઈશ્વરનો અંશ છે અને તેથી એનામાં આંશિક રીતે ઐશ્વર્ય મોજૂદ છે. એટલે એ પોતાના શુભાશુભ કર્મથી આ ઇન્દ્રિયો સાથે પોતાને જોડી લે છે, એવું ઐશ્વર્ય એનામાં રહેલું છે.

એટલે આ રીતે પોતાના આત્માને જો આપણે તે બ્રહ્મના અંશ તરીકે ઓળખી લઇએ તો પણ પુરુષોત્તમયોગ આપણે સમજી શકીએ. કેમકે **યો યદંશઃ સ તં ભજેત્''** જે જેનો અંશ હોય તે તેને ભજે. આધુનિક વિજ્ઞાન મુજબ જેમ આપણી પૃથ્વી સૂર્યનો અંશ છે, તો પૃથ્વી પણ સૂર્યને ચોમેર ભમે છે કે નહિ? સૂર્યમાંથી સૂર્યનો પદાર્થ બહાર ફંટાઇને ટાઢો પાડીને પૃથ્વી બની ગયો. એટલે સૂર્ય જેમ પૃથ્વીનો અંશી છે તેમ ઉપાદાન કારણ પણ છે. તેમ સકલ જીવાત્માઓ તણખાની માફક અગ્નિરૂપી પરમાત્મા માંથી બહાર પ્રકટ્યા કે વ્યુચ્ચરિત થયા છે. તે સિવાય ભૂગર્ભમાં અંશીરૂપ સૂર્યની અંશીરૂપ ગરમીનો અંશરૂપ ગરમ ગોળો હજી પણ ભડકી રહ્યો છે. તે મુજબ જીવાત્માની ભીતર પણ આનન્દાત્મક અન્તર્યામી

સર્વદા બિરાજમાન છે જ. આમ **મમૈવાંશો જીવભૂતઃ સનાતનઃ**''વચનનું સ્વારસ્ય આપણને સરળતાથી સમજમાં આવી જાય. કેમકે અંશી બ્રહ્મ તે જીવાત્માનું ઉપાદાન કારણ છે. તેમાંથી, સૂર્યમાંથી પૃથ્વીની માફક, ચિદંશ વ્યુચ્ચરિત થઈને બહાર પ્રકટ થતાં અનેક જીવાત્માઓ બન્યા. અટલે અંશી અને અંશ બન્ને પદાર્થ તો એક જ. પૃથ્વીની ભીતર જેમ હજુ પણ ગરમ ગોળો ધધકી રહ્યો છે, તેમ જીવાત્માની ભીતર પણ સર્વદા અન્તર્યામી રૂપી પરમાત્મા વિદ્યમાન હોય જ છે. જડ સૃષ્ટિના પ્રકટ થવાની પ્રક્રિયા આપણે અવ્યયમાંથી અશ્વત્થના પ્રાકટ્યરૂપે સમજી તેનાથી જુદી રીતે જીવાત્મા સનાતન ચિદંશરૂપે પ્રકટ થાય છે, તેથી ભગવાન્ કહે છે **''મમૈવાંશો જીવભૂતઃ સનાતનઃ''** જીવાત્મા અશ્વત્થ નથી પણ તે અવ્યયરૂપ પરમાત્માનો અવ્યય=સનાતન અંશ છે. શ્રીમહાપ્રભુજીના મત પ્રમાણે જીવાત્માનું અંશરૂપ હોવું અને સનાતન=અવ્યય હોવું તે પુરુષોત્તમયોગને સમજવાની એક અપરિહાર્ય શરત છે. એટલે જીવાત્મા પરમાત્માનો જો અંશ ન હોય તો ન તો તેમાં સાત્ત્વિકબુદ્ધિ વડે પોતાની વિભક્તતામાં એક અવિભક્ત પરમાત્માનો બોધ વાસ્તવિક હોઈ શકે; ન તો પુરુષોત્તમ પ્રત્યે જીવાત્માની અવ્યભિચારિણી ભક્તિ પણ તેનો અકૃત્રિમ સહજ ગુણધર્મ લેખાશે.

તેથી શ્રીમહાપ્રભુજીના મત પ્રમાણે ભગવદ્દભક્તિના ભાવમાં સહુથી વધારે વિઘાતક માન્યતાઓ આ બે:એક તો જડ-જીવાત્મક સૃષ્ટિ મિથ્યા છે; અને બીજી આ કે જીવાત્મા કાં તો વ્યાપક છે અથવા તો એની અંશરૂપતા વાસ્તવિક ન હોઈને પ્રતિબિંબ જેવી મિથ્યા હોય છે.

આપશ્રી કહે છે:—

**પ્રપઞ્ચમેવ મિથ્યા ઈતિ ઉક્ત્વા શુદ્ધં ભજનં વારયન્તિ**
**તથા અન્યે જીવં વ્યાપકમ્ ઉક્ત્વા.**



કોઈ વિચારકો જગત્‌ને મિથ્યા કહીને તો બીજા વિચારકો જીવને વ્યાપક કહીને શુદ્ધ ભજનની બધી શક્યતાઓને ખતમ કરી દેતા હોય છે. તેમ જ આપણે એ પણ જોઈ ગયા કે પુરુષોત્તમયોગ મુખ્યતયા ભક્તિની સાચી સમજ આપવામાટે છે; જેમકે ભક્તિ પુરુષોત્તમની સાચી મજા લેવામાટે હોય છે. તેથી જીવાત્માને પરમાત્માના અંશ તરીકે સ્વીકારીને આ અંશાંશિભાવ પ્રયુક્ત અભેદને તાણીને એ હદ સુધી લઈ જવું ઉચિત નથી કે ભક્તિનો ભાવ જ રુંધાઈ જાય. ભક્તિનો ભાવ ક્યારે રુંધાય? જ્યારે દેહેશ્વર-જગદીશ્વર જીવાત્મા-પરમાત્મા કર્તા-કારયિતા ભક્ત-ભગવાન્ કે સેવક-સેવ્યભાવ ના બધા લીલાત્મક તારતમ્યોને ભૂંસવાનું વૈચારિક કાવતરું કરવામાં આવતું હોય. પુરુષોના અનેકાનેક વિભાગોમાં જ્યારે એક પુરુષોત્તમ હોવાની વાત સાર્થક થાય તો જ ભક્તિના ભાવને અવકાશ મળતો હોય છે. નહિ તો અતિ-અદ્વૈતને કારણે અંશરૂપ પુરુષો અને અંશીરૂપ પુરુષોત્તમ ના ભેદને ભૂંસવા જઈશું તો જાણે-અજાણે આપણે પુરુષોત્તમયોગને જ રદબાતલ કરતા હોઈશું.

તેથી ભગવદ્દગીતાનુસારી શુદ્ધાદ્વૈતવાદમાં **'સોઽહમ્'** ક્યારે પણ **'દાસોઽહમ્'** ના ભાવમાં આડે આવતો નથી; તેમજ **'દાસોઽહમ્'** નો ભાવ ક્યારે પણ **'સોઽહમ્'** ના ભાવને ક્યારેક મૂક (silent) બનાવતો હોય તો પણ મટાડતો (cancel) નથી. આ અત્યન્ત અગત્યનો મુદ્દો છે.

તેથી જ ભગવાન્ કહે છે **''અપરા ઈયમ્ ઈતસ્તુ અન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરાં જીવભૂતાં મહાબાહો યયા ઈદં ધાર્યતે જગદ્''** જો ભગવાન્‌ની જીવભૂતા પરા પ્રકૃતિ આ સમગ્ર જગત્‌ને ધારણ કરતી હોય તો શામાટે શ્રીકૃષ્ણે પોતાની વિરાટતાના દર્શન કરાવવા પોતાનાં શ્રીઅંગમાં જ વિશ્વ દેખાડ્યું, શામાટે અર્જુનને એવા દિવ્યચક્ષુ ન આપ્યા કે તેને પોતાના શરીરમાં જ વિશ્વદર્શન થવા મંડે?

જ્યારે કે ભગવાન્ પોતે જ **"સર્વભૂતસ્થમ્ આત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શનઃ"** એવો ઉપદેશ અર્જુનને આપી ચુક્યા છે! પણ નહિ! કેમકે અર્જુનનો અંગીકાર ભગવાને ફક્ત એક સર્વત્ર સમદર્શી યોગી તરીકે નથી કર્યો પરન્તુ **"ભક્તોસિ મે સખા ચેતિ"** રૂપે કર્યો છે તેથી તેને દિવ્યદૃષ્ટિ પણ એવી જ આપવામાં આવી કે તેને પોતાના શરીરને ઠેકાણે ભગવાન્‌ના શ્રીઅંગમાં જ વિશ્વ અવસ્થિત દેખાય છે. અને એજ વાત ભગવાને વિરાટદર્શન કરાવ્યા પછી પણ અર્જુનને સમજાવી કે **"ભક્ત્યા ત્વનન્યયા શક્યમ્ અહમ્ એવંવિધો અર્જુન જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ"** એટલે સર્વત્ર સમદર્શન કરવા સમર્થ જ્ઞાનયોગીઓમાં પણ જેઓ ભગવાન્‌માટે અનન્યભક્તિ કે અવ્યભિચારિણી ભક્તિનો ભાવ ધરાવતા હોય, તેઓને પોતાનાં દેહ કે આત્મા કરતા, પરમાત્માનાં શ્રીઅંગમાં જ પોતે અને સમગ્ર વિશ્વ પણ અવસ્થિત દેખાય છે. તેથીજ ભગવાને એમ પણ કહ્યું છે કે **"યોગિનામપિ સર્વેષાં મદ્‌ગતેન અન્તરાત્મના શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ"** એટલે સહુથી શ્રેષ્ઠ જ્ઞાની, અને તેવા જ્ઞાનીઓમાં પણ શ્રદ્ધાપૂર્વક જે ભગવાન્‌ને ભજતો હોય તે ભગવાન્‌ને યુક્તતમ લાગતો હોય છે. આત્મભજન કરતા પરમાત્મભજનની શ્રેષ્ઠતાનું આથી પ્રબળ પ્રમાણ બીજું કયું હોઈ શકે? સમગ્ર પુરુષોત્તમયોગનું રહસ્ય આમાં સમાઇ જાય છે.

તેથી જ શ્રીમહાપ્રભુજી આ રહસ્યને આમ પણ સમજાવે છે કે બધા જ ઉપનિષદોના વચનોનું વર્ગીકરણ બે રીતે થાય:એક તો આમ કે કેટલાક વચનો "તે પરબ્રહ્મમાંથી આ સમગ્ર નામ-રૂપ-કર્માત્મક જડ જગત્ પ્રકટ થયું છે. તેમાં જ સ્થિત છે; અને અન્તે તેમાં લીન થવાનું છે, તેથી જગત્‌નો તે એકમાત્ર જગદીશ છે" એવું અનેરું માહાત્મ્ય તેનું વર્ણવતા હોય છે. બીજા કેટલાક વચનો તે પરબ્રહ્મ પરમાત્મા અને જડ-જીવાત્મક જગત્‌થી ભિન્ન નથી એમ



સમજાવતા હોય છે. માહાત્મ્યનું નિરૂપણ તેનું માહાત્મ્યજ્ઞાન આપવામાટે હોય છે. પરમાત્માની સાથે જીવાત્માઓના અભેદનું નિરૂપણ, તેનામાટે આપણી ભીતર સહજ-સ્વાભાવિક રતિ જાગે, તેવા હેતુથી કરવામાં આવતું હોય છે. ભકિતની પરિભાષા **"તેનાં માહાત્મ્યને સરખી રીતે જાણીને તેનામાટે જ્યારે સુદૃઢ સર્વતોધિક રતિ પ્રકટ થાય તો તેને 'ભક્તિ' કહેવાય"** , એમ આપવામાં આવતી હોવાથી સમગ્ર ઉપનિષદોનુ પ્રમુખ તાત્પર્ય જીવાત્મામાં પરમાત્મા પ્રત્યે ભકિત પ્રકટ કરવામાં જ રહેલું છે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે **"રતિઃ સ્નેહો દેવત્વં માહાત્મ્યં તદ્ આત્મત્વેન જ્ઞાતે ભવતિ"** એટલે આપણે તેના અંશો છીએ એવું જો આપણને સરખી રીતે ભાન થાય તો આપણે નિજાત્મસ્નેહને પરમાત્મસ્નેહના અંશ તરીકે પીછાણી શકીશું. જો આપણો આત્મા પરમાત્માનો અંશ હોય તો આપણો નિજાત્મસ્નેહ પરમાત્મસ્નેહનો અંશ સિદ્ધ થાય જ. આમ નિજાત્મસ્નેહ પ્રત્યે આપણી આવી સભાનતાને શ્રીમહાપ્રભુજી નિરુપાધિક ભક્તિ તરીકે બિરદાવે છે.

તેથી જે પરમાત્માને નથી ચાહતો તે પોતાની જાત સાથે દ્વેષ કરી રહ્યો છે. જે પરમાત્માને ચાહે છે તે પોતાના આત્માને જ ચાહી રહ્યો છે. આટલી વાત જો સમજાય તો આત્માદેશની શૈલીમાં પુરુષોત્તમયોગ સરખી રીતે સમજાયો કહેવાય. કેમકે આપણી ભીતર તે પુરુષોત્તમમાટે સહજ સ્નેહનો લખલૂટ ખજાનો ભરાયેલો છે, તેથી આપણે આપણી જાતને સ્નેહ કરી રહ્યા છીએ. આપણે આપણી જાતને સ્નેહ કરી રહ્યા છીએ તેથી આપણા દેહની સાથે આપણી અહંતા કે મમતા ના બંધનોમાં બંધાયેલી દરેક વસ્તુ કે વ્યકિત ને પણ સ્નેહ કરતા હોઇએ છીએ.

સહસ્ર પરિવત્સરોથી અન્તઃકરણ, જ્ઞાનેન્દ્રિયો અને તેના વિવિધ વિષયો, કર્મેન્દ્રિયો અને તેમનાથી સંપન્ન થતી વિવિધ ક્રિયાઓ,

પતિ-પત્ની બંધુ-બાંધવ ઘર ધન સગાવ્હાલાં યશ-અપયશ વગેરેમાટે આ જીવાત્મા તેજ પરમાત્મસ્નેહના અખૂટ ભંડારમાંથી ખોબા ભરી-ભરીને સ્નેહની ક્ષુદ્રરાશિઓ લુટાવતો રહ્યો છે. આ સ્નેહનાં મૂલ ભંડાર તરીકે પરમાત્માને પીછાણી જવું પુરુષોત્તમયોગનો ઉપક્રમ છે. તેથી હવે ભગવાન્ આગળ આમ સમજાવવા માગે છે કે શામાટે જીવાત્મા જન્મોજન્મથી દેહેન્દ્રિય અન્તઃકરણ તેનાં જુદા-જુદા ક્રિયાકલાપો પતિ-પત્ની ઘરબાર વગેરે માટે આકર્ષિત થતો રહે છે? દિશા-દિશામાં વાયરાની માફક યુગ-યુગથી વાતો કે ભટકતો આ જીવાત્મા શામાટે જે-તે ઇન્દ્રિયવિષયોની ગન્ધો કે વાસનાઓ નો વાહક બનીને ભમતો રહે છે? તે-તે ઇન્દ્રિયોના વિષયોમાટે પોતાનાં સ્નેહને સતત લુટાવતો હોવા છતાંય શામાટે જીવાત્મા સ્નેહના આ અખૂટ ખજાના પ્રત્યે સભાન નથી બનતો?

**શરીરં યદવાપ્નોતિ... નૈનં પશ્યન્ત્યચેતસઃ :**

જેમ ફૂલને સ્પર્શ કરતો કોઇ વાયરો વહેતો હોય તે ફૂલને તોડીને નથી લાવતો પણ ફૂલની સુગંધ આપણા સુધી પહોંચાડી દેતો હોય છે. એમ દરેક દેહમાંથી વહેતો આ પરમાત્માનો જીવાત્મારૂપી અંશ એ દેહમાં રહેલી સત્કર્મ અને અસત્કર્મની સુગંધ અને દુર્ગંધને લઈને જતો-આવતો હોય છે. એ દેહના સ્થૂલરૂપો આંખ-કાન-નાકને લઈને નથી જતો કે નથી આવતો. એ વાયુની માફક સૂક્ષ્મરૂપે આવે છે અને સૂક્ષ્મરૂપે જાય છે.

આંખ, ચામડી, નાક, મન બધામાં એ આત્મા અધિષ્ઠિત થાય છે. જેમ વીજળી માઇકમાં અધિષ્ઠિત થાય છે અને પછી પોતપોતાનું કાર્ય ચાલુ થઇ જાય છે, એવી રીતે.

આ સૂક્ષ્મતત્ત્વને વિષયવિમૂઢતાના કારણે આપણે જોઇ શકતા નથી. ચર્મચક્ષુથી જોશો તો આત્મા નહિ દેખાય. આ પરમાત્માનો



અંશરૂપ જે આત્મતત્ત્વ છે એને જોવા માટે કોઈક જ્ઞાનચક્ષુની જરૂર છે. ચર્મચક્ષુથી આત્માના દર્શન નથી થઇ શકતા. તેથી યોગીઓ જ્યારે પોતાની ઇન્દ્રિયોને વિષયોથી વાળીને, વિષયોના સંગથી મનને વાળીને, જ્યારે આત્મસંગી બનાવતા હોય છે ત્યારે છેલ્લે ક્યારેક એમને આત્માના દર્શન થાય છે. જેને ખરેખર આત્મદર્શન કરવા નથી, જેને વિષયનાં જ દર્શન કરવા છે તે એવો પ્રયાસ પણ કરશે તો પણ એને આત્માના દર્શન થવાના નથી. જે 'અચેતસ' કે ભાન વગરની વ્યક્તિ છે, જેની આત્મદર્શનની સાધનામાં નિષ્ઠા નથી, તેને ક્યારે પણ આત્મદર્શન થઇ શકતા નથી. એટલે એક વાત સમજો કે જેવી અવ્યભિચારિણી ભક્તિ કે પરમાત્મરતિ પરમાત્મદર્શનમાં સહાયક થાય છે તેવી રીતે જ અવ્યભિચારિણી આત્મરતિ હશે તો જ આત્મદર્શન થઇ શકે. બાકી ખોટાં ફાંફાં મારવાથી નથી આત્મરતિ જાગતી કે નથી આત્મદર્શન થતા. આપણે લેબોરેટરીમાં શરીરની ચીરફાડ કરીને જોઇએ તો ક્યાંય પણ આત્મા દેખાતો નથી.

એક વાત સાંભળો, એક ગામઠી ભાઈએ ઘડિયાલ ખરીદ્યું અને પછી એ ક્યાંક પડી ગયું એટલે એની અંદરનું કાંઈક તૂટી ગયું. એટલે ઘડિયાલ ચાલતી બંધ થઈ. પછી એમને બહુ ચિંતા થઈ કે આ ઘડિયાલ કેમ બંધ થઈ ગઈ? એ ચતુર હતા. એમણે ઘડિયાલ ખોલીને જોયું તો એમાં સ્લો-ફાસ્ટ થવાના કાંણાંમાંથી એક માખી ભીતર ઘુસીને મરી ગઈ હતી અને તે મરેલી માખી એમને અંદર મળી. તો એમણે લાગ્યું "ઓહોહો, હવે ખબર પડી કે ભીતર બેસીને આ માખી ઘડિયાળ ચલાવતી હતી હવે એ માખી પોતે જો મરી ગઈ તો ઘડિયાલ કેવી રીતે ચાલે?!" આપણે ઘડિયાલ ખોલીને બેસીએ તો આપણને સમજ ન પડે કે એ કેવી રીતે ચાલે છે; એ તો ઘડિયાળીને જ સમજ પડે. આપણને તો માખી જેવું જ કાંઇક ચોમેર ફરતું લોહી કે ધબકતું દિલ જેવું કાંઇ મળી જાય. અને એ માખી મરી ગઈ એટલે બીજી માખી મૂકો એનાથી

કાંઈ ઘડિયાલ ચાલે નહિ. ઘડિયાલનું પોતાનું એક મેકેનિઝમ છે; એ ચાલતું હોય તો ઘડિયાલ ચાલે. એમ આપણે આમાં કાંઇક-કાંઇક મૂકીએ અને કાઢીએ અને પછી કહીએ કે આત્મા આમાં દેખાતો નથી, તો ક્યાંથી દેખાય ?

આત્માને જોવાનું જે સાધન છે એને તો તમે હજુ સમજ્યા નથી. આત્મરતિ એ આત્માને જોવાનું સાધન છે. જેમ ઘડિયાળી આઇગ્લાસ વાપરે છે એ આઇગ્લાસ વાપરો અને એના સૂક્ષ્મયંત્રો તમને દેખાય તો તમે એને રિપેર કરી શકો. પણ સ્થૂલ આંખથી નાની ઘડિયાલને ઠીક કરવા જાવ તો સાચી ઘડિયાલ ઠીક થઇ શકે નહિ. જેમ પરમાત્મદર્શન માટે અવ્યભિચારિણી પરમાત્મરતિ હોવી જોઇએ એમ આત્મદર્શન કરવા માટે અવ્યભિચારિણી આત્મરતિ હશે તો જ તે દર્શન થશે. વિષયરતિ હોય તો આત્મદર્શન નથી થતા.

આમ કહીને ભગવાને અંતે એ પરમેશ્વરને અહંકારાદેશથી કેમ સમજવો એની આપણને થોડી રીતિ દેખાડી છે.

**આધુનિક પુષ્ટિમાર્ગીઓમાટે અહંકારાદેશની શૈલીમાં પુરુષોત્તમયોગમાં અપેક્ષિત સાવચેતી :**

અંતે ઉપસંહારમાં એક વાત અતિશય સાવધાની સાથે સમજી રાખવી જરૂરી તે આ કે કોઇ આધુનિક પુષ્ટિમાર્ગી, પછી ભલે ન તે કોઇ પૂ.પા.ગો.બા. હોય કે પ.ભ.બાપા-બાપી હોય, સહુ તે મૂળ પુરુષોત્તમનાં અંશરૂપ જીવાત્મા હોવાથી પોતાને કે બીજાને પુરુષોત્તમ તરીકે માને કે બિરદાવે તેમાં હેતુ મૂળ પુરુષોત્તમની સાથે પોતાના તાદાત્મ્યની નિર્દોષ મજા લેવાનો હોય તો વાંધો નથી આવતો. પણ મહાપ્રભૂપદિષ્ટ શ્રીકૃષ્ણની સેવાભક્તિથી જો પોતાને કે બીજાને વિમુખ બનાવવાનો હેતુ હોય તો તે પુરુષોત્તમયોગ ન રહી 'પુરુષોત્તમરોગ'ની ગ્રન્થિ કે મનોવિકૃતિ જ છે. શ્રીમહાપ્રભુજી સુસ્પષ્ટ શબ્દોમાં કહે



છે :

**અયમેવ મહામોહો હીદમેવ પ્રતારણમ્।**
**યત્કૃષ્ણં ન ભજેત્પ્રાજ્ઞઃ શાસ્ત્રાભ્યાસપરઃ કૃતી।**
**તેષાં કર્મવશાનાં હિ ભવએવ ફલિષ્યતિ॥**
**ભગવદ્વિરોધાચરણે તુ નરકેऽપિ પાતો, 'ભવઃ' સંસારો દુઃખાત્મકઃ ફલિષ્યતિ.**

એટલે કે જીવનમાં આના કરતા મોટો કોઇ મોહ કે નિષ્ઠુર છેતરપિંડી હોઇ શકતી નથી કે શ્રુતિ-ઉપનિષદ્ ગીતા બ્રહ્મસૂત્ર ભાગવત આદિ શાસ્ત્રો વાંચનારો તેમને સમજવાની બુદ્ધિ ધરાવતો હોય અને શ્રીકૃષ્ણસેવા ન કરે. એવા લોકો પોતાના કર્મબંધનને આધીન દુઃખરૂપ સંસારમાંજ રચ્યા-પચ્યા રહેશે. ભગવાન્ સાથે વિરોધનો ભાવ રાખનારાઓનો તો નરકમાં પણ પાત થશે. પુષ્ટિમાર્ગ સાથે પ્રતિસ્પર્ધા કરનારાઓ કેટલાક પોતાના ગુરુએ ઉપદેશેલ શ્રીકૃષ્ણભક્તિની બાબતમાં પણ અદેખાઇ દેખાડતા હોય છે. ગુરુ સાચા મહાત્મા અને શ્રીકૃષ્ણભક્ત હોવાથી, જ્યારે-જ્યારે જ્વરસંનિપાત થતો ત્યારે-ત્યારે પોતાના રોમેરોમમાં શ્રીકૃષ્ણને અનુભવતા હતા, એવા ઉદ્ગારો એમને પ્રકટ કર્યા છે. તેનો ભલતો જ અર્થ શિષ્યો એમ કાઢતા હોય છે કે શ્રીકૃષ્ણ તો આમારા ગુરુના એક રોમની જેવી હલકી હેસીયત ધરાવે છે. અટલે સાચા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ નહિ બલ્કે પોતાના ગુરુ! આ પુરુષોત્તમયોગ નથી બલ્કે માનસિક વિકૃતિજન્ય પુરુષોત્તમરોગ છે. વર્તમાનમાં આપણા શ્રીમહાપ્રભુજીના ઉપદેશથી દ્વેષ કરનારાઓ પણ કેટલાક કહેવાતા વલ્લભપંથીઓમાં પણ આ પુરુષોત્તમરોગની મનોગ્રન્થિ કેંસરની માફક ફાટી નિકળી છે. તેઓ પણ વિસંપ્રદાયીઓની માફક "વલ્લભકે એક રોમમેં કોટી ગોવર્ધનનાથ" જેવી કાવ્યોક્તિઓનો ગેરલાભ લઇને શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીના વિભાગમાં એક અવિભક્ત પુરુષોત્તમને ઇન્કારે છે. હકીકતમાં તો તેઓ શ્રીમહાપ્રભુજીનાં વાંસામાં જ છરી

હુલાવી દેવા માગે છે. તેમ જ પુષ્ટિમાર્ગમાં કહેવાતા બોલતા-ચાલતા પુરુષોત્તમોએ પણ, શ્રીમહાપ્રભુના વંશજ હોવા છતાંય, આ દિવ્ય પુરુષોત્તમયોગને પુરુષોત્તમરોગની એક વિકૃત માનસિક ગ્રન્થિ તરીકે પુષ્કળ વકરાવી દીધી છે. પોતાના મૂલાચાર્યના ઉપદેશ મુજબ પુષ્ટિમાર્ગીઓએ પોત-પોતાના ઘરમાં શ્રીકૃષ્ણસેવામાટે જે બ્રહ્મસંબંધદીક્ષા લેવાની હતી. તે પોતાના ચેલા વધારવાની અદમ્ય લાલસાને વશ થઈને આજે સામાન્યરૂપે બધાને આપવામાં આવે છે. દીક્ષા આપી દીધા પછી, તે બ્રહ્મસંબંધી પોતાનાં ઘરમાં પોતાનાં તન-મન-ધન-પરિજનનાં વિનિયોગવાળી ભગવત્સેવા ક્યાંય કરવા ન મંડે તેથી, અપરસ કે અસમર્પિતત્યાગ કે નેગભોગના વૈભવથી પ્રભુસુખના બહાના બનાવીને તેઓને નિરુત્સાહિત કરવામાં આવે છે. તેઓ પોતે યૂરોપ-અમેરિકા પધારે ત્યારે અપરસ સાથે ઘણી બધી બાંધ છોડ કરતા જ હોય છે. મોટે ભાગે ગોસ્વામી બાળકો મઠડી-મોહનથાળ સિવાય બીજી બાબતોમાં અસર્પિતત્યાગનો આગ્રહ પણ પોતે રાખતા નથી ન્હોતા. પોતાને માંથે બિરાજતા પ્રભુની સેવામાં પોતે પોતાની ચરણભેટના વિનિયોગ દ્વારા નેગ-ભોગ-રાગનો વૈભવ નથી નભાવતા. ગામથી ભેગા કરેલા નાણાંથી ભગવત્સુખનાં બણગા ફૂંકતા હોય છે. આવી છૂટ પોતે લે છે પણ અનુગામી જનતાને આપવા નથી માગતા. આ તે કેવો પુરુષોત્તમરોગ! વળી કોઈ તો એમ પણ કહે છે કે "મર્યાદામાર્ગમાં પણ જ્યારે **'ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકે લાગૂં પાંય, બલિહારી ગુરુદેવકી જિન ગોવિંદ દિયો બતાય'** વચન મુજબ પોતાનાં ગુરુને શિષ્યોએ ભગવાન્ કરતા અધિક માનવાનું હોય તો વાલ્લભ સંપ્રદાયમાં તો **'સર્વં ખલુ ઇદં બ્રહ્મ'** ફિલૉસફી માન્ય હોવાથી ગુરુને પુરુષોત્તમ તરીકે સ્વીકારવા કે નહિ તે પ્રશ્ન પણ અપ્રાસંગિક છે!" હકીકતમાં તો કોને પહેલા પગે પડવું તે મૂંઝવણનું નિરાકરણ ગુરુએ ગોવિંદને પગે પહેલા પડવું એમ સૂચવીને કરી છે. તેથી તેવા ગુરુઉપર બલિહારી થવાની પ્રેરણા પણ અહીં મેળવી શકાય. ખેર, સમગ્ર જગત્ બ્રહ્મમાંથી પ્રકટ થયેલ હોવાથી બ્રહ્મરૂપ હોય



તો પોતાનાં ઘરોમાં બિરાજતા શ્રીઠાકોરજીની પુરુષોત્તમભાવે વૈષ્ણવો સેવા કરી શકે કે નહિ? આમ પ્રશ્ન કરો તો પાછી બીજી છટકબારી શોધી લેતા હોય છે કે "સામાન્ય વૈષ્ણવોને ત્યાં ઠાકોરજી પુરુષોત્તમભાવથી નથી બિરાજતા પણ ગુરુભાવે બિરાજે છે". શું પુરુષોત્તમભાવથી બિરાજતા ઠાકોરજી પૂ.પા.ગો.બા.ઓનો ઇજારો છે? જો ખરેખર આ ધારણા પણ સાચી હોય કે પૂ.પા.ગો.બા.ઓ પુરુષોત્તમના ઇજારદાર છે તો ફક્ત ઇજારદારી સિદ્ધ થાય પણ પોતે તો પુરુષોત્તમ નહિ, આમ વાત ફરીથી ત્યાં જ આવી જાય છે! આ તે કેવી સ્વાર્થાન્ધતા કે પોતાને પુરુષોત્તમ તરીકે ખપાવવું છે પણ વૈષ્ણવોના તો ઠાકોરજીને પણ પુરુષોત્તમભાવથી મંડિત નથી થવા દેવું!! વળી જેઓ પોતાના ઘરમાં ભગવત્સેવા કરી નથી શકતા તેવા વૈષ્ણવોના ઉદ્ધારમાટે જાહેર ભગવન્મન્દિરો પણ ધંધાકીય ધોરણે ચલાવી શકાય તો તેવા મન્દિરોમાં બિરાજતું ભગવત્સ્વરૂપ પુરુષોત્તમ હોય કે નહિ? તો કહે છે કે તેવા સાર્વજનિક મંદિરોઉપર કોઈ ગોસ્વામી બાળકનો ઇજારો ન હોય છતાંય કહેવા પૂરતું તે ટ્રસ્ટકમીટીમાં ગોસ્વામી બાળકને વંશવારસ ટ્રસ્ટી તરીકે સ્વીકારવામાં આવતું હોય તો શુદ્ધિપુષ્ટિ તો નહિ પરન્તુ મર્યાદામિશ્રિત પુષ્ટિપુરુષોત્તમ તેવા સાર્વજનિક દેવાલયોમાં પણ બિરાજતા ભગવત્સ્વરૂપ હોઈ શકે છે! આવા બધા છલ-પ્રપંચો કેમ રચવા પડે છે એનું કારણ એક જ કે મોટા ભાગે પોતાની બાબતમાં પુરુષોત્તમ હોવાની ભ્રમણામાં ભટકતા આવા લોકો પાસે ધંધાકીય ભગવત્સેવા સિવાય પોતાનું પેટીયું રળવાનું પૌરુષ પણ હોતું નથી.

એટલે આવા પુરુષોત્તમરોગગ્રન્થિથી પીડાતા લોકો બીજા લોકોને પુષ્ટિપ્રભુની પુષ્ટિભક્તિ મુજબ સેવાભક્તિથી વંચિત રાખે તેવા છલપ્રપંચમાટે આ પુરુષોત્તમયોગ નથી વર્ણવાયો. દરેકેદરેક જીવાત્મા ભગવદંશ હોવાથી પુરુષોત્તમાત્મક છે તેથી દરેકેદરેક જીવાત્માની ભીતર પુરુષોત્તમ બિરાજે છે. દરેકની ભીતર જે ભાવરૂપે કે અન્તર્યામીરૂપે બિરાજે છે તેને ઘરના કોઈ ખૂણામાં, કે કોઈ રૂમમાં, કે પોતાના પ્લૉટમાં બાંધેલ

કોઈ નોખા ભવનમાં પણ, પોતાના તન-મન-ધન-પરિજનોના વિનિયોગ કરવામાટે બહાર પધારવવામાં આવે તો તેમ કરવાની છૂટ દરેકને છે. તે કોઈની ઈજારાશાહી હોઈ શક્તી નથી. એટલે પુરુષોત્તમયોગ પુરુષોત્તમરોગની મનોગ્રન્થિ ન બની જાય તેની કાળજી લેવી દરેક પુષ્ટિમાર્ગીયનું પવિત્ર ઉત્તરદાયિત્વ છે.

આમ આ પુરુષોત્તમયોગની અહંકારાદેશની શૈલીમાં સાધના કે વર્ણના ઘણો વિસ્તાર માગે છે; પણ આપણી પાસે સમય નથી એટલે એના વિસ્તારમાં નથી જતો.



## ॥ ૩.પુરુષોત્તમના મુખારવિન્દે પુરુષોત્તમયોગ ॥

<u>સ્વમુખારવિન્દે આત્માદેશ શૈલીમાં પુરુષોત્તમનું નિરૂપણ</u> :

યદાદિત્યગતં તેજો જગદ્ ભાસયતેઽખિલમ્॥
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્॥૧૨॥
ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા॥
પુષ્ણામિ ચૌષધી: સર્વા: સોમો ભૂત્વા રસાત્મક:॥૧૩॥
અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિત:॥
પ્રાણાપાનસમાયુક્ત: પચામ્યન્નં ચતુર્વિધમ્॥૧૪॥
સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો મત્ત: સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ॥
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યો વેદાન્તકૃત્ વેદવિદેવ ચાહમ્॥૧૫॥
દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષરએવ ચ॥
ક્ષર: સર્વાણિ ભૂતાની કૂટસ્થોઽક્ષર ઉચ્યતે॥૧૬॥
ઉત્તમ: પુરુષસ્ત્વન્ય: પરમાત્મેત્યુદાહૃત:॥
યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વર:॥૧૭॥
યસ્માત્ ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમ:॥
અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિત: પુરુષોત્તમ:॥૧૮॥
યો મામેવમસંમૂઢો જાનાતિ પુરુષોત્તમમ્॥
સ સર્વવિદ્ ભજતિ માં સર્વભાવેન ભારત॥૧૯॥
ઈતિ ગુહ્યતમં શાસ્ત્રમિદમુક્તં મયાનઘ॥
એતદ્ બુદ્ધ્વા બુદ્ધિમાન્ સ્યાત્ કૃતકૃત્યશ્ચ ભારત॥૨૦॥

યત્ = જે, તેજ: = તેજ, આદિત્યગતમ્ = સૂર્યમાં સ્થિત હોઈ, અખિલમ્ = સંપૂર્ણ, જગત્ = જગતને, ભાસયતે = પ્રકાશિત કરે છે, ચ = અને, યત્ = જે (તેજ), ચન્દ્રમસિ = ચન્દ્રમામાં સ્થિત છે (અને) યત્ = જે (તેજ), અગ્નૌ = અગ્નિમાં (સ્થિત છે), તત્ = એને (તું),

**મામકમ્** = મારું જ, **તેજઃ** = તેજ, **વિદ્ધિ** = જાણ **ચ** = અને, **અહમ્** = હું (જ), **ગામ્** = પૃથ્વીમાં, **આવિશ્ય** = પ્રવેશ કરીને, **ઓજસા** = મારી શકિતથી, **ભૂતાનિ** = બધા પ્રાણીઓને, **ધારયામિ** = ધારણ કરું છું, **ચ** = અને, **રસાત્મકઃ** = રસસ્વરૂપ એટલે અમૃતમય, **સોમઃ** = ચન્દ્રમા **ભૂત્વા** = થઇને, **સર્વાઃ** = સર્વે, **ઔષધીઃ** = ઔષધિઓને એટલે વનસ્પતિઓને, **પુષ્ણામિ** = પુષ્ટ કરું છું **અહમ્** = હું (જ), **પ્રાણિનામ્** = બધા પ્રાણીઓના, **દેહમ્** = શરીરમાં, **આશ્રિતઃ** = રહેલો, **વૈશ્વાનરઃ** = વૈશ્વાનર અગ્નિરૂપ, **ભૂત્વા** = થઇને, **પ્રાણાપાનસમાયુક્તઃ** = પ્રાણ અને અપાનથી યુકત થઇને, **ચતુર્વિધમ્** = ચાર પ્રકારના **અન્નમ્** = અન્નને, **પચામિ** = પચાવું છું **ચ** = અને, **અહમ્** = હું (જ), **સર્વસ્ય** = બધા પ્રાણીઓના, **હૃદિ** = હૃદયમાં, **સંનિવિષ્ટઃ** = અન્તર્યામીરૂપથી રહેલો છું (તથા), **મત્તઃ** = મારાથી જ, **સ્મૃતિઃ** = સ્મૃતિ, **જ્ઞાનમ્** = જ્ઞાન, **ચ** = અને, **અપોહનમ્** = વિસ્મરણ કે અજ્ઞાન, (ભવતિ) = થાય છે. **ચ** = અને, **સર્વૈઃ** = બધા, **વેદૈઃ** = વેદોથી, **અહમ્** = હું, **એવ** = જ, **વેદ્યઃ** = જાણાતો વિષય છું. **વેદાન્તકૃત્** = વેદાન્તોનો કર્તા, **ચ** = અને, **વેદવિત્** = વેદોનો વેત્તા, (પણ) **અહમ્** = હું, **એવ** = જ (છું) **લોકે** = આ જગતમાં, **દ્વૌ** = બે પ્રકારના, **ક્ષરઃ** = નાશવાન, **ચ** = અને, **અક્ષરઃ** = અવિનાશી, **એવ** = પણ, **ઈમૌ** = આ, **પુરુષૌ** = પુરુષો છે. (એમાં) **સર્વાણિ** = બધા, **ભૂતાનિ** = ભૂતપ્રાણીઓનાં શરીર અથવા તો શરીરાભિમાની જીવાત્મા તો, **ક્ષરઃ** = નાશવાન્ (હોય છે), **ચ** = અને, **કૂટસ્થ** = નાશવન્તોની વચ્ચે રહેવા છતાંય નાશ ન પામનાર, **અક્ષરઃ** = અવિનાશી, **ઉચ્યતે** = કહેવાય છે. **ઉત્તમઃ** = ઉત્તમ, **પુરુષઃ** = પુરુષ, **તુ** = તો, **અન્યઃ** = બીજો જ છે, (કે) **યઃ** = જે, **લોકત્રયમ્** = ત્રણે લોકમાં, **આવિશ્ય** = પ્રવિષ્ટ થઇને, **બિભર્તિ** = બધાનું ભરણ-પોષણ કરે છે. (માટે) **અવ્યયઃ** = અવિનાશી, **ઈશ્વરઃ** = પરમેશ્વર (અને), **પરમાત્મા** = પરમાત્મા, **ઈતિ** = એમ, **ઉદાહૃતઃ** = કહેવાય છે. **યસ્માત્** = કારણકે, **અહમ્** = હું, **ક્ષરમ્** = નાશવાન જડ ક્ષેત્રની તો, **અતીતઃ** = બહાર છું, **ચ** = અને, **અક્ષરાત્** = અવિનાશી અક્ષરથી,



**અપિ** = પણ, **ઉત્તમઃ** = ઉત્તમ છું, **અતઃ** = માટે, **લોકે** = લોકમાં, **ચ** = અને, **વેદે** = વેદમાં, **પુરુષોત્તમઃ** = પુરુષોત્તમ (તરીકે), **પ્રથિતઃ** = પ્રસિધ્ધ, **અસ્મિ** = છું. **ભારત** = હે ભારત, **એવમ્** = આવી રીતે, **યઃ** = જે, **અસંમૂઢઃ** = મોહરહિત જ્ઞાની પુરુષ, **મામ્** = મને, **પુરુષોત્તમમ્** = પુરુષોત્તમ (તરીકે), **જાનાતિ** = જાણે છે, **સઃ** = તે, **સર્વવિત્** = સર્વજ્ઞ પુરુષ, **સર્વભાવેન** = બધી રીતે હંમેશાં, **મામ્** = મને વાસુદેવ પરમેશ્વરને જ, **ભજતિ** = ભજે છે **અનઘ** = હે નિષ્પાપ, **ભારત** = અર્જુન, **ઈતિ** = આવું, **ઈદમ્** = આ, **ગુહ્યતમમ્** = ઘણા રહસ્યવાળું ગુપ્ત, **શાસ્ત્રમ્** = શાસ્ત્ર, **મયા** = મારા વડે, **ઉક્તમ્** = કહેવાયેલું છે. **એતદ્** = એને, **બુદ્ધ્વા** = તત્ત્વથી જાણીને, (મનુષ્ય) **બુધ્ધિમાન્** = જ્ઞાની, **ચ** = અને, **કૃતકૃત્ય** = કૃતાર્થ, **સ્યાત્** = થઇ જાય છે ॥૧૨-૨૦॥

## "યો જગદ્ ભૂત્વા ક્રીડતિ"નું આત્માદેશની શૈલીમાં નિરૂપણ :

હવે આપણે આત્માદેશના વિષયપર આવીએ. અહમ્‌ની ભાષામાં પુરુષોત્તમને કેમ સમજવો તે તો આપણે જોઇ ગયા. હવે આત્માની ભાષામાં સમજવું હોય તો કેવી રીતે સમજવું તેનું નિરૂપણ ભગવાન્ અહીં કરે છે. જોકે છથી અગ્યાર શ્લોકોમાં ભગવાને જીવાત્માના દષ્ટિકોણથી તેનાં અહંકારને કંઠોકત રીતે નથી વર્ણવ્યો પરન્તુ **"મમૈવાંશો"** કહીને પોતાના 'મમત્વ'ને આધારે જીવાત્માનું નિરૂપણ કર્યું છે. તે મમત્વનો અનુયોગી એટલે તેની સાથે જોડાતો તો જીવાત્માનો 'અહં' જ હોય છે, તેથી તેને 'અહંકારાદેશ' તરીકે સ્વીકારવું યોગ્ય છે. અહીંયા જ્યારે ભગવાન્ પોતાનું સર્વાત્મા કે વિશ્વાત્મા હોવાનું નિરૂપણ કરે છે તો તે પોતાનાં 'અહં' ને ટાંકીને જ, છતાંય ભાર તે ભગવાન્‌ના અહંકાર ઉપર ન હોઇ ચેતનાચેતન વસ્તુમાત્રમાં જે આત્મા તરીકે બિરાજમાન છે, તેના ઉપર સમજવાનું છે.

અગાઉ જડ પદાર્થોને અશ્વત્થ તરીકે જ્યારે વર્ણવામાં આવ્યું

ત્યારે તદાદેશની શૈલી અપનાવવામાં આવી હતી. કેમકે ક્ષર પદાર્થોના મૂળ હોવા છતાંય ભગવાન્ એ વાત ઉપર ભાર મૂકવા માગે છે કે અશ્વત્થોમાંથી અવ્યય પ્રકટ નથી થયો પરન્તુ અવ્યયમાંથી અશ્વત્થો પ્રકટ થયા છે. અવ્યયરૂપે પુરુષોત્તમ અશ્વત્થાતીત છે. અશ્વત્થરૂપો કદી અવ્યયાતીત થઇ શકતા નથી ભગવાન્ કહે છે **"વિષ્ટભ્ય અહમ્ ઈદં કૃત્સ્નમ્ એકાંશેન સ્થિતો જગત્"** કેમકે ભગવાન્‌ના એક અંશમાં આ સમગ્ર સૃષ્ટિ અવસ્થિત છે. તેથી ત્યાં તદાદેશની શૈલી જ ઉપયોગી હતી.

પોતાનાં સદંશોમાં નિરન્તર પરિવર્તનશીલ નામ-રૂપ-કર્મો પ્રકટ કરીને મોટા-મોટા તત્ત્વવેત્તાઓની વિચારશક્તિને ભગવાને ભ્રમિત કરી રાખી છે. તેથી જે પરિવર્તનશીલ હોય તેવી વસ્તુને તેઓ અસત્‌માંથી સત્ અને સત્‌માંથી પાછી અસત્ બની જતી સ્વીકારતા હોય છે. બીજા કેટલાક એવી રજુઆત કરે છે કે દરેક અનુભવાતી વસ્તુઓ, મૂલમાં અસત્ હોવા છતાંય આપણી વાસનાને કારણે, તે-તે નામ-રૂપ-કર્મોની ભ્રમણા પેદા કરતી હોય છે. ત્રીજા વિચારકો વળી એમ કહે છે કે અનિર્વચનીય નિર્ગુણ-નિરાકાર નિષ્ક્રિય નિર્વિશેષ બ્રહ્મના અધિષ્ઠાન ઉપર નામ રૂપ કર્મો માયાએ કરેલ આરોપ છે.

શ્રીમહાપ્રભુજીનો મત આ બાબતમાં સર્વથા સ્પષ્ટ છે કે—

**અયં પ્રપઞ્ચો ન પ્રાકૃતો, નાપિ પરમાણુ- જન્યો, નાપિ વિવર્તાત્મા, નાપ્યદષ્ટાદિદ્વારા જાતો, નાપ્યસતઃ સત્તારૂપઃ કિન્તુ ભગવત્કાર્યઃ પરમકાષ્ઠાપન્નવસ્તુકૃતિ- સાધ્યઃ, તાદશોઽપિ ભગવદ્રૂપો; અન્યથા, અસતઃ સત્તા સ્યાત્.**

આ જગત્ જડપ્રકૃતિનું ફકત પરિણામ નથી. તેમજ વિવિધ



પરમાણુઓનાં એકબીજાની સાથે કેવલ સંયોજનથી જ આ જગત્ અસ્તિત્વમાં આવી ગયું હોય તેવું પણ નથી. જેઓ પોતે આ જગત્‌માં જન્મ્યા છે તેઓની કેવળ માનસિક ભ્રમણારૂપ આ જગત્ કેમ હોઈ શકે? પૂર્વ કલ્પમાં માણસે કરેલા વૈયક્તિક કર્મોને કારણે આ અવૈયક્તિક જગત્ પ્રકટ થયું હોય તે પણ વાત સંગત લાગતી નથી. જે પહેલા ન્હોતું જ તે પાછળથી હયાતીમાં આવ્યું એમ માનવું પણ યોગ્ય નથી. કેમકે આ જગત્ તો ભગવાને પોતાની પરમકાષ્ઠાપન્ન કૃતિ તરીકે એટલે કે પોતાની એક લીલારૂપે પ્રકટ કર્યું છે. હકીકતમાં તો ભગવાન્ પોતે જ જગત્ રૂપે પ્રકટ થયા છે. એટલે કોઇ કુંભાર જેમ એક ઘડો બનાવે તેમ અવિનાશી ભગવાને આ નાશવન્ત જગત્ બનાવ્યું તેવી ધારણા બાંધી શકાતી નથી. તેમ જ પોતાની રૂએ કોઇ પણ સર્પને પેદા કરવાનો કારણવ્યાપાર ન કરનાર એક દોરડા ઉપર જેમ અંધકાર અને ભયગ્રન્થિ ને કારણે સર્પનો આરોપિત ભાસ થાય છે, તેમ અવાચ્ય નીરૂપ નિષ્ક્રિય બ્રહ્મ ઉપર નામ રૂપ કર્મો ની ભ્રમારોપિત સત્તા ભાસી રહી છે, તે પણ પક્ષ યોગ્ય નથી. કેમકે અશ્વત્થ વૃક્ષના પાંદડા વગેરે રૂપે અવ્યય મૂળ પોતે જ વિલસી રહ્યું છે. તે પોતે સત્=એટલે સનાતન સત્તા છે. તે પોતે ચિત્=એટલે કે પોતાની સત્તા પ્રત્યે સભાન છે. તેની આત્મસભાનતામાં કોઇ શોક મોહ કે ક્લેશ નાં છાંટાય નથી. તેથી તેણે પોતાની અવ્યય સત્તામાં અશ્વત્થ એટલે કે આવિર્ભાવ-તિરોભાવશાલી નામ રૂપ કર્મો પ્રકટ કર્યા છે. આ નામ રૂપ કર્મો દેશ-કાલ-સ્વરૂપની સીમાઓમાં અનુભવાય છે. તેથી આત્યન્તિક ભેદ ઉત્પત્તિ-નાશ ની ભ્રમણા વિચારકોમાં પ્રકટે છે. તે પોતાની અવ્યય ચેતનામાં, દૈશિક સીમાઓમાં ઘેરાયેલા અવિનાશી અને એક-બીજાથી સ્વરૂપતઃ ભિન્નતયા ભાસતા, ચિદંશોને જીવાત્મા કે પુરુષ તરીકે તે પ્રકટ કરે છે. તો ક્યારેક ત્રિવિધ પરિચ્છેદરહિત આત્માનન્દની મસ્તીમાં એટલે દેશ કાલ કે સ્વરૂપતયા સીમિત=પરિચ્છિન્ન ન હોય એવા અનેક દિવ્ય રૂપો પણ એ પ્રકટ કરતો હોય છે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે **"અપરં તત્ર પૂર્વસ્મિન્ વાદિનો** બહુધા જગુઃ માયિકં

સગુણં કાર્યં સ્વતન્ત્રં ચેતિ નૈકધા તદૈવૈતત્પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્મતમ્'' અક્ષરબ્રહ્મમાં આ ક્ષરરૂપ જગત્ કેમ પ્રકટ્યું તેના ખુલાસારૂપે તે-તે વાદીઓ ઘણી બધી માન્યતાઓ—

૧. આવરણ-વિક્ષેપરૂપા માયાને કારણે આ જગત્ પ્રકટ્યું છે.
૨. ત્રણ ગુણોવાળી પ્રકૃતિને કારણે આ જગત્ પ્રકટ્યું છે.
૩. પરમાણુઓના જોડાણને કારણે આ જગત્ પ્રકટ્યું છે.
૪. કોઇ પણ કારણ વિના આ જગત્ પ્રકટ્યું છે.

વગેરે-વગેરે રજુ કરતા હોય છે. હકીકતમાં, પરન્તુ, શ્રુતિઓ મુજબ તો માયા પ્રકૃતિ પરમાણુ કે કર્મ બધારૂપે બ્રહ્મ જ પ્રકટ્યો છે.

એટલે જો ગાય-બળદ ઘોડા કે હાથી જેવા વિભિન્ન જાનવરોને જો એક જ પ્રકારનાં દંડાથી હાંકી ન શકાતું હોય તો, ભગવાને પ્રકટ કરેલા વિવિધ નામ રૂપ કર્મો ને કોઇ એક ક્ષુદ્ર અસદ્‌વાદ કે વિવર્તવાદ ની ધારણાઓની ખૂંટીમાં કેમ બાંધી શકાય?

<u>સચ્ચિદાનન્દ પુરુષોત્તમ સકળ ક્ષર નામ-રૂપ-કર્મો રૂપી સદંશોના આત્મા છે</u>:

દસમાં અધ્યાયમાં વિભૂતિયોગનાં ઉપદેશનો ઉપસંહાર કરતા ભગવાને એક મહત્ત્વપૂર્ણ ખુલાસો આપ્યો કે જે કાંઇ આ જગત્‌માં વસ્તુઓ છે તેનાં બીજ પોતે ભગવાન્ છે, ભગવાન્ વિના ચરાચર જગત્‌ની કોઇ પણ વસ્તુ નથી પેદા થઇ શકતી કે નથી ટકી શકતી—

**યચ્ચાપિ સર્વભૂતાનાં બીજં તદહમર્જુન।**
**ન તદસ્તિ વિના યત્ સ્યાત્ મયા ભૂતં ચરાચરમ્॥**
**નાન્તોઽસ્તિ મમ દિવ્યાનાં વિભૂતીનાં પરન્તપ।**
**યદ્યદ્ વિભૂતિમત્સત્ત્વં શ્રીમદૂર્જિતમેવ વા।**



**તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંઽશસમ્ભવમ્॥**

તેથી ક્ષર કે અશ્વત્થ નામ રૂપ કર્મોવાળા સદંશોનાં બીજરૂપ પોતે ભગવાન્ છે. હવે આ વાત સામાન્યબુદ્ધિથી સમજી લેવી જોઇએ. વિવિધ વૃક્ષ થડ ડાળીઓ પાંદડાઓ પુષ્પો કે ફળો નાં આકાર રંગ રૂપ ગન્ધ કે સ્વાદ માં જે વિવિધતા જણાય છે, તેને પ્રકટ કરવાની શક્તિ જો બીજમાં ન હોય તો, શામાટે કોઇ માળી કે ખેડુત કોઇ ચોક્કસ બીજનો આગ્રહ રાખે? એટલે ક્ષર કે અશ્વત્થ નામ રૂપ કર્મો માં જ્યાં પણ કોઇ જાતનો વૈભવ સૌન્દર્ય કે સામર્થ્ય દેખાતું હોય તે બ્રાહ્મિક સંભાવનાઓ, પારમાત્મિક લીલાસૌન્દર્ય કે ભગવત્સામર્થ્ય ની જ આંશિક અભિવ્યક્તિ છે. કેમકે સહુના બીજરૂપે અન્તે તો તે ભગવાન્ પોતે જ વિલસી રહ્યા છે.

તેથી હવે આ પંદરમાં અધ્યાયમાં ક્યાં-ક્યાં કેવી રીતે પોતાનાં આંશિક તેજ કે વિભૂતિ કે પૌરુષોત્તમી દિવ્ય સૌન્દર્ય અને સામર્થ્ય પોતે પ્રકટ કરે છે તે ભગવાન્ જણાવે છે. આકાશ વાયુ તેજ જલ પૃથ્વી તત્ત્વો રૂપે પ્રકટ થતાં વિવિધ નામ રૂપ કર્મ રૂપી પાંચભૌતિક જગત્‌ની જે પ્રણાલી છે તે પ્રણાલીને પ્રભુએ અહીંયાં વણી લીધી છે. આ ક્ષર જગત્‌માં પોતાનાં પૌરુષોત્તમી સામર્થ્યની પ્રણાલી કેમ કામ કરી રહી છે તે દેખાડે છે **''યદ્ આદિત્યગતં તેજઃ''** વચનદ્વારા.

ધારો કે સૂર્ય ઠંડો પડી જાય તો ધૂપ જ ન રહે. ધૂપ ન રહે તો આ દરિયાનું પાણી વરાળ બનીને ઉપર નહિ જાય. વરાળ ઉપર ન જાય તો વાદળા બને નહિ. વાદળા બને નહિ તો પાણી વરસે નહિ. પાણી ન વરસે તો ખેતરમાં અનાજ ઉત્પન્ન ન થાય. અને અનાજ ઉત્પન્ન ન થાય તો પ્રાણી જીવી શકે

નહિ. બધા પ્રાણી મરી જાય!

ભગવાન્ પૂછે છે કે આમાંની કઈ કડી "હું નથી?" સૂર્યમાં રહેલું તેજ, ભગવાન્ કહે છે "હું છું". ચંદ્રમાં જે શીતલ તેજ છે, અગ્નિમાં જે તેજ છે તે ભગવાનનું જ તેજ છે. સૂર્યને પૃથ્વીપર આવવાની જરૂર નથી હોતી, કેમકે પૃથ્વીપર સૂર્ય આવે તો સત્યાનાશ થઈ જાય પણ સૂર્ય પોતે સમજદાર છે. આજે વૈજ્ઞાનિકો પણ કબૂલ કરે છે કે સૂર્યથી આપણી પૃથ્વીની જે દૂરી હાલમાં છે, એનાથી વધુ દૂરી હોત તો પૃથ્વી પર એટલા બધી ઠંડક વધી ગઈ હોત કે બધું ટાઢું પડી ગયું હોત. થોડીક પૃથ્વીની નજીક સૂર્ય હોત તો જેમ સૂર્યાસ્ત પછી દેખાતા શુક્રતારાનું જેવું ગરમ વાતાવરણ પૃથ્વી ઉપર પણ હોત. એટલું ગરમ કે ચોખાની પોટલી એ વાતાવરણમાં રાખો તો ચોખા રંધાઈ જાય. આટલું ગરમ વાતાવરણ અહીંયાં હોય તો કોઈ જીવી જ ન શકે. તો પૃથ્વી સૂર્યથી જે દૂરી પર છે એ એટલી નાજુક દૂરી છે કે થોડીક દૂર જાય તો ઠંડી પડી જાય અને થોડીક નજીક આવે તો ગરમ થઈને બધું બળી જાય. આમ કેટલા નાજુક અંતરમાં પ્રાણી જીવી રહ્યાં છે કે આ તરફ જાય તો મરે અને બીજી તરફ જાય તો પણ મરે! જ્યાં છે ત્યાં એ જીવી શકે છે. જે સૂર્યની કિરણો છે એ એટલી દૂરથી જ તમને સ્પર્શી રહી છે કે જે દૂરીથી તમને જીવનની હૂંફ મળે. એ કિરણો દાહક નથી થતી. એ કિરણો એટલી દૂર પણ નથી કે તમને ઉષ્ણતાની હૂંફ પણ ન મળે. એવી એક આદર્શ દૂરી સૂર્ય સાથે પૃથ્વીની છે, એ આદર્શ દૂરી સૂર્ય પોતાના કિરણોથી નભાવી રહ્યો છે. અને આપણે જીવી રહ્યા છીએ. એમાં થોડુંક પણ ફેરબદલ થાય તો સર્વનાશ થઈ જાય. જો સૂર્ય આખો દિવસ બળતો જ રહે અને ઠંડક ન આપે તો આ વનસ્પતિઓ બળી જાય. ધારો કે સૂર્યને આપણા ઉપર બહુ વહાલ આવે કે શામાટે તમને અંધકાર નડે છે? અંધકાર થાય તો ડાકુઓ, ગુંડાઓ



બધા દાદાગીરી કરે ને! એટલે હું આખો દિવસ બળું અને અજવાળું જ આપું પણ આખો દિવસ જો અજવાળું જ રહે ને તોય બધું જ બળી જાય ગુંડાઓ પણ અને સાહુકારો પણ. એટલે પૃથ્વીમાં કેવું સુંદર સમાયોજન છે કે રાતે ચંદ્રથી તમને શીતલ પ્રકાશ મળે છે અને દિવસે સૂર્યથી તમને તાપક પ્રકાશ મળે છે. શૈત્ય અને તાપ એ બન્નેના સમાયોજનથી આપણે જીવી રહ્યા છીએ. એટલે જ તો રાતના જેટલી સરસ ઊંઘ આપણને આવે છે એટલી સરસ ઊંઘ દિવસમાં નથી આવતી. એનું કારણ કે રાતના જે ચંદ્રનો શીતલ પ્રકાશ છે તે ફક્ત આપણને જ નહિ, બધી વનસ્પતિઓને અને બધી જ વસ્તુઓનું પોષણ કરે છે અને એ કેટલો સક્ષમ પ્રકાશ છે એને પણ આપણે પિછાણી શકીએ કે કમલિની જે રાતના ખીલતી હોય તે રાતે જ ખીલે છે અને દિવસમાં બંધ થઈ જતી હોય છે. તો એનું પણ આપણને જીવાડવામાં કાંઈક યોગદાન છે.

ભગવાન્ કહે છે કે આ અન્ન અને વનસ્પતિઓને પણ સૂર્ય બનીને હું પોષણ આપી રહ્યો છું. અને સૂર્યકિરણો થકી પોષિત એ ઔષધિ અને અન્ન પણ હું જ બન્યો છું.

<u>સચ્ચિદાનન્દ પુરુષોત્તમ સકળ ક્ષરાભિમાની પોતાના અવ્યયાંશ ચિદંશ રૂપી જીવાત્માઓના શરીર અને ચેતના નાં વ્યાપારોમાં પણ પરમ-આત્મા છે</u>:

આ તો નિર્જીવ પાંચભૌતિક કે આધિભૌતિક ની બાબતમાં વાત થઈ. હવે સજીવ કે આધ્યાત્મિક વાત ભગવાન્ કરી રહ્યા છે કે જે અન્ન અને ઔષધિને પ્રાણીઓ ખાય છે ત્યારે તેમની ભીતર તે રક્તરૂપે, માંસરૂપે, પ્રાણરૂપે પરિણમે છે. એને પચાવનારો એ વૈશ્વાનર કોણ? તો ભગવાન્ કહે છે કે "એ પણ હું જ છું". આપણું ખાધેલું અન્ન રક્ત અને માંસ બને છે. એ કઈ

જાતની ફોર્મ્યુલા છે કે ગાય ઘાસ ખાય અને બને દૂધ? આ બહુ જટિલ પ્રક્રિયા છે જે જટિલ પ્રક્રિયાને કારણે ઘાસમાંથી દૂધ બની રહ્યું છે. ઘઉં, ચોખા વગેરેમાંથી લોહી માંસ વગેરે બની રહ્યું છે. આ બધી તે-તે વસ્તુઓમાં રહેલી સૂક્ષ્મ શકિતઓ વિવિધ રૂપે કામ કરી રહી છે. પણ તેનાં બીજરૂપ તો ભગવાન્ પોતે જ છે. એ તો **"અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિત: પ્રાણાપાનસમાયુક્ત: પચામ્યન્નં ચતુર્વિધમ્"** એટલે જીવે છે પુરુષરૂપ પ્રાણી પણ જીવાડનારો એ પુરુષોત્તમ ડગલે ને પગલે હાજરાહજૂર છે. પુરુષોત્તમે પુરુષોની સેવામાટે કાંઈ હાજર રહેવાનું ન હોય પરન્તુ અંશીએ પોતાના અંશોની કાળજી લેવી એ તો માતા જેમ પોતાના ગર્ભસ્થ શિશુની કાળજી રાખે તેવી પોતાની જ કાળજી રાખવાની વાત છે!

આ જુદી વાત છે કે પુરુષોત્તમયોગને ઠેકાણે પુરુષોત્તમરોગની મનોગ્રન્થિથી પીડાતા લોકો આધુનિક વૈષ્ણવોની ભૌતિક કાળજી તો ન લે પણ આધ્યાત્મિક કાળજી પણ લેવાનું ભાન ભૂલીને ફક્ત પૈસા પડાવવાની જ કાળજી લેતા હોય છે!

**"સર્વસ્ય ચાહં હૃદિ સંનિવિષ્ટો મત્ત: સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ"** અર્થાત્ આ પાંચભૌતિક દેહને ટકાવી રાખનાર વ્યાપાર ભગવાન્‌ને કારણે ચાલી રહ્યા છે, એટલું જ નહિ બલ્કે આપણું માનસિક કે આંતરિક માળખું પણ આપણા બધામાં સન્નિવિષ્ટ તે ભગવાન્ દ્વારા ઘડાયેલું છે:**"મત્ત: સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ"**. તમને જે કાંઈ યાદ આવે તે સર્વબુદ્ધિપ્રેરક ભગવાનના કારણે યાદ આવે છે, જે કાંઈ આપણે સમજી શકીએ છીએ તે પણ ભગવાન્‌ના કારણે જ. અને અન્તે ભગવાન્ કહે છે કે "જે કાંઈ તમે સમજી નથી શકતા એ પણ મારી અવિદ્યાશક્તિને કારણે જ. તમારા આત્માની ભીતર બિરાજેલો આવો તમારો પરમ-આત્મા હું છું. કોઈપણ અંશમાં



તમે મને ઈન્કારી નથી શકતા". મૂળમાં આ કારણથી આપણે પુષ્ટિભક્તિને જીવનું સામર્થ્ય તરીકે ન સ્વીકારી ભગવાન્‌ની પુષ્ટિ=કૃપા તરીકે જ સ્વીકારીએ છીએ. વેદ સ્મૃતિ પુરાણ ગીતા વગેરે શાસ્ત્રોનું ખૂબ જ ઊંડાણથી અભ્યાસ કરીને જ્ઞાન મેળવો. ભગવાન્ કહે છે તે મેળવેલ જ્ઞાન હું જ છું. તે જ્ઞાનનાં આધારે પોતાનું સાચું કર્તવ્યનું સ્મરણ થતાં આપણા સંપ્રદાયની સેવાપ્રણાલી મુજબ ભક્તિ પણ આપણાં કર્તવ્યબોધના આધારે આપણે શરુ કરી દઈએ પણ જો ભગવાન્ આપણો પુષ્ટિજીવ તરીકે અંગીકાર કરવા ન માગતા હોય તે મર્યાદાભક્તિ જ રહી જશે. ભગવાને આપણો અંગીકાર પ્રવાહી જીવ તરીકે જ કર્યો હશે તો સ્વમાર્ગીય ભગવત્સેવાની પોથી મુજબની બધી જ પ્રણાલીને અનુસરીને પણ આપણે અન્તે તો તે ભગવત્સેવા કે ભગવત્કથા ને ભક્તિરૂપે ન કરીને પોતાનું પેટીયું રળવાના એક સાધનરૂપે જ કરતા હોઈશું. કોઈક ના પાડે તો પણ આપણને એમ જ લાગશે કે "ભગવત્સેવા કે ભગવત્કથા થકી પોતાનો ગુજારો ન ચલાવીએ તો શું દરિયામાં પડીને મરી જઈએ?" એટલે **"લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા"-"વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ"** આ સુસ્પષ્ટ શ્રીમહાપ્રભુજીના નિષેધોનું વિસ્મરણ કે અજ્ઞાન પણ અન્તે આ વાતનું જ્ઞાપક છે કે પુષ્ટિપ્રભુએ આપણો અંગીકાર પુષ્ટિમાર્ગમાટે નહિ બલ્કે આસુરી પ્રવાહમાર્ગમાટે કર્યો છે. તેથી ભગવાને કહ્યું **"મત્તઃ સ્મૃતિઃ જ્ઞાનમ્ અપોહનં ચ."**

તેથી આપણે જેમ અગાઉ જોઇ ગયા કે **"અસન્નેવ સ ભવતિ અસદ્ બ્રહ્મેતિ વેદ ચેત્"** તેમ તમે ઈન્કારી દો કે પરમાત્મા નથી તો સૂર્યને પણ તમે ઈન્કારતા થઈ જશો, ચન્દ્રને ઈન્કારતા થઈ જશો, તમે વાદળાને, વરસાદને, અન્નને, તમારા રક્ત-માંસને, તમારી બુધ્ધિમાં પ્રકટ થતાં સ્મૃતિ, જ્ઞાન અને અપોહનને પણ ઈન્કારી રહ્યા હશો. કયા લેવલ(સ્તર) ઉપર તમે પરમાત્માને ઈન્કારી શકો

છો? નથી ઈન્કારી શકતા! કારણકે આ બધા પરમાત્માનાં જ રૂપો છે. આવા પરમાત્માને ઈન્કારવામાટે જે યુક્તિપ્રયુક્તિ કે તર્કો તમે કરવા જશો એ બધા તમારી બુદ્ધિમાં પોતે ભગવાને જ પ્રકટ કર્યા હશે! "બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે" એ સ્વરૂપ પરમાત્માનાં આત્મા હોવાનું ક્યા અર્થમાં આપણે ઈન્કારીએ? સમગ્રને ઈન્કારીને એનો અંશ વિદ્યમાન નથી રહી શકતો. એ વાત આત્માની ભાષામાં ભગવાને અહીં સમજાવી દીધી છે. તેથી જ ભાગવતમાં ખૂબ જ સુંદર શબ્દોમાં આ બાબતમાં એક ઉદ્ગાર જોવા મળે છે—

**યચ્છક્તયો વદતાં વાદિનો વૈ**
**વિવાદસંવાદભુવો ભવન્તિ।**
**કુર્વન્તિ ચૈષાં મુહુરાત્મમોહં**
**તસ્મૈ નમોઽનન્તગુણાય ભૂમ્ને॥**
**અસ્તીતિ નાસ્તીતિ ચ વસ્તુનિષ્ઠયોઃ**
**એકસ્થયોર્ભિન્નવિરુદ્ધધર્મયોઃ।**
**અવેક્ષિતં કિઞ્ચ ન યોગસાંખ્યયોઃ**
**સમં પરં હ્યનુકૂલં બૃહત્ તત્॥**
**ઉત્ક્ષેપણં ગર્ભગતસ્ય પાદયોઃ**
**કિં કલ્પતે માતુરધોક્ષજાગસે।**
**કિમસ્તિ-નાસ્તિ-વ્યપદેશભૂષિતં**
**તવાસ્તિ કુક્ષેઃ કિયદપ્યનન્તઃ॥**

આપણી ભીતર બિરાજેલ પરમાત્માની પ્રેરકતાની શક્તિઓ વિવાદશીલ પુરુષોમાં પોત-પોતાની માન્યતા મુજબ ચર્ચામાં અપેક્ષિત સામર્થ્ય તરીકે કામ કરતી હોય છે. પોત-પોતાનાં મતોની સમર્થ રજુઆત કરવા છતાંય વાદિ-પ્રતિવાદિઓ ક્યારે મોહ પામી જતાં હોય છે તેની તેમને પોતાને ખબર પડતી નથી. આમાં કારણ એક જ કે કોઈ વસ્તુ છે કે નથી અથવા તો કોઈ વસ્તુ આ



પ્રકારની છે કે જુદા કોઈ પ્રકારની છે તેવી ચર્ચામાં વસ્તુઓમાં વિરોધાભાસ પ્રકટ થતો હોય છે. એ વિરોધાભાસ પરન્તુ તે પરબ્રહ્મમાં પરસ્પર વિરુદ્ધ નથી રહી જતો કેમકે તે સકળ વિરુદ્ધધર્મોને સમાન રીતે અનુકૂલ બની જનાર આશ્રય છે જ. માતાનાં ગર્ભમાં રહેલ શિશુ પોતાનાં પગોવડે ગર્ભની ભીતર માતાને લાત મારતો હોય તેથી કાંઈ તે માતાનો અનાદર નથી થઈ જતો. તેમજ પરબહ્મની ભીતર રહેલ કોઈ વ્યક્તિ કોઈ બાબતમાં તે છે એવું માને કે નથી એવું માને તેથી પરરમાત્માને કાંઈ ફરક પડતો નથી. તેથી પરમાત્માને અસ્વીકાર કરનાર પણ પરમાત્માની તેવી કોઈ શક્તિને કારણે જ પરમાત્માને અસ્વીકાર કરી શકતો હોય છે.

આમાં નથી **'તત્'** ની ભાષા કે નથી **'અહમ્'** ની ભાષા. આમાં પુરુષોત્તમ જ આપણો પરમ-આત્મા છે આમ આ તેના આત્મા હોવાની ભાષા છે. જે કાંઈ આપણે છીએ, જે કાંઈ આપણું છે, ડગલે ને પગલે આપણા રોમ-રોમમાં પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ વિદ્યમાન છે. દરેક રૂપે પરમાત્મા જ કામ કરી રહ્યો છે. આ વાત જો આપણને સમજાય કે જણાય તો આત્માની ભાષામાં આપણે પરમાત્માને સમજ્યા કે જાણ્યા.

**સચ્ચિદાનન્દ પુરુષોત્તમ જ ક્ષરાક્ષરભેદોને પોતાની આત્માનન્દાત્મિકા લીલામાં પ્રકટ કરનાર આનન્દાત્મા છે:**

આગળ બધા લૌકિક જ્ઞાનસાધનોને કારણે અનુભવાતી વસ્તુઓની બાબતમાં આત્માદેશની શૈલીમાં પુરુષોત્તમયોગ સમજાવીને હવે અલૌકિક વેદોપનિષદાદિ પ્રમાણોથી જણાતા વિષય એટલે પોતે પોતાનાં પુરુષોત્તમ હોવાના પાસાનું વર્ણન કરતા કહે છે **"વેદૈશ્ચ સર્વૈઃ અહમેવ વેદ્યો વેદાન્તકૃદ્ વેદવિદેવ ચ અહમ્"** વેદમાં કોઈપણ દેવનું, કોઈપણ કર્મનું, કોઈપણ તત્ત્વનું કે સાધનાનું વર્ણન કરવામાં આવ્યું હોય તો એ બધું મારું જ વર્ણન છે.

સમજી લો કે તમે એક બહુ મોટા વેદના વિદ્વાન થયા, તોય તમે એવા વેદવિદ્વાન થઈ શકતા નથી કે ગીતોપદેષ્ટા ભગવાન્ પોતાની બાબતમાં જે રહસ્ય અહીં ગીતામાં સમજાવી રહ્યા છે, તે ગીતાની સહાયતા વિના જાત મહેનતથી કેવળ વેદોના આધારે સમજી શકો. ભગવાન્ કહેવા માગે છે કે "હું વેદનો આદિવિદ્વાન છું, તમે મારા અંશ છો તેથી તમે પણ આંશિક રૂપે વેદવિદ્વાન થઈ શકો છો. જ્ઞાનનો જેટલો અંશ મેં તમારી ચેતનામાં પ્રગટ કર્યો, એટલો વેદનો અંશ તમે જાણી શકો છો. એમ ઘટઘટમાં વ્યાપ્ત હું છું."

હવે એ આત્માદેશની ભાષાને ઉપસંહાર કરતા પ્રભુ આજ્ઞા કરે છે કે અહીંયાં જે ક્ષર છે; એટલે જે અશ્વત્થ છે, અને જે અક્ષર એટલે જે અવ્યય છે, એમને તમે સમજી જાવ કે હું જ છું. જે કાંઈ વસ્તુભૂતતયા જન્મેલું, જીવતું કે મરેલું દેખાય છે એ બધું ક્ષર છે. અને જે જન્મમરણશીલ નથી દેખાતું તે બધું અક્ષર છે: **"દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષરએવ ચ, ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે."**

આ તો ઉપનિષદોનો મૌલિક સિદ્ધાન્ત ભગવાને અહીં કહી દીધો છે. બૃહદારણ્યકોપનિષદ્માં અને તૈત્તિરીયોપનિષદ્માં કહેવાયું છે—

> **૧.દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્તં ચૈવ અમૂર્તં ચ, મર્ત્યં ચ અમૃતં ચ, સ્થિતં ચ યત્ ચ, સત્ ચ ત્યત્ ચ... અથાત આદેશો નેતિ નેતિ નહિ એતસ્માદ્ ઈતિ ન ઈતિ અન્યત્ પરમ્ અસ્તિ.**
>
> **૨.સો અકામયત બહુ સ્યાં પ્રજાયેય ઈતિ. સ...દ્વા તદેવ અનુપ્રાવીશત્. તદનુપ્રવિશ્ય સત્ ચ ત્યત્ ચ અભવત્, નિરુક્તં ચ અનિરુક્તં ચ, વિજ્ઞાનં ચ અવિજ્ઞાનં ચ, સત્યં ચ અનૃતં ચ સત્યમ્ અભવત્. યદિદં કિઞ્ચ તત્ સત્યમ્ ઈતિ આચક્ષતે.**



૧.જે કાંઈ મૂર્ત વસ્તુ છે કે જે કાંઈ અમૂર્ત છે, જે કાંઈ મર્ત્ય છે કે જે કાંઈ અમૃત છે, જે કાંઈ અચળ વસ્તુ છે કે જે કાંઈ ચલાયમાન છે, જે કાંઈ પ્રકટ વસ્તુ છે કે જે કાંઈ અપ્રકટ છે, તે બેઉ બ્રહ્મના જ દ્વિવિધ રૂપો છે. તે છતાંય બેમાંથી કોઈ એકને જ જો કોઈ બ્રહ્મ તરીકે સ્વીકારવા માગતો હોય તો કહેવું પડે છે કે "આ બ્રહ્મ નથી" કેમકે બ્રહ્મ એટલો જ નથી. એથી વધારે પણ કાંઈક છે.

૨.તેણે કામના કરી કે તે પોતે અનેક બની જાય. તેથી તેણે આ બધું પ્રકટ કર્યું છે. તેણે આ બધું પ્રકટ કર્યું અને તે બધામાં પ્રવિષ્ટ થઈ ગયો. આમ બધામાં પ્રવિષ્ટ થઈને જે કાંઈ પ્રકટ કે અપ્રકટ છે, જે કોઈ બાબતમાં બોલી શકાય કે ન બોલી શકાય, જે કાંઈ સાધાર કે નિરાધાર છે, જે કાંઈ વિજ્ઞાનરૂપ હોય કે અજ્ઞાનરૂપ હોય, સત્ય હોય કે અનૃત હોય તે બધું, એ સત્ય પોતે બન્યું છે.

આ ઉપનિષદોની ગૂઢ વાણીમાં તદાદેશરૂપે નિરૂપણ કરવામાં આવ્યું છે પણ **'તે'** એટલે કોણ? જો ગીતોપદેષ્ટા આપણને ન સમજાવે તો આપણી પાસે ઔપનિષદિક તે એ તો પોતે શ્રીકૃષ્ણ જ છે, એ જાણવાનું અન્ય કોઈ સાધન નથી.

ક્ષરાક્ષર પુરુષો કરતા ઉત્તમ પુરુષ કોઈક જુદો છે. એ ક્ષર અને અક્ષર બન્નેનું ભરણ કરે છે. એ બન્નેમાં આવિષ્ટ છે. એ બન્નેમાં અવ્યય ઈશ્વર મોજુદ છે. એને આપણે 'પુરુષોત્તમ' કહીએ છીએ: **"ઉત્તમઃ પુરુષસ્તુ અન્યઃ 'પરમાત્મા' ઈતિ ઉદાહૃતો યો લોકત્રયમ્ આવિશ્ય બિભર્તિ અવ્યય ઈશ્વરઃ"** કોઈક ધનવાન અભિનેતા

ક્યારેક કોઈ કંગાળ પાત્રનો અભિનય કરે તો તે તેવા અભિનયને કારણે શું કંગાળ બની જતો હોય છે? ના, તેમ જ અવ્યય અવિનાશી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ પુરુષોત્તમ પણ ભૌતિક મૂર્તામૂર્ત મર્ત્યામર્ત્ય ચરાચર વાચ્યાવાચ્ય જ્ઞેયાજ્ઞેય સત્યાનૃત ના વિવિધ રૂપો ધારણ કરતો હોય તેથી તે લીલાત્મિકા વિષમતા એના સ્વરૂપને ખંડિત કરતી નથી. શ્રીમહાપ્રભુજી એટલા માટે જ કહે છે—

**સર્વત્ર ભગવાન્ તુલ્યઃ સર્વદોષવિવર્જિતઃ।**
**ક્રીડાર્થમનુકુર્વન્ હિ સર્વત્રૈવ વિરાજતે॥**
**ગુપ્તાનન્દા યતો જીવાઃ નિરાનન્દં જગદ્ યતઃ।**
**પૂર્ણાનન્દો હરિઃ તસ્માત્ જીવૈઃ સેવ્યઃ સુખાર્થિભિઃ॥**

આવા બધા ક્ષરાક્ષર મૂર્તામૂર્ત મર્ત્યામર્ત્ય સત્યાનૃત વગેરે વિભાગોમાં ભગવાન્ તુલ્યરૂપે કે અવિભક્તરૂપે બિરાજમાન થઈને તે-તે સ્વભાવોની લીલા પ્રકટ કરે છે; પરન્તુ, લીલાકર્તાના સ્વરૂપમાં કોઈ જાતના દોષનો સંપર્ક થતો નથી, ફકત જાણવાની વાત આમાં આટલી જ કે જીવાત્માઓમાં ભગવદાનન્દ સંતાઈને પોતાનો સ્વભાવ પ્રકટ કરતો હોય છે, જેને ભગવત્સમર્પિત નિષ્કામકર્મ, બ્રહ્મજ્ઞાન કે ભગવદ્ભક્તિ દ્વારા ખોળીને પામી શકાય છે, **"આત્માનન્દસમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્"** ન્યાયે. અન્યથા બ્રહ્મસાક્ષાત્કાર વિના જડ પદાર્થોમાં તો તે દિવ્ય આનન્દ મેળવી શકાતો નથી.

આમ આ પુરુષોત્તમયોગ કેવી રીતે ભક્તિનાં ઉદબોધનાર્થ છે તે આપણે સમજી શકીએ છીએ.

આ સન્દર્ભમાં જ્યારે ભગવાન્ કહે છે કે ક્ષરથી હું અતીત છું, અક્ષરથી હું ઉત્તમ છું. તેથી મને લોક અને વેદ માં 'પુરુષોત્તમ' કહેવામાં આવે છે:**"યસ્માત્ ક્ષરમ્ અતીતો અહમ્ અક્ષરાદપિ ચ**



**ઉત્તમો, અતો અસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ"** આ વચન કેવલ સ્વસ્વરૂપનિરૂપણાર્થ ન હોઈ ભક્તિભાવના ઉદ્બોધનમાટેનો ઉપદેશ છે. આ સિદ્ધ થઈ જાય છે.

<u>ઉપસંહાર</u> :

તેથી જ ભગવાન્ પણ ઉપસંહાર કરતાં કહે છે કે—

હવે જો આ બધું બ્રહ્મ જ હોય તો આ વાતને સમજ્યા પછી એક મોટો સંમોહ એ ઉત્પન્ન થઈ શકે કે "જાતપર ન પાતપર, મોહર લગાઓ હાથપર", એટલે પોતાના જ પંજાપર "અહં પુરુષોત્તમોસ્મિ"નો એટલે પુરુષોત્તમતાનો નિશાન ન લગાવી દેતા!. ક્યા પંજા પર નિશાન લગાવવું? તો ભગવાન્ કહે છે કે જે મને આવી રીતે પુરુષોત્તમ રૂપે જાણે છે એ જ બધી હકીકતને જાણી શકે છે અને તે જ મને સરખી રીતે ભજી પણ શકે છે. હવે એક વાત ધ્યાનથી સમજો કે ભગવાને **"યો મામ્ એવમ્ અસંમૂઢો જાનાતિ પુરુષોત્તમં સ સર્વવિદ્ ભજતિ માં સર્વભાવેન ભારત, ઇતિ ગુહ્યતમં શાસ્ત્રમ્ ઇદમ્ ઉક્તં મયા અનઘ, એતદ્ બુદ્ધ્વા બુદ્ધિમાન્ સ્યાત્ કૃતકૃત્યશ્ચ ભારત"** કહીને જે વાત કહી છે તે જ આપણા શ્રીમહાપ્રભુજીએ પણ ષોડષગ્રન્થોમાં કરી છે કે **"સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મો હિ. એવં સ્વશાસ્ત્રસર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતં એતદ્ બુધ્વા વિમુચ્યેત પુરુષઃ સર્વસંશયાત્. અન્તઃકરણ મદ્વાક્યં સાવધાનતયા શ્રુણુ કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્"** એટલે કે સર્વત્ર પરમાત્મા છે અને તે સર્વરૂપ પણ છે; પણ, તેને સર્વરૂપે જાણો, ભજો પરન્તુ તેને તેના મૂલરૂપમાં જ.

ભગવાન્ કહે છે કે "આ મેં તને મારું બહુ ગુહ્યતમ રહસ્ય સમજાવ્યું". ભગવાને અહીંયાં અર્જુનને અર્જુન નથી કહ્યો પણ

'અનઘ' એટલે પાપરહિત કહ્યો છે. તો જે વ્યક્તિ પાપરહિત હશે એને જ શ્રીકૃષ્ણની અનિતરસાધારણ પુરુષોત્તમતા સમજમાં આવશે. ધંધાકીય ભક્તિનાં ભવાડા કરવામાટે પુરુષોત્તમરોગની પાપમયી મનોવિકૃતિથી પીડાતાં લોકોને એની પુરુષોત્તમતા સમજમાં નહિ જ આવે. ભગવાન્‌ની પુરુષોત્તમતા સમજવા માટે અનઘ થવું પડશે. એની પુરુષોત્તમતા જે સમજી શકે છે તેને ભગવાન્ કહી રહ્યા છે કે તમારું કર્મ તમે સંપન્ન કરી લીધું, તમારું જ્ઞાન પણ સુધરી ગયું, તમારી બુધ્ધિ પણ સુધરી ગઇ અને તમારી કૃતિ પણ સુધરી ગઇ. આને સમજ્યા તો તમારી બુધ્ધિ અને કૃતિ સુધરી ગઇ, આ રહસ્યને ન સમજ્યા તો તમારી કૃતિ મતિ કે રતિ ની બધી શક્તિઓ વેડફાઇ ગઇ!

એ પરમાત્માને આપણે જોઇએ તો આપણને આપણી બધી વસ્તુને સરખી રીતે જોવાની સિફત હાંસિલ થઇ જશે. આપણી પુષ્ટિભક્તિ હોય કે મર્યાદાભક્તિ હોય, જ્ઞાનમાર્ગ હોય કે કર્મમાર્ગ હોય, અથવા તો સંસારના માર્ગપર પણ જો તમારે સરખી રીતે ચાલવું હોય તો પણ, તે પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ શ્રીકૃષ્ણને પુરુષોત્તમ તરીકે સમજવો પડશે. જો તમે તેને સમજશો તો તમે સંસારના માર્ગપર સરખી રીતે ચાલી શકશો. અને એને આપણે જો સરખી રીતે સમજી ન શક્યા તો સંસારની વાત તો જવા દો પણ ભક્તિના માર્ગમાં પણ આપણે ભટકાયા વિના રહેશું નહિ. તેથી જ ''સદા શ્રીકૃષ્ણને સેવો રે સમજી લ્યોને હવે સુધો સિધ્ધાન્ત'' પદ દયારામભાઇએ ગાયું છે.

આશ્રયનું પદ ગાઈને અહીં આપણે પુરુષોત્તમયોગના વ્યાખ્યાનની સમાપ્તિ કરીશું:

**દઢ ઈન ચરણન કેરો ભરોસો, દઢ ઈન ચરણન કેરો।**



**શ્રીવલ્લભનખચંદ્રછટા બિન સબ જગમાંઝ અંધેરો॥**
**સાધન ઔર નહીં યા કલિમેં જાસોં હોત નિવેરો।**
**સૂર કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલકો ચેરો॥**